શ્રી ભાતૃચંદ્રસૂરિ ગ્રન્થમાળા પુ. ૪૬ મું.

# શ્રી સ્વાધ્યાય પ્રકરણરત્નો

સંપાદક:-
મુનિરાજશ્રી સાગરચંદ્રજી મહારાજ.

શ્રીભ્રાતૃચંદ્રસૂરિ ગ્રન્થમાળા પુ. ૪૬ સું.

પરમગુરુ શ્રીપાર્શ્વચન્દ્રસૂરીશ્વર
વિરચિત-

# શ્રીસ્વાધ્યાય પ્રકરણરત્નો

(અર્થસહિત પ્રથમ ભાગઃ)

અર્થકર્તાઃ—
મુનિરાજ શ્રી સાગરચંદ્રજી મહારાજ

પ્રકાશકઃ—
શા. ગોકલદાસ મંગલદાસ.
લુહારની પોળ—અમદાવાદ.

વિ. સં. ૧૯૯૩. સને ૧૯૩૭

(અમૂલ્ય)
પોસ્ટ ખર્ચ ચાર આના.

મુદ્રકઃ મગનલાલ મનસુખરામ પુરોહિત
પુરોહિત પ્રિ. પ્રેસ, ઘીકાંટા રોડ—અમદાવાદ.

# શ્રી સરસ્વતી-શ્રુતદેવી સ્મરણ

(અનુષ્ટુપ્ શ્લોક-અષ્ટપદી.)

"श्वेतपद्मासनादेवी, श्वेतपद्मोपशोभिता ।
श्वेताम्बरधरादेवी, श्वेतगन्धानुलेपना ॥
अर्चितामुनिभिः सर्वै,-र्ऋषिभिः स्तूयते सदा
एवं ध्यात्वा सदा देवीं, वाञ्छितं लभते नरः"
॥१॥

અક્ષરાર્થ:-શ્વેત પદ્મરૂપ આસનવાળી, શ્વેત પદ્મવડે શોભતી, શ્વેત વસ્ત્ર ધારણ કરનારી, શ્વેત ચંદનના લેપનવાળી, અને સર્વ મુનિઓએ પૂજેલી દેવી હમ્મેશાં ઋષિઓથી સ્તવાય છે. એ પ્રકારે સરસ્વતીનું સ્મરણ કરીને મનુષ્ય વાંછિત ફલ પામે છે. ૧

## ॥ श्री परमगुरुदेव स्तुतिः ॥

(स्रग्धरा-वृत्तम्.)

श्रीमत्पार्श्वेन्दुसूरिस्सकलमुनिजनै-
र्च्यपादारविन्दो, भक्तेभ्यस्सत्प्रबोधं
सपदि भवगदच्छेदशक्तिं ददानः।
सोऽयं गच्छाधिनाथो जयति जिनमते
भव्यसौभाग्यकीर्त्ति,-स्तं भक्त्या भो पुमांसो
नमत नतिगुणश्रेणिपं तत्त्वधीशम् ॥१॥

**અર્થ**:-સમસ્ત મુનિજનોથી સેવવા યોગ્ય ચરણકમળવાળા, ભક્તોને ઉત્તમ ઉપદેશ આપનારા, તત્કાળ સંસારરૂપ રોગને છેદવાની શક્તિ ઉત્પન્ન કરનારા, વિશાળ સૌભાગ્ય તથા કીર્તિને ધરાવનારા, તે આ ગચ્છના અધિપતિ શ્રીમાન **પાર્શ્વચન્દ્રસૂરિ** જૈન શાસનમાં જય પામે છે. હે પુરુષો! નમસ્કાર કરવા યોગ્ય ગુણોની પંક્તિને ધારણ કરનારા, તત્ત્વજ્ઞાનમાં બૃહસ્પતિ જેવા તેમને ભક્તિથી નમો.

# શ્રી આચાર્યદેવની સ્તુતિ:

(સ્રગ્ધરા-વૃત્તમ્.)

"श्रीमद्विद्यावतंसाः शमदमसहिता
बालभावाद्विरक्ता, ज्ञानाभ्यासे प्रवृत्ता
निखिलजनमनोहर्षदाः स्वैर्गुणौघैः ।
मध्यस्था मान्यवाक्या दलितमदबला
भ्रातृचन्द्राभिधाना,-स्तारुण्ये तीर्णमोहा
निरुपमचरिताः सूरिराजा जयन्तु"॥१॥

**અક્ષરાર્થ**:-શ્રીમાન્, વિદ્યાભૂષણવાન્, શમદમવાન્, બાલ્યાવસ્થાથીજ વિરક્તિ પામેલા જ્ઞાનાભ્યાસમાં પ્રવૃત્તિમાન્, પોતાના ગુણના સમૂહથી સમસ્ત મનુષ્યોના મનને હર્ષ અર્પનાર, મધ્યસ્થ, સર્વમાન્ય વાક્યો બોલનારા, નિરભિમાન, યુવાન વયમાં મોહને જીતનાર અને નિરુપમ ચારિત્રવાન્ શ્રી ભ્રાતૃચંદ્ર સૂરિરાજ જયવંતા વર્તો !!! ૧

# સમર્પણ પત્રિકા.

જગત્શ્રેષ્ઠિગુરુ પૂજ્યપાદ શ્રીહર્ષચંદ્ર સૂરીશ્વર ચરણાનુચર પંડિતપ્રવર શ્રીમુક્તિચંદ્ર ગણી સુશિષ્ય શ્રીમન્નાગપુરીય-બૃહત્તપગચ્છાધિરાજ-યુગપ્રવરાચાર્ય જંગમતીર્થરાજતુલ્ય-સહસ્રાષ્ટશ્રીયુત-પરમપૂજય સદ્ગુરુ-ભટ્ટારક શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વરમહારાજ ! આપ શ્રીમાન્ સેવક જન મન વાંછિતપૂરક કલ્પવૃક્ષસદૃશ હતા, સત્યપ્રવચનોપદેષ્ટા હોવાથી ભવિજીવોદ્ધારક-ભવિજનતારક પ્રવહણરૂપ હતા. ઈત્યાદિ પ્રાતઃ સ્મરણીય સદ્ગુણોથી લોભાઇ, આપ પરમોપકારી ગુરુરાજના સદ્ગુણોનું સદૈવ સ્મરણ રહે એ હેતુથી આ "શ્રીસ્વાધ્યાયપ્રકરણરત્નો" નામક પરમ લાભદાયિ પુસ્તક સમર્પણ કરી અત્યાનંદ પામું છું.

# ઉપકાર-પ્રદર્શન

આજે અમે ભવ્ય જનોના કરકમલમાં આ ગ્રન્થ અર્પવા ભાગ્યશાળી થયા છીએ એ માટે પૂજ્યપાદ પરમોપકારી પંડિતપ્રવર શ્રીમાન્ ૧૦૦૮ **મુનિરાજ શ્રી સાગરચંદ્રજી મહારાજ**નો અત્યન્ત ઉપકાર માનીએ છીએ કારણકે તેમણેજ સર્વ જનઉપયોગી સ્વાધ્યાય પ્રકરણરત્નો એકઠા કરી શોધી અને સંક્ષેપમાં ગુજરાતી ભાષામાં અર્થ કરી તૈયાર કરેલ છે. તેમજ મુનિશ્રી ઋદ્ધિચંદ્રજી મહારાજે અવકાશ લઇ આ ગ્રન્થની પ્રેસકોપી લખી અને પ્રુફ સુધારવામાં પણ સહાય કરેલ છે. તેથી તેમનો તથા મેટર વાંચી સુધારી આપવામાં શાહ પોપટલાલભાઇ ચુનીલાલનો તથા ગેલીયો સુધારવામાં ભવાનજીભાઇનો તેમજ એ સંબંધી બીજા કાર્યમાં શાહ વાડીલાલ લલ્લુભાઇ વિગેરે જેમણે સહાય કરેલ છે, તે બધાઓનો ઉપકાર માનવામાં આવે છે.

લી. પ્ર.

# અનુક્રમણિકા


| ક્રમાંક | સ્વાધ્યાયનામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | શ્રી સંવેગ બત્રિશી. | ૧ |
| ૨ | શ્રી શ્રાદ્ધ મનોરથમાળા. | ૪૬ |
| ૩ | શ્રી સંક્ષેપ આરાધના. | ૮૭ |
| ૪ | શ્રી ઓગણત્રિશી ભાવના. | ૧૨૯ |
| ૫ | શ્રી આત્મશિક્ષા સ્વાધ્યાય. | ૧૮૫ |
| ૬ | શ્રી ગુરુતત્ત્વવિચાર સ્વાધ્યાય | ૨૯૮ |
| ૭ | શ્રી આત્મશિક્ષા સ્વાધ્યાય. | ૩૨૯ |
| ૮ | શ્રી સામાયિક દોષ પરિહાર સ્વાધ્યાય. | ૩૫૦ |
| ૯ | ચારિત્ર મનોરથમાળા સ્વાધ્યાય. | ૩૭૦ |
| ૧૦ | લઘુ આરાધના પ્રકરણરત્ન સ્વાધ્યાય. | ૪૧૭ |
| ૧૧ | આહંમદ પારહાર સ્વાધ્યાય. | ૪૩૬ |
| ૧૨ | શ્રી ગૌતમસ્વામી લઘુરાસ. | ૫૦૧ |
| ૧૩ | શ્રી શીલદીપિકા સ્વાધ્યાય. | ૫૧૬ |
| ૧૪ | ચેતના રાણી વિનતીની સજ્ઝાય. | ૫૩૮ |

— આ ગ્રન્થનો સંક્ષેપ ગુજરાતી અર્થ કર્તા —

પરમ ગુરૂદેવ શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વર મહારાજના સુશિષ્ય



પરમ પૂજ્ય પં. પ્ર. મુનિરાજ શ્રી સાગરચંદ્રજી મહારાજ.

| જન્મ— | દીક્ષા— |
|---|---|
| વિ. સં. ૧૯૪૩ | વિ. સં. ૧૯૫૮ |

# પ્રસ્તાવના.

આ અસાર સંસારમાં ભવ્યાત્માઓને સન્માર્ગે ચડાવનારા પરમોપકારી પવિત્ર મહાત્માઓ વિરલા હોય છે, તેમજ તેવા મહાપુરુષોની સાથે સંયોગ કે પરિચયની પ્રાપ્તિનો લાભ તે પણ કોઇક પુણ્યશાળી આત્માઓને મળે છે, અને તેને લઈને ઇ-ષ્ટના વિયોગમાં, અનિષ્ટના સંયોગમાં અને કોઇપણ જાતની આપત્તિના કાળમાં આ-ર્ત્તધ્યાન રૂપ ઊંડા ખાડામાં પડતાં પોતાના પરિચયવાળા અનુયાયીઓને પૂજ્યમુનિવરો પોતાના પવિત્ર ધર્મોપદેશવડે બચાવે છે. એજ તેઓશ્રીનું ઉપકારીપણું છે. તેથીજ કહેલું છે કે:-

"साधूनां दर्शनं पुण्यं, तीर्थभूता हि साधवः।
तीर्थं फलति कालेन, सद्यः साधुसमागमः" ॥१॥

અર્થાત્—મુનિરાજોનાં દર્શન પુણ્યની વૃદ્ધિ કરનાર અને પાપથી બચાવનાર છે, તેથી મુનિરાજોને જંગમ તીર્થરૂપ કહેલા છે. અને સ્થાવરતીર્થ તો જે ત્યાં જાય તેને કોઇ કાળે પોતાની શુભભાવનાને લીધે ફળે છે. અને સાધુ–મુનિરાજનો પરિચય–સમાગમ કે દર્શન જે થાય છે તે તો ભવિજીવોને પરમપૂજ્ય શ્રીકેશીકુમાર ગણધરદેવે જેમ પાપી પરદેશી રાજાને તારેલ છે તેમ જલ્દી પાપથી બચાવી સન્માર્ગમાં સ્થાપન કરે છે, તેથીજ જંગમતીર્થરૂપ મુનિરાજો અને તેમની પવિત્રવાણી પણ પરમ ઉપકારીછે. આવા પ્રકારના ઉપકારના કારણને લઇને પૂર્વાચાર્યોએ બનાવેલા અનેક પ્રકરણરત્નો વિદ્યમાન છે. તેમાંથી જે જે વર્તમાન કાળમાં ભવ્યાત્માઓને વિશેષ લાભકારી થાય તેવા

તેવા પ્રકરણરત્નો તપાસી આ ગ્રન્થમાં એકઠા કરવામાં આવેલા છે. આ ગ્રન્થમાં ૧૪ સ્વાધ્યાયપ્રકરણરત્નોનો સંગ્રહ કરેલ છે, અને તેના કર્તા સમર્થ આચાર્યદેવ પરમ-ગુરુ શ્રીજૈનાગમ બાલાવબોધ–કારક યુગપ્રધાન શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છ નાયક શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજા છે. તેઓશ્રીએ આગમ સિધ્ધાન્તમાંથી ઉદ્ધરી સારરૂપે સરલ ગુજરાતી ભાષામાં રચેલા છે, જેથીસર્વભવ્યાત્માઓને ઉપયોગી થાય અને પ્રાકૃત–સંસ્કૃત ભાષાના અજાણ તેમજ સામાન્યજ્ઞાનવાળાઓ પણ સુખેથી ટુંકામાં શ્રી સૂત્રનો પરમાર્થ સમજી શકે અને પોતાનું આત્મહિત કરી શકે આવા હેતુથી રચાએલા છે. તેથી આ સ્વાધ્યાય પ્રકરણરત્નો સ્વાધ્યાય કરવા લાયક છે. આ ગ્રંથમાં પ્રથમ સ્વાધ્યાયપ્રકરણરત્ન (સંવેગ

બત્રીશી ) છે, તે એવાજ કોઇ કારણ નિમિત્તને લઇને શાહ શીવરાજ મોહન નામના શ્રાવકને ઉદ્દેશીને તેને પ્રતિબોધ કરવા માટે તેમજ વિવેક જ્ઞાનની જાગૃતિથાય અને તેનો આત્મા મોહનીયકર્મની વિટંબનાઓથી બચે, તે માટે રચવામાં આવેલ છે. તે બીના રચયિતા શ્રી સૂરિજી પોતે આજ સ્વાધ્યાયની ગાથા ૩૦મીમાં આ પ્રમાણે જણાવે છેઃ—

"ઈમ સાંભલ શ્રાવક શિવરાજ,
મોહન લહિએ શિવનો રાજ;
કેહનો ધન કેહનો પરિવાર,
એ સવિ લયા અનંતિવાર. ૩૦"

આ સ્વાધ્યાયમાં પ્રતિપાદન કરવા યોગ્ય વસ્તુ સ્વરૂપનું વર્ણન ઘણુંજ સુંદરતા પૂર્વક પ્રકરણરત્નકર્તા મહાપુરુષે કરેલ છે. ભાષાની પ્રૌઢતા છતાં સરલતા તેમજ દૃષ્ટાન્ત આપી

વસ્તુ સ્વરૂપની પ્રતિપાદકતા અને ટુંકમાં આગલા પુરુષને આલ્હાદકતા પેદા કરવામાં ગ્રંથકર્તાએ પોતાનું પાંડિત્ય તથા પ્રાસાદિક વર્ણન કરવાની કવિત્વ શકિત ખુલ્લિ રીતે બતાવી આપેલ છે.

૨ જું સ્વાધ્યાયપ્રકરણરત્ન 'શ્રી શ્રાદ્ધ-મનોરથમાળા' છે, તેમાં શ્રાવકોએ કેવા કેવા મનોરથો-વિચારો કરવા જોઇએ અને કેવા કેવા ન કરવા જોઇએ. અથવા શું આદરવું જોઈએ? અને શું છોડવું જોઇએ? તે બીના આ-ચાર્યદેવે આગમાનુસારે બહુ સુંદર બતાવેલ છે.

૩ જું સ્વાધ્યાયપ્રકરણરત્ન 'શ્રીસંક્ષેપ આરાધના' છે, તેમાં પોતાના જીવને સુખી કરવા માટે પોતાને દોષ લાગ્યા હોય તેની માફી શ્રીઅરિહંતદેવ વગેરેની સાખે માગવી, સર્વજીવોની સાથે ખમત ખામણા કરવા,

૧૮ પાપસ્થાનોને આલોવવા, ચાર શરણાં ગ્રહણ કરવાં, સુકૃતની અનુમોદના કરવી અને દુષ્કૃતની ગરહણા કરવી વગેરે બીના ટુંકમાં સૂરિવરે બહુ સુંદર વર્ણવેલ છે.

૪ થું. સ્વાધ્યાયપ્રકરણરત્ન 'શ્રીઓગણત્રીશી ભાવના' છે, તેમાં ઉત્તમ પ્રકારની અનેક ભાવનાઓ તથા હિતશિક્ષાઓ આચાર્યશ્રીએ જણાવેલ છે, જે વાંચવાથી વાંચનારને સુખે સમજાય તેવી છે.

૫ મું. સ્વાધ્યાયપ્રકરણરત્ન 'આત્મ શિક્ષા સ્વાધ્યાય' છે, તેમાં અંતરના શત્રુઓને દૂર કરવા અનેક દૃષ્ટાન્તો આપી અત્યન્ત મનોહર પદ્ધતિપૂર્વક શ્રીસૂરિજીએ સરલ ભાષામાં આત્મહિતની શિખામણો આપેલી છે.

૬ ઠું. સ્વાધ્યાયપ્રકરણરત્ન 'શ્રીગુરુતત્ત્વ વિચાર સ્વાધ્યાય' છે, તેમાં ગુરુપદને લાયક

કોણ? અર્થાત્ ગુરુ કોણ થઇ શકે? ગુરુ કેવા હોય? અને ગુરુ કેવા કરવા જોઇએ? એ સંબન્ધી સ્વરૂપ આગમાનુસારે શ્રીસૂરિજીએ બહુ સુંદર બતાવેલ છે.

૭ મું સ્વાધ્યાયપ્રકરણરત્ન 'શ્રીઆત્મશિક્ષા સ્વાધ્યાય' છે, તેમાં સંયમ માર્ગમાં વર્તતા સંયમીનું મન જો સંયમથી બહાર નિકળી જાય તો તેને કેવી રીતે ફરી સંયમમાં લાવી સ્થિર કરવું જોઇએ, તેને માટે અનેક દૃષ્ટાન્તો આપી આચાર્યશ્રીએ સૂત્રાનુસારે ઘણી સારી રીતે સમજાવેલ છે.

૮ મું સ્વાધ્યાયપ્રકરણરત્ન 'શ્રીસામાયિકદોષપરિહારસ્વાધ્યાય' છે, તેમાં સુશ્રાવકે પોતાના કલ્યાણ માટે સમતા ભાવ રૂપ સામાયિક કરતાં ૩૨ દોષોનો ત્યાગ કરવો જોઇએ, તે ૩૨ દોષો કેવી રીતે લાગે, શી રીતે વર્ત-

વાથી ન લાગે ? તે દોષો કયા કયા ? તે સંબંધી સમજણ આચાર્યદેવશ્રીએ ટુંકમાં આગમાનુસારે સરલતા પૂર્વક બહુ સારી રીતે બતાવેલ છે.

૯ મું સ્વાધ્યાયપ્રકરણરત્ન ' શ્રીચારિત્ર ગનોરથમાળા' છે, તેમાં ચારિત્ર ગ્રહણ કરવા સંબંધી, ચારિત્રને ઉત્તમ. પુરુષોએ જેમ પાલન કરેલ છે તેવી રીતે પાળવા સંબંધી, ચારિત્રની પ્રાપ્તિ થવી તે જીવને બહુ દુર્લભ છે તે સંબંધી અને કર્મોને નાશ કરવામાં તેમજ મોક્ષ મેળવવામાં ચારિત્રની કેટલી મહત્તા છે તે સંબંધી ઇત્યાદિ અનેક મનોરથો–વિચારો પરમપૂજ્ય સૂરિજીએ સૂત્રાનુસારે સરલ ભાષામાં સુંદર વર્ણવેલ છે.

૧૦ મું સ્વાધ્યાયપ્રકરણરત્ન ' લઘુઆરાધના ' છે, તેમાં દેવ, ગુરુ અને ધર્મનું ટુંક સ્વરૂપ બતાવી તેની સદ્દહણા કરવાની જણાવી

છે, ચાર મંગલ, ચાર ઉત્તમ અને ચાર સરણા બતાવ્યા છે. મનુષ્યજન્માદિની દુર્લભતા બતાવી છે. ચાર પ્રકારના મિથ્યાત્વ છોડવા જણાવ્યા છે. અઢાર પાપસ્થાન આલોવવા, ગુરુ સાખે અણુસણ ઉચ્ચરવું, દુષ્કૃત્યની ગર્હા કરવી, પરિગ્રહ આરંભનો ત્યાગ, શરીરની મમતાનો ત્યાગ, ચોરાસીલાખ જીવાયોનીની સાથે ખમતખામણા, પાપકારી ઉપકરણોનું વોસરાવા પણું, દુષ્કૃત્યની નિન્દા અને સુકૃત્યની અનુમોદના વગેરેની વ્યાખ્યા આચાર્યશ્રીએ સંક્ષેપથી બહુ સારી બતાવેલ છે.

૧૧ મું. સ્વાધ્યાયપ્રકરણરત્ન 'આઠમદ પરિહાર સ્વાધ્યાય' છે, તેમાં (૧) જાતિમદ [૨] કુલમદ, [૩] રૂપમદ, (૪) બળમદ, [૫] શ્રુતમદ, [૬] તપમદ, [૭] લાભમદ, અને [૮] લક્ષ્મીમદ. આ આઠે મદોનું સ્વરૂપ

દૃષ્ટાન્તો આપી ત્યાગ કરવાનું ટુંકમાં ઉપકારી મહાપુરુષે બહુજ સુંદરતા પૂર્વક બતાવેલ છે.

૧૨ મું. સ્વાધ્યાયપ્રકરણરત્ન 'શ્રીગૌતમ સ્વામિનો લઘુરાસ' છે, તેમાં શ્રીગૌતમ સ્વામીના ગુણો અને તેઓશ્રીનો મહિમા સૂરિવરે અપૂર્વ ગાયો છે.

૧૩ મું સ્વાધ્યાયપ્રકરણરત્ન 'શ્રીશીલદીપિકા સ્વાધ્યાય' છે, તેમાં બ્રહ્મચર્ય પાલન કરવા માટે પાલન કરનારને સાવધાની રાખવા ખાસ જરૂરતા બતાવી છે, તેમજ જે નિખાલસ હૃદયવાળો તથા લાજ–શરમવાળો હોય તે આ ગુણને ધારણ કરી શકે છે, અને તેનુંજ જીવન ધન્ય છે, તે પોતાના કુલને પવિત્ર કરે છે, અને જગતમાં તેની કીર્તિ વિસ્તરે છે, ઇત્યાદિ બીના ટુંકામાં સૂત્રાનુસારે કર્ત્તાશ્રીએ બહુ સારી વર્ણવી છે.

૧૪ મું. સ્વાધ્યાયપ્રકરણરત્ન ‘ ચેતના રાણી વિનતિની સજઝાય ’ છે, તેમાં ચેતના રાણીએ પોતાના સ્વામી ચેતન રાજાને આપેલ હિતશિક્ષાઓ અને સમ્યક્ત્વગુણની દુર્લભતા ટુંકામાં શ્રીસૂરિજીએ અચ્છી વર્ણવી છે.

આ ( સ્વાધ્યાયપ્રકરણરત્નો ) ગ્રન્થના **કર્તાશ્રીના જીવનનો ટુંક ઇતિહાસ** આ પ્રમાણે છેઃ–તેઓશ્રીનો જન્મ વિ. સં. ૧૫૩૭ માં આબુજીતીર્થ પાસે હમીરપુરમાં થયો હતો. જ્ઞાતે વીશાપોરવાડ, તેમના પિતાશ્રીનું નામ વેલગશાહ. અને માતુશ્રીનું નામ વિમલાદે હતું. ‘પુત્રના લક્ષણ પારણામાંથીજ જણાય’ એ કહેવત અનુસાર ઉત્તમ ઉત્તમ લક્ષણોથી વિભૂષિત હોવાથી જોનાર સહુકોઇ એમજ કહેતા કે આ કોઈ અવતારી મહાન્ મહાત્મા પુરુષ પાકશે. આ ભવિષ્ય વાણીને સાચી કરી

બતાવતા હોય તેમ તેમણે વિ. સં. ૧૫૪૬ માં પરમપૂજ્ય પુણ્યાત્મા પંડિતપ્રવર શ્રી સાધુરત્નમહર્ષિની પધરામણી હમીરપુરમાં થઇ, તેમની વૈરાગ્યવાસિની પવિત્રવાણી સાંભળી હલુકર્મી આત્મા વૈરાગ્યવાસી થઇ તેમની પાસે નવ વર્ષની નાની ઉમરમાં શ્રીભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી. પોતાની તીવ્રબુદ્ધિ-પ્રતિભા અને ગુરુરાજની સંપૂર્ણ કૃપાને લઈ વ્યાકરણ, કોષ, કાવ્ય, છંદ, અલંકાર, ન્યાય અને ધર્મ શાસ્ત્રો થોડાજ વર્ષોમાં ભણી ગણી ઘણાજ નિપુણ થયા અને સાથે સાથે ક્ષમા અને ગાંભીર્યાદિગુણો વડે અત્યન્ત શોભાયમાન થયેલા એ મહાપુરુષને જોઈ શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છાધિપતિએ લાયકને લાયક પદવી આપવી જોઇએ એમ પોતાના અંતઃકરણમાં નિશ્ચય કરી અત્યન્ત પ્રેમથી

સૂત્રાનુસારે તેમને ઉપાધ્યાયપદ વિ. સં. ૧૫૫૪ માં સત્તર વર્ષની ઉમરે આપ્યું. તે વખતે શ્રીજૈનશાસનના વેષધારીઓ (સાધુઓ) માં શિથિલતાએ વિશેષે કરી પોતાનું જોર જમાવ્યું હતું, મુનિઓ ક્રિયાકાંડમાં ઢીલાથઈ ગયા હતા. પવિત્ર આચાર-વિચારની શુદ્ધિપણ જોઇએ તેવી રહી ન હતી. આ બધું જોતાં ઉપાધ્યાયશ્રીનો આત્મા અંદરથી કકળી ઉઠયો. આવા પવિત્ર ધર્મમાં આવું શૈથિલ્ય કેમ નીભાવી શકાય, માટે મારે તો જેમ બને તેમ આવી શિથિલતાને દૂર કર્યેજ છૂટકો એમ નિશ્ચય પૂર્વક જેમનો આત્મા શુદ્ધક્રિયા કરવાને ઉજમાલ થયો, તેથી વિ. સં. ૧૫૬૪ માં એટલે પોતાની ૨૭ વર્ષની ઉમરે શ્રી ગુરુદેવની આજ્ઞા લઇ તેમનો શુભાશીર્વાદ મેળવી, અનુમતિ પામી નાગોર નગરમાં

ક્રિયા ઉદ્ધાર કર્યો, શુદ્ધ સંવેગમાર્ગની દેશના આપતા વિચરવા લાગ્યા. ભવ્યાત્માઓને મોક્ષ માર્ગે દોરવતા દોરવતા અનુક્રમે જોધપુર શહેરમાં પધાર્યા. ત્યાંના ચતુર્વિધ શ્રીસંઘે તેઓશ્રીને સર્વગુણ સંપન્ન, ધર્મધુરંધર અને આગમવાણીમાં ગીતાર્થ જાણી વિ. સં. ૧૫૬૫ માં એટલે ૨૮ વર્ષની ઉમરે અને દીક્ષાપર્યાયથી ૧૯ માં વર્ષે આચાર્યપદે સ્થાપત કર્યા, ત્યાર બાદ ત્યાગી, વૈરાગી આચાર્ય ભગવાને પોતાના શિષ્યગણ સહિત અનેક દેશોમાં વિચરી શ્રીજૈનધર્મની ઘણીજ જાહોજલાલી પ્રગટાવી. તેથી ચતુર્વિધ શ્રીસંઘે સલક્ષણ (સંખલ) પુરમધ્યે ઘણાજ હર્ષપૂર્વક ઉત્સવ મહોત્સવ સહિત વિ. સં. ૧૫૯૯ માં એટલે જન્મથી ૬૨માં વર્ષની ઉમરે અને આચાર્યપદ પામ્યા પછી ૩૪ માં વર્ષે તેમને યુગપ્રધાનપદે સ્થાપિત કર્યા.

યુગપ્રધાન શ્રીમાન્ આચાર્યદેવે પોતાની જીંદગીમાં અનેક નાના મ્હોટા પ્રકરણ રત્નોની રચનાઓ કરી છે, શુદ્ધધર્મની પ્રવૃત્તિ ખાતર અનેક ધર્મ ચર્ચાઓ કરી છે અને અનેક ભવ્યાત્માઓને પવિત્ર શ્રીજૈનધર્મ પમાડી સન્માર્ગમાં સ્થિર કર્યા છે. તે સંબંધીની વિસ્તર બીનાના જિજ્ઞાસુએ તેમના જીવન ચરિત્રથી જાણવું. મારવાડ દેશના જોધપુર જિલ્લામાં વસનારા કેટલાએક મુણોત ગોત્રીય રજપુતોને માંસ–મદિરા છોડાવી ઉત્તમ સંસ્કારી કરી પવિત્ર શ્રીજૈનધર્મી મુણોત ગોત્રીય ઓસવાળ બનાવ્યા છે. રજપુતોમાંથી ઓસવાળ બનાવનારા આચાર્યોમાંના છેલ્લામાં છેલ્લા આ આચાર્યવર્ય થયા છે. એમના પછી એવો સમર્થ કોઈ પણ આચાર્ય થએલ જણાતો નથી કારણ કે છેલ્લા ઓસવાળ મુણોત ગોત્રીય

બન્યા છે. ત્યારપછી કોઇ પણ ઓસવાળની નવી જાત બની નથી. એ ઐતિહાસિક પુરાવો છે. અને મરુધરાધિપતિ માલદે રાજાને પ્રતિબોધ આપી શ્રી જૈનધર્મપ્રતી અનુરાગી બનાવેલ હતો. વળી માલવદેશમાં ચંડાલોને પ્રતિબોધ આપી હિંસા કરતા અટકાવી નવસોને દયાળુ પરિણામવાળા બનાવ્યા અને સિદ્ધપુર પાસેના ઉનાવાગામમાં મેસરી વાણીઆઓનાં પાંચસો ઘરને ધર્મોપદેશ આપી શ્રીજૈનધર્મી બનાવ્યા ઇત્યાદિ અનેક ઉપકારો કરી વિ. સં. ૧૬૧૨ ના માગસર સુદ ત્રીજને રવિવારે જોધપુર નગરમાં ભત્તપચ્ચખ્ખાણ ( આહાર પાણીનો ત્યાગ ) અણુસણ પૂર્વક પોતાનું ૭૫ વર્ષનું સર્વ આયુઃ પૂર્ણ કરી સમાધિ સહિત કાળધર્મ પામી સ્વર્ગવાસી થયા. તેઓશ્રીએ ૬૬ વર્ષ સુધી દીક્ષા પર્યાય પાલન


કર્યો, ૪૭ વર્ષ લગી આચાર્યપદે રહ્યા અને ૧૩ વર્ષસુધી યુગપ્રધાનપદ દીપાવ્યું. તે સમયે સુશ્રાવકોએ સુગુરુદેવના સ્વર્ગવાસનિમિત્તે અઠ્ઠાઇમહોત્સવ, શાન્તિસ્નાત્રમહોત્સવ અને સૂરીશ્વરદેવની ચરણ-પાદુકાઓનો સ્થાપન-મહોત્સવ કર્યો વળી સુશ્રાવકોએ અગ્નિસંસ્કાર થયેલ ભૂમિકાના સ્થાને એક મોટી દહેરી કરાવી કે જે હાલ પણ જોધપુરના પર્વત ઉપર અને રાજદરબારના કિલ્લાનીચે મોજુદ છે. વળી નાગોર, વિકાનેર, જોધપુર, મેડતા, પાલી, અજમેર, જયપુર, આગ્રા, પટણા, મુર્સિદાવાદ, અજીમગંજ, બુરાનપુર, ઉજ્જેણ, પાટણ, અમદાવાદ, ખંભાત, વિરમગામ, માંડલ, રાધનપુર, ધ્રાંગધરા, લીંબડી વગેરે અનેક શહેરોમાં અને ઉનાવા, રૂણ, રીંયાં, સાંબર, વાલોત્તરા, પંચપદરા, તિવરી, બગડી વગેરે ગામોમાં

તેઓશ્રીની ચરણપાદુકાઓ સ્થાપન થઇ અને હાલ પણ કેટલીક જગાએ પૂજાઇ રહી છે, આવા મહાન્ પ્રભાવશાળી, એ આચાર્યદેવ થયા છે. આ સ્વાધ્યાયપ્રકરણરત્નો સર્વ ભવ્યાત્માઓને એક સરખી રીતે ઉપયોગી તથા આત્મહિત કરતાં થશે, એમ જાણી તેમજ ભા૦ ભવાનજીભાઈ વગેરેની પ્રેરણાથી મેં પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે સુગમ અર્થ કરી તૈયાર કરેલ છે છતાં તેમાં કોઇ પણ જગાએ સૂત્રથી વિરૂદ્ધ લખાણ થએલ હોય તો તેનું મિથ્યાદુષ્કૃત્ય આપી વિદ્વજ્જ-નોને પ્રાર્થના કરું છું કે જો તેમાં ત્રુટીઓ રહેલ હોય અને આપ સૂચના કરશો તો બીજી આવૃત્તિમાં તેઓનો સુધારો અવશ્ય થશે. છેવટમાં આ પુસ્તક છપાવવામાં દ્રવ્યની સહાય કરનાર શ્રાવકશ્રાવિકાઓને ધન્યવાદ

આપી, અર્થ કરતાં કે સુધારતાં દૃષ્ટિ દોષથી અથવા છાપખાના સંબંધી કોઇ પણ ભૂલો રહી ગયેલ હોય, તેને સુધારી વાંચવાની ભલામણ કરી વિરમું છું.

લે. પરમ પૂજ્ય આચાર્યવર્યદેવ શ્રીભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિસાગરચંદ્ર.

| | |
|---|---|
| **અમદાવાદ**<br>શામળાની પોળનો<br>મોટો ઉપાશ્રય. | વિ. સં. ૧૯૯૩ ના<br>પોષ સુદી ૮ ને<br>વાર બુધ. |



# આ ગ્રંથમાં આવેલા સુભાષિત શ્લોકોની અકારાદિ અનુક્રમણિકા.


| શ્લોક—નામ—પૃષ્ટાંક | | શ્લોક—નામ—પૃષ્ટાંક | |
|---|---|---|---|
| અસંખ્યા: પ૨૦ | ૨૦૭ | અત્માનં કુપ૦ | ૨૬૯ |
| અપકારિષુ૦ | ૨૧૩ | આપદાં કથિ૦ | ૨૭૦ |
| અકર્યં કોપરિ૦ | ૨૧૬ | ઈંદ્રિયકસા૦ | ૪૮૩ |
| અમુત્ર ભવિ૦ | ૨૧૮ | ઇન્દ્રિયાણા૦ | ૪૯૩ |
| અહો સુસદ૦ | ૨૨૩ | ઉવલેવી હો૦ | ૨૩૧ |
| અપવિત્ર: પ૦ | ૨૨૭ | ઉગ્રં તપ: ક૦ | ૨૩૨ |
| અવિદિતપ૦ | ૨૩૧ | ઉવલેવો હો૦ | ૨૭૫ |
| અનિત્યમા૦ | ૨૩૮ | ઉત્તમાં જાતિ૦ | ૪૪૧ |
| અશકયં ૩૦ | ૨૭૪ | ઓતુ: પય:૦ | ૨૮૪ |
| અલ્લોસુક્કોય૦ | ૨૭૫ | ઔચિત્યાચ૦ | ૧૮૮ |
| અજાનન્ દા૦ | ૨૭૧ | અન્તર્ગ્રંગુ૦ | ૨૫૯ |
| અણથોવં વ૦ | ૨૭૬ | અન્તરાયંક્ષ૦ | ૪૮૭ |
| અણાવાયમ૦ | ૩૯૨ | અંગાનિ ચતુ૦ | ૫૦૫ |
| અકુલીનાન૦ | ૪૪૯ | કર્મણા બા૦ | ૨૧૨ |
| અહં શૂર: કૂ૦ | ૪૭૩ | કર્માયત્તં ફ૦ | ૨૧૯ |
| અસદ્‌ભિ: ક૦ | ૪૯૧ | કર્માહિકી૦ | ૨૬૨ |
| અચિન્ત્યમા૦ | ૫૨૬ | કર્મણો હિ પ્ર૦ | ૨૮૨ |
| અગ્નિકુણ્ડ૦ | ૫૨૭ | કન્યાયારત૦ | ૪૪૯ |

| શ્લોક—નામ—પૃષ્ટાંક | |
|---|---|
| કારણાત્પ્રિય૦ | ૨૩૭ |
| કાર્યઃ સંપદિ૦ | ૨૮૯ |
| કાલે કલૌ ખ૦ | ૪૯૧ |
| કિંકુલેન કુ૦ | ૪૪૯ |
| કિં કુલેન વિ૦ | ૪૪૦ |
| કિત્તિયમચ્છ૦ | ૪૮૪ |
| કુરઙ્ગમા૦ | ૨૬૯ |
| કુશલજન૦ | ૨૯૩ |
| કુલસ્ય કમ૦ | ૪૪૯ |
| કુલાભિમાનઃ | ૪૫૦ |
| કુલં કુતન૦ | ૪૭૩ |
| કૃતમિદમિ૦ | ૨૮૪ |
| કવર્તીકુક્ષી૦ | ૪૪૧ |
| ખલઃ સર્પ૦ | ૧૯૦ |
| ખણમિત્તસુ૦ | ૨૪૩ |
| ગતે શોકો ન૦ | ૨૧૮ |
| ગર્વોગ્રગ્રહ૦ | ૪૭૮ |
| ગુણેષ્વના૦ | ૨૫૯ |
| ગુણેષ્વેવા૦ | ૨૫૯ |
| ગુણૈરુત્તુઙ્૦ | ૨૬૦ |

| શ્લોક—નામ—પૃષ્ટાંક | |
|---|---|
| ગુણવ્રતકુ૦ | ૪૫૦ |
| ગુણેન સ્પૃ૦ | ૪૫૩ |
| ગુણોજ્વલા૦ | ૪૯૧ |
| ગોભદ્રઃ સગ૦ | ૩૬ |
| ગોરે ગોરે ગા૦ | ૪૫૬ |
| ચાંડાલીગર્ભ૦ | ૪૪૧ |
| ચુલ્લગપા૦ | ૧૭૦ |
| ચેતોહરા યુ૦ | ૩ |
| જહ કાગિણી૦ | ૨૫૧ |
| જહ કચ્છૂલી૦ | ૨૫૩ |
| જયણાય ધ૦ | ૨૮૯ |
| જયણાઇ વટ્ટ૦ | ૨૮૯ |
| જાતાઃ કતિ૦ | ૨૩૮ |
| જાઇમએણે૦ | ૪૪૨ |
| જાતિલાભકુ૦ | ૪૯૮ |
| જં ચ કામસુ૦ | ૨૪૩ |
| જં અજ્જિઅં ચ૦ | ૨૭૪ |
| તચ્ચરિત્રં ન૦ | ૨૨૭ |
| તસ્માન્ન કા૦ | ૪૬૫ |
| તસ્માન્ન દ૦ | ૪૯૨ |

| શ્લોક—નામ— | પૃષ્ટાંક | શ્લોક—નામ— | પૃષ્ટાંક |
|---|---|---|---|
| તાવચ્ચિયઅ સ૦ | ૨૮૩ | ન સ મન્ત્રો૦ | ૨૧૮ |
| તાવદ્દર્ણવિ૦ | ૪૪૨ | ન ચ રાજભ૦ | ૨૨૬ |
| તૃતીયં લોચ૦ | ૨૮૮ | ન દર્પવિકૃ૦ | ૬૭૩ |
| તેહિં મુસિર્જ્જ૦ | ૩૧૦ | નાભેયસ્ય૦ | ૪૮૩ |
| દહ્યમાનઃ સુ૦ | ૧૯૯ | નાગ્નિસ્તૃ૦ | ૫૨૭ |
| દપ્પવિસપ્પ૦ | ૪૭૮ | નિદાન વીત૦ | ૯૦ |
| દત્તં ન વિત્તં | ૪૯૧ | નિદ્રામૂલમ૦ | ૨૬૫ |
| દાસત્તં દેઈ૦ | ૨૭૬ | નિત્યપરિ૦ | ૪૬૪ |
| દાતવ્યં ભો૦ | ૪૯૨ | પરેણ પરિ૦ | ૧૯૪ |
| દ્રવ્યાણિ ભૂ૦ | ૧૩૮ | પરદોષક૦ | ૧૯૯ |
| દીયાકા ગુણ૦ | ૧૮૦ | પરવાદે દશ૦ | ૨૦૭ |
| દુલ્લહં માનુ૦ | ૨૫૨ | પરપ્રસાદ૦ | ૪૮૭ |
| દુઃખે દુઃખાધિ૦ | ૨૮૯ | પગ-ચતુષ્ટિમ૦ | ૫૨૬ |
| દૂષણં મતિ૦ | ૨૦૭ | પ્રવ્રજ્યા ત્ય૦ | ૪૯૧ |
| દો પંથેહિ ન૦ | ૨૩૨ | પાપાસક્તે૦ | ૨૦૩ |
| દ્રૌપદીપંચ૦ | ૫૨૬ | પ્રાતર્મૂત્રપુ૦ | ૨૬૫ |
| ધનેન દર્પઃ૦ | ૪૯૧ | પુંસામવસ્થા૦ | ૪૬૪ |
| ધણવંત ગ૦ | ૪૯૨ | બલવન્તો૦ | ૪૭૨ |
| ન પરો કરેઈ૦ | ૨૦૩ | બાણવઈ કો૦ | ૩૬૫ |
| ન વિના પર૦ | ૨૦૭ | ભિક્ષાશનં | ૨૪૪ |

| શ્લોક—નામ— | પૃષ્ટાંક |
|---|---|
| ભીરુઃ શૂરત્વ૦ | ૪૭૩ |
| મર્દય માન૦ | ૧૮૮ |
| મનસ્યન્ય૦ | ૧૯૭ |
| મહુબિંદુસ૦ | ૨૪૩ |
| મજ્જં વિસય૦ | ૪૩૮ |
| મહાબલ્લોડપિ૦ | ૪૭૨ |
| મર્દય માન૦ | ૪૭૩ |
| મંડુકીગર્ભ૦ | ૪૪૨ |
| મા વહઉ કો૦ | ૪૭૮ |
| મૃગો ગર્ભા૦ | ૪૪૨ |
| મિથ્યા વકતું૦ | ૨૨૬ |
| યથાચિત્તં ત૦ | ૧૯૬ |
| યદત્ર ક્રીય૦ | ૨૧૨ |
| યદુપાત્તમ૦ | ૨૧૨ |
| યસ્ય હસ્તૌ૦ | ૨૭૦ |
| યથેહ લવણા૦ | ૩૭૭ |
| યદા નરઃ શો૦ | ૪૬૪ |
| યદા કિઞ્ચિજ્જ્ઞો૦ | ૪૭૮ |
| યાવદ્દ્રઃચો૦ | ૨૪ |
| યેનૈવ તપસા૦ | ૪૮૩ |

| શ્લોક—નામ— | પૃષ્ટાંક |
|---|---|
| રહો નાસ્તિ ક્ષ૦ | ૫૨૭ |
| રાઈસરિસ૦ | ૨૦૬ |
| રાગી બધ્નાતિ૦ | ૨૩૬ |
| રે ચિત્ત ખેદ૦ | ૨૧૭ |
| લાભેણ જો જ૦ | ૪૮૭ |
| લાંગૂલચાલ૦ | ૧૨ |
| વરં પ્રવેષ્ટું૦ | ૨૨૬ |
| વર્ષાકષ્ટત૦ | ૫૨૭ |
| વિષયગણઃ૦ | ૨૩૧ |
| વિકમ્પતે હ૦ | ૨૪૩ |
| વિસયા વિસં૦ | ૨૫૨ |
| વિચ્છિન્નો દૂર૦ | ૩૯૨ |
| વિદ્યા વિવાદા૦ | ૪૯૧ |
| વૃક્ષં ક્ષીણ ફ૦ | ૨૩૭ |
| વૈદ્યા વદન્તિ૦ | ૨૮૧ |
| શલ્યવન્હિવિ૦ | ૨૧૯ |
| શિક્ષા કલ્પો૦ | ૫૦૫ |
| શ્રીમદ્ ગણ૦ | ૪૭૭ |
| શ્રીશાન્તિનાથા૦ | ૪૯૨ |
| શ્રીમહાભાર૦ | ૫૨૬ |

| શ્લોક—નામ— | પૃષ્ટાંક |
| --- | --- |
| શ્રુત્વા ત્રિભુવ૰ | ૪૯૦ |
| સમ્મત્તદાય૰ | ૯૦ |
| સમકિત દા૰ | ૯૧ |
| સ્વશ્લાઘા પ૰ | ૧૯૩ |
| સન્તોઽપ્ય૰ | ૧૯૪ |
| સન્તોપ્ય સ૰ | ૧૯૪ |
| સર્વત્ર શુચ૰ | ૨૦૩ |
| સગુણમપ૰ | ૨૧૯ |
| સહસા વિદ૰ | ૨૬૫ |
| સ પણ્ડિતો યઃ | ૨૭૦ |
| સખ્ખં ખુ દી૰ | ૪૪૨ |
| સ્વરૂપાસાર૰ | ૪૬૫ |
| સમધાતુમ૰ | ૪૬૫ |
| સનત્ કુમાર૰ | ૬૫૪ |
| સ્વબુધ્ધ્યા ર૰ | ૪૭૭ |
| સામાઇઅં કુ૰ | ૩૬૫ |
| સા વિદ્યા યા મ૰ | ૪૭૮ |
| સુખસ્ય દુઃ૰ | ૨૧૨ |
| સુત્તં ગણહર૰ | ૩૨૦ |
| સુલાભં પૂસ૰ | ૪૮૭ |

| શ્લોક—નામ— | પૃષ્ટાંક |
| --- | --- |
| સુરૂપાઃ પગ-ચ૰ | ૫૨૭ |
| સુરૂપં પુરુષં૰ | ૫૨૭ |
| સૂર્યવંશે ત્રિ૰ | ૪૪૯ |
| સંતેહિં અસં૰ | ૨૦૮ |
| સંઘયેત્ સ૰ | ૨૫૯ |
| સંપર્કોદ્યમ૰ | ૪૭૮ |
| સંવચ્છરમુ૰ | ૪૮૪ |
| સંકલઃ સાગ૰ | ૪૯૨ |
| હસન્તો હેલ૰ | ૨૧૧ |
| હરિહરચણ્ડ૰ | ૨૫૨ |
| હાહા દુષ્ટ કદર્થિ૰ | ૨૫૨ |
| હિતિ હીતિ ગુ૰ | ૩૧૧ |
| હોહંતિય પા૰ | ૩૧૦ |
| હોહિંતિ સાહુ૰ | ૩૧૦ |
| ક્ષણે રુષ્ટા ક્ષ૰ | ૨૨૩ |
| જ્ઞાનાદ્ વિદ૰ | ૨૮૯ |
| જ્ઞાનં મદદ૰ | ૪૭૭ |
| મન જાએ તો જા૰ | ૫૩૬ |

શ્રીપાર્શ્વચન્દ્રસૂરિર્વિરચિત:—

# શ્રી સ્વાધ્યાયપ્રકરણરત્નો

અર્થ સહિત.



સ્વ. શા. મૂલચંદભાઇ અમુલખદાસ.

અમદાવાદ શામળાની પોળના વાસી સ્વ૦ શાહ

**અમૃતલાલ હેમચંદ**ના ધર્મપત્ની, સુશીલા

**મણીબ્હેને** પોતાના સ્વ૦ ભાઇ **શા. મૂલચંદ**

**અમુલખદાસ** તથા પોતાની સ્વ૦ માતુશ્રી

**બાઈ વીજળીબાઈ**ના સ્મરણાર્થે

દ્રવ્યની ઉદાર સહાયતા કરવાથી

આ પુસ્તક બહાર પાડવામાં આવેલ છે.

॥ ॐ अर्हं नमः ॥

શ્રીપાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી વિરચિતા—

# સંવેગ બત્રિશી.

અર્થ કર્તા:—શ્રીભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજીના
શિષ્ય મુનિ સાગરચંદ્રઃ—

દુહા.

जोइ विमास तुं जीवडा,
आ संसार स्वरूप;
कृत्रिम रंग पतंग जिम,
तन यौवन धन रूप. १

હે જીવ! તું આ સંસારના સ્વરૂપને જોઈ સમજી અને વિચાર કર, કારણકે આ

સંસારમાં જીવોનાં શરીર, યૌવન, ધન સંપત્તિ અને રૂપ તે બનાવટી પતંગના રંગની જેમ ક્ષણવારમાં નાશ થનાર છે. માટે તેમાં સમજુ આત્માઓને રાચવા-માચવાનું ન હોય.

स्वारथ लगे सगपण सहु,
पुत्र सहोदर माय;
पिता बहेन धरणी वहु,
साथे कोइ न थाय. २

આ સંસારમાં જીવોને પોતાનો સ્વાર્થ જ્યાં લગે પહોંચે ત્યાં લગે પુત્રને પુત્ર તરીકે, તેમજ ભાઇ, માતા-પિતા, બહેન; ધરણી એટલે પૃથ્વી-સ્થાવર જંગમ મિલ્કત અને સ્ત્રી વિગેરે જે છે તે તેને તે રૂપે સગપણ સગાઇ સંબંધને સર્વ કોઇ ધારણ કરે છે, પરંતુ પરભવમાં જતાં જીવને એક ધર્મ સિવાય

બીજું કોઇ સંબંધી નથી. માટે ખોટા મોહના ખેલને છોડી ધર્મની ધગસ હૃદયમાં ધારણ કરવી એજ સાર છે. કહ્યું છે કે:—

“चेतो हरा युवतयः स्वजनोऽनुकूलः
सद् बान्धवाः प्रणयगर्भगिरश्च भृत्याः।
गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरङ्गाः
संमीलने नयनयोर्नहि किंचिदस्ति ॥१॥
धर्मः सखा परमहो परलोकयाने”

અર્થાત્—ચિત્તને આકર્ષણ કરનારી યુવતીઓ, પોતાને અનુકુલ વર્તનારા સ્વજનો, શ્રેષ્ટ બન્ધુઓ, પ્રેમાલ વાણીને ઉચ્ચારણ કરનારા નોકરો, ગર્જારવ કરતા હાથિયોના સમુદાયો અને ચંચલ એવા ઘોડાઓના જથ્થાઓ, એ બધાઓનો સંબંધ ત્યાંસુધી રહે છે કે જ્યાંસુધી

પોતાની આંખ ખુલ્લી છે. અને આંખ બંધ થયા પછી કશું નથી. પછી તો ધર્મ મિત્ર છે તેજ કેવલ પરભવ જતાં જીવની સાથે આવનાર છે.

कर्म वशें तुं एकलो,
आव्यो तिम जाएश;
भमियो प्राणि बहु भवें,
त्रिभुवनें नव नवे वेश. २

અર્થ:-હે જીવ! કર્મને લઈ તું એકલો જેમ આવ્યો છે તેમ એકલો જ જવાનો છે સાથે કોઇ પણ આવવાનું નથી, વળી નવા નવા શરીર રૂપ વેશોને ધારણ કરી હે જીવ! તું આ સંસારરૂપ ત્રણ જગતમાં ઘણા ભવો કરી ભમ્યો છે, અનેક ભવ રૂપ નાટક કર્યા છે.

તેમાં કોઇપણ જાતિ, યોની; સ્થાન કે કુલ બાકી રાખેલ નથી, કે જ્યાં અનંતી વાર જન્મ મરણ થયાં ન હોય. મતલબ કે સર્વ જગ્યાએ આ જીવે કર્મને લઇને પરિભ્રમણ કરેલ છે. તે પરિભ્રમણથી બચવા માટે પોતાના સ્વરૂપનો વિચાર કરી ધર્મનું આચરણ કરવું જોઇએ.

बे तुज साथ सखाइया,
पुण्य पाप संभाळ;
अवर ते हरमेखळ सरिस,
जीव म पड जंजाळ. ४

હે જીવ! તારૂં આ ભવનું આયુષ્ય પૂર્ણ થતાં અને પરભવમાં જતાં તારા પોતાના જ જે પુણ્ય અને પાપ છે તે તારા મિત્રો છે, અને તે તારી સાથે આવનારા છે, માટે તેની તું સંભાળ કર. અને બીજાં જે સ્ત્રી, પુત્ર, ધન-

ધાન્યાદિ બહારના સંયોગ સંબંધો છે, તે સર્વ હરમેખળ એટલે નકામાં છે. દેખાવ પૂરતાં છે, ઈન્દ્ર ધનુષના સરખા રંગ-બેરંગી, દષ્ટ નષ્ટ થનારાં છે માટે હે જીવ! તેની જંજાલમાં પડીશ નહિ, અને પોતાનું કર્તવ્ય ચુકીશ નહિ.

घण वेलू कण पीलतां,
तेल केम पामेश ?
स्वर्ग सफल तरुवर तणी,
डाळी किम नामेश ? ५

वाए कप्पड कोथळो,
चांपी केम भरेश ?
भांगी नावें अगाध जळ,
कहे ने केम तरेश ? ६

जीवनजी ! मृग–तृष्णका,

जळ तृष केम जीपेश ?
भूख्यो किम मन मोदके,
धापी वपु दीपेश ? ७
दीठे सुहणे रातने,
केणीपरे बेशीश राज ?
जळ विण कण किम नीपजे,
केवल विजल गाज ? ८
तप संयम पूरव भवें,
पूरा तप्या न भूर;
कहे किम मनवंछित लहिश ?
हवे तुं हिया म झूर. ९

હે જીવ! પૂર્વે તેં પુણ્ય કર્મની ઉપાર્જના કરી નથી, અને હવે સુખને માટે ફોગટ ફાંફાં મારવાથી તને શું લાભ થવાનો

છે ? જેમકે ઘણા વેલુના કણીયાઓને પીલતાં અર્થાત્ નદીની રેતને ઘાણીમાં નાંખી પીલતાં છતાં પણ તું તેલને કેવી રીતે પામીશ ? વળી સ્વર્ગીય કલ્પ વૃક્ષની સફલ ડાલીઓને તું કેવી રીતે નમાવીશ ? ॥૫॥

તેમજ કાપડના કોથળાને પવને કરી ચાંપીને તું કેવી રીતે ભરીશ ? વલી તું કહે કે ભાગેલી નાવડીથી અગાધ પાણીમાં કેવી રીતે તરીશ ?॥૬॥

વળી પણ હે જીવનજી ! હે ચેતન ! મૃગતૃષ્ણા જળે કરી એટલે ઝાંઝવાના પાણીએ કરી તરષાને કેમ તું જીતીશ ? અર્થાત્ તરસને કેવી રીતે મટાડીશ ? વળી ભૂખ્યો થકો તું મન મોદકે કરી અર્થાત્ મનોરથ રૂપ લાડવાથી પેટ ભરી શરીરને શી રીતે શોભાવીશ ?॥૭॥

તેમજ વળી રાત્રે નિદ્રામાં જોએલ સ્વપ્નના આધારે હું રાજા થયો એટલા માત્રથી તું કેવી રીતે

રાજગાદી પર બેસી અને રાજા બની શકીશ ? વળી પાણી વિના કેવળ ગાજ અને વીજથી દાણાઓને શી રીતે ઉત્પન્ન કરી શકાશ ? ॥૮॥

કારણ કે પૂર્વ ભવમાં ઘણા અને સંપૂર્ણ એવા તપ-સંયમને તેં તેવા ન તપ્યા ન સેવ્યા; તો હવે કહે કેવી રીતે તું મન વંછિત ફળને પામીશ ? માટે હવે હૃદયમાં આર્તધ્યાન કરવાની જરૂર નથી, તેથી હે જીવ ! સુખની પ્રાપ્તિને સારૂ તું રડીશ નહિ, કારણ કે હવે ઝુરવાથી અર્થાત્ રડવાથી કાંઈ પણ વળવાનું નથી, જે બનવાનું હતું તે બની ગયું. હવે તે ફરવાનું નથી. ૯

( चोपाइनी देशीमां )

रे जीव ! धीरपणुं मन आण,
कायरपणुं कीधे बहु हाण;

इण कारण धीरिम धुर धरो,
धोरी जिम दुत्तर उत्तरो. १०

હે જીવ! હવે તું હિમ્મત રાખ, ધીરતાને ધારણ કર, બગડેલી બાજીને સુધાર, ફોગટની આલ-પંપાલને તું છોડી દે, ધર્મ સેવન કરવામાં તું મનને મજબૂત કર; કારણ કે કાયરપણું કરવામાં બહુ નુકશાન છે; ઉત્સાહ રહિતપણાથી, તેમજ એદીપણાથી આ જીવે પહેલાં પણ ઘણું ગુમાવેલ છે, અને તેના અંગેજ કર્મ સત્તા બલવાન બનેલ છે, અને કર્મોને લઇનેજ આવી દશા પ્રાપ્ત થએલ છે. એટલા માટે ધીરપણાની ધૂંસરીને ધારણ કરી ધોરી બળદની જેમ દુસ્તર એવા સંસારના પારને પામ. અર્થાત્ ઉપાડેલ બોજાને ધોરીની માફક વહન કર, તેમાં કાયરપણું છોડીદે, કે જેથી પોતાનું કલ્યાણ તો તું કરી શકીશ. ૧૦

धीरिम कायर जिम अंतरो,
परतख देख मकर पांतरो;
गृह मृग कुंजर भोजन जोय,
लेतां एवडो अंतर होय. ११

ધૈર્યતામાં અને કાયરતામાં જે અંતર છે તેને તું પ્રત્યક્ષ જો, જોઇને મનની નબળાઈઓ, ઢચુ-પચુપણા ને તું છોડીદે, અર્થાત્ મનની કાયરતાને લઇ વિક્ષેપવાળો બનીશ નહિ, પરંતુ પોતાના ધર્મમાં સ્થિરતાને ધારણ કરનાર થા-જેમ કુતરો અને હાથી બન્ને ભોજન તો પામે છે, પણ ભોજન લેતાં તેમનાં સ્વભાવમાં કેવો ભેદ છે તે જોવાનું છે. ભોજન વખતે કુતરો પોતાની નબળાઇ કેટલી બતાવે છે, અને હાથી કેટલી પોતાની ધૈર્યતા બતાવે છે. એ બન્નેનો આહાર લેવામાં એવડો બધો

અંતર પ્રત્યક્ષ જોવાય છે. માટે તું સ્વાન વૃત્તિને મુકી અને હાથીના જેવો ધૈર્યતાવાળો બન. કહ્યું છે કે—

" लाङ्गुलचालनमधश्चरणावघातं,
भूमौ निपत्य वदनोदरदर्शनं च ।
श्वा पिण्डदस्य कुरुते गजपुङ्गवस्तु,
धीरं विलोकयति चाटुशतेन भुङ्क्ते॥१॥

અર્થાત્–કુતરો આહાર લેવા માટે આપનારને જોઇ પુંછડી હલાવે છે, નીચે પગમાં પડે છે, તેમજ જમીન પર ચત્તો પડી પેટ અને મુખ બતાવે છે, આવી પોતામાં રહેલ કાયરતાને પ્રત્યક્ષ જણાવે છે, અને હસ્તિરાજ જે છે તેતો માવત જ્યારે મલીદો (આહાર) લાવીને વિનંતી રૂપે " લ્યો ગજરાજ ! લ્યો ગજરાજ !

આ મલીદો ખાઓ" એમ બોલે છે ત્યારે તે ધૈર્યતા પૂર્વક જુવે છે; અને એવા સેંકડો મીઠા વચન વડે કરી ખાય છે, આટલી તેનામાં ધૈર્યતા છે, તેથીજ આદરતાના પાત્રપણાને પામેલ છે.

इसो जाणी धीरिम मन धरे,
वळी वैराग्य खरो आदरे;
समर समर एक चित्त अरिहंत,
राग दोष गंजन गुणवंत. १२

ઉપર બતાવેલા દ્રષ્ટાંતને જાણીને હે જીવ ! મનમાં ધીરજ ધારણ કર, કાયરતા કે દીનતાને તજીદે, જ્ઞાનીઓના વચન પર સંપૂર્ણ વિશ્વાસ ધારણ કર; ધર્મ સંબંધી મુસ્કેલી ભર્યા કાર્ય કરવામાં હિમ્મત રાખ, વળી સાચા વૈરાગ્યને હૃદયમાં ધારણકર, આ જગતમાં જેટલું આપણને દેખાય છે, અને જેટલા સંબંધી પદાર્થો

છે, તેમજ વિષયાદિકોના જે જે સાધનો છે તે તે સર્વ અસ્થિર છે, અનિત્ય છે, ક્ષણ ધ્વંસી છે, સહેજમાં નાશ થનારા છે, તેઓને તારા તું માની બેઠો છે, પણ તે તારા નથી, હતા પણ નહિ, અને ભવિષ્યમાં તારા થશે પણ નહિ એમ ધારી તેઓના ઉપરથી રાગ દશાને છોડ, તેઓની ઉપાધીમાં પોતાનું ભાંન ભુલીશ નહિ, ખરેખર પ્રાપ્ત થએલ ઉત્તમ મનુષ્ય જન્મ, આર્ય દેશ, ઉત્તમ શ્રાવકનું કુળ, પાંચે ઇન્દ્રિયોની સંપૂર્ણતા, નિરોગી શરીર, સમજવાની શક્તિ, જૈન ધર્મની પ્રાપ્ત થએલ સામગ્રી, દેવ ગુરૂની જોગવાઈ વીગેરેની ઉત્તમ-તક મળી તે ચુકીશ નહિ. અરિહંત-પરમાત્માનું વારંવાર સ્મરણકર, પ્રભુ સ્મરણથીજ પાતકોનો નાશ થશે, વિઘ્નોનો વિલય થશે, અનંત

ગુણોના ભંડાર એ પરમાત્માજ રાગદ્વેષનો અંત આણશે; એટલા માટે તેઓમાંજ તું તારા ચિત્તને નિરંતર સ્થાપન કર, પ્રભુનું સ્મરણ છે તેજ આ અસાર સંસારમાં સાર છે, એમ જાણી જેમ બને તેમ ઉપાધીઓને દૂર કરી, ઉત્તમ માર્ગાનુગામી થઇ, વિનશ્વર પદાર્થોમાં નહિ ફસાતાં અરિહંત પ્રભુની આજ્ઞાનો આરાધક થા, તેઓનુંજ તું ભજન સ્મરણ કર.

कूडो नेह कुटुंब तणो,
इण कीधे स्वारथ आपणो;
विणशे ईहां नहिं संदेह,
उदाहरण चित चिंतवी एह. १३

આ સંસારમાં માતા, પિતા, ભાઈ–બ્હેન, સ્ત્રી, પુત્ર વિગેરે કુટુંબીઓના સાથે જે સ્નેહ

સંબંધ છે, તે ખોટો છે; કારણકે સ્વજનાદિકની સાથે સ્નેહમાં ફસાવાથી આપણો પોતાનો સ્વાર્થ બગડે છે, પરભવનો હીત કરી શકાતો નથી, પરભવનો હીત તો ધર્મને તલાલીનપણે સેવવાથી થાય છે. તે પ્રકારે મોહી જીવ ધર્મને સેવી શકતો નથી. તેઓની જ આલ પંપાલમાં ધસ-મસ્યો અને રચ્યો-પચ્યો રહ્યા કરે છે તેથી પોતાનુ શું થશે? તે સંબંધી વિચારણા કરવાનો અવકાશ પણ તે પામર જીવને પ્રાપ્ત થતો નથી, તેઓના સ્વાર્થી સ્નેહમાં જ પોતાની ઉત્તમ જીંદગીને એળે ગુમાવી નાખે છે, એમાં કોઈ જાતનો સંદેહ નથી. એના માટે નીચેના ઉદાહરણો આપવામાં આવે છે, તે પોતાના ચિત્તમાં વિચારી જોવા જોઇએ, અને ખોટા સ્નેહરાગનો ત્યાગ કરવો જોઇએ.

पश्चिम रयणी मोटे साद,
पभणे गोरस नेह पसाद;
मथियें हियो सदा माहरो,
तिणे तुम्हे नेह दूर परिहरो. १४

હવે આ સંસારમાં સ્નેહવાળા જીવો જ દુઃખી થાય છે, તે બીનાને દ્રષ્ટાંત આપી સમજાવે છે. જેમ ગોરસ, ગોરસ શબ્દે કરીને દુધ, દહીં અને ઘી એવો અર્થ થાય છે, પણ અહીં ગોરસ શબ્દથી દહીંજ અર્થ લેવાનો છે. દહીં પાછલી રાતે મ્હોટા ઘાંટાથી અવાજ કરી પોકાર કરતું ન હોય ? તેમ કહે છે કે હે ભાઇઓ ! મ્હારામાં સ્નેહ–ચિકાશ હોવાથી તેના લીધે જ હું દુઃખી થાઉં છું. અને મ્હારૂં હૃદય સદા–હમ્મેશાં મંથન કરાય છે, વલોવી નંખાય છે. માટે તમારે કોઇએ સ્નેહ ધારણ

કરવો નહિ. જો તે મોહ જાળના સ્નેહમાં તમે ફસાસો તો તમારા હૃદયનું પણ મંથન થશે. માટે જો સુખી થવાની ઈચ્છા હોય તો એવા ખોટા સ્નેહમાં ફસાશો નહિ તેનાથી દૂર રહેજો અને તેને દૂર કરજો.

ज्यां स्वारथ त्यां जतन करंत,
भय जोखम तेहनो टालंत;
कहे दहींने तेणे विणुं मही,
जाणी अधिक वळी रेडे दहीं. १५

આ સંસારમાં જીવોને જ્યાં સુધી જે જે વસ્તુ પદાર્થમાં પોતાનો મતલબ રહેલ હોય છે, ત્યાં સુધી તે તે વસ્તુ–પદાર્થની જાળવણી કરવામાં ધસ–મસી રહ્યા હોય છે; અર્થાત્ તેને જાળવવા માટે અનેક પ્રકારના ઉપાયો કરે છે, પણ સ્વાર્થ વિના કોઇ કોઈનો સંબંધી થતો નથી.

આવી સ્વાર્થ મય પ્રવૃત્તિ સંસારી જીવોમાં દેખાય છે, જેની સાથે સ્વાર્થ છે, તેના સંબંધી ભય અને જોખમ દૂર કરવા માટે અનેક પ્રકારના બને તેટલા પ્રયત્ન કરે છે, અને મતલબ વિના બીજાઓને સામું પણ જોતા નથી. જેમ જુઓ દ્રષ્ટાંત તરીકે–દહીંમાં જ્યાં સુધી માંખણ રહેલ હોય છે ત્યાં સુધી તેની જાળવણી સહુ કોઇ પોતાના સ્વાર્થને અંગે કરે છે; અને જ્યારે તેજ દહીં માખણ વિનાનું થઇ જાય છે, ત્યારે તેના ભયકે જોખમ ટાલવાની કોશીષ તે રૂપે લોકોની રહેતી નથી. અને માખણ વિનાના દહીંને લોકો મહી અથવા છાશ કહીને બોલાવે છે, અને તેમાં જો માખણ રહી ગએલ હોયતો અધિક દહીં નાખી અને તેને મંથે છે, અને છેવટે માખણ વિનાના દહીંમાં પાણી નાખીને તેને વધારે છે.

तिल सरसव दाणा एरंड,
अळसी करडी पीळण प्रचंड;
यंत्र तणो ते बहु दुःख सहे,
नेह प्रसादे कवियण कहे. १६

આ સંસારમાં સ્વજન-કુટુંબીઓનો જે સ્નેહ છે તે કર્મોનો બંધન કર્તા છે, અનેક જન્મ મરણોને કરાવનાર છે અને તેથી જીવને વિવિધ પ્રકારની પીડાઓ ભોગવવી પડે છે. માટે સ્નેહ છે તેજ વસ્તું ખોટી છે. તેથી તેનો ત્યાગ કરે તોજ સુખી થઈ શકે. જ્યાંસુધી જીવ સંસારીક સંબંધિઓના સ્નેહને તજતો નથી ત્યાં સુધી તેને સાચા સુખની પ્રાપ્તિ પણ થઇ શકતી નથી. તે પર બીજા-દ્રષ્ટાન્તો બતાવે છે. જેમ તલના દાણા, સરસવના દાણા, એરંડીના દાણા, અલસી ધાન્ય અને કરડી ધાન્ય

વિગેરે એઓમાં તેલ રહેલ છે. તે તેલ રૂપ સ્નેહ ચીકાશના યોગે ઘાણીમાં પીલાય છે અને અત્યન્ત મહા દુઃખને સહન કરવાં પડે છે, એ મહા દુઃખોને સહવાનું કારણ કવિજનો સ્નેહને બતાવે છે. એટલે સ્નેહ–ચીકાશના પસાયથીજ જીવો આ સંસારમાં અનેક પ્રકારના સંકટો પામે છે. માટે કુટુંબીઓના સ્નેહમાં ફસાઇ પોતાના આત્માનું અકલ્યાણ કરવું ન જોઇએ.

नेह रहित तेहनो खळ नाम,
परठी टाळे गुणनो ठाम;
चाचर चोवटे पडी मजाठ,
पग ठेलंती लोके दीठ. १७

તલ સરસવ અને એરંડા વિગેરેને ઘાણીકે યંત્રમાં પીલવાથી તેલરૂપ ચીકાશ નીકળી જાય છે. ત્યારે તેઓને ખોળ અથવા ખળ લો-

કોમાં કહેવાય છે. મતલબકે નામ પણ તેમનું બદલી જાય છે. તે ખોળને લોકો ઢોરોને ખવરાવી દે છે અથવા તો ફેંકી દે છે. લોકો એવા સ્વાર્થીયા છે કે પહેલા તે ગુણનો સ્થાન ભૂત હોય અને પછીથી તે ગુણ તેમાંથી નીકલી ગએલ હોય એટલે ગુણ વિનાનો થઇ ગએલ હોય, અર્થાત્ જેમાં સ્નેહ ગુણ રહ્યો ન હોય તો તેની સામું પણ જોતા નથી અથવા જેનાથી પોતાની ગરજ સરતી ન હોય તો લોકો તેનો ત્યાગ કરે છે. હવે બીજો દ્રષ્ટાંત બતાવે છે– જેમ મજીઠમાં જ્યાં સુધી રંગ રહેલ હતો ત્યાં સુધી તેને લોકો સાચવી રાખતા અને રંગ રૂપ ગુણ તેમાંથી નિકલી ગએ થકે તેજ મજી-ઠને લોકો રસ્તામાં ફેંકી દે છે, તે બજારમાં કે ચૌટામાં પડી હોય છે અને લોકોના પગથી ચગદાતી કે ઠેબા ખાતી જોવાય છે, આવા

સ્વાર્થી લોકો વડે તેના બે હાલ થતા પ્રત્યક્ષ જોવાય છે,

राग वशे जिणे बहु दुःख सह्यां,
अवसाणे एवां फळ लह्यां;
बाकस करीने नाखी दूर,
जन जोवे उगमते सूर. १८

આ સંસારમાં જીવ રાગને લઇને અનેક પ્રકારના કષ્ટો સહન કરે છે; જેમ મજીઠ, તે પોતામાં રહેલ રંગ રૂપ રાગ તેના પરાધીન પણાએ કરીને અનેક પ્રકારનાં ઘણાં દુઃખો સહન કરે છે. તે દુઃખો સહન કર્યા છતાં પણ છેવટના પરિણામે લોકો તેને નિસાર બાકશ યા બુકશ કરીને બહાર ફેંકે છે, સહુ મનુષ્યો સવારમાં સૂર્ય ઉગતાં તેને જુએ છે. એવી રીતે મજીઠને રસ્તામાં પડવું, તેમજ લોકોના

પગનીચે ચગદાવવું અને આમ તેમ ઠેબા ખાવા વિગેરે ઉપર બતાવ્યા તે ફળો તેને પ્રાપ્ત થાય છે. તેમ મનુષ્યોમાં પણ સાર, બલ, પરાક્રમ, લક્ષ્મી અને તાકાત વિનાના રાગી લોકોની પણ એજ સ્થિતિ થાય છે. કહ્યું છે કે-

"यावद् द्रव्योपार्जनशक्त-
स्तावन्निजपरिवारो रक्तः ।
पश्चाज्जरजरभूते देहे,
वार्ता कोपि न पृच्छति गेहे. १

અર્થાત્-જ્યાં સુધી મનુષ્ય દ્રવ્ય કમાવવામાં કે કોઈ પણ કાર્ય કરવામાં સસક્ત હોય છે ત્યાં સુધી તે મનુષ્યનો પરિવાર પોતાના તરફ રાગી રહે છે, અને પછીથી જ્યારે જરા અવસ્થાએ કરીને જર્જરિત શરીરવાળો, તાકાત વિનાનો બને છે ત્યારે તેને ઘરમાં

પોતાના પરિવારમાંથી કોઇ પણ કાંઇ પ્રાયે પૂછતા નથી. તેમ કોઈ જાતની ખબર પણ તેની લેવાતી નથી. આવું સ્વાર્થીપણું સંસારમાં રહેલું છે, અને તે પ્રત્યક્ષ પણ જોવાય છે, છતાં સંબંધીયોના રાગમાં જીવ રઘવાયો થઇ રગદોળાયા કરે છે, પણ પોતાના હિતની કે કલ્યાણની કાંઇ પણ ચિન્તા કરતો નથી. તેજ આશ્ચર્ય છે.

जिण छे लोक इसा स्वारथी,
कोइ केहनो व्हालो नथी;
नेह राग इम गणि टालियें,
सुगुरु वचन मन संभालिये. १९

આ સંસારમાં લોકો ઉપર બતાવ્યા પ્રમાણે એવા સ્વાર્થનાજ સંબંધીયો છે કે પોતાનો સ્વાર્થ સરતો હોય ત્યાં સુધીજ તેની સાથે

સંબંધ કે ગરજ રાખે છે, અને પોતાના સ્વાર્થ વિના સામું પણ જોતા નથી. માટે આ સંસારમાં કોઇ કોઇનો વ્હાલો નથી કે જેથી તેની સાથે પ્રેમ જોડી રાખીએ તો આપણી આપત્તિઓ, કે સંકટો વિના સ્વાર્થે તે દૂર કરે. એ પ્રમાણે તો કોઈ કરતો દેખાતો નથી, માટે પોતાના આત્માનું અહિત થતું હોય તો સંબંધીયોની સાથેનો સ્નેહ રાગ છોડવો જોઇએ. સંસારિક સ્નેહ રાગ છે તે જીવને કર્મ બંધનનું કારણ છે, તેથી પોતાનો ભવ બગડે છે, દુર્ગતિમાં તેને તે ઘસડી જાય છે, અનેક જન્મ મરણો કરાવે છે અને તેથી આત્મા દુઃખનો ભાગી બને છે. માટે તેનો ત્યાગ કરવો એજ સમજુ આત્માઓને ઉચિત છે એ પ્રમાણે આપણા પોતાના ભલાને માટે કહેલા સુગુરૂ મહારાજના વચન-હિત શિક્ષાઓ સંભારવી જોઈએ.

यादव हुवा छप्पन कुळ कोड,
द्वारवती नगरी धन कोड;
राजा कृष्ण नहीं कांइ खोड,
सेव करे जसु सुरनर कोड. २०
भाइ बलभद्र छे तेहने,
हळने मुसळ शस्त्र जेहने;
तेहने पण आवी आपदा,
म करो गर्व लही संपदा. २१
द्वारवती नगरीने दाह,
बे बांधव आव्या वनमांह;
बळभद्र गयो जल लेवा काज,
बांणे हण्यो यादव कुळराज. २२
नेहें न जाण्यो हरिनो काळ,
खंध उपाडी केइ काळ;

घणो मनाव्यो रुठो गणी,
विलवे वळि वळि हरिगुण भणी. २३

દ્વારિકા નામની નગરીમાં છપ્પન કુળ કોડ યાદવ વસી રહ્યા છે; તે બધા પૂર્વપુણ્યના યોગે પ્રાયે કોટી ધ્વજો છે. ત્યાં નવમા વાસુદેવ શ્રીકૃષ્ણ રાજા રાજ્ય કરે છે; તે રાજા બહુ ગુણવાન છે, તેનામાં કોઇ ખોડખાંપણુ કે અવગુણુ નથી, તેથી કોડી ગમે દેવ અને મનુષ્ય જેની સેવા કરી રહ્યા છે. વળી મોહનીય કર્મની સાત પ્રકૃતિયો એટલે અનંતાનુ બંધી કષાયની ચાર પ્રકૃતિયો-ક્રોધ, માન, માયા અને લોભ તેમજ દર્શન મોહનીય કર્મની ત્રણ પ્રકૃતિયો-સમ્યક્ત્વ મોહનીય, મિશ્રમોહનીય અને મિથ્યાત્વ મોહનીય એ સાત પ્રકૃતિયોનો જડમૂલથી નાશ થએલ હોવાથી ક્ષાયક સમકિત વાળા છે,

તેમજ ભાવના પૂર્વક શ્રી નેમિનાથ ભગવાનના અઢાર હજાર મુનિયોને દ્વાદશાવર્ત વંદના કરવાથી તીર્થંકર નામકર્મ પ્રકૃતિ બાંધેલ છે અને શ્રી નેમિનાથ પ્રભુની ઉપાસના કરનાર છે. વળી પોતે કન્યાદાનનો નિવારણ કરી પોતાની રાજકુંવરીયો વિગેરેને શ્રી નેમિનાથ ભગવાન આગળ દીક્ષાઓ અપાવી છે. ૨૦

વળી હળ અને મુશળ શસ્ત્રને ધારણ કરનાર સમર્થ બલવાન નવમા બળદેવ બલભદ્ર નામે જેમનો ભાઇ છે, આ સંસારમાં એવા સમર્થ, સમૃદ્ધિવાળા અને બળવાનોને પણ આપદાઓ આવેલ છે, તો સામાન્ય જીવોને આપદાઓ આવે એમાં શું નવાઇ જેવું છે? માટે સંપદાને પામી કોઇએ પણ ગર્વ કરવો નહીં. ૨૧

જ્યારે રૂષિના શ્રાપથી દ્વારિકા નગરી બળી ગઇ, ત્યારે શ્રી કૃષ્ણ વાસુદેવ અને બળદેવ

બન્ને ભાઇઓ વનમાં ગયા ત્યાં શ્રીકૃષ્ણજીને તરષા લાગી, તેથી બલભદ્રજી જલ લેવા ગયા પાછળથી વાસુદેવને તેમના જ ભાઇ જરાકુમારે હરણ જાણી બાણ માર્યું; તેથી કૃષ્ણજી મરણ પામ્યા. ૨૨

પછીથી બલભદ્ર જલ લઇને આવ્યા. ભાઇને સૂતેલા જાણી ઉઠાડે છે પણ ઉઠતા નથી. તેમજ બોલાવ્યા છતાં પણ બોલતા નથી. તેથી તે રીષાણા છે એમ જાણી વિનવે છે કે ભાઇ ! જલ લાવતાં મને વધારે વખત થયો છે, માટે માફ કરો તમને તરષા લાગી છે તેથી ઉઠો, લ્યો આ પાણી પીયો. એમ કહી અનેક રીતે મનાવે છે પણ તે મનાવાના પ્રયત્નો નિષ્ફળ ગયા, અને કાંઇ પણ બોલતા નથી; ત્યારે બલભદ્રજી વિચારે છે કે રીષાણા છે, તેથી બોલતા નથી. તે આજે નહિ બોલે

તો આવતી કાલે બોલશે. એમ ધારી પોતાના ખભે ઉપાડી ફરે છે. ભાઇના ઉપર પોતાનો ઘણો સ્નેહ હોવાને લીધે તે કાળ ધર્મ પામી ગયા છે એમ જાણવામાં આવતું નથી. પછી તો ભાઈના ગુણો યાદ કરી કરી બળભદ્રજી બહુ રોયા. સ્નેહ રાગ જીવને અનેક સંતાપ કરાવનાર થાય છે જ્યારે પોતાને જાણવામાં આવ્યું કે તેઓ મરણ ને શરણ થએલ છે, ત્યારે તેમને એકદમ વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો, ભાઇના દેહને અગ્નિ સંસ્કાર કરી દીક્ષા લીધી; શુદ્ધ ચારિત્ર પાલન કરનારા થયા.

स्वामी षट खंड पृथ्वीतणो,
सगर नाम जस जग जश घणो;
साठ सहस बेटा जेहने,
जुगवें काळ हुवो तेहने. २४

कठिन हियो जो सुर न करंत,
हियडो सतधा फाटवी जंत;
पुत्र विरहे सिज्जंभव सूरि,
चौद पुव्वधर गुणमणी भूरि. २५
तासु नेत्र पुण आंसु ढल्या,
उत्तम नर सुत मोहें कल्या;
अवर लोकनो कहेवो किसो,
उत्तम पुरुषे कीधो जिसो. २६

છ ખંડ પૃથ્વીનો ધણી સગર નામા બીજો ચક્રવર્તિ શ્રી અજીતનાથ સ્વામીના શાસનમાં થયો, જેનો યશ સદ્દગુણોને લઈ જગતમાં ઘણો ફેલાએલો છે. તેને સાઠ હજાર પુત્રો હતા. તે પુત્રો તીર્થ શ્રી અષ્ટાપદજીની રક્ષાના કારણે નાગકુમાર દેવના કોપથી એક સાથે સાઠે હજાર મૃત્યુને પામ્યા. ને સ્વર્ગે ગયા. ૨૪

ત્યાર બાદ દેવને વિચાર થયો કે આ કામ ખોટું કર્યું, હવે સાઠ હજાર પુત્રોના વિરહનું દુઃખ ચક્રવર્તી સગર રાજા શી રીતે સહન કરી શકશે ? માટે એનું હૃદય મજબૂત કરવું જોઇએ. એમ ધારી રાજ-રસ્તા પર એક ડોસી અને તેનો યુવાન પુત્ર મૃત્યુને પામેલ હોવાથી, તેની પાસે ડોસી હૃદય ફાટ રોઇ રહેલ છે; આવું સ્વરૂપ દેવે પ્રગટ કર્યું. ઘણા લોકો ડોસીને સમજાવે છે પણ ડોસી રોવાનું બિલકુલ બંધ કરતી નથી. એવામાં સગર ચક્રવર્તી સેના સહિત ત્યાંથી નિકલ્યા; તેમણે પણ ડોસીને બહુ સમજાવી કહ્યું કે-ડોસીમા ! ગઇ વસ્તુ તે કાંઇ હવે આવવાની છે ? શાંત થા, હું તારાં દુઃખ દૂર કરીશ, પણ તું રોવાનું બંધ કર, ત્યારે ડોસી બોલી કે

હે રાજન્ ! તારો પુત્ર મરી જાય તો તને પણ કેટલું દુઃખ થાય ?

ચક્રવર્તીએ કહ્યું કે—હા, તે બધી વાત સાચી પણ તે દુઃખને શાંતિથી સહન કરવું જોઈએ, ડોસીએ કહ્યું કે, તારા બે પુત્ર મરી જાય તો તને પણ કેટલું દુઃખ થાય. એમ વધારતા-વધારતા સાઠ હજાર સૂધી લઈ જઇ સગર ચક્રવર્તીને કહે છે કે તારા સાઠ હજાર પુત્રો મરી જાય તો તને શું થાય ? ત્યારે ચક્રવર્તીએ કહ્યું કે—તેમાં આપણો શું ઉપાય ? જેવાં કર્મ કર્યાં હોય, તેવાં ઉદયમાં આવે તો ભોગવવા પડે. કર્મો આગે કોઇ પણ બલવાનનું કશું ચાલતું નથી. વળી રોવા કકડવાથી મરેલાઓ કાંઇ જીવતા થતા નથી, માટે બનવાનું હોય તે બન્યા કરે છે, તેથી

હિમ્મત રાખવી જોઇએ. ત્યારે દેવે પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને કહ્યું કે–તમારા સાઠ હજાર પુત્રો મૃત્યુને પામ્યા છે. તે સર્વ બીના દેવે જણાવી. સગર ચક્રવર્તીના હૃદયને મજબૂત બનાવ્યું; એ પ્રમાણે રાજાના હૃદયને દેવે મજબૂત ન કર્યું હોત તો તેના હૃદયના પણ સેંકડો ટુકડા થઇ જાત–ફાટી જાત, અને પત્તો પણ લાગત નહીં. વળી શ્રી જિન પ્રતિમાના દર્શનથી પ્રતિબોધ પામી વૈરાગ્યવાન થઇ પોતાની સ્ત્રીને સગર્ભા મૂકી સિજ્જંભવભટે શ્રીપ્રભવસ્વામીની પાસે દીક્ષા અંગીકાર કરી આચાર્ય બન્યા અને ચૌદ પૂરવના જ્ઞાનને ધરનારા થયા. મનકનામના પોતાના પુત્રને દીક્ષા આપી અને આ મ્હારો પુત્ર છે, એમ કોઇને પણ જણાવ્યું નહિ. ત્યારબાદ શ્રુતજ્ઞાનના

ઉપયોગથી મનક મુનિરાજનું છ માસનુ અલ્પ આયુષ્ય જાણી તેના કલ્યાણને માટે શ્રી દશ-વૈકાલિક સૂત્રને ઉદ્ધાર કર્યો-બનાવ્યો. છ માસ બાદ મનક મુનિરાજ કાળ ધર્મ પામી સ્વર્ગે ગયા—તે વખતે પુત્રના વિરહે કરી ગુણ રૂપ મણુ-ઓના ભંડાર, ચૌદપૂરવ ધારી છતાં આચાર્ય શ્રી સિજ્જંભવસૂરીશ્વરજી ને ખેદ થયો. ૨૫ એવા સમર્થ છતાં પણ તેઓના નેત્રમાં આંસુ આવ્યા. જુઓ મોહનીય કર્મ; તેના લીધે ઉત્તમ પુરૂષો પણ પુત્રના મોહમાં મોહિત થયા છે, તો પછી સામાન્ય મનુષ્યોનું તો શું કહેવું? મતલબ કે ઉત્તમ પુરૂષોને પણ મોહે છલ્યા છે. માટે તેનાથી સદા સાવધાન રહેવું જોઇએ—કહ્યું પણ છે કે—

" गोभद्रः सगरस्तथा दशरथः

श्रीमान् नृपश्रेणिको,
नागाख्यो रथिकः प्रसन्न-
नृपतिर्धातृधवः कोणिकः ।
ज्ञानाढ्यो हरिभद्रसूरिमुनिपः
सूरिश्च सिज्जंभवः,
पुत्रप्रेमणि मोहिता भुवि न के
गांभीर्यभाजोऽपि हि ॥१॥

અર્થાત્- પુત્રના પ્રેમમાં મોહિત થયાના દૃષ્ટાંતો બતાવે છે:-શ્રીશાલિભદ્રના પિતા ગોભદ્ર શેઠ, સગરનામા ચક્રવર્તી, શ્રી રામચંદ્રજીના પિતા દશરથ, શ્રીમાન્ મહારાજા શ્રેણિક, મહારાજા શ્રેણિકનો રથ ચલાવનાર શેઠ નાગ નામનો રથિક, પ્રસન્નચંદ્રરાજઋષિ, પૃથ્વીપતિ કોણિક, જ્ઞાનના ભંડાર શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી,

તથા શ્રુતકેવલી આચાર્ય શ્રી સિજ્જંભવસૂરીશ્વરજી, વિગેરે ગાંભીર્યતાને ભજનારા પણ પુત્ર પ્રેમમાં મોહિત થયા. તો આ દુનિયામાં ખરેખર મોહથી કોણ બચ્યો ? સંસારી તો મોહથી ઘેરાએલાજ છે. જે વીતરાગી આત્માઓ તેજ મોહને નાશ કરનારા થયા છે, અને તેજ ખરેખર મોહના પંજાથી બચ્યા છે.

ते हवे आदर करी सांभळो,
मननो टाळि कळि कळमळो;
सगरराय बळदेव प्रमुख,
नेहथकी जाणी बहु दुःख. २७
ए संसार असुख भंडार,
इहां अवर नहीं कांई सार;
एक धर्म विण तारक कोय,
जाण्यो नहीं आदरियें सोय. २८

इसो जाणी चारित्र आदरी,
शुद्ध पाळी शिवरमणी वरी;
वरशे इम वळी करशे जेह,
निश्चे सुखिया थाशे तेह. २९

હે ભાગ્યવાનો! મનની ખટ-પટ, ચંચલતા, ચપલતા તેમજ મલીનતા વિગેરે છોડીને આદર પૂર્વક સાવધાનીથી તમે હવે સાંભળો-કે જે ઉત્તમ પુરૂષોએ કર્યું-આચર્યું. સગર ચક્રવર્તી અને બળદેવ વિગેરે વિચારે છે કે-સ્નેહથી જીવને બહુ દુઃખ થાય છે, કારણ કે-'स्नेहमूलानि दुःखानि' અનેક પ્રકારના દુઃખોનું મૂલ સ્નેહ-રાગ છે. માટે જયાં સ્નેહ નથી, ત્યાં દુઃખ પણ નથી. તેથી સ્નેહ સંબંધનોજ ત્યાગ કરવો જોઇએ. ૨૭

વળી આ સંસાર છે તે દુ:ખનો જ ભંડાર છે, એમાં લેશમાત્ર કોઇ પણ જાતનો સાર નથી; માટે તેને તજવું જોઇએ. એવા દુ:ખ ભરપૂર સંસારથી તરવાનો ઉપાય એક ધર્મ વિના બીજો કોઈ જાણવામાં આવ્યો નથી. માટે પ્રેમ પૂર્વક તે ધર્મનેજ આદરવો જોઇએ કે જેથી આત્માનું કલ્યાણ થાય, અને આત્મા અનન્તી શાન્તિને પ્રાપ્ત કરે. ૨૮

એમ સગરચક્રવર્તી અને બળદેવ પ્રમુખે મનમાં નિશ્ચય કરી જેમણે શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી; ચારિત્ર સ્વીકાર્યું. તે ચારિત્ર શુદ્ધ રીતે પાલન કરી શિવરમણી વર્યા, એટલે મોક્ષે ગયા. એમ સગરચક્રવર્તી અને બળદેવની માફક જે આત્માઓ કરશે તે પણ શિવરમણીને વરસે અને નિશ્ચયથી તે સુખિઆ

થશે. એટલે મોક્ષના અનંતા અવ્યાબાધ સુખને પામશે. ૨૯

इम सांभळ श्रावक शिवराज,
मोह न लहिये शिवनो राज;
केहनो धन केहनो परिवार,
ए सवि लह्या अनंतीवार. ३०

हवे साची सद्दहणा लही,
एह सरिस जग बीजी नहीं;
परखी लीधो छे एह घणो,
तेहनो वारंवार शुं भणो. ३१

धरी संवेग उदासी धरो,
अपूरव करणी कोइ संग्रहो;

आणंदनी परे परमाणंद,
पामो जीम पभणे पास चंद ३२ ॥इति॥

એમ ઉપર બતાવેલ સર્વથા હિતકારી ઉપદેશ કે જે સંબંધિયોના સ્નેહ રાગને છોડી, શુદ્ધ ચારિત્ર ધર્મને આદરી પાલન કરવામાં ઉજમાલ થયા, તે આત્માઓ મુક્તિપદને પામ્યા. એ બીનાને હે **શીવરાજ મોહનભાઈ** શ્રાવક! તું સાંભળ, આપણે પણ જો સંબંધીઓના સ્નેહરાગને છોડી આત્મ કલ્યાણને માટે શુદ્ધ ચારિત્ર આદરી પાલન કરીએ તો શિવનો રાજ્ય પામિએ, એટલે મુક્તિ મેલવીએ, અથવા હે શ્રાવક શિવરાજ! એમ ઉપર પ્રમાણે સાંભળી પોતાના મનમાં નિશ્ચય કરવું જોઈએ કે જ્યાં સુધી મોહ આપણામાં પડેલ છે. ત્યાં સુધી

શિવનો રાજ્ય ન મેળવી શકીએ. માટે અનર્થનું મૂલ કારણભૂત જે મોહ, તેને જલાંજલિ આપો, એટલે તેનો સર્વથા ત્યાગ કરો. વળી હે મહાનુભાવ ! વિચાર કરો કે–કોનું ધન ? અને કોનો પરિવાર ? એ સર્વ પદાર્થો જીવ અનંતીવાર પામ્યો છે, માટે તેના મોહનો ત્યાગ કરવો જોઇએ. ૩૦

હવે સાચી સદ્દહણા એટલે કે–" જે જિનેશ્વર ભગવાને કહ્યું તેજ સાચું અને તેજ શંકા વિનાનું " એવું જે મનમાં નિશ્ચય થવું, તેનું નામ શુદ્ધ શ્રદ્ધા કહેવાય છે. તેવી સાચી શ્રદ્ધા પ્રાપ્ત કરેલ છે, અને એના સરખી જગતમાં બીજી કોઇ વસ્તુ નથી, કારણ કે સર્વ ગુણોનો આધાર તેમજ ભાજન રૂપે એજ છે, અને એના વિના સર્વ ક્રિયા અનુષ્ટાન નિરર્થક કહેલ

છે. માટે બહુ પ્રકારે પરીક્ષા કરીને એ વસ્તુ મેળવી છે, તથી હવે તે સંબંધી સમજુને વારંવાર શું કહેવું ? અથવા શું સમજાવવું ?. ૩૧

હવે તો હે ભવ્ય ! સંસાર સ્વરૂપ વિચારી, તેની અનિત્યતા અસ્થિરતા, વિરસતા, અને અસારતા સમજી મોક્ષાભિલાષીપણું ધારણ કરી, ભવ ઉપર વૈરાગ્ય આણી, ઉદાસી ભાવને આદરી, કોઇ પણ અપૂર્વ કરણી કરવામાં સાવધાની રાખી ઉત્તમ ગુણોનો સંગ્રહ કરો કે જેથી આણંદ શ્રાવકની પેઠે પરમાણંદને પામો, અને અખંડ કલ્યાણ મંગલની પરંપરા સદાને માટે વરો. એમ પાસચંદ કહે છે. એટલે કે શ્રી મન્નાગપુરીય બૃહત્તપાગચ્છાધિરાજ–યુગ પ્રધાન શ્રી પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ટુંકામાં પોતાનું નામ નિર્દેશ કરી આ સ્વાધ્યાય સમાપ્ત કરેલ છે. ૩૨.

આ સ્વાધ્યાયનો અર્થ વિ. સં. ૧૯૯૨ ના મહાવદ ૧ શનિવારે અમદાવાદ મધ્યે પરમ પૂજ્ય-પ્રાતઃસ્મરણીય આચાર્ય વર્ય શ્રી ભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજીના શિષ્ય મુનિસાગરચંદ્રે પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે પોતાના અને પરના કલ્યાણના અર્થે લખ્યો છે. ૐ શાન્તિઃ

**શ્રી સંવેગ-બત્રિશી-સ્વાધ્યાય : સાર્થ :**

**॥ સમાપ્ત: ॥**

श्रीपार्श्वचंद्र सूरीश्वरजी विरचिता-

# श्रीश्राद्धमनोरथमाळा

( स्वाध्याय. )

અર્થ કર્તા:—શ્રીભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજીના

શિષ્ય મુનિ સાગરચંદ્રઃ-

( ઢાળ ૧ લી. છંદ-ચોપાઇ )

वीर जिणेसर पय प्रणमेसुं,
नाम मंत्र गुरुनो समरेसुं;
त्रण मनोरथ श्रावक तणा,
कहिस्युं हियडे धरी धारणा. १

અર્થ-પ્રથમ શ્રી પરમ પૂજ્ય શાસનપતિ શ્રી મહાવીર દેવના ચરણ કમલમાં નમસ્કાર કરશું, તેમજ પરમોપકારી શ્રી ગુરૂદેવના નામ

મંત્રનું સ્મરણ કરશું. એવી રીતે ઈષ્ઠ દેવ-ગુરૂને નમસ્કાર અને તેમના નામનું સ્મરણ કરીને શ્રાવકને ભાવવા યોગ્ય જે શ્રાવકના ત્રણ મનોરથ તેની ચિત્તમાં ધારણા ધરી તે કહીશું એટલે શ્રાવકના ત્રણ મનોરથ સંબંધી બીનાને જણાવીશું. ૧

अध्ययन त्रीजे श्री ठाणांग,
ते बोल्या जिनवरे प्रसंग;
पूरा पुण्य तणें ए उदय,
पुण्यवंतने आवे हृदय. २

અર્થ—શ્રી ઠાણાંગ સૂત્રના ત્રીજા અધ્યયનમાં શ્રાવકના ત્રણ મનોરથો પ્રસંગને લઇ શ્રી જિનેશ્વરદેવોએ પ્રગટ કરેલા છે, તે મનોરથો કેવા જીવને પ્રગટ થાય? તે બતાવે છે કે-જેણે પૂર્વભવમાં પૂરા પુણ્ય ઉપાર્જન કરેલા હોય અને તે પુણ્ય જે જીવને ઉદયમાં આવ્યા હોય

તેવા પુણ્યશાળી આત્માઓના હૃદયમાં પરમાત્માઓએ કહેલા મનોરથો પ્રગટ થાય છે. ૨

वळी कि वारे जो ते फळे,
तो फिर सोवन सोरभ मिळे;
तिण कारण संभली गुरु मुखें,
तसु परमारथ लहिए सुखें. ३

અર્થ–વળી તે મનોરથો ક્યારેક એટલે કોઈપણ કાળમાં ફળીભૂત થાય–આચારમાં મુકાવાય, અર્થાત્ ઉત્પન્ન થએલા મનોરથ પ્રમાણે જો જીવની વર્તણુંક થઇ જાય તો ફેર સોનામાં સુગંધિ મળી ગણાય એટલે એક તો સોનું અને વળી તેમાં સુગંધિ મળી એ જેમ ઉત્તમ અને અપૂર્વ ગણાય, તેવી રીતે ઉત્તમ મનોરથો જીવમાં ઉત્પન્ન થયા અને તેજ પ્રમાણે જો જીવ આચરવા મંડી પડે તો તે જીવ

ઉત્તમ કોટીનો ગણાય. તેવા જીવોનુ અવશ્ય કલ્યાણ થાય છે. તે કારણ માટે એ ત્રણે મનોરથની બીના પૂર્વ પુણ્યના કોઈપણ શુભ યોગથી જો શ્રી ગુરૂ મહારાજના મુખદ્વારાએ સાંભળવામાં આવી જાય તો તેનો પરમાર્થ અવશ્ય સુખેથી પામી શકાય. ૩

बीय झयणे बोल्या बेठाण,
न ओलखे जो तेय सुजाण;
तो न हु धर्म सुणेवा लहे,
केवली भाषित जिन इम कहे. ४

અર્થ—શ્રી ઠાણાંગ સૂત્રના બીજા અધ્યયનમાં શ્રી જિનેશ્વર દેવોએ જે બે સ્થાન કહ્યા છે, તે બે સ્થાનોને જે જીવ સુજાણ અર્થાત્ સમજુ થઇને જો ન ઓળખે ન જાણી શકે તો તે જીવ શ્રી કેવલી પરૂપિત ધર્મને સાંભળવા પણ

નિશ્ચયથી ન પામે અર્થાત્ સમર્થ ન થાય. એમ શ્રી જિનેશ્વરદેવોએ કહેલ છે.

एवमादि छे बोल इग्यार,
केवली कह्यो बोध गुण सार;
पव्वज्जा तप संजम बंभ,
संवर समकित तणो अवठंभ. ५
मइ सुय ओहि नाण मणनाण,
केवल केवली भाषित ठाण;
इणि परे बोल्या बोल इग्यार,
पामे नहीं भमे संसार. ६

અર્થ—એવી રીતે બીજા પણ અગ્યાર બોલ છે, તે શ્રી કેવલી ભગવંતોએ કહેલ ઉપદેશ બોધના ગુણનો સાર છે. તે અગ્યાર બોલ બતાવે છે. (૧) પ્રવ્રજ્યા–દીક્ષા (૨) તપ (૩) સંયમ

(૪) બ્રહ્મચર્ય (૫) સંવર (૬) સમકિતનો આધાર, "૫" (૭) મતિજ્ઞાન (૮) શ્રુતજ્ઞાન (૯) અવધિજ્ઞાન (૧૦) મન: પર્યવજ્ઞાન અને (૧૧) કેવલજ્ઞાન. એ કેવલજ્ઞાનીઓએ કહેલા અગ્યાર સ્થાન છે. તેને બોલ તરીકે પણ કહેવાય છે. એ પ્રમાણે જે અગ્યાર બોલ કહ્યા છે તે જ્યાં સુધી જીવ પામે નહીં અર્થાત્ મેળવે નહીં ત્યાં સુધી જીવ સંસારમાં પરિભ્રમણ કરે એટલે તેને સંસારનો કોઈ વખત પણ છેડો આવે નહીં. અર્થાત્ એ અગ્યાર બોલ વિના જીવ સંસાર તરી શકે નહીં. એ અગ્યાર બોલ પામે તો જ સંસાર સમુદ્ર તરી શકે. ૬

केहा बोल्या ते बे ठाण,
बहुला दूषण तणा निदाण;

एक परिग्रह बीजो आरंभ,
हीयडे धारो टाळी दंभ. ७

અર્થ—શ્રી ઠાણુાંગ સૂત્રના બીજા અધ્યયનમાં જે બે સ્થાન બતાવ્યા છે તેને જે ન જાણે તે કેવલી ભાષિત ધર્મને ન જાણે. એમ જિનેશ્વર દેવોએ કહ્યું છે. એ પ્રમાણે ગાથા ચોથીમાં બતાવેલ છે. તો તે બે સ્થાન કયા છે? તેનો ઉત્તર આપતાં બતાવે છે કે 'એક પરિગ્રહ અને બીજો આરંભ' એ બે સ્થાન બતાવ્યા છે. તે ઘણા દોષોના કારણભૂત અર્થાત્ બહુ પ્રકારના દોષોની પ્રાપ્તિ જેમનાથી થાય છે એવા છે. તે માયા પ્રપંચ મૂકી સરળ હૃદયે ધારણ કરો એટલે સમજો અને મનમાંનિશ્ચયથી પિછાણો. ૭

एह कह्या किणि परे ओळखे,

किम लहीए गुरु भाषित पखे;
अनरथ कारण दुर गति मूल,
छे पडिकुल म गण अनुकुल. ८

અર્થ—ત્યારે જીજ્ઞાસુ કહે છે કે-' ઘણા દોષોના કારણભૂત પરિગ્રહ અને આરંભ છે' એમ જિનેશ્વર દેવોએ બતાવેલ છે. એ વાત સાચી પણ તે ગુરૂ મહારાજના કહ્યા વિના અર્થાત્ ગુરૂના ઉપદેશ દ્વારાએ બતાવ્યા વિના અજ્ઞાનિ જીવ શી રીતે જાણી શકે ? અને શી રીતે ઉપાદેયપણે ગ્રહણ કરી શકે ? માટે એ જ્ઞાન કરાવવું તે ગુરૂ આધીન છે. તેથી ગુરૂ મહારાજ બતાવે છે કે 'પરિગ્રહ ને આરંભ છે તે અનર્થના કારણ છે–દુર્ગતિના મૂલ છે એટલે નરક ગતિ અને તિર્યંચ ગતિમાં આત્માને ભમાડનાર છે. આરંભ અને પરિગ્રહ

જીવને દુઃખ દેનાર છે, તેથી ચેતનને એ પ્રતિકુલ વસ્તુ છે, તેને હે જીવ ! તું અનુકુલ અર્થાત્ સુખના આપનાર છે એમ ન ગણીશ અને ન માની બેસીશ. ૮

एह वशें जीव बहु भव भमे,
इम जाणे ते शिवपुर रमे;
इण कारण टाळो आरंभ,
वळी वळी नरभव नथी सुलंभ. ९
एहनो कारण परिग्रह जाण,
ए बे बे अवगुणनी खाण;
ए बे बे जिणे छंडया सही,
मंडयो धर्मरंग मति लही. १०

અર્થ—કારણ કે એ પરિગ્રહ અને આરંભના તાબે થએલ જીવ અનેક ભવોમાં ભમે

છે. અને એનાથીજ અનેક પ્રકારની કષ્ટ પરંપરાઓ પામે છે. એ પ્રકારે જે જીવને જાણુપણું થાય તે અનુક્રમે મોક્ષ સુખનો ભાગીદાર બને અર્થાત્ જ્યાં સુધી પરિગ્રહ અને આરંભને દુ:ખદાયી ન જાણે અને એમાંજ રાચ્યો–માચ્યો રહે ત્યાંસુધી જીવ નિર્વાણ પદને ન પામે અર્થાત્ અનંત સુખનો ભોક્તા ન થાય. ન બની શકે–એ કારણને લઈને જો તારે સંસારના દુ:ખોથી છૂટવાની અને મોક્ષના સુખ પામવાની ભાવના હોય તો આરંભને છોડ. આરંભ એટલે જે ક્રીયાથી જીવોનો ઘાત થાય તેવી ક્રીયાઓ; માટે તેનો ત્યાગ કરો. કારણ કે અનેક પ્રકારે પૂર્વ ભવમાં એકઠી કરેલ મહાન પુણ્ય રાશીથી અત્યંત દુર્લભ એવો આ મનુષ્ય જન્મ જીવને મળેલ છે. અને સર્વ

પ્રકારની સામગ્રી વાળો એવો મનુષ્ય જન્મનો લાભ વારંવાર જીવને પામવો સુલભ નથી. ૯

આરંભનું કારણ પરિગ્રહ છે એમ તું જાણ. (સમજ.) કારણ કે પરિગ્રહના મોહમાં ફસાએલો જીવ અનેક પ્રકારની ન કરવા યોગ્ય પણ ક્રિયાઓ કરે છે; માટે પરિગ્રહ છે તે આરંભનું કારણ છે. અને આરંભ જે થાય છે તે કાર્ય છે. એમ કાર્ય કારણ ભાવનો વિચાર કરવો જોઇએ. માટે એ બન્ને એટલે પરિગ્રહ અને આરંભ છે તે અવગુણોની ખાણ છે, કારણ કે એમને લઇને જ જીવ આર્તધ્યાની તથા રૌદ્રધ્યાની બને છે અને તેના અંગે અનેક પ્રકારના અવગુણો જીવમાં દાખલ થાય છે. એટલા માટે આરંભ અને પરિગ્રહ એ બંનેને નિશ્ચયથી છોડવા યોગ્ય સમજીને જેમણે ત્યાગ કર્યો અને

સદ્બુદ્ધિ મનમાં આણીને ધર્મ આચરવામાં પ્રેમ ધારણ કર્યો, તેજ ધર્મરંગી સદ્બુદ્ધિવાળા ગણાયા, અને તેવાઓજ અનંત સુખના સંગી બન્યા છે. માટે આરંભ અને પરિગ્રહનો ત્યાગકરી ધર્મમાં તલ્લીનતાને ધારણ કરવી જોઇએ. ૧૦

( ઢાળ બીજી. )

(ગૌતમ સમુદ્રકુમાર, સાગર ગંભીર સ્તિમિત અચલ પય વંદિયેએ–એ દેશીમાં.)

सांभळी इम सुविचार, भवियण भावेहि,
पूरो संजम आदरे ए;
करी परिग्रह परिहार, करम खपावीय,
लहि केवल शिव शिरि वरे ए।
केइ न शके पाल, सर्वत संवर,
व्रतधारे समकित धणीए;

आवश्यक बिहुं काळ, ते हुए श्रावक,
मन भावना भावे घणीए. ११
जस तन गुण एकवीस, सहजें दीपए,
छीपे मिथ्या मति नही ए;
प्रवचन धरे जगीश, ए परमारथ,
अवर असार सहु सहीए।
खोभवी न शके कोइ, सुरगण निर्ग्रंथ,
प्रवचनथी द्रढता इसीए;
कामदेव सम होय, तेहना गुणनीय,
वर्णवणा करीए किसीए. १२

અર્થ—એમ ઉપર બતાવેલ સુવિચારને સાંભળી જે ઉત્તમ મનુષ્ય હોય તે ભાવના સહિત સંપૂર્ણ સંયમને સ્વીકારે અને સર્વ અનર્થોનું કારણ જે પરિગ્રહ તેનો ત્યાગ કરે.

તેના અભાવે આત્મધર્મમાં નિમગ્ન થયો થકો ઘન ઘાતીઆ ચાર કર્મોને ખપાવી કેવલજ્ઞાન પામી સર્વ કર્મોનો નાશ કરી મોક્ષ લક્ષ્મીને તે સ્વાધીન કરે. અને જેમને પંડિત વીર્ય વીર્યાન્તરાય કર્મના ક્ષયોપસમથી પ્રગટ થઇ સ્ફુરાયમાન થયો નથી, તેથી સર્વ પ્રકારે સંવર કરી શકતા નથી. અર્થાત્ સાધુ–મુનિ-રાજના ધર્મને પાલન કરવામાં અસમર્થ જે કોઈ આત્માઓ છે તે સમકિતના ધણી બાર વ્રત સ્વીકારવા રૂપ ગૃહસ્થ ધર્મને ધારણ કરે. એમ કરીને પણ જેટલે અંશે આરંભ–પરિગ્રહ-નો ત્યાગ થાય તેટલે અંશે આરંભ–પરિગ્રહનો ત્યાગ કરે. તેમજ બન્ને વખત એટલે સવાર અને સાંજે છ આવશ્યક અર્થાત્ પ્રતિ-ક્રમણ કરે, તે શ્રાવક કહેવાય; અને તે પોતાના મનમાં આવી ઉત્તમ ભાવનાઓ ભાવતો રહે કે

ક્યારે હું સંસારમાં પરિભ્રમણ કરાવનાર આરંભ -પરિગ્રહને છોડવા શક્તિમાન્ થઇશ ? ક્યારે હું ગૃહસ્થપણાની આ બધી ઉપાધીઓ મુકવા સમર્થ થઇશ ? અને ક્યારે હું ખોટી આળ-પંપાળને છોડી મુનિપણું આદરી આત્મ ધર્મમાં રમણતાવાળો થઇશ ? ઈત્યાદિ મનો-રથોને કરતો ઉદાસીન ભાવને ધારણ કરે. ગૃહસ્થપણામાં શ્રાવકના સંપૂર્ણ ધર્મને પાલ-વામાં ચીવટ રાખે, અને ઘણીજ શુભ ભાવના-ઓને ભાવતો હૃદયમાં મુનિધર્મની વાંછા કરતો થકો મુનિધર્મ સેવન કરવામાં અસમર્થપણાને લઈને જ સંસારમાં ગૃહસ્થપણે રહે. ૧૧

વળી અક્ષુદ્રતાદિ શ્રાવકના એકવીસ ગુણે કરી સહીત હોવાથી શોભાયમાન અથવા દેશ વિરતી ધર્મના ઉદયના કારણે સહેજે સ્વાભાવિક

દેદીપ્યમાન, વળી લેશમાત્ર પણ મિથ્યામતિનો સ્પર્શ જેનામાં નથી એવો સમકિતવંત, હમ્મેશાં ભગવદ્ વાણી સાંભળવામાં ઉત્સાહને ધારણ કરનાર, અને તેનેજ પરમાર્થ તરીકે કલ્યાણકારી માનનાર, તે શિવાય અર્થાત્ પ્રભુ વાણી વિના આ સંસારમાં સર્વ અસાર છે, એમ નિશ્ચયથી જોનાર. વળી દેવતાઓના સમુદાય પણ નિર્ગ્રન્થ-પ્રવચનથી અર્થાત્ શ્રી જૈન સિદ્ધાંત કે શ્રી જૈન શાસનથી જેને ચલાયમાન કરી શકે નહીં એવી દ્રઢતાને ધારણ કરનાર, તેમજ ખરેખર શ્રમણ ભગવાન શ્રી મહાવીર દેવના મુખ્ય દશ શ્રાવક માંહેલા કામદેવ નામના શ્રાવકના જેવો નિશ્ચળ મનવાળો, તેના ગુણોની પ્રશંસા અમે શું કરી શકીએ ?. ૧૨

(ઢાળ ૩ જી ॥ રાગ–મેવાડો. અરણીક મુનિવર ચાલ્યા ગોચરી–એ દેશીમાં )

श्रमणो पासक पासक सारना,
त्रण मनोरथ एह;
करतां करे ते बहुली निर्जरा,
पामे भव दुह छेह.
श्रमणो पासक पासक सारना,
( ए आंकणी. ) १३

અર્થ–શ્રમણ એટલે મુનિરાજ તેની ઉપાસના–સેવનાને કરનાર તે શ્રમણો પાસક કહેવાય એવા અને સંસારમાં સાર–તત્વને જોનાર–શોધનાર એવા શ્રાવકને માટે ભાવવા યોગ્ય આ ત્રણ મનોરથો છે. જેઓનું સ્વરૂપ હવે કહેવાશે. એ ત્રણ મનોરથો ભાવતો થકો ભાવ-

નાર આત્મા ઘણા કર્મોની નિર્જરા કરે એટલે ઘણા કર્મોને ખપાવે, અને જન્મ-મરણ રૂપ જે સંસાર તે સંબંધી દુઃખના છેડાને પામે, અર્થાત્ સર્વ દુઃખોનો નાશ કરનાર તે થાય. ૧૩

धण कण करसण मंदीर मालिया,
रुप सोवन भंडार;
कुविय दुपय पशु जाति छे घणा,
एम ए नवय प्रकार. १४

श्रमणो पासक पासक सारना,
प्रथम मनोरथ एह;
करतो करे ते बहुली निर्जरा.
पामे भव दुह छेह. श्रमणो० १५

અર્થ-હવે નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ બતાવે છે તે (૧) ધન (૨) ધાન્ય (૩) ખેતર

(૪) ઘર, હાટ, મંદીર-માલિયા (૫) રૂપું (૬) સોનું વિગેરેના ભંડાર (૭) સોના-રૂપા વિનાની હલકી ધાતુથી બનેલા વાસણ અને ઘરવાખરાનો સઘળો સામાન (૮) બે પગવાળા તે દાસ દાસી વિગેરે અને (૯) ચાર પગ વાળા તે ગાય, ભેંસ અને ઘોડા પ્રમુખ ઘણી જાતિના પશુઓ. એ નવ પ્રકારે બાહેરનો પરિગ્રહ જાણવો. ૧૪

સારના ગવેષક એવા શ્રમણો પાસકનો આ પહેલો મનોરથ છે, તે પ્રથમ મનોરથને ભાવતો થકો શ્રાવક ઘણી નિર્જરાને કરે અને ભવ સંબંધી દુઃખોના અંતને પામે. ૧૫.

कइयें प्रभुजी ते दिन आवश्ये,
आणि समता ठाणि;
जइयें परिग्रह संग्रह छंडिश्युं,
ममता कारण जाणि. श्रम० १६

परिग्रह पूठें आरंभ छे सहि,
भजना आरंभे थाय;
परिग्रह केरी आगमें इम भण्युं,
तिणें भव मूल कहाय. श्रम० १७

जालि मयालि प्रमुख ते धन्य भणुं,
परिग्रह आरंभ टालि,
जेणे सूधुं संयम आदर्युं,
ते प्रणमुं त्रिहु कालि. श्रमणो० १८

અર્થ—હે પ્રભુજી! હે પરમાત્મા! તે દિવસ ક્યારે આવશે? કે સમજણ પૂર્વક સમતા અને સંતોષના સ્થાનમાં ચિત્તને આણી રમાડીશું, તથા નવ પ્રકારના બાહ્ય પરિગ્રહનો સંગ્રહ એટલે કે એકઠા કરવા પણું જે છે તે મમત્વ અને અસંતોષનું કારણ છે. એમ જાણી-

બુજી જ્યારે તેને છોડશું ત્યારે તે દિવસ ધન્ય લેખાશે. એમ તત્વના જાણકાર શ્રાવક હમ્મેશાં પ્રથમ મનોરથને વિષે એવી ભાવના કરે. ૧૬

વળી એમ પણ જાણે કે–પરિગ્રહની પાછળ આરંભ અવશ્ય રહેલ છે, એટલે જ્યાં જ્યાં પરિગ્રહ છે ત્યાં–ત્યાં અવશ્ય આરંભ છે, અને જ્યાં-જ્યાં આરંભ છે ત્યાં-ત્યાં પરિગ્રહની ભજના એટલે પરિગ્રહ હોય યા ન પણ હોય એમ આગમ સિદ્ધાંતોમાં જ્ઞાનીઓએ ફરમાવેલ છે, સંસાર રૂપ વૃક્ષનું મૂલ કહેલ છે. માટે સમજુ આત્માઓને તે પરિગ્રહ ત્રિવિધે ત્રિવિધે છોડવા યોગ્ય છે. એમ તત્વના શોધનાર શ્રાવક હમ્મેશાં પ્રથમ મનોરથને વિષે આવી ભાવના કરે. ૧૭

વળી એવી ભાવના કરે કે–આ પવિત્ર

શ્રી જૈન શાસનમાં પૂર્વે અનેક મહાત્માઓ થઈ ગયા છે, જેવા કે-જાલિ અને મયાલિ વિગેરે મુનિરાજો-તેઓને હું ધન્યવાદ આપું છું, અને તેઓના જન્મને પણ હું સફળ માનું છું, કારણ કે તેઓએ અનેક દોષોના નિમિત્ત ભૂત એવા પરિગ્રહ અને આરંભને છોડી પવિત્ર સંયમને આદર્યું, અને મોક્ષ મેળવવાના રંગી થયા. તેવા મુનિરાજોને હું ત્રણે કાળ-વંદન-નમસ્કાર કરૂં છું. એમ તત્વના ગવેષી શ્રાવક હમ્મેશાં પહેલા મનોરથને ભાવે. ૧૮

श्रमणो पासक पासक सारना,
बीय मनोरथ एह;
करतो करे ते बहुली निर्जरा,
पामे भवदुह छेह-श्रम० १९
कहियें हुं पण मुंडपणुं धरी,

दश विध तजीय आगार;
थास्युं भाणी मननी भावना,
सरव थकी अणगार—श्रम० २०
पंच महाव्रत निरता पालिश्युं,
करिश्युं उग्र विहार;
गुरुकुळ वासे वसवो अहनिश,
प्रयुंजि पंच आचार—श्रम० २१

અર્થ—હુવે તત્વને જોનાર એવા શ્રમણોપાસક તેને ભાવવા યોગ્ય બીજો મનોરથ તે આ છે. તે મનોરથને કરતો શ્રાવક બહુ પ્રકારે કર્મોની નિર્જરાને કરે અને સંસાર સંબંધી સર્વ દુ:ખોનો નાશ તે કરે. ૧૯

બીજો મનોરથ બતાવે છે. ક્યારે હું પણ દશ પ્રકારના મુંડપણાને ધારણ કરીશ. એટલે

નવ પ્રકારે ભાવમુંડ અર્થાત્ પાંચે ઇંદ્રિયોના ઉપર કાબુ મેળવવો, અને તેઓને વિષયોમાં ન ફસવા દેવી, અને ચાર કષાય એટલે ક્રોધ, માન, માયા અને લોભ તેઓને પાતલા પાડવાની ચીવટ રાખવી તે, એ નવ પ્રકારનું ભાવમુંડ-પણું કહેવાય છે. અને દશમું દ્રવ્ય મુંડપણું એટલે મસ્તકને કેશ–વાળ વિનાનું કરવું તે અને ઘર, સ્ત્રી, પુત્ર–પરિવાર વિગેરેનો ત્યાગ કરી પવિત્ર મુનિપણાને હું કયારે આચરીશ, અર્થાત્ એવા દશ પ્રકારના મુંડપણાને કયારે હું સેવીશ, તેમજ મનમાં ઉત્તમ ભાવના લાવી સર્વથા પ્રકારે અણગારપણાને કયારે હું ધારણ કરીશ. એમ તત્વના શોધનાર શ્રાવક હમ્મેશાં બીજા મનોરથને વિષે આવી ભાવના કરે. ૨૦

વળી હું કયારે શુદ્ધ–નિરતિચાર રૂપે અ-

હિંસા, સત્ય, અસ્તેય ,બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચે મહાવ્રતોને પાલણુ કરનારો થઇશ. તેમજ કયારે હું ઉગ્ર વિહારે એટલે બીજા કોઈની સહાયતાની અપેક્ષા રાખ્યા વિના પોતાના બળ વીર્ય–પરાક્રમથી વિચરનારો થઈશ. અને કયારે હું પાંચ પ્રકારના આચારે કરી સહિત અર્થાત્ જ્ઞાનાચાર, દર્શનાચાર ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર એ પાંચ આચારોમાં આત્માને સારી રીતે જોડનારો થઇશ. અથવા કેટલીક પ્રતોમાં ( પૂંજી પંચ આચાર ) આવો પાઠાંતર છે, તેથી તેનો અર્થ આ પ્રમાણે જાણવો. પૂંજી એટલે મુડી દ્રવ્ય તરિકે ઉપર બતાવેલા પાંચ આચાર જેમની પાસે છે. તે સિવાય પૈસા–ટકા રૂપ મુડી જેમની પાસે નથી, એવો અર્થાત્ પાંચ પ્રકારના આચાર રૂપ સંપત્તિને ધારણ કરનારો હું કયારે

થઇશ. અને હુમ્મેશાં ગુરૂકુલવાસને સેવનારો અર્થાત્ ગુરૂકુલમાં વસનારો હું ક્યારે થઈશ. એમ તત્વના જિજ્ઞાસુ-શ્રાવક હુમ્મેશાં બીજા મનોરથને વિષે ભાવના કરે. ૨૧

सहिश्युं परिसह वीश बे आगळा,
उवसग्ग चिहुं प्रकार;
करिश्युं मसाणे काउसग्ग एकलो,
पूरव मुनि संभार-श्रम० २२
समतिअें समिति निरति राखिश्युं,
बंभतणी नव वाड;
कर्मतणां दळ कहियें चूरिश्युं,
पूरिश्युं मनचि रुहाड-श्रम० २३
गिरिसमेतें शत्रुंजय गिरि चढी,
विपुल गिरि वैभार;

धन धन अणसण सूधे मने करी,
जे पहुता भव पार-श्रम० २४

અર્થ—મોક્ષમાર્ગમાં આત્માને સ્થિર કરવા માટે અને કર્મની નિર્જરા કરવા માટે સમ્યક્ પ્રકારે સહન કરવું, તેનું નામ પરિસહ. તેવા પરિસહ બાવીશ છે. ભૂખ, તરસ, ટાઢ અને તાપ વિગેરે. તેઓને ધર્મમાં સ્થિરતા પામવાની બુદ્ધિએ સહન કરવાની શકિતવાળો હું કયારે થઇશ. તેમજ ચાર પ્રકારના ઉપસર્ગ એટલે બીજાઓથી થએલ પીડા, તે પ્રતિકુલ ઉપસર્ગ કહેવાય છે. તે તિર્યંચથી, મનુષ્યથી અને દેવથી એમ પ્રતિકુલ ઉપસર્ગ ત્રણ પ્રકારે હોય છે, અને ચોથો પ્રકાર સ્ત્રી વિગેરેથી થનારા અનુકુળ ઉપસર્ગોનો છે. એમ ચાર પ્રકારના ઉપસર્ગોને હું કયારે આત્મકલ્યાણના માટે

સહન કરનારો થઇશ. અને પૂર્વકાળમાં થઈ ગએલ મુનિઓને યાદ કરી નિર્ભયતાથી શ્મશાન ભૂમિમાં એકલો રહ્યો થકો કર્મનિર્જરાને માટે કાઉસગ્ગ કરનારો હું કયારે થઇશ. એમ આત્મ કલ્યાણના ગવેષી શ્રાવક હમ્મેશાં બીજા મનોરથને વિષે ભાવના કરે. ૨૨

રૂડી રીતે ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવી તે સમિતિ કહેવાય છે. અને તે સમિતિના પાંચ ભેદ છે.

(૧) ઇર્યા સમિતિ (૨) ભાષા સમિતિ (૩) એષણા સમિતિ (૪) આદાન નિક્ષેપણા સમિતિ (૫) પારિષ્ઠાપનિકા સમિતિ.

એ પાંચે સમિતિને હું શુદ્ધ મતિવાળો થયો થકો અતિચાર વિનાની-નિર્મલ રાખનારો કયારે થઇશ. મૈથુનનો ત્યાગ તેનું નામ બ્રહ્મચર્ય તે

બ્રહ્મચર્યની રક્ષા કરવા માટે નવ પ્રકારની વાડો બતાવેલી છે, તે આ પ્રમાણે-

**પહેલી વાડે**-સ્ત્રી, પશુ અને નપુંશકના સંબંધે કરી સહિત એવી વસતિમાં બ્રહ્મચારીએ રહેવું નહી.

**બીજી વાડે**-રાગથી સ્ત્રીઓની કથા બ્રહ્મચારીએ કરવી નહી.

**ત્રીજી વાડે**-સ્ત્રીઓ જે આસને બેઠેલ હોય તે આસને બ્રહ્મચારીએ બે ઘડી સુધી બેસવું નહી.

**ચોથી વાડે**-સરાગ દ્રષ્ટિએ સ્ત્રીઓનાં અંગોપાંગ બ્રહ્મચારીએ જોવા નહીં.

**પાંચમી વાડે**-ભોગી લોકોની નજીક એક ભીંતના આંતરામાં બ્રહ્મચારીએ રહેવું નહીં.

**છઠ્ઠી વાડે**-ભોગવેલા કામ-ભોગને બ્રહ્મચારીએ સંભારવા નહીં.

**સાતમી વાડે**-કવલ લેતાં ઘીના બિંદુ ઝરે એવો સરસ આહાર બ્રહ્મચારીએ કરવો નહીં.

**આઠમી વાડે**-વિશેષ પડતો આહાર બ્રહ્મચારીએ કરવો નહીં.

**નવમી વાડે**-સ્નાન અને વિલેપન આદિ અંગવિભૂષાનાં ચિહ્નો બ્રહ્મચારીએ કરવાં નહીં.

એ નવ પ્રકારે બ્રહ્મચર્યની વાડોને સંપૂર્ણ પણે પાલન કરનારો હું ક્યારે થઇશ. સંસારમાં જીવને ભમાડનાર કર્મોના જથ્થાને પંડિત વીર્યે કરીને ક્યારે હુ ચૂરેચૂરા કરીશ. અને મારા મનના મનોરથો-ઉમંગો ક્યારે હું પૂર્ણ કરીશ. એમ તત્વના ગવેષક શ્રાવક હમ્મેશાં બીજા મનોરથને વિષે ભાવના કરે. ૨૩

જેઓ સમેતશિખરગિરિ, શત્રુંજયગિરિ, વિપુલગિરિ અને વૈભારગિરિ વિગેરે પવિત્ર સ્થાનો ઉપર ચઢી શુદ્ધ મન પૂર્વક અણસણ આદરી ચાર ગતિ રૂપ સંસારના પારને પામ્યા, એટલે મોક્ષે ગયા, તેઓ ધન્ય ધન્ય કહેવાણા. અર્થાત્ તે આત્માઓજ ભાગ્યશાળી ગણાયા. એમ આત્મ કલ્યાણની વાંછા કરનાર શ્રાવક બીજા મનોરથને વિષે ભાવના કરે. ૨૪

श्रमणो पासक पासक सारना,
त्रीजो मनोरथ एह;
करतो करे ते बहुली निर्जरा,
पामे भव दुह छेह—श्रम० २५

हुं पण कहियें करिय संलेखणा,
द्रव्यत भावत दोइ;

श्रद्धा नीरें निरमल थाइश्युं,
पाप पंक मळ धोइ—श्रम० २६

અર્થ—હવે તત્વને જોનાર એવા શ્રમણો-પાસક તેને ભાવવા યોગ્ય ત્રીજો મનોરથ તે આ છે, તે મનોરથને કરતો શ્રાવક બહુ પ્રકારે કર્મોની નિર્જરાને કરે અને સંસાર સંબંધી સર્વ દુઃખોના નાશને કરે. ૨૫

અણસણ કરવાના શુભ હેતુએ ઔદારિક શરીરને સુકાવવા તથા વાત, પિત્ત અને કફને પાતલા પાડવા માટે જે તપનું આચરવું થાય, તેનું નામ દ્રવ્ય સંલેખણા અને કર્મ તથા કષાયને પાતલા પાડવા અથવા નાશ કરવા માટે જે તપનું આચરવું થાય, તેનું નામ ભાવ સંલેખણા. એમ બે પ્રકારની દ્રવ્યથી અને ભાવથી સંલેખણાને ક્યારે હું પણ કરનારો

થઇશ. અને શ્રી જિનેશ્વર દેવોએ જે કહ્યું છે તેજ સાચું અને તેજ શંકા વિનાનું એવું જે હૃદયમાં નિશ્ચયથી ચિંતવવું, તેનું નામ શ્રદ્ધા કહેવાય છે, તેવી શ્રદ્ધા રૂપ જળવડે કરી પાપ રૂપ કાદવ-મેલ તેને ધોઇ નાખી કયારે હું પણ નિર્મલ-પવિત્ર થઇશ. એમ સંસારના દુઃખથી છૂટવા માટે શ્રાવક હમ્મેશાં ત્રીજા મનોરથને વિષે પોતાના અંતઃકરણમાં ભાવના કરે. ૨૫

पाओ—वगमण बीजो इंगिणी,
त्रीजो भत्त—पच्चरवाण;
आदरे आदरी ए त्रीहुं मांहिलो,
पालिशुं जिननी आण—श्रम० २६

અર્થ-ચાર ગતિ રૂપ આ સંસારમાં મારા જીવે સમજણ વિનાના અનેક પ્રકારનાં બાલ

મરણે કરી અનંતા ભવ કર્યા, પરંતુ જિનેશ્વર દેવોએ બતાવેલા સમજણ પૂર્વકના પંડિત મરણોને આ જીવ પામ્યો નહીં. તે પંડિત મરણો ત્રણ પ્રકારના છે. તેને અણુસણુ તરીકે પણ કહેવામાં આવે છે. પ્રથમ પાદપોપગમન-અણુસણુ-પાદપ એટલે વૃક્ષની જેમ શરીરને સ્થિર, ક્રીયા વિનાનો કરી વોસરાવી દેવો, તેની પ્રતિક્રિયા અર્થાત્ વિશ્રામણા, સાર-સંભાર ન કરવી, અને તેની સાથે ચાર પ્રકા-રના આહાર એટલે, અસન, પાન, ખાદિમ અને સ્વાદિમ, એઓનો ત્યાગ કરવો, તે પાદપોપગમન અણુસણ કહેવાય છે.

બીજું ઇંગિત-મરણ એટલે મર્યાદા કરેલ સ્થાનમાં વસવું, અને તેની સાથે ચાર પ્રકા-રના આહારનો ત્યાગ કરવો, તેથી જે મરણ થાય તે ઈંગિત મરણ કહેવાય છે.

ત્રીજું ભક્ત પ્રત્યાખ્યાન–મરણ એટલે ખાન, પાન વિગેરે ચાર પ્રકારના આહારનો ત્યાગ જેમાં હોય છે, તે શિવાય શરીરની વિશ્રામણા જેમાં રહેલ છે, તેનાથી નિપજતું મરણ, ને ભક્તપ્રત્યાખ્યાન–મરણ કહેવાય છે. આ ત્રણ મરણે મરનાર આત્મા અધોગતિમાં જતો નથી, અને સંસાર તેનો ઓછો થઇ જાય છે. માટે આ બતાવેલા પંડિત મરણનાં મનોરથ ઉત્તમ જીવોને પ્રગટ થાય છે. એથી જ જય વિયરાયમાં ‘ સમાહિમરણંચ ’ સમાધિપૂર્વક મરણની માગણી કરવામાં આવેલ છે. તેથી કયારે હું પાદપોપગમન, બીજો ઇંગિત અને ત્રીજો ભક્ત પ્રત્યાખ્યાન એ ત્રણ અણસણમાંથી કોઈપણ એકને પ્રેમપૂર્વક આદરી–સ્વીકારી શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાને પાલન કરીશ. એમ કલ્યાણ પરંપરાની વાંછા કરનાર

શ્રાવક ત્રીજા મનોરથને વિષે હમ્મેશાં ભાવના કરે. ૨૬

ते दिन कइयें मुजने आवशे,
आराधि शुभ जाण;
सहित समाधिअें काल अवंछतो,
वसश्युं परम पद ठाण—श्रम० २७

અર્થ—ધ્યાન એટલે ધ્યેય (ધ્યાન કરવા યોગ્ય) વસ્તુમાં ચિત્તવૃત્તિની એકતાનતા અર્થાત્ અવિચ્છિન્ન રૂપે નિરંતર ધ્યેય વસ્તુમાં એક સરખી રીતે લાગી રહેવું, તેનું નામ ધ્યાન કહેવાય છે. તેવી ચિત્તની એકાગ્રતા ઉત્કૃષ્ટ બેઘડી સુધી એક વસ્તુના વિચારમાં રહે. એથી અધીક ટાઈમ છદ્મસ્થને એકાગ્રતા રહે નહીં. તેથી પછી ધ્યાનાંતર કહેવાય, એટલે બીજી વસ્તુના ધ્યાનમાં ચિત્તની એકાગ્રતા જે

થાય તેનું નામ ધ્યાનાંતર કહેવાય છે. હવે તેમાં શુભ ધ્યાન બે પ્રકારના છે—

એક ધર્મધ્યાન અને બીજું શુકલધ્યાન. તેમાં પહેલું ધર્મધ્યાન, ધર્મ એટલે દુગતિમાં પડતા પ્રાણીને ધારણ કરે તે અથવા ચારિત્ર મોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ વિગેરેથી પ્રગટ થએલ આત્માનો વિરતિ રૂપ પરિણામ તે રૂપ ધર્મ, અથવા શ્રી જિનેશ્વરદેવોએ કહેલ જે ભાવ પદાર્થ તેની શ્રદ્ધા આદિ ચિન્હથી જે જણાય તે ધર્મ, અથવા દેવગતિ આદિ ફલનું જે સાધક થાય તે ધર્મ. તેના સ્વરૂપનું ચિંતવન તે ધર્મધ્યાન કહેવાય છે.

બીજું શુકલધ્યાન-શુકલ એટલે આઠ પ્રકારનાં કર્મ મલને જે શુદ્ધ કરે અને શોકને જે દૂર કરે તેનું નામ શુકલ, અને શુકલ

એવું જે ધ્યાન–સ્વરૂપનું ચિંતન તેનું નામ શુકલધ્યાન કહેવાય છે. એ બન્ને શુભ ધ્યાન તેને આરાધતો સેવના કરતો એટલે તેમાં ચિત્તને રમાડતો અર્થાત્ શુભ ધ્યાનમાં અંતઃકરણને સ્થિર, એકાગ્ર કરનારો હું કયારે થઇશ અને તે દિવસ મને કયારે પ્રાપ્ત થશે. વળી સમાધિ એટલે શુભ ધ્યાનની અંદર જે સમય કેવલ ધ્યેય સ્વરૂપનું ભાન હોય છે અને પોતાના સ્વરૂપના ભાનનું અભાવ સરખું, અભાવના જેવું માલમ પડતું હોય, મતલબ કે પોતાનું સ્વરૂપ જેમાં ભુલી જવાતું હોય, અર્થાત્ ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એ ત્રણેની એકતા જેવું જે ધ્યાનની ક્ષણોમાં થઇ જતું હોય, તેનું નામ સમાધિ કહેવાય છે. એવી સમાધિએ કરી સહિત મૃત્યુને નહિ વાંછતો પરમ પદ જે મોક્ષ તે સ્થાનમાં હું કયારે

વસીશ. એમ પરમ પદના અર્થી શ્રાવક હમ્મેશાં ત્રીજા મનોરથને વિષે ભાવના કરે. ૨૭

इणि परे आगमें जिनवर भाखिया,
श्रावकने अधिकारे;
भवियण आगलें पासचंदे कह्या,
तेह तणे अनुसारे–श्रम० २८

અર્થ–ઉપર કહ્યા પ્રમાણે શ્રાવકના ત્રણ મનોરથો ભવ્યાત્માઓની આગળ શ્રાવકધર્મના અધિકારે શ્રી જિનેશ્વરદેવોએ આગમ સિદ્ધાંતોમાં ભાંખ્યા–પ્રકાશ કર્યા; તે આગમ સિદ્ધાંતોના અનુસારે આ ત્રણ મનોરથોને પાસચંદે કહ્યા. એ પ્રમાણે શ્રાદ્ધ મનોરથમાળા–સ્વાધ્યાય પ્રકરણને સમાપ્ત કરતાં ટુંકામાં પોતાનું નામ 'પાસચંદે' એ પ્રમાણે જણાવેલ છે. પરંતુ તે શ્રી જિનાગમ સમુદ્ર પારગામી પરમ પૂજ્ય પરમોપકારી શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છા-

ધિરાજ યુગપ્રવર શ્રી **પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી** મહારાજા સમજવા. તેમણે આ સ્વાધ્યાય રચેલ છે. એમ આત્મતત્વના ગવેષી શ્રાવક હમ્મેશાં ત્રીજા મનોરથને વિષે ભાવના કરે. ૨૮

दुहा—त्रण मनोरथ इम करे,
जे श्रावक सुविचार;
जेम श्रावक तेम श्राविका,
दुत्तर तरे संसार; २९

અર્થ—ઉપર બતાવ્યા પ્રમાણે તત્વાતત્વ સંબંધી વિચાર કરવાની શક્તિને ધારણ કરનાર જે શ્રાવક હોય તે હમ્મેશાં ત્રણે મનોરથોને કરે. જેમ સુવિચારક શ્રાવક આ ત્રણે મનોરથોને કરે. તેમ સુંદર વિચારોને ધારણ કરનારી અને આત્મકલ્યાણની ઇચ્છા કરનારી શ્રાવિકાઓ પણ હમ્મેશાં આ ત્રણે મનોરથોને કરે. અને તેના પ્રતાપે દુ:ખે તરી શકાય એવા સંસારસ-

મુદ્રને સુખેથી તરી કલ્યાણ મંગલની પરંપરાને પ્રાપ્ત કરે. ૐ શાંતિ.

આ સ્વાધ્યાયનો અર્થ પરમપૂજ્ય પરમોપકારી વિશ્વવંદ્ય પરમર્ષિ યુગ પ્રવર શ્રી જૈન શ્વેતાંબરાચાર્યવર્ય શ્રી નાગપૂરીય બૃહત્તપાગચ્છાધિરાજ શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ સાગરચંદ્રે વિ. સં. ૧૯૯૨ના ચૈત્ર સુદ ૮ સોમવારે અમદાવાદ મધ્યે પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે સ્વપર હિતાર્થે સમ્યક્ વિચારી આ સ્વાધ્યાયનો અર્થ લખ્યો છે. ( નમ્ર નિવેદન ) છતાં તેમાં જે કાંઇ દોષ માલમ પડે તો તે દોષોને સુધારવાની સજ્જન પુરૂષોએ મારા પર કૃપા કરવી એવી આશા રાખી હું વિરમું છું. ૐ શાંતિ.

**॥ શ્રી શ્રાદ્ધ–મનોરથમાળા–સ્વાધ્યાય પ્રકરણ સાર્થઃ સમાપ્તઃ ॥**

આચાર્યશ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરજી વિરચિતા-

# શ્રીસંક્ષેપ આરાધના.

( સ્વાધ્યાય. )

પ્રારંભમાં સ્વાધ્યાય પ્રકરણકાર સર્વ વિઘ્નોને દૂર કરવા માટે ઈષ્ટદેવને નમસ્કાર કરવા રૂપ મંગલ કરે છે:--

दुहा—परम पुरुष पय प्रणमीए,
परमानंद प्रकाश;
भवजळ तारण तरणि सम,
पूरे वंछित आश. ॥१॥

સંક્ષેપાર્થ કર્તા:—શ્રીભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ સાગરચંદ્રઃ-

અર્થ:—' પરમ પુરૂષ પય પ્રણમીએ '-પ્રથમ-આરંભમાં પરમ ઉત્કૃષ્ટ પુરૂષોના ચરણ કમલોને પ્રણામ કરીએ છીએ કેવા છે એ ઉત્તમ પુરૂષો. ' પરમાનંદ પ્રકાશ '—પરમ આનંદના પ્રકાશવાળા છે, અથવા ઉત્તમ પુરૂષોના પદને પૂજતા પૂજકને પરમ સુખના પ્રકાશને કરનારા છે, એટલે સેવનારને ઉત્કૃષ્ટ સુખ દેખાડનારા તેઓ છે. વલી ' ભવજળ તારણ તરણિ સમ '—સંસાર સમુદ્રને તારવામાં તરણિ એટલે નાવ જેવા છે, જેમ નાવ પોતાના આશ્રયે રહેલાને જલથી તારી પેલી પાર ઉતારે છે. તેમ પરમ—પુરૂષ પણ પોતાના આશ્રયે રહેલાને તેમજ પોતાનું સ્મરણ કરનારને સંસારથી તારનારા છે. અને ' પૂરે વંછિત આશ '—મનોવાંછિત સર્વ આશાઓને પૂર્ણ કરનારા છે, તેથી તેમના ચરણમાં નમસ્કાર થાઓ. ૧

પ્રથમ પરમ-પુરૂષ ધર્મગુરૂ છે, તે કહે છે:-

पहेलो मुझ जे धर्मगुरु,
परम पुरुष ते जाण;
जेणे परमारथ दाखव्युं,
प्रवचन वचन प्रमाण. २

અર્થ:—'પહેલો મુઝ જે ધર્મગુરૂ'-પ્રથમ પરમ-પુરૂષ કોને સમજવા, તે બતાવે છે; મ્હારા જે ધર્મગુરૂ ધર્માચાર્ય કે જે પરદેશી રાજાને ઉદ્ધારનારા ગણધર શ્રી કેશીકુમારની માફક મ્હારા આત્માનો ઉદ્ધાર કરનારા 'પરમપુરૂષ તે જાણ'-તે મ્હારા આત્માના પરમ ઉપકારી પરમ-પુરૂષ જાણવા. 'જેણે પરમારથ દાખવ્યું'-કે જેણે અમને પરમારથ એટલે સંસાર દુઃખ દાવાનલમાંથી બચાવવા માટે પરમ રહસ્ય બતાવ્યું, 'પ્રવચન વચન પ્રમાણ' તે પરમ રહસ્ય

પણ જે જૈન સિદ્ધાંત-દ્વાદશાંગી તેના વચન પ્રમાણે એટલે સૂત્રના અનુસારે જેણે બતાવ્યું. તે પ્રથમ પરમ-પુરૂષ જાણવા. ૨

શ્રી શત્રુંજય મહાત્મ્યમાં કહેલ છે કે:-

'निदानं वीतरागत्वे,
प्राग् भवे गुरुवाग् यतः
देवतत्वादपि ततो,
गुरु तत्वं महद् विदुः' ॥१॥

અર્થાત્--તત્વોની મધ્યે ગુરૂતત્ત્વને મ્હોટું કહેલ છે, કારણ કે પૂર્વભવની અંદર વીતરાગ-પણાની પ્રાપ્તિમાં સેવેલ જે ગુરૂની વાણી-ગુરૂનો ઉપદેશ તે તેમાં હેતુરૂપે છે; તે કારણને લઇને દેવતત્વથી પણ ગુરૂતત્વ મહાન્ છે. કહેલ છે કે:-

'सम्मत्त दायगाणं,
दुप्पडियारं भवेसु बहुएसु;

सव्व गुण मेलियाहि वि,
उवयार सहस्स कोडीहिं ’ ॥१॥

અર્થાત્--ધર્મની પ્રાપ્તિ–શ્રદ્ધા કરાવનાર ગુરૂનો પ્રત્યુપકાર–બદલો વાળવાને કોઈનાથી પણ ઘણા ભવોમાં સર્વ ગુણોએ કરી ગુણી બની ઉપકારના હજારો ક્રોડોવડે કરીને પણ સમર્થ થઇ શકાય નહિ, માટે જ કહેવામાં આવે છે કે–

‘समकित दायक गुरु तणो,
पच्चुवयार न थाय;
भव कोडा कोडी लगे,
करता सर्व उपाय’ ॥१॥

તેથી પ્રથમ ધર્મગુરૂને પરમપુરૂષ માનવામાં આવેલ છે;

અહિં હવે પાંચ પરમ-પુરૂષ બતાવે છેઃ-

मूल-तिथ्थंकर वली सिद्ध भणी,
आयरिया उवझाय;
साधु नाण दंसण चरण,
साधक सुविहित राय. ३

અર્થઃ—'તિથ્થંકર વલી સિદ્ધ ભણી' વલી તેમજ પ્રથમ પરમ-પુરૂષ તીર્થંકર ભગવાન કેવલજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થની સ્થાપનાને કરનાર. તીર્થ એટલે જેનાથી તરીએ તેનું નામ તીર્થ, તે પ્રથમ ગણુધર અથવા દ્વાદશાંગી-સિદ્ધાંત અથવા ચતુર્વિધ શ્રી સંઘ તેની સ્થાપના કરનાર તે તીર્થંકર ભગવાન્ કહેવાય છે. તેમજ વલી બીજા પરમ-પુરૂષ સિદ્ધ ભગવાન્ કહેલા છે. તે આઠે કર્મોનો નાશ કરી જે

સિદ્ધ પદને પામેલા છે, અને સંસારિક એકે પ્રયોજન જેને બાકી રહેલ નથી, ફેર સંસારમાં આવી જન્મ ધારણ કરવાનું નથી, કારણ કે જન્મનું મૂલ–બીજ કર્મ તેનેજ નાશ કરેલ છે. તેથીજ જન્મ જરા મૃત્યુ રહિત અનંતા સુખોમાં નિમગ્ન રહેલા છે. ' આયરિયા ઉવઝાય ' ત્રિજા પરમ પુરૂષ આચાર્ય ભગવાન્ કહેલા છે. તે પાંચ પ્રકારના આચાર–જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર; તેને પોતે પાલે અને બીજાને પલાવે છે; તેથી તે આચાર્ય ભગવાન્ કહેવાય છે. ચોથા પરમ પુરૂષ ઉપાધ્યાય ભગવાન્ કહેલા છે. તે અગ્યાર અંગ અને ચૌદ પૂર્વને ભણે તથા ભણાવે; તેથી ઉપાધ્યાય ભગવાન્ કહેવાય છે. ' સાધુ નાણ દંચણ ચરણ ' પાંચમાં પરમ પુરૂષ સાધુ ભગવાન્ કહેલા છે. તે જ્ઞાન, દર્શન

અને ચારિત્ર રૂપ જે નિજ ગુણો તેને 'સાધક સુવિહિતરાય' સાધનારા અને સુવિહિત પુરૂષોમાં અગ્રેસર તેથી સાધુ ભગવાન્ કહેલા છે. ૩

મ્હારે ભવો ભવ પંચ પરમેષ્ઠીનાં ચરણનું શરણ હજો, તે કહે છે:—

मूल—काळ अनादि अनंत लगे,
परम पुरुष ए पंच;
तेहना पय भव भव सरण,
मन न करुं खलखंच. ४

અર્થ:—'કાળ અનાદિ અનંત લગે' અનાદિ કાળથી લઈને અનંત કાળ સુધી એટલે જે કાળની કોઈ વખત આદિ નથી તે અનાદિ કાળ કહેવાય છે. અને જે કાળનો કોઈ વખત અંત નથી તે અનંત કાળ કહેવાય છે. એવા

અનાદિ કાળથી લઇને અને અનંત કાળ લગે 'પરમ-પુરૂષ એ પંચ' શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ ભગવંતો એ પાંચનેજ પરમ-પુરૂષ તરિકે કહ્યા છે, એટલે વર્ણવ્યા છે. તે શિવાય કોઇ પણ પરમ-પુરૂષની ગણનામાં આવી શકે નહિ. 'તેહના પય ભવ ભવ શરણ' આ પંચ પરમેષ્ઠી પરમ-પુરૂષ તેનાં જે ચરણ તે મ્હારા આત્માને ભવોભવ શરણ હજો તેમનુંજ હું શરણ ગ્રહણ કરૂં છું. એજ મ્હારા આત્માને ઉદ્ધાર કરનારા છે. બીજા કોઇ પણ મ્હારા આત્માને તારનારા નથી. 'મન ન કરૂં ખલ ખંચ' એ બાબતમાં મ્હારા મનને કોઇ જાતનો શંસય નથી. નિશ્ચય છે. એજ મ્હારા અંતઃકરણમાં સાચી શ્રદ્ધા છે. એની અંદર હું મ્હારા મનને બિલકુલ

અરૂચિવાળું ન કરૂં. એ પંચ પરમેષ્ઠી પરમ-પુરૂષોમાં મ્હારા મનને હું અત્યંત પ્રેમી બનાવું છું. ૪

પ્રથમ શાસ્વતી જિનવર પ્રતિમાને વંદન કરે છેઃ-

( ચોપાઈ-છંદઃ )

मूल-उढ अहो तिरि लोय मझार,
शासय पडिमां श्रुत अनुसार;
चिहुं नामे जे जिनवर भणी,
ते हुं वंदु भगतिए घणी॰ ५

અર્થઃ—' ઉઢ અહો તિરિ લોય મઝાર ' ઉર્ધ્વલોક એટલે સ્વર્ગાદિકમાં, અધોલોક એટલે પાતાલમાં અને તિર્ચ્છાલોકની અંદર એ ત્રણે લોકમાં રહેલી ' શાસય પડિમા શ્રુત અનુસાર ' શાસ્વતી જિનવર પ્રતિમાઓ તેની એકંદરે

સંખ્યા સિદ્ધાંતના અનુસારે ૧૫૪૨ ક્રોડ ૫૮ લાખ ૩૬ હજાર અને ૮૦ થાય છે ‘ ચિહું નામે જે જિનવર ભણી ’ એ સર્વ ચાર નામ વાળી જે જે શાશ્વતી જિનવર પ્રતિમાઓ જિનેશ્વરોએ સિદ્ધાંતમાં કહેલી છે ‘ તે હું વંદુ ભગતિએ ઘણી ’ તે તે શાશ્વતી જિનવર પ્રતિમાઓને હું અત્યંત ભકિતયે કરી ચિત્તના ઉલ્લાસથી વંદન કરૂં છું. ૫

શાશ્વતી જિનવર પ્રતિમાઓના નામ બતાવતા વંદન કરે છે:—

रिषभ अने चंद्रानन देव,
वारिषेण प्रभु कीजे सेव;
वर्द्धमान जिनवर वंदीए,
हीयडे अहनिशी आणंदीए. ६

અર્થ:—' રિષભ અને ચંદ્રાનન દેવ ' રિષભદેવ નામ વાળી, તથા ચંદ્રાનન દેવ નામ વાળી, ' વારિષેણ પ્રભુ કીજે સેવ ' તેમજ વારિષેણ પ્રભુ નામવાળી જે જે શાશ્વતી જિનવર પ્રતિમાઓ તેનું નામ ઉચ્ચા-રણ કરી હું વંદન કરૂં છું, ' વર્દ્ધમાન જિનવર વંદીએ ' તથા વર્દ્ધમાન જિનવર નામ વાળી શાશ્વતી જિનવર પ્રતિમાઓને અમે વંદન કરીએ છીએ. ' હીયડે અહનિશી આણંદીએ ' અને તેથી હૃદયમાં હમ્મેશા-દરરોજ આનંદ પામીએ છીએ. તેમને પ્રતિ-દિન વંદન કરવાથી જીવને આનંદ મંગલ રહ્યા કરે છે. માટે દરરોજ ચાર નામ વાળી શાશ્વતી જિનવર પ્રતિમાને વંદન કરવું જોઇએ. ૬

ચારે નિક્ષેપે કરી પરમાત્માને ભાવના પૂર્વક વંદન કરે છેઃ—

बीजो जे अनुयोग दुवार,
तेह तणा छे चार प्रकार;
नाम ठवण द्रव्यने भाव,
चिहुं उपर निरतो एक भाव. ७

અર્થ:—' બીજો જે અનુયોગ દુવાર ' અનુયોગ દ્વાર એટલે શ્રી આચારાંગ વિગેરે જે જિનેશ્વરના વચનો તેની વ્યાખ્યા કરવાના દ્વારો-માર્ગો તે અનુયોગદ્વાર કહેવાય છે. અને તે ચાર પ્રકારના છે. ૧-ઉપક્રમ, ૨-નિક્ષેપ, ૩-અનુગમ, અને ૪-નય. આ ચાર અનુયોગદ્વાર કહેલા છે. તેમાં જે બીજો અનુયોગદ્વાર નિક્ષેપ નામનો છે. ' તેહ તણા છે ચાર પ્રકાર ' તેના ચાર પ્રકાર છે. તે બતાવે છે. ' નામ ઠવણ દ્રવ્યને ભાવ ' નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ

અને ભાવ નિક્ષેપ ; આ ચાર નિક્ષેપા કહેવાય છે. નિક્ષેપ એટલે નાખવું-આરોપણ કરવું તે. હવે ઉદાહરણ તરિકે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ ઉપર ચારે નિક્ષેપા ઉતારીએ. જેમ તેઓશ્રીનું નામ નાખ્યું મહાવીર પ્રભુ તે નામ મહાવીર પ્રભુ કહેવાય. એ નામ નિક્ષેપ જાણવું. મહાવીર પ્રભુની મૂર્તિ તે સ્થાપના મહાવીર પ્રભુ કહેવાય. એ સ્થાપના નિક્ષેપ જાણવું. મહાવીર પ્રભુનો આત્મા કેવલજ્ઞાન જ્યાં સુધી પામેલ ન હોય ત્યાં સુધી દ્રવ્ય મહાવીર પ્રભુ કહેવાય, એટલે છદ્મસ્થ અવસ્થાના મહાવીર પ્રભુ જાણવા. એ દ્રવ્ય નિક્ષેપ જાણવું. બીજી રીતીએ પણ દ્રવ્ય નિક્ષેપ બતાવેલ છે. અને ભાવ મહાવીર પ્રભુતો કેવલજ્ઞાન પ્રાપ્ત કરી વિચરતા અને ભવ્યાત્માઓને ઉપદેશ આપતા

હોય તે ભાવ મહાવીર પ્રભુ કહેવાય છે. આ ભાવ નિક્ષેપ જાણવો. 'ચિહું ઉપર નિરતો એક ભાવ' આ પરમાત્માના ચારે નિક્ષેપાઓના ઉપર પોતાનો ભાવ નિશ્ચયથી ખરેખર આવવો જોઈએ, પોતાના ભાવ વિના બધુંએ નકામું છે તેથી ભાવની શુધ્ધિ અવશ્ય જોઇએ. કે તે મ્હારા પરમ પૂજ્ય છે. તેઓનાં નામ રટન કરવાથી, તેઓની મૂર્તિની સેવા પૂજા કરવાથી તેઓની છદ્મસ્થ અવસ્થા ભાવવાથી અને તેઓની કેવલી અવસ્થા ભાવવાથી ભાવનાર આત્માનું કલ્યાણ થાય છે. ઉત્તમ માર્ગે ચડે છે અને અનુક્રમે મોક્ષ પર્યંતના સુખો પામે છે. માટે ચારે નિક્ષેપાએ કરી સહિત એવા અરિહંત ભગવંતને હું શુદ્ધ ભાવે કરી વંદન કરૂં છું અને નમસ્કાર કરૂં છું. ૭

પોતાની ભાવનાથી જ કાર્યની સિદ્ધિ થાય છે, તે જણાવતા ભાવ પૂર્વક વંદન કરે છે:—

आवे भाव तो सहु प्रमाण,
नावे तो स्युं करुं वखाण;
चिहुं भेदे वंदु अरिहंत,
अकल अजय अनादि अनंत. ૮

અર્થ:—'આવે ભાવ તો સહુ પ્રમાણ' સાક્ષાત્ અરિહંત પરમાત્મા વિચરતા હોય ત્યારે કોઇને તેમના પર અરિહંતની બુદ્ધિ કે ભાવના ન આવે તો તે સાક્ષાત્ અરિહંત પણ તેનું શું ભલું કરી શકે ? કશું નહિ. જેમ ગોસાલા પ્રમુખે શ્રમણ ભગવાન્ શ્રી મહાવીર સ્વામીને જોયા અને તેમના પરિ-ચયમાં પણ આવ્યા છતાં પણ જ્યાં સુધી તેમના પર અરિહંતની બુદ્ધિ કે ભાવના

ન થઇ ત્યાં સુધી તેમને ઉત્તમ ફળની પ્રાપ્તિ પણ ન થઈ. માટે ભાવના આવે તોજ સર્વ પ્રમાણ થઇ શકે. એટલે અરિહંત પરમાત્માના ચારે નિક્ષેપા અંતરની પ્રીતિવાળા ઉપાસકના કલ્યાણને કરનારા થાય છે, તે શિવાય થાય નહિ. ' નાવે તો સ્યું કરૂં વખાણ ' અરિહંતના નામ પર કે અરિહંતની પ્રતિમા વિગેરે ચારે નિક્ષેપા પર પોતાના ભાવની ઉલ્લાસતા ન ઉદ્દભવે, ન પ્રાપ્ત થાય તો પછી તેનું શું કહેવું ? તેના શ્યા વખાણ કરવા ? અર્થાત્ તે સંસારમાં પરિભ્રમણ કરનારા નિર્ભાગી આત્માઓ જાણવા. ' ચિહું ભેદે વંદુ અરિહંત ' માટે ચાર ભેદવાળા એવા જે અરિહંત પરમાત્મા એટલે નામ અરિહંત, સ્થાપના અરિહંત, દ્રવ્ય અરિહંત અને ભાવ અરિહંત આ ચાર

પ્રકારના અરિહંતોને ભાવ પૂર્વક વંદન કરૂં છું. હવે તે અરિહંત પરમાત્માઓ કેવા છે, તે બતાવે છે. 'અકલ અજય અનાદિ અનંત'

અકલ એટલે છદ્મસ્થ એવા આત્માઓથી જેનું સ્વરૂપ કળી શકાય નહિ અર્થાત્ ચિંતવી શકાય નહિ. કારણકે અલૌકિક સ્વરૂપને ધારણ કરનારા હોવાથી અને વલી અજય એટલે જ્ઞાનાદિગુણે કરી કોઈથી જીતાય નહિ, કારણકે અનંતા ગુણો જેઓમાં રહેલા છે. એવા અરિહંત પરમાત્માઓ છે. તેમજ અનાદિ એટલે જે પરમાત્માઓની આદિ નથી એવા રિષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્દ્ધમાન એ ચાર નામવાળા શાશ્વતા જિનેશ્વરો છે, અને અનંત એટલે કોઈ વખત પણ જેમનો અંત એટલે છેડો આવવાનો નથી. અથવા અંત એટલે નાશ તે જેમનો થવાનો નથી. અથવા અનંત ગુણે કરી સહીત

અથવા અનંતા સુખોમાં લયલીન એવા શાશ્વતા પરમાત્માઓ તેઓને મ્હારો નમસ્કાર થાઓ. ૮

તીર્થોના સ્મરણથી પોતાને થતો આનંદ હવેથી તે જણાવે છે:--

शत्रुंजय तीरथ गिरनार,
अष्टापद वली गिरिवैभार;
शिखर समेत विपुल गिरींद्र,
तसु समरण मुझ मन आनंद. ९

અર્થ:–' શત્રુંજય તીરથ ગિરનાર ' શ્રી શત્રુંજય તીર્થ, શ્રી ગિરનાર તીર્થ, ' અષ્ટાપદ વલી ગિરિવૈભાર ' શ્રી અષ્ટાપદ તીર્થ, તેમજ શ્રી વૈભારગિરિ તીર્થ. ' શિખર સમેત વિપુલ ગિરીંદ્ર ' શ્રીશિખર–સમેત તીર્થ, અને ગિરિયોમાં શ્રેષ્ટ શ્રી વિપુલગિરિ તીર્થ વિગેરે

સર્વ તીર્થો ' તસુ સમરણુ મુઝ મન આનંદ, તેઓનું સ્મરણુ-ચિંતવન કરવાથી મ્હારા મનને આનંદ થાય છે. ૯

એ તીર્થોમાં સિદ્ધ થયા તેમને હું નમસ્કાર કરૂં છું, એમ જણાવે છે:—

इहां हुआ जे सिद्ध अनंत,
संयम पाळी बहु गुणवंत;
तेहनुं अहनिशी समरुं नाम,
करजोडीने करुं प्रणाम. १०

અર્થ:—' ઇહાં હુઆ જે સિદ્ધ અનંત ' એ તીર્થોમાં જે અનંતા સિદ્ધો થયા છે, ' સંયમ પાળી બહુ ગુણવંત ' ચારિત્રને પાલન કરી ઘણા ગુણોને ધારણુ કરનારા થયા. 'તેહનું અહનિશી સમરૂં નામ ' તેઓના નામનું હું અહોરાત્ર નિરંતર સ્મરણુ કરૂં છું, ' કર જોડીને

કરૂં પ્રણામ' અને બે હાથ જોડી તેઓને હું નમસ્કાર કરૂં છું. ૧૦

સર્વ સ્થાનોમાં રહેલી શ્રી અરિહંતની અશાશ્વતી પ્રતિમાઓને વંદન કરે છે:—

नगर गाम आगर बहु ठाम,
अशासती पडिमा अभिराम;
ते सवि वंदु मननी शुद्धि,
आणी श्री अरिहंतनी बुद्धि. ११

અર્થ:—'નગર ગામ આગર બહુ ઠામ' નગર, ગામ અને આગર એટલે રત્નવસ્તુઓની ઉત્પત્તિનું સ્થાન વિગેરે ઘણા ઠેકાણે 'અશાસતી પડિમા અભિરામ' મનોહર—રમણીક અશાશ્વતી જિનવર પ્રતિમાઓ, 'તે સવિ વંદુ મનની શુદ્ધિ' તે સર્વ જિનવર પ્રતિમાઓને મનની શુદ્ધિ પૂર્વક હું વંદન કરૂં છું.

કેવી બુદ્ધિથી તમે તેઓને નમન કરો છો? તેનો ઉત્તર આપે છે. 'આણી શ્રી અરિહંતની બુદ્ધિ' તે સર્વ જિનવર પ્રતિમાઓમાં શ્રી અરિહંતની બુદ્ધિ ધારણ કરી હું નમન કરૂં છું. ૧૧

શ્રીજિનેશ્વરે કહેલા આગમપર સાચી સદ્દહણા શુદ્ધ ભાવે ધારણ કરૂં છું, તે બતાવે છે:--

तेह निःशंक साचुं जिने कह्यो,
ए परम अक्षर में सद्दह्यो;
भाव शुद्ध एहज दोहिलो,
एहथकी सहुए सोहिलो. १२

અર્થ:-'તેહ નિઃશંક સાચું જિને કહ્યો' તેજ સાચું અને તેજ શંકા વિનાનું કે જે જિનેશ્વર પરમાત્માઓએ કહ્યું-પ્રકાશ્યું. 'એ પરમ અક્ષર મેં સદ્દહ્યો' એ પરમ-ઉત્કૃષ્ટ

અક્ષર મેં મ્હારા અંતઃકરણમાં સદહ્યો છે—ધાર્યો છે. શ્રી ભગવતીજી સૂત્રમાં એજ બતાવેલ છે કે— "तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं"— જે જિનેશ્વરોએ કહ્યું તેજ સાચું અને શંકા વિનાનું આવી સદ્દહણા અને સમજણ છે તેજ તારનારી છે. 'ભાવ શુદ્ધ એહુજ દોહિલો' એવો શુદ્ધ આત્માનો ભાવ થવો તેજ ખરેખર દુર્લભ છે. અનાદિ કાળથી સંસારમાં ભ્રમતાં જીવને ન પ્રાપ્ત થએલ હોય તો તે આજ વસ્તુ છે. 'એહ થકી સહુએ સોહિલો' એની જો પ્રાપ્તિ થઇ એટલે "જે જિનેશ્વરોએ કહ્યું તેજ સાચું અને શંકા વિનાનું છે" એવી શ્રદ્ધા આત્મામાં મજબૂત થઇ તો અનંત સંસાર નાશ પામ્યો; અને ભાવની નિર્મલતા થવાથી પછી કોઇ વસ્તુની દુર્લભતા રહેતી નથી, સર્વ પ્રકારની સામગ્રી સુલભ થઇ જાય છે. અથવા

અનાદિ કાળથી સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં જીવને સાચી સદ્દહણા વિના બીજું પામવું દુર્લભ નથી. દુર્લભતા માત્ર સમ્યક્ત્વની છે. તે જો સમ્યક્ત્વ પ્રાપ્ત થયું તો પછી મોક્ષપર્યંત સુધીની વસ્તુઓ જીવને પ્રાપ્ત થવી દુર્લભ નથી. ૧૨

અજ્ઞાનપણાથો થએલા પાપને ખમાવે છે:-

जीव अनादि भम्यो भव भूर,
दंसण नाण चरण करी दूर;
कीधा पाप ठाण जे बहु,
ते हुं खामुं स्वामी सहु. १३

અર્થ:-' જીવ અનાદિ ભમ્યો ભવ ભૂર ' આ મ્હારો જીવ અનાદિ કાળથી સંસારચક્રમાં ઘણો ભમ્યો. ઉંચ-નીચ ગતિઓમાં અનેક જન્મ-મરણ કર્યા. ' દંસણ નાણ ચરણ કરી દૂર ' તેમાં ન આદરવાનું આદર્યું અને

આદરવા યોગ્ય જે દર્શન, જ્ઞાન અને ચારિત્ર તેને દૂર કર્યા. તેમાં દર્શન એટલે સમ્યક્ત્વ તથા જ્ઞાન એટલે યથાર્થ સમજણ અને ચારિત્ર એટલે ઉત્તમ વર્તણુંક, તેને છોડી મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિયે કરી ' કીધા પાપ ઠાણ જે બહુ ' ઘણા પાપના સ્થાનક જે મ્હારા જીવે સેવ્યા-આચર્યા. ' તે હું ખામું સ્વામી સહુ ' હે ભગવન્! તે સર્વ પાપોને હું ખામું છું, એટલે મ્હારા દુષ્કૃત્ય-પાપો મિથ્યા થાઓ. એમ હું આપની શાક્ષિએ નમ્રભાવે ઇચ્છું છું. ૧૩

હવે તે અઢાર પાપસ્થાન બતાવે છે:--

हिंसा कूड अदत्त अबंभ,
मेल्युं परिग्रह बहु आरंभ;
क्रोध मान माया ने लोभ,
राग द्वेषने दिधी थोभ. १४

कर्यां कलह बहु दीधां आल,
पीसुनपणुं रति अरति विशाल;
रस वसें बोल्या पर परिवाद,
माया मृषा मोह उनमाद, १५

मिथ्याशल्य अढारह पाप,
भव भव एहज थयो संताप;
जनम-मरण करी चउदहराज,
पूर्यां किंपि न सीधा काज. १६

અર્થ:-'હિંસા કૂડ અદત્ત અબંભ' હિંસા એટલે પ્રમાદવિગેરેથી પ્રાણિયોના પ્રાણનો નાશ, તે. કૂડ એટલે અસત્ય, (જુઠું) બોલવું, અપ્રીય તથા અહિત બોલવું, તે. અદત્ત એટલે નહિ આપેલ લેવું, ચોરી કરવી, તે. અબંભ એટલે અબ્રહ્મચર્ય, કામ ભોગમાં ફસવું,તે.

'મેળવ્યું પરિગ્રહ બહુ આરંભ' અનેક પ્રકારના આરંભ-પાપો કરી ઘણો પરિગ્રહ એકઠો કર્યો. પરિગ્રહ એટલે પદાર્થોપર મૂર્છા-આશક્તિ ધારણ કરવી, તે. 'ક્રોધ માન માયા ને લોભ' ક્રોધ એટલે અપ્રીતિ, અરૂચિ, અક્ષમા અથવા દયાને નાશ કરનાર, તે. માન એટલે અહંકાર, ઉદ્ધતપણું અથવા વિનય ગુણને નાશ કરનાર તે. માયા એટલે કપટ, પ્રપંચ, છલ-ભેદ, અવિશ્વાસ પેદા કરનાર અથવા મિત્રતાને નાશ કરનાર તે. લોભ એટલે તૃષ્ણા, આશા, પદાર્થોપર આશક્તિ રહેવાથી મુંઝાવા-પણું, અદાતારતા અથવા સર્વ ગુણોને નાશ કરનાર, તે. 'રાગ દ્વેષને દિધી થોભ' રાગ એટલે પ્રેમ બંધન, મ્હારાપણું અથવા કામ-રાગ, સ્નેહ-રાગ અને દૃષ્ટિ-રાગને લઇ સન્મા-ર્ગથી અટકાવનાર અને માયા લોભને પેદા

કરનાર, તે. દ્વેષ એટલે અદેખાઈ, ઇર્ષ્યા, અ-રૂચિ, અપ્રીતિ અથવા ક્રોધ અને માનને પેદા કરનાર, તે. ' દિધી થોભ ' એટલે રાગ-દ્વેષમાં રાચ્યો-માચ્યો. અથવા સન્માર્ગે ચડતા જીવને રાગ-દ્વેષે અટકાવ્યો અને ઉન્માર્ગમાં સહાય દિધી. ૧૪

' કર્યા કલહ બહુ દીધા આલ ' કલહ એટલે કજીયા કર્યા. લડયા-ઝગડયા. આલ એટલે અભ્યાખ્યાન, કલંક, ખોટા દોષનો આરોપ, તે. બીજાઓને ઘણા આપ્યા. ' પીસુ-નપણું રતિ અરતિ વિશાલ ' પૈશૂન્ય એટલે ચાડી-ચુગલી, અથવા છાની રીતે અછતાં દોષોને કહેવાથી કોઇના કાંન ભંભેરવા, તે. રતિ-અરતિ. તેમાં રતિ એટલે મોહનીય કર્મના ઉદયથી ચિત્તમાં વિષય સંબંધી પ્રેમ. અને અરતિ એટલે મોહનીય કર્મના ઉદયથી

ચિત્તમાં ઉદ્વેગતા અને તેને લઇને અપ્રીતિ, અરૂચિ, તે. એવા પાપો વિશાલ એટલે ઘણા કર્યા. ' રસવસેં બોલ્યા પર પરિવાદ ' રસીલા થઇને બીજાઓના અવર્ણવાદ બોલ્યા એટલે પારકી નિંદાઓ કરી. ' માયા મૃષા મોહ ઉન્માદ ' માયામોષ એટલે માયા પૂર્વક જૂઠ બોલવું, અથવા વેષાંતર કે ભાષાંતર કરી બીજાઓને ઠગવું, તે. એ પણ જીવને મોહનો ઉન્માદ છે, એટલે મોહનીય કર્મથી ઉત્પન્ન થએલી ગેલછા છે. અજ્ઞાનતા છે. ૧૫

'મિથ્યા શલ્ય અઢારહ પાપ' મિથ્યા શલ્ય એટલે ખોટા મત પંથોના પડેલ વિચાર રૂપ શલ્ય તે જીવને અનેક પીડાઓ કરવામાં કારણ કહેલા છે, જેમ છાતીમાં વાગેલા બાણ અથવા કાંટા શાલે છે તેની માફક શાલનાર હોવાથી શલ્ય કહેલા છે. એ અઢારે પાપસ્થાન શલ્ય રૂપ

જાણુવા. 'ભવ ભવ એહજ થયો સંતાપ' એમને સેવવાથી–આચરવાથી જીવને ભવો ભવમાં એ અઢારે પાપસ્થાનક સંતાપ કરનારા થયા, એટલે એમનાથીજ જીવ દુઃખી થયો. 'જનમ મરણુ કરી ચઉદહ રાજ' વળી વારંવાર જન્મ-મરણે કરી ચૌદરાજ લોકને ' પૂર્યાં કિંપિ ન સીધા કાજ ' પૂર્યાં–ભર્યાં એટલે કોઇ સ્થાન–જગ્યા ખાલી ન મૂકી, છતાં કાંઇ પણુ કાર્યની સિદ્ધિ થઇ નહિ. ૧૬ ।। સર્વ જીવોને ખમાવે છેઃ—

जीवयोनी चउरासी लक्ष,
ते सहुए केवली प्रत्यक्ष;
इण भव हण्या अनेरे भवे,
सुगुरु शाखें ते खामु सवे १७

અર્થ:—' જીવયોની ચઉરાસી લક્ષ ' જીવોની યોનીઓ એટલે ઉત્પત્તિના સ્થાન

ચોરાસી લાખ બતાવ્યા છે. 'તે સહુ એ કેવલી પ્રત્યક્ષ' તે સર્વ યોનિઓ કેવલી ભગવાનને કેવલજ્ઞાને કરી પ્રત્યક્ષ છે. ' ઇણુ ભવ હણ્યા અને રે ભવે ' તે યોનીઓમાં રહેલા જીવોને આ ભવમાં કે બીજા અનેક ભવોમાં મ્હારા જીવે હણ્યા હોય, 'સુગુરૂ શાખેં તે ખામું સવે.' તે સર્વ જીવોને સુગુરૂ મહારાજની શાખેં કરી હું ખમાવું છું એટલે માફી માગુ છું. ૧૭

પાપના સાધનોને વોસરાવવાનું કહે છેઃ–

जे कांइ कहीयें अधिकरण,
आपे जनम अनंता मरण;
जनम जनम जे कीधा बहु,
वोसिरामि हिवणा ते सहु. १८

અર્થઃ—' જે કાંઇ કહીયેં અધિકરણુ ' અધિકરણુ એટલે હિંસા વિગેરે પાપો કરવાના

સાધનો, જેવા કે-શસ્ત્ર-અસ્ત્ર, દંડ, સર્વ જાતિના હથીયાર, કોદાળા, કોસ, અંકુશ વિગેરે અને પાંચ સૂના-ચૂલો, ખાંડણીઓ, ઘંટી પાણિયારો અને સાવેણી તેમજ કરમાદાનના ધંધા વિગેરે જે જે પાપના સાધનભૂત હોય તે તે સર્વ અધિકરણ કહિયે. 'આપે જનમ અનંતા મરણ' તે અધિકરણો જીવને અનંતા જન્મ-મરણ આપે છે-પ્રાપ્ત કરાવે છે, માટે 'જનમ જનમ જે કીધા બહુ' જે જે ઘણા અધિકરણો દરેક જન્મમાં મ્હારા જીવે એકઠા કર્યા સંગ્રહ્યા હોય તે 'વોસિરામિ હિવણા તે સહુ' હમણાં તે સર્વ અધિકરણો ને હું સમજી ને ત્યાગ કરૂં છું. ૧૮

આત્માના નિજ ગુણમાં વિરાધના થઇ હોય તો નિંદા અને આરાધના થઈ હોય તો અનુમોદના કરવી, તે બતાવે છેઃ—

दंसण नाण चरण जग सार,
अवर न कांइ गुण भंडार;
विराधना तेहनी निंदीयें,
आराध्या ते अनुमोदीयें, १९

અર્થઃ-' દંસણ નાણ ચરણ જગ સાર ' સારમાં સારભૂત આ જગતમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. ' અવર ન કાંઈ ગુણ ભંડાર ' તે શિવાય ગુણ ભંડાર-ગુણોનું સ્થાન બીજું કશું નથી. ' વિરાધના તેહની નિંદીયે ' તે દર્શન, જ્ઞાન અને ચારિત્રની વિરાધના પોતાથી થઇ હોય તો આત્મ શાખે તથા ગુરૂ શાખે તેની નિંદા કરવી કે આ મેં ખોટું કર્યું છે, તે મિથ્યા થાઓ. 'આરાધ્યા તે અનુમોદીયે' તેમજ દર્શન, જ્ઞાન અને ચારિત્રને આરાધ્યા હોય એટલે ભક્તિ, બહુમાન પૂર્વક સેવ્યા

હોય તો તેની અનુમોદના કરવી કે મેં આ જીંદગીમાં કરવા યોગ્ય યત્ કિંચિત થોડું પણ આટલું સારૂં કર્યું. આ જગતમાં એજ સાર ભૂત છે. અને આત્મશ્રેય પણ એનાથીજ થવાનું છે. એમ મનને મનાવવું અર્થાત્ ખુશી કરવું, તે અનુમોદના કહેવાય છે. ૧૯

આરાધના કરવાથી જીવ આરાધક બને છેઃ-

आलोयण निंदण गरहणां,
खामण अणसण भव भावणां;
एहज मुजनें आराधना,
परमारथ शिव सुख साधना. २०

અર્થઃ-'આલોયણ નિંદણ ગરહણાં' આલોયણ એટલે જે પાપ થયા હોય તેને વિચારી 'મિચ્છામિ દુક્કડં' આપવું, જેમકે-આ મ્હારા પાપ મિથ્યા થાઓ એમ કહેવું તે. અથવા

ગુરૂની પાસે તે પાપ પ્રકાશવું, અને ગુરૂમહા-
રાજ જે પ્રાયશ્ચિત્ત આપે તે સ્વીકારવું તે.
નિંદણા એટલે આ મેં ખોટું કર્યું, ન કરવા
યોગ્ય મ્હારાથી થયું, એ મ્હારી ભૂલ થઇ, એમ
પોતે પોતાની સાવદ્ય-પાપવાળી કરણીની નિંદા
કરવી તે. ગરહણા એટલે ગુરૂશાખેં, ગુરૂની
પાસે પોતાના દોષોની જે નિંદા કરવી તે.
'ખામણ અણસણ ભવ ભાવણાં' ખામણ
એટલે સર્વ જીવોની સાથે ખમત ખામણા,
ચિંતવવા, તેઓની પાસે પોતાના અપરાધની
માફી માગવી કે હું સર્વ જીવોને ખમાવું છું,
અને તમે પણ ખમજો, સર્વે મારા મિત્રો છે,
મ્હારે કોઈ સાથે વેરભાવ રાખવો નથી, એમ
ચિંતવના કરવી તે.અણસણ એટલે ઉપવાસ, તે
એક ઉપવાસથી લઈ છ માસ અથવા બાર માસ
સુધીના ઉપવાસને અણુસણ તપ કહેવામાં આવે

છે. અથવા હવે હું જીવું ત્યાંસુધી મ્હારે ત્રણ અથવા ચાર આહારનો ત્યાગ એવી ધારણા કરી ભવ ચરિમનું પચ્ચ-ખ્ખાણ કરવું, તે પણ અણસણ કહેવાય છે. અહિં આજ અર્થ ગ્રહણ કરેલો છે. ભવ ભાવણા એટલે સંસારમાં થતી અનેક વિટંબનાઓ દુઃખની પરંપરાઓ, ભાવવી ચિંતવવી તે. અથવા જ્ઞાનીઓએ બતાવેલ ભવનો સ્વરૂપ વિચારવો જેમકે-ગર્ભાવાસમાં ઉંધા મસ્તકે લટકવું, ગર્ભાવાસના અનેક દુઃખો ભોગવવા, જન્મ થતી વખતે કષ્ટનો પાર નહિ અને વળી તેમજ બાલ્યાવસ્થા વિગેરેના દુઃખોને ચિંતવવા તે પણ ભવભાવણા કહેવાય છે. 'એહજ મુજને આરાધના' આ પ્રકારની આરાધના છે તે મ્હારા જીવને 'પરમારથ શિવસુખ સાધના' ખરી રીતે શિવસુખની સાધના છે. એમ ભાવવું જોઇએ. આવી ભાવના દ્વારાએજ

મોક્ષના અનંત સુખો પ્રાપ્ત થઇ શકે છે. પરમાર્થે તેજ હિતાવહ છે. ૨૦

ઉત્તમ, મંગલ ભૂત ચાર શરણનું ગ્રહણ વિગેરે બતાવે છેઃ—

चार शरण दुःकृत गरहणा,
सुकृत कर्यानी अनुमोयणा;
संबल सखा एह आधार,
आपो मुजने भवनो पार. २१

અર્થઃ—'ચાર શરણ દુઃકૃત ગરહણા' ચાર શરણ તે એક અરિહંતનું શરણ, બીજું સિદ્ધનું શરણ, ત્રીજું સાધુનું શરણ અને ચોથું કેવલી પ્રરૂપિત ધર્મનું શરણ આ ચારેનું શરણ હું ગ્રહણ કરૂં છું. કારણ કે એજ મ્હારા જીવના નિભાઉ છે. એમનો જ મ્હારે ભવોભવમાં આધાર છે. જ્યાં સુધી સંસારમાં આ

મ્હારો જીવ ભમે છે, જન્મ-મરણ કરે છે અને જ્યાં સુધી મારૂં મોક્ષ ન થાય ત્યાં સુધી એમનુ જ મ્હારે શરણ હજો. એ પ્રકારે ચિંતવવું. દુઃકૃત ગરહણા એટલે ન કરવા યોગ્ય હિંસા, જૂઠ, ચોરી વિગેરે અઢાર પાપસ્થાનો આચરવાથી લાગેલા પોતાને પાપ તેની ગુરૂમહારાજની શાખે આત્મનિંદા કરવી તે. 'સુકૃત કર્યાની અનુમોચણા' સુકૃત એટલે પોતાના હાથે દાન-પુન્ય કર્યાં હોય, તીર્થયાત્રા, શ્રીસંઘભક્તિ, સાધર્મિક વાત્સલ્ય, જીર્ણ ચૈત્ય ઉદ્ધારમાં સહાય, અને મુનિરાજોની વેયાવચ્ચ કરી હોય. તથા ભક્તિપૂર્વક કરેલ અઠ્ઠાઇ મહોચ્છવ રથ યાત્રા, શાસનપ્રભાવના, શ્રી જૈનસિદ્ધાંતોનું કરાવેલ વ્યાખ્યાન, અને તેનું ભાવથી કરેલ શ્રવણ, સાધુ-મુનિરાજને ભક્તિથી આપેલ

આહાર-પાણી, ઔષધ-ભેષજ, વસ્ત્ર-પાત્ર વિગેરે, અને કરેલ વંદન-નમસ્કાર, તથા જ્ઞાન-ધ્યાનમાં આપેલ મદદ અને પોતાના કલ્યાણના માટે સેવેલા તપ-જપ, વ્રત-પચ્ચખ્ખાણ, સામાયિક, પ્રતિક્રમણ અને પોષધ વિગેરે ધર્મકાર્યો એ બધા સુકૃત કહેવાય છે. તેમાંથી જે કર્યા હોય તેને યાદ કરી અનુમોદના કરવી. કે આ જીંદગીમાં મારાથી આટલું સારૂં થએલ છે, તેને હું અનુમોદું છું-સારૂં માનું છું. 'સંબલ સખા એહ આધાર' એકલા પરભવમાં જતાં મ્હારા જીવને એજ સંબલ છે, એટલે સહાય કરનાર મિત્ર સમાન છે, અને મ્હારા જીવને એનો જ આધાર છે. પુણ્યરૂપ ભાથાથી જ જીવ પરભવમાં સુખી થાય છે. છતાં માગણી તો મોક્ષની જ કરવી જોઈએ, તેથી તે બતાવે છે.

'આપો મુજને ભવનો પાર' મારાથી થોડું પણ થએલ જે પુણ્ય તે રૂપ સંબલ સખાના પસાએથી મને ભવનો છેડો એટલે જન્મ-મરણનો અંત થાય તેમ કરો કે જેથી મ્હારો આત્મા-જીવ તે દુઃખોથી છૂટે, અને સુખનો ભાગીદાર બને તેવી સહાય આપો. ૨૧

બતાવેલ આ આરાધનાને આરાધન કર-નાર આરાધક શું ફલની પ્રાપ્તિ કરે? તે બતાવે છેઃ—

अंतकाळें विस्तर नहु थाय,
जेणें एतलडो कहेवाय;
पासचंद आनंदे कहे,
आराधक ते शिव सुख लहे. २२

અર્થઃ—'અંતકાળે વિસ્તર નહું થાય'

અંતકાળે એટલે મરણનાં સમયમાં–પ્રાણ છૂટ-
વાના અવસરમાં આરાધના સંબંધી વિશેષ
વિચાર વિસ્તારથી થઇ શકે નહિ. 'જેણે
એતલડો કહેવાય' જેથી આરાધકે પ્રથમ વિસ્તા-
રથી આરાધના કરી હોય યા કરી ન હોય તો
પણ જીવને તે સમયમાં થોડામાં તત્વભૂત વસ્તુ
જણાવી દેવાથી સાંભળનાર સુખેથી સાંભળીને
ધારણ કરી શકે, તે કારણથી ટુંકામાં આટલું
જ કહેવાય છે. 'પાસચંદ આનંદે કહે' શ્રી
સંક્ષેપ આરાધના સ્વાધ્યાયના કર્તા મહાપુરૂષે
પોતાનું નામ ટુંકામાં જણાવેલ છે 'પાસચંદ'
પણ તે શ્રીમન્નાગપુરીય બૃહત્તપા ગચ્છાધિરાજ
યુગપ્રવર શ્રીપાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજ
સમજવા તે આચાર્યદેવે આનંદપૂર્વક ભવ્ય
જીવોના ઉદ્ધાર માટે એટલે કે ખપી આત્મા

જે હોય તે આરાધના સંબંધી સ્વરૂપ ટુંકામાં સમજી પોતાના આત્માને આરાધક બનાવે તે સારૂં આ આરાધના કહેલ છે. 'આરાધક તે શિવ સુખ લહે' આ પ્રકારે આરાધના કરવાથી આરાધક થએલ જીવ તે શિવ સુખ–મોક્ષ સંબંધીના સુખો અનુક્રમે પામે છે. ૨૨

આ શ્રીસંક્ષેપ આરાધના સ્વાધ્યાયનો સ્વલ્પ અર્થ પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે પરમપૂજ્ય પરમોપકારી પ્રાતઃ સ્મરણીય શ્રી જૈનશ્વેતાંબરાચાર્ય અનેકગુણગણવિભૂષિત શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિસાગરચંદ્રે અમદાવાદમાં વિ. સં. ૧૯૯૧ ના આષાડ વદ ૩ ગુરૂવારે સ્વપરના ઉપકારને અર્થે લખ્યો છે. વાંચનાર તથા સાંભળનારનું કલ્યાણ થાઓ. ૐ શાંતિ: ૩ શ્રીઃ ।।

।। શ્રી સંક્ષેપ–આરાધના–સ્વાધ્યાયઃ સમાપ્તઃ ।।

શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરવિરચિતા—

# શ્રી ઓગણત્રિશી ભાવના

## સજ્ઝાય—દુહા, મૂલ.

अविचल पद मन थिर करी,
जिहां छे सुख्ख अपार;
प्रतिबोधिशुं मन आपणुं,
जिम पामिशुं भवपार. ॥१॥

અર્થ કર્તા—
પરમગુરૂ શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વર શિષ્ય મુનિ-
મહારાજ શ્રીસાગરચંદ્રજી—

અર્થઃ—' અવિચલ પદ મન થિર કરી ' ક્ષણમાં દેખાય અને પછી તરતજ નાશ પામી જાય એવા અથીર પદાર્થોમાંથી મનને ખસેડી દૂર કરી અને અવિચલ પદને વિષે એટલે

મોક્ષપદને વિષે મનને થીર કરીશું; કારણ કે 'જિહાં છે સુખ અપાર ' જ્યાં એટલે મોક્ષપદમાં સુખોનો આર અને પાર નથી એવા અપાર સુખો રહ્યા છે. તે માટે ' પ્રતિબોધિશું મન આપણું ' તે સુખો મેલવવા માટે અંતઃકરણને તેવી રીતે સમજાવીશું કે–' જિમ પામીશું ભવ પાર ' જેમ આ દુઃખ ભરપૂર સંસાર સમુદ્રનો પાર આવે, સર્વથા સંસારિક દુઃખો નાશ પામે તેમ પ્રયત્ન કરી શિવપદ મેલવિશું. ૧

**મનને શિક્ષા કરે છેઃ—**

**रेमन! तें अस्थिर पणें,**
**कीधा कर्मह कोड;**
**रामतणे रंगे करी,**
**जीवह आणी खोड. ॥ २ ॥**

અર્થઃ-‘ રે મન ! તેં અસ્થિર પણેં ’ હે મન ! તેં ચંચલતાએ કરીને અજ્ઞાનવસેં ‘ કીધા કર્મહ કોડ ’ ન કરવા લાયક ક્રોડો કર્મો કર્યા. ‘ રાગતણે રંગે કરી ’ સંસારિક પુદ્ગલ સંબંધી રાગના તાબેદાર બની અથવા મોહના રંગરાગ-ક્રિયામાં ફસાઇને અનેક પાપો કર્યા. ‘ જીવહ આણી ખોડ ’ અરે મન ! તેં આવા કર્મ આચરીને જીવને મ્હોટી ખોટમાં નાખ્યો અથવા જીવને તેં કલંકિત કર્યો. એમ કરવાથી ચેતનનેં નિજ ગુણમાં તેં હાની પહોંચાડી. તેથી એ તેં સારૂં ન કર્યું. ૨

**આત્મ નિન્દા કરે છે —**

**पंचेंद्री परवसपणें,**
**जे में कीधा पाप;**

ते मुख कहियें केटला,
हुओ संसारह व्याप. ॥ ३ ॥

અર્થ:-'પંચેંદ્રી પરવસપણે'' પાંચ ઇંદ્રિયો-શ્રોત્ર ઈંદ્રિય, ચક્ષુ ઇંદ્રિય, ઘ્રાણ ઈંદ્રિય, જિંહ્વા ઇંદ્રિય. અને સ્પર્શ ઈંદ્રિય તેમાં ૧ શ્રોત્ર ઈંદ્રિય-જેનાથી સચિત્ત-અચિત્ત અને મિશ્ર એવા શબ્દ વિગેરે સંભળાય તે. ૨ ચક્ષુ ઇંદ્રિય-જેનાથી કાળો, ધોળો, નીળો પીળો અને રાતો વિગેરે રંગ-રૂપ દેખાય તે. ૩ ઘ્રાણ ઇંદ્રિય-જેનાથી સારી, ભુરી ગંધ જાણી શકાય તે. ૪ જિંહ્વા ઈંદ્રિય-જેનાથી ખારા, ખાટા, તિખા, મીઠા અને કડવા વિગેરે રસો જણાય તે. ૫ સ્પર્શ ઇંદ્રિય-હલકો, ભારે, ઠંડો, ઉનો, લુખો, ચોપડ્યો, સુવાલો અને ખરસટ વિગેરે સ્પર્શો જણાય તે. આ પાંચે

ઇંદ્રિયોના પરવસપણે-પરાધીનપણે એટલે ઇંદ્રિયોના '૨૩' વિષયોમાં ફસાઈને સંસારી સર્વ જીવો પોતાની આશક્તિના યોગે કર્મ બાંધે છે, 'જે મેં કીધા પાપ' જે મારા જીવે પાપ કર્યા-આચર્યા 'તે મુખેં કહિયેં કેટલા' તે પાપો મુખથી કેટલા કહેવાય, કારણ કે સંખ્યા વિનાના પાપો આચર્યા છે. 'હુઓ સંસારહ વ્યાપ' જે પાપોથી સં-સારનો વ્યાપ એટલે વધવાપણું થયું, અથવા કરેલા પાપોથી હું સંસારમાં અનંતા કાળ સુધી ભમ્યો. ઇંદ્રિયોના વિષયોમાં ફસા-વાથી પોતાનું ભાન ભૂલ્યો અને સંસારમાં રખડયો. ૩

**મનુષ્ય જન્મની દુર્લભતા જણાવે છેઃ—**

ज्ञान दृष्टि जीव ! जोय तुं,
मोह तणी मति मूक;

वली वली पामीश नहि,

नरभव आलि म चूक. ॥ ४ ॥

અર્થઃ—જ્ઞાનદષ્ટિ જીવ! જોય તું ’ હે જીવ ! તું ચામડાની દૃષ્ટિથી જોવાનું છોડી દઈને જ્ઞાનદષ્ટિથી જો ‘મોહ તણી મતિ મૂક’ હે જીવ ! વિવેકવાળી મતિને ધારણ કરી મોહની બુદ્ધિને છોડ, એટલે પૌદ્‌ગલિક પદાર્થોમાં ફસાવનારી મતિને છોડી દે, કારણ કે તે બુદ્ધિ આત્માના હિત સંબંધી ભાન ભૂલાવનારી છે. ‘ વલી વલી પામીશ નહિ ’ હે ભોળા જીવ ! દશ દષ્ટાંતે દુર્લભ મનુષ્યપણું વારંવાર પામી શકીશ નહિ. ‘ નરભવ આલિમ ચૂક ’ માટે હે જીવ ! તું નરભવ એળે મ હારિશ—નક્કામો ખોઇ નાખીશ નહિ. મહાન દુર્લભ મનુષ્ય જન્મની કીંમત સમજી તે સફલ થાય તેમ તું કર. ૪

**પૌદ્ગલિક પદાર્થોની અનિત્યતા જણાવે છે-**

'जे दीसे प्रहउगते,
ते संध्या नवि होय;
धण धन्नह परिवारनी,
ममता म करो कोय' ॥ ५ ॥

અર્થ:-' જે દિસે પ્રહ ઉગતે ' સવારમાં સૂર્ય ઉગતાં જે પદાર્થો દેખાય છે, 'તે સંધ્યા નવિ હોય, ' તે પદાર્થો સંધ્યાના સમયમાં એટલે સૂર્ય અસ્ત થવાની વેળામાં દેખાતા નથી, તેથી સર્વ દૃષ્ય પદાર્થોની આવી અનિત્યતા છે. માટે 'ધણ ધન્નહ પરિવારની ' ધન, ધાન્ય અને પરિવાર એટલે સ્વજન, પરિજન, સગા સંબંધી વિગેરેની ' મમતા મ કરો કોય ' મમતા એટલે તેઓના સ્નેહમાં મુંઝાવાપણું ધારણ કરી, તેમાં રચ્યા પચ્યા રહી, પવિત્ર

ધર્મ સેવન કરવાનું ભૂલી જઈ તે પ્રમાણે વર્તશો તો ઉત્તમ મનુષ્ય જીંદગી હારી જશો માટે તેઓની મમતા કરશો નહિ. ૫

**શરીર આશ્રિત મોહનો ત્યાગ જણાવે છેઃ-**

**'नाहण भोयण आभरण,**
**जे पोसियें अपार;**
**एके जाते जीवडे,**
**ते दहि कीजे छार.' ॥ ६ ॥**

અર્થ: 'નાહણ ભોયણ આભરણ' આ શરીરને નાવા-ધોવાદિક વડે, ભોજન-આચ્છાદનાદિક વડે અને આભરણ-અલંકારાદિક વડે કરી 'જે પોસિયેં અપાર' અનેક પ્રકારે પોષણ કરીએ વિવિધ પ્રકારે આપત્તિઓથી બચાવવા કોશિષ કરીએ અને એને માટે અનેક પ્રકારના પાપ આચરિએ છતાં પણ 'એકે જાતે જીવડે' તેમાંથી

એક ચેતન-જીવ-આત્મા ચાલ્યો જાય એટલે આત્મા શરીરને છોડી પરભવમાં ગયો કે 'તે દહિ કીજે છાર' તે શરીરને બાળી નાખી રાખ કરવામાં આવેછે, આ શરીર બીજા કોઇ પણ ઉપયોગમાં આવતો નથી, ચાય તેટલી તેની સાર સંભાર કરી હોય તો પણ તે નક્કામી જાય છે, તેનાથી કોઇ જાતને લાભ નથી. આવો શરીર છે, તેના મોહમાં ફસાઇ પરભવનો હીત ચૂકી જવો તે સમજુને વ્યાજબી નથી. ૬

અંતે જીવને એકલા કેવી રીતે જવાનું છે તે જણાવે છે—

' मंदिरमांहि धन घरणी,
सीम रहे परिवार;
काया अगनि परजले,
जीव जाय निरधार ' ॥ ७ ॥

અર્થ-:' મંદિર માંહિ ધન ધરણી' જ્યારે આત્મા શરીરને છોડી પોતાના કર્મને અનુસારે પરભવમાં જાય છે, ત્યારે ધન, ધાન્ય અને સ્ત્રી વિગેરે ઘરમાં રહી જાયછે, અને 'સીમ રહે પરિવાર' સ્વજન-કુટુંબી, સગા-સંબંધી પરિવાર સીમાડા સુધી આવી અટકી જાય છે, અને 'કાયા અગનિ પરજલે' શરીર ચિતામાં અગ્નિથી ભસ્મીભૂત થાય છે, અને કેવલ એકલો 'જીવ જાય નિરધાર' નિરાધાર જીવજ પોતાના કર્મના અનુસારે નિશ્ચેથી પરભવમાં જાય છે,

કહ્યું છે કેઃ—

द्रव्याणि भूमौ पशवश्च गोष्ठे
भार्या गृहद्वारि जनः स्मशाने ॥
देहश्चितायां परलोकमार्गे,
कर्मानुगो गच्छति जीव एकः ॥१॥

અર્થાત્—અનેક રીતે પાપ કર્મોએ કરી ઉપાર્જન કરેલા દ્રવ્યો પૃથ્વીમાંજ, એકઠા કરેલા પશુઓ વાડામાંજ, સ્ત્રી ઘરના દરવાજા સુધીમાં, મનુષ્યો સ્મશાન સુધીમાં અને વાલામાં વાલો શરીર ચિતામાં રહી જાય છે, એકલો જીવ પોતાના કર્માનુસારે પરભવમાં ચાલ્યો જાય છે. આવી સ્થિતી છે. માટે કાંઇ પણ શ્રેયઃ કરી લેવું જોઈએ. ૭

**કેવળ પૈસો પેદા કરવાથી આત્માને કશો લાભ થતો નથી, તે જણાવે છેઃ-**

**‘ जाव जीव धन मेलव्यो,**
**ए तुझ आव्यो भाग;**
**सकट एक काठो भर्यो,**
**खोखरी हांडे आग. ’ ॥ ८ ॥**

અર્થ:-‘જાવ જીવ ધન મેલવ્યો’ જ્યાં સુધી

જીંવ્યો ત્યાં સુધી જે અવશ્ય કરવાનું હતું કે જેથી પરભવ સુધરે, ઉચ્ચગતિ પ્રાપ્ત થાય એવા ઉત્તમ ધર્મ સંબંધી કાર્યો તે તેં ન કર્યાં, અને અત્યંત પ્રેમી બની ધન મેલવવા ધસમસ્યો. જાણે એજ કલ્યાણને કરી આપનાર છે એમ ધારી પાપ તરફ પણ પાછો વાળી જોયું નહિ.

'એ તુઝ આંવ્યો ભાગ' અન્તે જ્યારે દેહ મુક્ત થયો ત્યારે તારા ભાગ્યમાં જે આ પ્રાપ્ત થવાનું હતું તે તને પ્રાપ્ત થયું. 'સકટ એક કાઠી ભર્યો' કાઠીથી ભરેલ એક ગાડો અથવા એક ગાડો ભરાય એટલી કાઠી તારા કર્મમાં હતી તે, અને 'ખોખરી હાંડે આગ' ખોખરી હાંડલીમાં રહેલો અગ્નિ, જે તારા નસીબમાં હતો તે તને મલ્યો. તે સિવાય મેળવેલ ધનમાંથી કાંઇ પણ હિસ્સો પ્રાપ્ત થયો નહિ છતાં તે ધન મેળવતાં જે પાપ બંધાયો હશે, તે તો જરૂર તારી સાથે જશે, અને તેનાથી નીચ ગતિયોમાં

જીવ અવશ્ય ભમશે, માટે હવે એમ સમજીને આત્મ સંબંધી ધન મેલવવામાં પ્રેમ ધારણ કર.૮

**મરણનો શોચ સમજુએ કરવો ન જોઈએ. એ જણાવે છે.**

**माणसने पाम्ये मरण,**
**सोचे सगा अपार;**
**आपण पें जाशुं सही,**
**इम नवि गणे गमार ' ॥ ९ ॥**

અર્થઃ–'માણુસને પામ્યે મરણ' પોતાના સંબંધી મનુષ્યનું જ્યારે મરણ થાય છે. ત્યારે 'સોચે સગા અપાર' તેના સગા–સંબંધીઓ અનેક પ્રકારે અત્યંત શોક આક્રંદન કરે છે, પણ એમ વિચારતા નથી કે 'આપણ પેં

જાશું સહી' આપણે પણ જરૂર એજ માર્ગે જવાના છીએ, અર્થાત્-આપણે પણ મરવું તો છેજ, 'ઇમ નવિ ગણે ગમાર' એમ ગમાર એટલે સમજણ વિનાના જીવો યથાર્થપણે તે જાણતા નથી; તેથી ફોગટ આર્તધ્યાન કરી કર્મ બાંધે છે, તેમ કરવું તેમાં કશો ફાયદો નથી. સમજુએ તો એમ વિચારવું જોઇએ કે સમયે-સમયે જીવનું મરણ થઇ રહેલ છે જેટલું આયુષ્ય ભોગવતાં ભોગવતાં ઓછું થયું છે તેટલે અંશે મરણ નિપજયું છે. અને નિપજયા કરે છે. તેથી તે મરણ માટે ખોટો ખેદ કરવો નકામો છે. કારણ કે-છાયાના બાને કાળ સાથે ભમે છે અથવા મોતના નિશાન માથે ગગડી રહ્યા છે. તેથી જે આત્મહિત અવશ્ય કરવાનું હોય તે તરતજ કરી લેવું જોઇએ.૯

મરણ કોઇને છોડતું નથી, તે જણાવે છે :-

'इंद्रादिकने चक्रिगण,
रायराणा अवलोक;
गज रथ तुरगे परिवर्या,
ते पहुंता परलोक' ॥ १० ॥

અર્થ:-'ઇંદ્રાદિકને ચક્રિગણ' મન ઇચ્છિત એવા સ્વર્ગના સુખોને ભોગવતા ઇંદ્ર વિગેરે દેવતાઓ, છ ખંડ પૃથ્વીપર પોતાની ઇચ્છા પ્રમાણે રાજ્યને કરતા એવા ચક્રવર્તિઓનો સમૂહ અને 'રાય રાણા અવલોક' સસાંગ રાજ્યને ભોગવતા રાજાઓ તથા રાણાઓ, તેને હે ચેતન ! તું અવલોક-જો; કે જે ઇંદ્રાદિક ચક્રવર્તિ રાય-રાણાઓ 'ગજ રથ તુરગે પરિવર્યા' હાથિ, ઘોડા, રથ અને પાહલના પરિવારે ઘેરાએલા અને ઘણી ખમ્મા-ઘણી ખમ્મા

વિગેરેના શબ્દો જેમના માટે વારંવાર થતા તેવા ઇંદ્રાદિક અને ચક્રવર્તિ, રાયરાણુાઓ 'તે પહુંતા પરલોક' તે પણ કાળના કવલ રૂપ થઈ પરલોકે પહોંચ્યા, તો ત્યાં બીજાઓની શી ગણના. માટે હે ચેતન ! તું સદા તેનાથી સાવ-ચેત રહે, કે જેથી પરભવમાં ઉચ્ચ ગતિનો ભાગીદાર થવાય તેવા પ્રકારની ઉત્તમ કરણીને કરનારો તું થા. ૧૦.

**જેમ નાગા જન્મ્યા તેમ નાગા જવાનું છે, તે જણાવે છે :-**

**वस्त्रहीन तुं जनमीओ,**
**जाइस तेणे रूप;**
**पापं पिंडज पोषिओ,**
**पडयो संसारह कूप ॥११॥**

અર્થ:-'વસ્ત્રહીન તું જનમીઓ' હે જીવ !

તું વિચાર કર, કે જ્યારે તારો જન્મ થયો, ત્યારે તારી પાસે કશું ન હતું એટલે વસ્ત્ર રહીત તારો જન્મ થયો, 'જાઇસ તેણે રૂપ' અને વલી જવાનું પણ તેજ રૂપે છે. એટલે કશુંએ સાથે આવવાનું નથી. જેવા વસ્ત્ર રહિત આવ્યા તેવાજ વસ્ત્ર રહિત જવાનું છે. આવી સર્વને માટે સાધારણ સ્થિતિ છે. છતાં પણ જાણે બધુંએ સાથે લેઇ જવાનું ન હોય તેમ અનેક પ્રકારના છલ, ભેદ, પ્રપંચ આચરી, અઢાર પાપ સ્થાનક સેવાય છે, અને 'પાપેં પિંડજ પોષિઓ' આ શરીરના કારણે અનેક પાપો આચરાય છે, એટલે પાપેં પિંડ પોષાય છે. આખરે 'પડયો સંસારહ કૂપ' જન્મ મરણના દુઃખોથી ભરપૂર એવા સંસાર રૂપ કૂવામાં પડવું થાય છે. એવી રીતે પ્રથમ પણ હે જીવ! તું અનંતિવાર રખડયો, ત્યાં ન છૂટકે અનેક

પ્રકારની વેદનાઓ તને સહન કરવી પડી. તેનો તું વિચાર કર. ૧૧.

મ્હારૂં મ્હારૂં કરતાં સર્વને ચાલ્યા જવાનું છે, તે બતાવે છેઃ-

' माय ताय बंधव बहिन,
भज्जा सुत भंडार;
माहरुं करतां मानवी,
गया सवे निरधार. ' ॥१२॥

અર્થઃ-' માય તાય બંધવ બહિન ' આ સંસારમાં મોહનીય કર્મના લીધે આ મ્હારી 'મા', આ મ્હારો પિતા-બાપ, આ મ્હારો ભાઇ, આ મ્હારી બ્હેન, ' ભજ્જા સુત ભંડાર ' આ મ્હારી ભાર્યા-સ્ત્રી, આ મ્હારો પુત્ર અને આ મ્હારો ભંડાર એટલે દ્રવ્યનો ખજાનો. થાવર જંગમ મિલ્કત, ' માહરૂં કરતાં માનવી ' એમ ઉપર પ્રમાણે

મ્હારૂં, મ્હારૂં કરતાં માનવી-જીવો ખોટી મોહજાલમાં ફસાએલા અને પરભવના હિત કે અહિત કાર્યમાં વિવેક શૂન્ય એવા મનુષ્યો 'ગયા સર્વે નિરધાર' મ્હારૂં મ્હારૂં કરતાં સર્વે ખરે ખર આધાર વિનાના થયા થકા અને આર્તધ્યાને પીડાતા, પોતાના કર્મના અનુસારે પુણ્યહીન એકલા પરભવમાં ચાલ્યા ગયા. આથી આ ખોટી મોહજાલ-છોડી જેમ પોતાના આત્માનું કલ્યાણ થાય તેમ તે માર્ગે જવું જોઇએ. ૧૨.

**જે મૃત્યુ પામ્યા તે તે રૂપે પાછા ન મલે તે જણાવે છે:—**

गाम गयो आवे वली,
हरखे मिले सहु कोइ;

इण पंथे पंथी हुवा,
तेहने न मिले कोइ. ॥ १३ ॥

અર્થ:-'ગામ ગયો આવે વલી' "જીવતા નર ભદ્ર પામે" એ કહેવતના અનુસારે જીવતો મનુષ્ય ગામ ગયો હોય તો પણ તે પાછો આવે છે, અને 'હરખે મિલે સહુ કોઈ' સર્વ કોઈ તેને પ્રેમ પૂર્વક હળે મળે છે, પરસ્પર આનંદથી સુખ પ્રશ્ન વિગેરે પૂછે છે અને ખુશી થાય છે. 'ઇણ પંથે પંથી હુવા' પણ જે મરણને શરણ થયા પરભવના પંથે પંથી થયા એટલે મરીને બીજી ગતિમાં ગયા 'તેહને ન મિલે કોઇ' તેઓને કોઈ ચાય તેટલા ઉપાય કરી બલ બુદ્ધિ ફેરવે અને છેવટ રૂએ, કલકલાટ કરે તેમજ તેની પાછલ મરવાના ઉપાય કરે તો પણ તે પાછો મલી શકે નહિ. સંસારમાં

આવી દુઃખદાયી વિચિત્રતા રહેલી છે, તે સમજી પ્રિયના વિરહમાં આર્તધ્યાન છોડવું જોઈએ અને ધર્મમાં ચિત્ત લગાડવું જોઈએ. ૧૩.

**મરણને કોઇ અટકાવી શકે નહિ, તે જણાવે છેઃ-**

**परभव जातां जीवने,**
**आडो कोइ न थाय;**
**प्रमदा चौसठ सहसनो,**
**पति परलोके जाय. ॥ १४ ॥**

અર્થઃ-'પરભવ જાતા જીવને' કાળધર્મ પામી પરભવ પ્રતે જતાં જીવને 'આડો કોઇ ન થાય' રોકવા આડો કોઈ આવતો નથી. મતલબ કે-અટકાવવા કોઈપણ સમર્થ થઈ શકતો નથી. તેથી 'પ્રમદા ચૌસઠ સહસનો' જુઓ ચોસઠ હજાર સ્રીયોનો 'પતિ પરલોકે

જાય ' પતિ ચક્રવર્તિ-મહારાજા જ્યારે મરણ પામી પરલોકમાં જાય છે, ત્યારે તેને અટકાવવા માટે કોઇ પણ વ્હાલામાં વ્હાલી પોતાની સ્ત્રી કે અન્ય પરિવાર સમર્થ થઇ શકતો નથી. આ પ્રમાણે સર્વને બનવાનો છે, એનાથી કોઈ બચી શકવાનો નથી, માટે મરણનું ભય માથે રાખી સદાય ધર્મમાં ઉજમાલ રહેવું જોઇએ. ૧૪

જીંદગીની અસ્થિરતા દષ્ટાંત આપી જણાવે છે:-

' इंद्रादिक सेवे सदा,
जेहने त्रिगडो वास;
ते हु जिन थिर नवि रह्या,
अवर जीव कुण आश. ' ॥ १५ ॥

અર્થ:—' ઇંદ્રાદિક સેવે સદા ' જેને હમ્મેશા મહાન્ વિભૂતિવાળા ઈંદ્ર તથા નરેંદ્ર વિગેરે સેવતા હોય છે, ' જેહને ત્રિગડો વાસ ' દેવોએ કરેલ ત્રણ ગઢની રચનાવાળો એવો સમવસરણ તેના મધ્ય ભાગમાં રત્નોથી બનાવેલ જે સિંહાસન તેમાં જે બિરાજમાન થાય છે અને ચોસઠ ઇંદ્રો વિગેરે જેઓની સેવા કરે છે એવા અને આઠ મહાપ્રાતિ હાર્ય ધારી ' તે હુ જિન થિર નવી રહ્યા ' તે–જિનેશ્વરો પણ ખરેખર થિર ન રહ્યા, કરાળ કાળે તેમને પણ આ લોકમાં રહેવા ન દીધા. 'અવર જીવ કુણ આશ ' તો બીજા સામાન્ય જીવોને રહેવાની શી આશા રખાય ? અથવા તો નજ રખાય. મતલબ કે કાળ કોઈને છોડતો નથી, એના પંજામાંથી કોઈ બચ્યો

નથી, એવો મૃત્યુ ભયંકર છે, તેને ધર્મકરણી કરવાથી જીતવો જોઈએ. ૧૫

**મરણ કોઇને છોડતું નથી, તે જણાવે છે:-**

**लाख बत्रीश विमानना,**
**पति जेहने सेवंत;**
**काज करे मनशुं सदा,**
**ते हु इंद्र चवंत. ॥ १६ ॥**

અર્થઃ-' લાખ બત્રીસ વિમાનના' પહેલા સ્વર્ગના બત્રીસ લાખ વિમાનો છે, તે વિમાનોના કેટલાક અધિપતિઓ જુદા જુદા છે, 'પતિ જેહને સેવંત' એ બધાય વિમાનના પતિઓ નાયકો પોતાના નાયક જે શક્રઇંદ્ર તેને સેવી રહ્યા છે. 'કાજ કરે મનશું સદા' અને જે ઇંદ્ર હમ્મેશા મનની ચિંતવણા માત્રથી પોતાના સર્વ કાર્ય કરે છે. એવી શક્તિને ધારણ કર-

નાર છે. 'તે હુ ઇંદ્ર ચવંત' તે ઇંદ્ર ખરેખર પોતાનું આયુષ્ય પૂર્ણથએ છતે, પોતાને મરવાની ઈચ્છા નથી અને ઇંદ્રની સાયબી છોડવી પાલવતી નથી છતાં પણ તે એક ક્ષણ માત્ર જીવ ઇંદ્ર તરિકે રહી શકતો નથી, તેથી ઇંદ્ર ત્યાંથી કાળકરી બીજી ગતિમાં ચાલ્યો જાય છે. સંસારમાં આવા બનાવો બને છે. તેથીજ જ્ઞાનીઓએ આ સંસારને અસાર કહેલ છે. તેમાં સાર માત્ર જે ધર્મસેવન કરવું તેજ છે. ૧૬

**આ સંસારમાં જીવને સંબંધોનો પાર રહ્યો નથી, તે જણાવે છે:-**

**माय ताय बंधव कवण,**
**कुण वैरी कुण मित्त;**
**ए ताहरो सहुए सगो,**
**सांभळ तुं एक चित्त. ॥ १७ ॥**

અર્થ:-'માય તાય બંધવ કવણ' ત્રિકાળ જ્ઞાનિઓએ કહેલ વચનામૃતોને વિચારી ધારણ

કરવામાં આવે તો આ સંસારમાં કોણ માતા ? કોણ પિતા ? અને કોણ ભાઇ ? અર્થાત્ બધાએ જીવો તે સંબંધવાળા છે. એટલે આ સંસારમાં દરેક જીવની સાથે એવા અનંત સંબંધો થયા છે. વળી 'કુણ વૈરી કુણ મિત્ત' કોણ વૈરી ? અને કોણ મિત્ર ? અર્થાત્ તે સંબંધ પણ બધા જીવોની સાથે થએલ છે. 'એ તાહરો સહુએ સગો' તેથી એ બધાય જીવો તારા સગા થાય છે. 'સાંભલ તું એક ચિત્ત' એ પ્રકારે જ્ઞાનિઓની વાણી છે. તે તું એક ચિત્તવાળો સાવધાન થઇ સાંભલ, એટલે આલસ-પ્રમાદ દૂર કરી અવધારણ કર. ૧૭

**સંસારમાં ભમતાં જીવે જન્મ મરણ વિનાનું કોઈ સ્થાન બાકી મુકયું નથી, તે બતાવે છે:-**

**' सूइ अग्रं भूंय चांपीयें,**
**चौदहराज प्रमाण;**

तें सघळी फरसी सही,
सरसी चारे खाण. ' ॥ १८ ॥

અર્થ:- 'સૂઇ અગ્રે ભૂંય ચાંપીયે' આ લોકમાં સૂઇના અગ્રભાગે એટલે અણીયે કરીને પૃથ્વીને ચાંપીયે—દબાવીયે એટલી પણ 'ચૌદહરાજ પ્રમાણ' ચઉદરાજ પ્રમાણ લોકમાં કોઈ પણ જગ્યા જન્મ-મરણ વિનાની હે જીવ ! તેં રહેવા દીધી નથી. 'તેં સઘળી ફરસી સહી' સમસ્ત ભૂમી અને આકાશ પ્રદેશની શ્રેણી તેં ફરસી નાખી છે. એટલે બધે રખડયો છે. 'સરસી ચારે ખાણ' નરક તિર્યંચ દેવ અને મનુષ્ય એ ચાર ગતિ રૂપ ચારે ખાણોને સરખી એટલે ફેરફાર વિના કોઇ સ્થાનને છોડયા વિના જન્મ-મરણે કરી આ જીવે નિશ્ચયથી ફરસી છે. કારણકે અનાદિકાળથી પરિભ્રમણ

કરતા પોતાના કર્મોને વસ થએલા જીવેં આ સંસારમાં અનંતા જન્મ મરણ કર્યા. એ જન્મ-મરણ જીવને કયારે ટલે કે જ્યારે પરમાત્માએ કહેલ માર્ગપર સ્થિર થઇ ધર્મ આચરણ કરે અને વિશ્રાંતિ સ્થાન મેલવે ત્યારે રખડવાના દુઃખ નાશ પામે, તે શિવાય નાશ પામતા નથી. ૧૮.

**પોતાના કર્મે કરી જીવ નિગોદ નરકાદિક ગતિમાં ભમ્યો; તે જણાવે છે–**

**तें निगोद भव पूरिया,**
**सात नरक कीयो वास;**
**बंधन बांध्यो कर्मनो,**
**कीधो कूड अभ्यास. ॥ १९ ॥**

અર્થઃ—'તેં નિગોદ ભવ પૂરિયા' એક શરીરમાં અનંતા જીવ હોય એટલે અનંતા

જીવોને રહેવાનું એક શરીર તે નિગોદ કહેવાય છે. અને નિગોદ તે અનંતકાય વનસ્પતિનું નામ છે. જ્યાં એક શ્વાસોશ્વાસમાં સાડા સત્તર ક્ષુલ્લકભવ જીવો કરે છે. અને બે ઘડીમાં ૩૭૭૩ શ્વાસોશ્વાસ થાય છે. અને તેટલા કાળમાં એક જીવ ૬૫૫૩૬ એટલા નાના ભવો નિગોદ વનસ્પતિકાયમાં રહ્યો થકો કરે છે. એવા નિગોદની અંદર અનંતો કાળ રહી હે જીવ! તેં અનંતા ભવ કર્યા. 'સાત નરક કીયો વાસ' વલી સાત નરક છે. જેહના નામ આ પ્રમાણે છે. ઘંમા, વંસા, સેલા, અંજણા, રીઠા, મઘા અને માઘવતી. અને જેહના ગોત્રના નામ આ છે–રત્નપ્રભા, સરકરપ્રભા, વાળુપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમપ્રભા, અને તમતમપ્રભા, એ પ્રમાણે નામ ગોત્રવાળી આ સાતે નરકમાં અસંખ્યાતા કાળ સુધી દુઃખ સહન

કરતા હે જીવ! તેં નિવાસ કર્યો. 'બંધન બાંધ્યો કર્મનો' તેમજ વલી મિથ્યાત્વ, અવિરતિ. કષાય અને યોગ તથા પ્રમાદ એ કર્મ બંધનના કારણો છે. ચાર પ્રકારના બંધન છે; તે આ–સ્પષ્ટ બંધન, બદ્ધ બંધન, નિધત્ત બંધન અને નિકાચિત્ત બંધન. બંધ ચાર ભેદે છે. તે આ–પ્રકૃતિબંધ, સ્થિતિ બંધ, રસબંધ, અને પ્રદેશબંધ, કર્મ આઠ પ્રકારના છે. તે આ–જ્ઞાનાવરણિકર્મ, દર્શનાવરણિકર્મ, વેદનીકર્મ મોહનીકર્મ, આયુઃકર્મ નામકર્મ, ગોત્રકર્મ અને અંતરાયકર્મ. એ આઠે કર્મના મિથ્યાત્વાદિ કારણે કરી અનેક પ્રકારના હે જીવ! તેં બંધન બાંધ્યાં. શાથી? તે બતાવે છે–'કીધો કૂડ અભ્યાસ' ખોટો અભ્યાસ કર્યો, અભ્યાસ એટલે વારંવાર કરવું તે, ન આચરવાનું આચર્યું અને આચરવાનું ન આ-

ચર્યું તેથી તો સંસારમાં રખડવું થયું છે. જ્યારે જીવ સ્વચ્છંદતા છોડે, અને જ્ઞાનિઓની આજ્ઞા પ્રમાણે વર્તે ત્યારે રખડવાનું બંધ થાય અને જીવ શાંતિ પામે. ૧૯

**સંસારમાં પરિભ્રમણ કરતાં જીવે કેટલું બધું ખાધું અને પીધું, તેનું માપ થાય તેમ નથી, તે જણાવે છેઃ-**

‘ सायर सलिल थकी अधिक,
तें पीधा माय थांन;
बहु पर्वत प्राये घणा,
तें आरोग्या धांन. ’ ॥ २० ॥

અર્થઃ-‘સાયર સલિલ થકી અધિક’ પોતાના કરેલા કર્મે કરી અનાદિ કાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં હે જીવ! તેં સમુદ્રોના પાણી કરતાં પણ અધિક જેના માટે બીજી કોઇ

પણ ઉપમા આપી શકાય નહિ, એટલા 'તેં પીધા માય થાંન' તેં માતાઓના સ્તન પાન કરી દૂધ પીધા. આથી વિચારવું જોઈએ કે આ ભવચક્રમાં પરિભ્રમણ કરતા આ મ્હારા જીવેં કેટલી માતાઓ કરી છે કે જેની સંખ્યા પણ થઈ શકે નહિ. અને વલી 'બહુ પર્વત પ્રાયે ઘણા' મેરૂ પર્વતના જેવડા મ્હોટા મ્હોટા ઘણા પર્વતો કરતાં પણ પ્રાયેં અધિક 'તેં આરોગ્યા ધાંન' હે જીવ ! તેં ધાન્ય આરોગ્યા-ખાધા. છતાં પણ તૃપ્તિ ન વરી, ભૂખ ન મટી. તે તરફ અરૂચિ ન થઈ, તેનું કારણ શું ? એજ કે વિરતિનો પરિણામ જીવને ન ઉદ્ભવ્યો તેથી. ખરેખર સંતોષના ઘરમાં આવ્યા શિવાય અને પવિત્ર ધર્મના પ્રેમી બન્યા વિના આ ભૂખ તૃષા અનાદિ કાલની ભાંગે તેમ નથી. ૨૦

સંસારમાં રખડતાં આ જીવે કેટલું પાણી પીધું તે જણાવે છેઃ—

समुद्र नदी प्रायें घणो,
जीवतें पाणी पीध;
भूरि भवंतर पूरि तें,
तोहि तृपति न लीध. ॥ २१ ॥

અર્થઃ—'સમુદ્ર નદી પ્રાયેં ઘણો' સર્વ સમુદ્ર અને સર્વ નદીયો તેથી પણ પ્રાયે ઘણો અધિક 'જીવ તેં પાણી પીધ' હે જીવ! તેં પાણી પીધું. અને 'ભૂરિ ભવંતર પૂરિ તેં' અનંતા જન્મ-મરણે કરી અનંતા ભવ પૂરા કર્યા; તેમાં તો હે જીવ! તેં દુનિયા-ભરનું પાણી પીધેલું છે. 'તો હિ તૃપતિ ન લીધ' છતાં પણ ખરેખર તને તેનાથી તૃપ્તિ ન થઇ. ખરેખર તૃપ્તિ તો ત્યારે થાય કે જ્યારે

શ્રી વીતરાગ પ્રભુએ ફરમાવેલ મંગલકારી ધર્મને આરાધન કરી સર્વકર્મનું ક્ષય થાય ત્યારપછી તૃષા રહે નહિ. માટે ધર્મની આરાધના કરવામાં તલ્લાલીન થવું જોઇએ. ૨૧

**સંસારમાં જીવનો કોઈપણ શત્રુ નથી તે જણાવે છે:—**

**इम भमतां सहुए सगो,**
**शत्रु न को संसार;**
**समताशुं मन संवरे,**
**मैत्री भाव विचार. ॥ २२ ॥**

અર્થ:-'ઇમ ભમતાં સહુએ સગો' આ પ્રકરણ સ્વાધ્યાય સંબંધી ઉપરની ચાર ગાથાઓમાં એટલે ૧૮મી ગાથાથી ૨૧મી ગાથા સુધીમાં બતાવેલ સ્વરૂપને વિચારતાં જણાય છે કે સંસારમાં એ પ્રમાણે પરિભ્રમણ કરતા

મારા જીવને એક એક જીવની સાથે અનંતા અનંતા સંબંધો થએલા છે. તેથી તે જીવોની સાથે કોઇ વખત માતા રૂપે તો કોઇ વખત પિતા, ભાઇ, બંધુ, પુત્ર, પુત્રી અને સ્ત્રી વિગેરેના રૂપે સંબંધી થવાથી આ જીવને સંસારમાં સર્વ કોઈ જીવો સગા થાય છે. 'શત્રુ ન કો સંસાર' તેથી આ સંસારમાં સર્વ જીવોની સાથે સગપણનો સંબંધ હોવાને લઇને કોઈપણ જીવ કોઈ જીવનો ખરી રીતે શત્રુ નથી. 'સમતાશું મન સંવરે' સર્વ જીવો મ્હારા બંધુ છે, મિત્ર અને સગા પણ છે. એ પ્રકારે વિચારે એમ સમતા ભાવને ભાવવાથી મનમાં આવતા રાગ દ્વેષના પરિણામને સંવરે એટલે અટકાવે. તેમજ 'મૈત્રી ભાવ વિચાર' સર્વ જીવોની સાથે મૈત્રીભાવના ભાવે કે સર્વ જીવો સુખી થાઓ, કોઇપણ

દુઃખી ન થાઓ અને સર્વેનું કલ્યાણ થાઓ એ પ્રમાણે વિચાર કરે કે જેથી મૈત્રી ભાવનાની વૃદ્ધિ થાય. ૨૨

**આ જીવનું આયુષ્ય અથિર છે, તે દૃષ્ટાંત આપી બતાવે છેઃ—**

**कुस अग्रें जलबिंदु सम,**
**जल बुद बुद जिम होय;**
**इंद्र धनुष गजकन्न परे,**
**जीविय चपल इम जोय.॥ २३ ॥**

અર્થઃ–'કુસ અગ્રેં જલબિંદુ સમ' દર્ભની અણીના ઉપર રહેલ જે જલબિંદુ એટલે પાણીનું ટિપું જેમ ચંચલ છે, સહેજ પવનનો આંચકો લાગ્યો કે પડી જાય છે; તેમજ 'જલ બુદ બુદ જિમહોય' પાણીના પરપોટા પણ જેમ ચંચલ છે, થોડા પવનના યોગે

જેમ નાશ પામે છે; તેમજ વલી 'ઇંદ્ર ધનુષ ગજકન્ન પરે' ઇંદ્ર ધનુષ એટલે પ્રાયેં વર્ષાતના સમયમાં આકાશની અંદર ત્રિરંગી ધનુષના જેવી આકૃતિ દેખાય છે, તેને ઇંદ્ર ધનુષ કહે છે, તે ઇંદ્ર ધનુષ અને હાથીના કાન જેમ ચપલ છે જે સ્વરૂપે હોય તે સ્વરૂપે થિર રહી શકતા નથી. 'જીવિય ચપલ ઇમ જોય' એમ એવી રીતે આ જીંદગી–આયુષ્યને પણ હે જીવ! તું ચંચલ–ક્ષણમાં નાશ પામનાર જો, જાણ–સમજ, અને પરમધર્મને સેવન કર, બીજી આલ પંપાલ ને તું છોડી દે, પામેલ ઉત્તમ મનુષ્ય જીંદગીને સફલ કર અને આવતા ભવને સુધાર. ૨૩

**સંસારિક સંયોગોને સ્વપ્ન સરખા સમજી ધર્મ કરવો જોઇએ, તે કહે છે:–**

सुहणा समवड जाणियें,
ए सघलो संयोग;
धर्म म छंडिस मन थकी,
तेहनो लही वियोग. ॥ २४ ॥

અર્થઃ-'સુહણા સમવડ જાણિયેં' રાત્રિમાં આવેલા સ્વપ્નાનાં સરખો જાણવો, 'એ સઘલો સંયોગ' આ સમસ્ત સંસારિક સંયોગ એટલે માતા, પિતા, ભાઇ, બ્હેન, સ્ત્રી, પુત્ર, પુત્રી, સ્વજન, પરિજન, ધન, ધાન્ય યાવત્ પદાર્થ માત્રનો સંબંધ થવો તે સંયોગ કહેવાય છે. 'ધર્મ મ છંડિસ મન થકી' તેવા સંસારિક પદાર્થોની પ્રાપ્તિમાં થતા અભિમાનને તજી ધર્મને. હે જીવ! તું મનથી છોડીશ નહિ. 'તેહનો લહી વિયોગ' અને એ પ્રાપ્ત થએલા પદાર્થોના સંયોગના વિયોગમાં પણ

હે જીવ! તું થતા આર્તધ્યાનને મૂકજે અને પવિત્ર ધર્મને છોડીશ નહિ. કારણ કે-પદાર્થોનો સંયોગ જે છે તે તો સ્વપ્નના સરખો અસ્થિર છે તો તેનો વિયોગ થવો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. માટે તું ધર્મને છોડીશ નહિ. એ ધર્મના પ્રતાપે જે સંયોગ થશે તે કદી નાશવંત નહિ થાય. એમ સમજીને હે જીવ! તું ધર્મની જ સેવના કર. ૨૬

**ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિમાં તું અભિમાની બનીશ નહિ, અને કોઇનું બુરૂં કરીશ નહિ, તે જણાવે છેઃ—**

**आप सवारथ आवियो,**
**ए सहुए तुं जाण;**
**मोह तणे मद मोहीयो,**
**म करीश परतणी हाण. २७**

અર્થઃ—' આપ સવારથ આવિયો ' આ સંસારમાં સર્વ કોઇ પોતાના કર્મયોગે આવિ એકઠાં થએલ છે તે પોત પોતાના સ્વાર્થને અંગે આવી એકઠા થએલ છે. ' એ સહુએ તું જાણુ ' માતા, પિતા, ભાઈ, બ્હેન, સ્ત્રી, પુત્ર અને પરિવાર વિગેરે એ સર્વ પોતાના સ્વાર્થના અંગે આવી એકઠા થયા છે. એમ હે જીવ! તું જાણુ—સમજ. ' મોહતણે મદ મોહિયો ' એ પરિવારના ખોટા મોહના મદમાં તું મુંઝાઇને એટલે મ્હારા જેવો કોઇ નથી, કારણ કે મનવલ્લભ વસ્તુઓનો મને મેલાપ થએલ છે. ઇત્યાદિ ચિત્તમાં ધારી અભિમાનમાં છલકાઈ જઈને ' મ કરીશ પર તણી હાણુ ' બીજા કોઇપણ જીવની, હે જીવ! તું હાનિ કરીશ નહિ, બીજો જીવ દુઃખી થાય તેવા પ્રકારની કાંઇપણ

પ્રવૃત્તિ તું કરીશ નહિ. અને તારા ચિત્તમાં નિશ્ચયથી ધારજે કે ઇષ્ટ સંયોગ ક્ષણમાં નાશવંત છે, સ્વપ્નના જેવો ચપલ છે તો તે સંબંધી અભિમાન કરવાનો ન હોય, પણ ઈષ્ટ વસ્તુઓ ધર્મથી પ્રાપ્ત થાય છે માટે પવિત્ર ધર્મ સેવન કરવામાં ઉજમાલતા ધારણ કરવી જોઇએ. ૨૫

**શ્રાવક કુલમાં જન્મ પામી શ્રદ્ધા પૂર્વક ધર્મ આચરવો જોઈએ, તે કહે છેઃ—**

**दश दृष्टांते दोहिलो,**
**तें श्रावक कुल लब्ध;**
**शीलव्रत साचो वहे,**
**पाले समकित शुद्ध २६**

અર્થઃ—' દશ દૃષ્ટાંતે દોહિલો ' આ સંસા-

રમાં ભમતાં જીવને મનુષ્ય જન્મ પામવો બહુ દુર્લભ બતાવેલ છે. તે નરભવની દુર્લભતામાં દશ દૃષ્ટાંતો કહ્યા છે, તે આ પ્રમાણે—

"चुल्लगे पासगे धन्ने,
जूए रयणे अ सुविणे चक्के अ ॥
चम्म जुगे परमाणु,
दस दिट्ठंता मणु अ लंभे" ॥ १ ॥

આનો ટુંક અર્થ આ પ્રમાણે છે-ચુલાનો દૃષ્ટાંત પથમ બતાવે છે-બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ખુશી થઈ બ્રાહ્મણને પોતાને ત્યાં ભોજન આપ્યું. તે ચક્રવર્તિનું ભોજન તેની મીઠાશ બ્રાહ્મણની દાઢમાં રહી ગઈ. પણ ચક્રવર્તિને ત્યાં ભોજન કરવાનો વારો ફરી ફરી આવે નહિ; તેમ મનુષ્ય જન્મ પણ ફરી ફરી મલવો દુર્લભ છે. ૧

બીજો પાશાનો દૃષ્ટાંત બતાવે છેઃ-

ચાણાકયના પાશા દેવાંશી હતા. તેણે તે પાશાવડે પૃથ્વીના મનુષ્યોની સાથે રમી રમી તેઓને જીતી લક્ષ્મીના ભંડાર ભર્યા, આવા પાશા ફરી ફરી પામવા દુર્લભ, કદી દૈવ યોગે પામે પણ ફેર મનુષ્ય જન્મ પામવો અતિ દુર્લભ છે.૨

ત્રીજું ધાન્યનું દૃષ્ટાંત બતાવે છેઃ-

જેમ વૃદ્ધ સ્ત્રી મેરૂ પર્વત જેવડા ધાન્યના ઢગલામાંથી એક પાલી સરસવ જે છે તેને વીણી જુદા કાઢવા જેમ દુર્લભ છતાં દેવયોગે બને પણ ગયો મનુષ્ય જન્મ ફેર મલવો અતિ દુર્લભ છે. ૩

ચોથો દૃષ્ટાંત જૂઆ રમવાનો છે તે બતાવે છેઃ-કોઇ રાજાનો પુત્ર બાપ સાથે જૂએ રમવા બેઠો તે સભામાં હજાર સ્તંભ તેમને તેટલીજ

હાંસો, જેટલી હાંસો તેટલી વાર જીતે તો રાજ્ય પામે અને વલી હારે તો તેટલી વાર રમે, એમ કરતાં જીતે તો રાજ્ય પામે. તે દેવયોગે કદાચિત્ બને પણ ગયો મનુષ્ય જન્મ ફેર પાછો મલવો અતિ દુર્લભ છે. ૪

પાંચમો રત્નોનો દૃષ્ટાંત બતાવે છેઃ–

કોઈ વણિકે રત્ન સંચ્યા, એક પણ ખરચે નહિ; તેના પુત્રે દેશ પરદેશે વાપર્યાં. તે ફરી એકઠા થવા દુર્લભ. કદાચિત્ દેવયોગે મલે પણ ગયો મનુષ્યભવ ફેર પાછો મલવો અતિ દુર્લભ.૫

છઠો સ્વપ્નનો દૃષ્ટાંત બતાવે છે:–

મૂલદેવે ચંદ્રનો સ્વપ્ન દીઠો, અને કાપડીએ પણ તેજ દીઠો, કાપડીયાને સઘૃત ખાંડ રોટલો અને મૂલદેવને રાજ્ય. ફરી ચંદ્રસ્વપ્ન દેખવું દુર્લભ, કદાચિત્ દેવયોગે પ્રાપ્ત થાય,

પણ મનુષ્યજન્મ ફરી મલવો અતિ દુર્લભ છે. ૬

ચક્ર એટલે રાધાવેધ. સાતમો રાધાવેધનો દૃષ્ટાંત બતાવે છેઃ-જેમ કોઇ કલાવાન્ રાધાવેધને કયારેક એકવાર સાધે, પણ વારંવાર સાધી શકે નહિ. કદાચિત્ દૈવયોગે સાધે પણ ગયો મનુષ્ય જન્મ ફેર પાછો મલે નહિ. ૭

આઠમો કાચબાનો દૃષ્ટાંત બતાવે છેઃ-

સેવાલથી ઢંકાઇ ગયેલા પાણીના દ્રહમાં સરદ પૂર્ણિમાના ચંદ્રને સેવાલના વિવરમાંથી કાચબો દેખે, કુટુંબને દેખાડવા પાછો જાય, પણ વિવર પવનથી પૂરાઇ જાય તેથી ફેર પાછો દેખવો દુર્લભ. કદાચિત્ દૈવયોગે દેખે. પણ ગયો મનુષ્ય ભવ ફેર પાછો મલવો અતિ દુર્લભ જાણવો. ૮

નવમો યુગ એટલે ધુંસરાનો દૃષ્ટાંત બતાવે છેઃ-ધુંસરાને પૂર્વ લવણસમુદ્રમાં અને સમી-

લને પશ્ચિમ લવણસમુદ્રમાં નાખેલ હોય તે એકઠા થઇ શકે નહિ. કદાચિત્ દેવયોગે એકઠા થાય અને ધુંસરાના બાંખામાં સમીલ પેસે પણ ગુમાવેલ મનુષ્ય જન્મ ફેર પાછો મલવો અતિ દુર્લભ છે. ૯

હવે દશમો પરમાણુનો દૃષ્ટાંત બતાવે છે:-

જેમ કોઇ સ્તંભ અથવા રત્ન તેને ચૂરે-ચૂરા કરી બહુ બારિક પરમાણુ રૂપે બનાવી નલિકા દ્વારાએ ફુંકી વિખેરી નાખે અને તે પરમાણુઓને ફરી એકઠા કરી તેજ ચીજ બનાવવી મુશ્કેલ છે. કદાચિત્ દેવયોગે બને પણ પ્રાપ્ત થએલ મનુષ્ય જન્મ ગયો તો પાછો મલવો અતિ દુર્લભ છે. ૧૦

ઉપર બતાવેલા દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય જન્મ અને 'તં શ્રાવક કુલ લદ્ધ'

તેં શ્રાવકનું કુલ એ બન્ને, હે જીવ! તેં પ્રાપ્ત કર્યાં; માટે હવે સંસાર સમુદ્રને તરવા સારૂં 'શીલવ્રત સાચો વહે' ખરેખર સાચા એવા શીલવ્રતને હે જીવ! તું વહન કરજે અને 'પાલે સમકિત શુદ્ધ' શુદ્ધ એવા દેવ, ગુરૂ અને ધર્મના ઉપર સાચી સદ્દહણા રૂપ જે સમકિત તેને હે જીવ! તું પાલન કરજે; કારણકે શીલ અને સમકિત રૂપ એ બન્ને તુંબડા તારી પાસે હશે તો તું સંસાર સમુદ્રમાં ડૂબિશ નહિ અને તરીને પેલે પાર પોચીશ. તેથી એ બે તુંબડાને કાણાં કરીશ નહિ. માટે જેમ બને તેમ એ બન્નેને પાલન કરજે. ૨૬

**જયાંસુધી શરીર સારૂં છે ત્યાં-સુધીમાં ધર્મની આરાધના કરી લેવી જોઇએ, તે કહે છે:—**

जरा न आवे जां लगें,
पंचेंद्री समरथ्थ;
व्याधि न आवे देहने,
तां साधे परमथ्थ, २७

અર્થ:–' જરા ન આવે જાં લગેં ' પોતાના શરીરમાં જરા એટલે વૃદ્ધ અવસ્થા જ્યાંસુધી આવી નથી, તેમજ 'પંચેંદ્રી સમરથ્થ' પાંચે ઇંદ્રિયો પોત પોતાના કાર્ય કરવામાં સમર્થ છે એટલે શક્તિહીન થએલ નથી, અને ' વ્યાધિ ન આવે દેહને ' શરીરમાં અનેક પ્રકારની વ્યાધિયોમાંથી કોઇપણુ જાતની વ્યાધિ આવી નથી, એટલે શરીર જ્યાંસુધી નિરોગી છે. ' તાં સાધે પરમથ્થ ' ત્યાંસુધીમાં સાવધાની રાખી આલસ પ્રમાદને દૂર કરી અવશ્ય સાધવા યોગ્ય જે પરમાર્થ એટલે પોતાના

આત્મ સંબંધી હિત તેને ખાસ સાધી લેવા જોઈએ. એ અપૂર્વ અવસર ગયા પછી આત્મ-કલ્યાણની પ્રવૃત્તિ થઈ શકિત નથી. ૨૭

**ટુંકી જીંદગીમાં સર્વ ઉપાધિઓનો ત્યાગ કરી ધર્મને આદરવો જોઈએ, તે કહે છે:—**

**गण्या आउखा दीहडा,**
**जे गया ते न वलंत;**
**एम जाणी आदर सहित,**
**धर्म करो दृढ चित्त. २८**

અર્થ:–'ગણ્યા આઉખા દીહડા' જીંદગીમાં આયુષ્યના દિવસો તો ગણતરીના છે. 'જે ગયા તે ન વલંત' તેમાં જે દિવસો ગયા તે પાછા વલતા નથી, જેમ પર્વતથી નીચે ઉતરેલ નદીનું પાણી ફેર ઉંચે ચડે નહિ.

'એમ જાણી આદર સહિત' એમ જાણી-સમજી આદર સહિત-પ્રેમપૂર્વક, 'ધર્મ કરો દૃઢ ચિત્ત' દૃઢ ચિત્તવાળા થયા થકા એટલે વિષય-કષાયની અંદર થતી ચિત્તની ચંચલતાને દૂર કરી ધર્મ કરણીને કરો. ૨૮

**ઉત્તમ નરભવ પામી જીવની યતનાને ભૂલીશ નહિ, તે કહે છે:—**

**नरभव चिंतामणि समो,**
**आलें तुं म महार;**
**जिन शासने मन थिर करी,**
**जीव जतन संभार. २९**

અર્થ:-'નરભવ ચિંતામણિ સમો' આ મનુષ્ય જન્મ ચિંતામણિ રત્નની માફક પામવો અતિ દુર્લભ છે. 'આલેં તું મ મહાર' તેવા મનુષ્ય જન્મને પામીને, હે જીવ! તું

ફોકટ ગુમાવિશ મા, એટલે ખોઇ નાખીશ નહિ. ત્યારે શું કરવું ? તે જણાવે છે, 'જિન શાસને મન થિર કરી' પ્રભુ આજ્ઞામાં મનને સ્થિર કરી, ધર્મ કરણીમાં મનને જોડી 'જીવ જતન સંભાર' હે જીવ ! ઉપયોગ રાખી તું હરકોઇ કાર્યમાં જીવ યતના છોડીશ નહિ એટલે સર્વ જીવોની યતનાપૂર્વક સંભાળરાખજે, અને પોતાના જેવા સર્વ જીવોને ગણી કોઈ પણ જીવને દુઃખ ન થાય તેમ વર્તવા કોશિષ કરજે. આથી પોતાના આત્માને અભયદાન પ્રાપ્ત થશે અને તેથી આત્મા સુખનો ભાગીદાર બનશે. ૨૯

**શ્રદ્ધા પૂર્વક ધર્મ કરણી કરવાથી જીવ સુખનો ભાગિદાર થાય છે. તે કહે છેઃ—**

भोग भला ते नर लहे,
  हरखें जे दिये दांन;
समकित विणुं शिवपद नहिं,
  जेह अनंत सुख ठाण. ३०

અર્થઃ-'ભોગ ભલા તે નર લહે' શાલિભદ્ર તથા ધન્નાજીની માફક ઉત્તમ પ્રકારના સુખ ભોગ તે મનુષ્ય પામે કે જે જીવ હર્ષથી ઉત્તમ ભાવના પૂર્વક ઉત્તમ પાત્રમાં દાન આપે, દાન દિધા શિવાય ભોગની પ્રાપ્તિ નથી, કહ્યું છે કે—

"दीयाका गुण ते लहे,
  दीया करो सब कोय;
पडी वस्तु सूझे नहि,
  जो कर दीया न होय." १

અર્થાત્-દીપકનો ગુણુ તેલ છે, દીપક કરો; કારણ કે પડેલ વસ્તુઓ દેખાય નહિ જો હાથમાં દીપક ન હોય તો, અને મુખ્ય અર્થ આ પ્રમાણે-દેવાનો ગુણુ પોતે જ પામે એટલે જે આપે તે પામે; તે માટે સર્વ કોઇ દાન કરો. પગલે પગલે નિધાન છે. વસ્તુઓ પડી છે પણુ દેખાય નહિ જો હાથથી દાન આપ્યું ન હોય તો, આથી સુખની વાંચ્છા વાળાએ દાન કરવું જોઈએ; તેનાથીજ સુખની પ્રાપ્તિ થાય છે. 'સમકિત વિણું શિવપદ નહિં', સુદેવ, સુગુરૂ અને સુધર્મ ઉપર સંપૂર્ણ વિશ્વાસ-શ્રદ્ધા તેનું નામ સમકિત જાણવું. તે સમ્યક્ત્વ વિના શિવપદની પ્રાપ્તિ થતી નથી. શિવપદ એટલે મોક્ષપદ તે સમસ્ત કર્મ ક્ષય થવાથી પ્રાપ્ત થાય છે, અને 'જેહ અનંત સુખ ઠાણુ, જે શિવપદ અનંતા

સુખોનું સ્થાન છે, અનંતા કાળ સુધી તેજ સ્થિતિમાં રહેવાનું છે. વાણીથી અવર્ણનીય અને છદ્મસ્થ જીવને અગોચર જેના સુખો છે. તે સુખોની ઇચ્છાવાળાઓએ જ્ઞાનીઓના વચન ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખવી જોઈએ, અને તે પૂર્વક ધર્મની સર્વ ક્રિયાઓ થવી જોઈએ, તોજ અખંડ કલ્યાણનું ધામ પ્રાપ્ત થાય૩૦

**આ સ્વાધ્યાય સ્મરણ કરવાનું ફલ કહે છેઃ—**

**मूल—ए ओगण त्रिशी भावना,**
**पार्श्वचंद्र सुविचार;**
**जे मनमांहें समरसे,**
**ते तरसे संसार. ३१**

અર્થઃ–'એ ઓગણત્રિશી ભાવના' જેનું વર્ણન ઉપર કરી આવ્યા છીએ એવી આ

ઓગણત્રિશી ભાવના ‘ પાર્શ્વચંદ્ર સુવિચાર ’ પાર્શ્વચંદ્ર એટલે કર્તાએ પોતાનું નામ ટુંકમાં બતાવેલ છે, તે નાગપુરીય વૃહત્તપાગચ્છાધિરાજ શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજીએ બનાવી છે, જેમાં ઉત્તમ આત્મસંબંધીના વિચારો રહ્યા છે. અથવા પાઠાંતરે ‘ તેહનો શુદ્ધ વિચાર’ આ ભાવનાનો શુદ્ધ વિચાર એટલે પવિત્ર તત્વજ્ઞાનનો પર્યાલોચન ‘ જે મનમાંહે સમરસે ’ જે ભવ્યાત્મા જીવ ઉપયોગ પૂર્વક મનમાં સ્મરણ કરશે. શાંતરસમાં તલ્લાલીન બની વિચારશે વારંવાર તેનો અભ્યાસ કરશે, ‘ તે તરસે સંસાર ’ તે અનેક દુઃખોથી ભરપૂર એવા સંસાર સમુદ્રથી તરસે, અવિચલ સ્થાનને પામશે, અને કલ્યાણ મંગલમાળા શ્રીને વરસે. ૩૧

આ ઓગણત્રિશીભાવનાનો ટુંક અર્થ પો-

તાની અલ્પ બુદ્ધિના અનુસારે પોતાના અને પરના ઉપકારને માટે પરમપૂજ્ય પરમોપકારી પ્રાતઃસ્મરણીય મહિમાનિધાન શ્રીજૈન શ્વેતાંબરાચાર્ય પરમગુરૂ શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ સાગરચંદ્રે વિ. સંવત્ ૧૯૯૧ના જેઠ વદ ૧૩ શુક્રવારે રાજનગરમાં લખ્યો છે. કલ્યાણમસ્તુ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ ઇતિ શ્રી ઓગણત્રિશી ભાવના સજ્ઝાય સમાપ્તઃ ॥

॥ श्रीजिनवराय नमः ॥

શ્રીમન્નાગપુરીય વૃહત્તપાગચ્છાધિરાજ યુગપ્રવરા-
ચાર્ય શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વર વિરચિત-

# શ્રી આત્મશિક્ષા સ્વાધ્યાય-દૂહા.

અર્થ કર્તા—

આચાર્ય શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વર શિષ્ય
મુનિ સાગરચંદ્રઃ—

સ્વાધ્યાયકાર પ્રારંભમાં અભિમાન દોષને તજવાનું જણાવે છેઃ—

'रे अभिमानी जीवडा,
तुं केम पामीश पार;

लघु छल निरखे पारका,
तुं तेहनो भंडार.' ॥ १ ॥

અર્થઃ-'રે અભિમાની જીવડા' મનમાં કોઇપણ વિષયની માદકતા પેદા થઇ કે તેને લઇને નમ્રતા-વિનય અને ઔચિત્ય આદિ ગુણોનો નાશ થાય છે; સર્વત્ર સ્થલે સર્વ કાર્યમાં હું હું વિના યોગ્યતાએ 'અહં ભાવ' 'હુમ્મ્ બડે' જે ધર્યા કરે છે, તેને શાસ્ત્રકારો અભિમાન કહે છે. અને તેના બીજા નામ-અહંકાર, ગર્વ, મદ વિગેરે કહેલા છે. તેમાં મદના આઠ ભેદ છે તે આ પ્રમાણે-જાતિમદ, કુલમદ, રૂપમદ, બલમદ, શ્રુતમદ, તપમદ, લાભમદ, અને લક્ષ્મીમદ, આ મદોમાંથી કોઇ પણ મદ કરવાથી જીવ હીનતાને પામે છે, તેથીજ મદો અનેક અનર્થના કરનારા છે જેમકે-૧-

જાતિમદે હરિકેસી હીનતાને પામ્યા, ૨–કુલમદે મરિચિએ સંસાર વધાર્યો ૩–રૂપમદે સનતકુમારચક્રી રોગી થયા ૪–બલમદે શિવભૂતિ વીરપ્રભુને જીવ નરકાદિક ગતિને પામ્યા. ૫–શ્રુતમદે સ્થુલિભદ્રસ્વામી પૂર્ણ અર્થ ન પામ્યા. ૬–તપમદે કુરગડુમુનિ તપને અંતરાય પામ્યા. ૭–લાભમદે સુભૂમચક્રી સાતમી નરકે ગયા. લોભ અને લાભને એકજ ગણેલ છે ૮–લક્ષ્મી મદે દશાર્ણભદ્ર હાર્યા. આનેજ ધનમદ, ઠકુરાઇમદ, રાજ્યમદ અને પ્રભુતામદ પણ કહેલા છે. આ મદો અભિમાન રૂપ પર્વતના આઠે શિખરો છે, અને દુર્ગતિને આપનારા છે, એ અભિમાનને વિકાર જે જીવને થયો તે અભિમાની જીવ કહેવાય છે, અને તે અભિમાની જીવ આત્મ ગુણને ઘાતિ કહેલ છે. માટેજ પ્રારંભમાં અભિમાનને ત્યાગ કરવા

ઉપદેશ કરે છે- હે અભિમાની જીવ ! તું ખોટા અહંકારને ધારણ કરીશ તો આ દુઃખ ભરપૂર અને અનેક ગતિઓમાં ભમાવનાર સંસાર ચક્રનો પાર શી રીતે પામીશ ? માટે તું અભિમાનને છોડ. કહ્યું છે કે–

'औचित्याचरणं विलुम्पति
पयोवाहं नभस्वानिव ।
प्रध्वंसं विनयं नयत्यहिरिव-
प्राण स्पृशां जीवितम् ॥
कीर्तिं कैरविणीं मतङ्गज इव
प्रोन्मूलयत्यञ्जसा ।
मानो नीच इवोपकारनिकरं-
हन्ति त्रिवर्गं नृणाम्' ॥ १ ॥
'मर्दय मानमतङ्गजदर्पं,
विनयशरीरविनाशनसर्पम् ॥

क्षीणो दर्पादशवदनोऽपि,

यस्य न तुल्यो भुवने कोपि' ।२।

અર્થાત્–નીચ પુરૂષ જેમ ઉપકારના સમુદાયને નાશ કરે છે. તેમ માન મનુષ્યના ત્રણ વર્ગને એટલે ધર્મ, અર્થ અને કામને નાશ કરે છે. જેમ વાયુ મેઘને નાશ કરે છે તેમ માન મનુષ્યના યોગ્ય આચરણને નાશ કરે છે, પ્રાણિઓના પ્રાણને જેમ સર્પ નાશ કરે છે તેમ માન આત્માના વિનયગુણને નાશ કરે છે અને હાથી જેમ કમલ લતાને જડામૂલથી ઉખેડી નાખે છે તેમ માન મનુષ્યની કીર્તિને સર્વથા નાશ કરે છે. ૧

માટે વિનય શરીરને નાશ કરવામાં સર્પ સરખા એવા માન રૂપ હાથીના ગર્વને નાશ કર. કારણ કે–જગતમાં જેનો જોટા ન મલે

એવો મોટો રાજા રાવણ પણ અભિમાનથી નાશ પામ્યો છે. માટે અભિમાન છોડવા યોગ્ય છે. જો ન છોડીશ તો ભવ સમુદ્રને શી રીતે તરીશ ? વળી 'લઘુ છલ નિરખે પારકા' બીજાઓના નજીવા નાના નાના દોષોને જોવાની તારી આદત પડેલી છે. અને પોતામાં રહેલા મોટા મોટા અવગુણ તરફ તારો ખ્યાલ પણ નથી, આતો '**સહુ કોઈ ગામ બળતું દેખે પણ પગ બળતા ન દેખે**' એ કહેવત મુજબ થાય છે. પણ 'તું તેહનો ભંડાર' તું પોતેજ દોષોનો ભંડાર છે, તે તરફ જો ખ્યાલ ન કરીશ તો દુર્જનોની કોટીમાં ગણાઇશ. કહ્યું છે કે—

'खलः सर्षपमात्राणि,
परच्छिद्राणि पश्यति।
आत्मनो बिल्वमात्राणि,
पश्यन्नपि न पश्यति' ॥१॥

અર્થાત્-ખલ એટલે દુર્જન પુરૂષ તે જાણવો કે જે નાનામાં નાના સર્ષવ જેવડા પારકાના દોષોને જોઇ શકે છે અને પોતાનામાં રહેલા મોટા બિલ્વના ફલ જેવડા દોષો હોવા છતાં પણ જોઇ શકતો નથી માટે પારકા દોષ જોવાની ટેવને મૂક, અને પોતાનામાં રહેલ દોષોને શોધિ તેનો ત્યાગ કર.

**અભિમાન નુકશાન કર્તા છે એમ જણાવે છેઃ—**

**अछतां दूषण पारका,**
**गुण आपणा प्रकाश;**
**एणी परे तो अभिमान वसे,**
**वसवो नरक निवास. २**

અર્થઃ-'અછતા દૂષણ પારકા' બીજાઓમાં કોઇ પણ જાતના દોષો-એબો ન હોય છતાં

ખોટી રીતે તેઓને હલકા પાડવા માટે અથવા જે દોષો તેમનામાં ન હોય છતાં પણ તેમને વગોવવા ખાતર-'તેઓએ આમ અયોગ્ય કર્યું, એમને આમ શું કરવા યોગ્ય છે? છતાં પણ જુઓ કરે છે, એમને તે કોણ અટકાવે, તેઓ આવા અધમ છે. ઇત્યાદિ મિથ્યા વચનો નિઃશંકપણે બીજાઓની સન્મુખ પ્રકાશ કરવા અને 'ગુણ આપણા પ્રકાશ' પોતાનામાં તે તે ગુણો ન હોય છતાં બીજાઓની આગળ પોતાની ખોટી બડાઇઓ હાંકવી, જુઓ અમે આ વખતે આમ કર્યું, અમે એને પાયમાલ કરવા ધારત તો જરૂર તેને પાયમાલ કરત પણ એના જેવા અમારાથી કેમ થવાય? અમારી ખાનદાની અમને આડી આવે છે, અમે જે કર્યું છે તેવું બીજાઓને કરતાં વાર લાગશે, એતો ભાઇ બોલવું સહેલું છે, પણ અમારી

માફક કરો ત્યારે ખબર પડે કે આમ થાય છે' એ પ્રમાણે અછતા પોતાના પોતેજ વખાણ કરવા આ સ્વરૂપ અભિમાનનું છે, પરનિંદા સ્વ-પ્રશંસા કરવી એનું નામ અભિમાન કહેવાય છે. 'એણી પરેતો અભિમાન વસે' એ પ્રકારે ખોટા અભિમાન–અહંકારમાં જો તું પડી જઇશ અને સ્વેચ્છાચારીપણે વર્તિશ તો 'વસવો નરક નિવાસ' અસહ્ય નરકના દુઃખો નરકમાં વસતા તારે વારંવાર સહન કરવા પડશે. માટે હે જીવ! તું મિથ્યા અભિમાનને છોડ. કે જેથી આત્મા તેવા દુઃખોથી બચે. કહ્યું છે કે—

'स्वश्लाघा परनिन्दा च,
मत्सरो महतां गुणे।
असंबद्धप्रलापित्व-
मात्मानं पातयत्यधः ॥१॥

सन्तोऽप्यसन्तोऽपि परस्य दोषाः,
नोक्ताः श्रुता वा गुणमावहन्ति ॥
वैराणि वक्तुः परिवर्द्धयन्ति,
श्रोतुश्च तन्वन्ति परां कुबुद्धिम् ॥२॥
सतोऽप्यसतो वापि,
स्वयं स्वान् वर्णयन् गुणान् ॥
ब्रह्मापि हास्यतां याति,
किं पुनः प्राकृतो जनः ॥३॥
परेण परिविख्यातो,
निर्गुणोऽपि गुणी भवेत् ।
शक्रोऽपि लघुतां याति,
स्वयं प्रख्यापितै र्गुणैः' ॥४॥

અર્થાત્-પોતાની પ્રશંસા, પરની નિન્દા, મોટાઓના ગુણોમાં અદેખાઈ અને સંબંધ વિનાનું અધિક બોલવું. એ આત્માને અધો-

ગતિમાં પાડનાર છે. ૧ છતા કે અછતા પણ પરના દોષો તે કહેનાર કે સાંભળનારને કોઇ જાતના ગુણ કર્તા નથી, પણ ઉલટા કહેનારને તેઓ વૈર વધારનારા થાય છે. અને સાંભળનારને મોટી કુબુદ્ધિને કરનારા થાય છે. માટે પરદોષોને કહેવા કે સાંભલવા પણ ન જોઈએ. ૨ છતા અથવા અછતા પણ પોતાના ગુણોને પોતેજ જો વખાણ કરે તો ભલેને બ્રહ્મા જેવા મોટા હોય તો પણ હાંસીને પાત્ર થાય છે. તો પછી સામાન્ય માણસ પોતાના વખાણ કરે તો હાંસી પાત્ર થાય તેમાં શું કહેવું? ૩ બીજાઓથી વખણાએલ ગુણ વિનાનો પણ જીવ ગુણી થાય છે, અને પોતે પોતાના વખાણ કરે તો ઇંદ્ર જેવો પણ હલકટતાને પામે છે. માટે અભિમાન છોડીને ગંભીરતા ધારણ કરવી જોઈએ. ૪

માયા—દંભને છોડવાનું જણાવે છે:-

माँहे सूत्र अनेरडो,
बाहेर अवर देखार;
गयवर केरा दंत जेम,
फोकट जनम म हार. ३

અર્થ:-'માંહે સૂત્ર અનેરડો' હે જીવ! તારા અંદરના વિચારો ન્યારા એટલે મનની કલ્પનાઓ જુદી હોય છે અને 'બાહેર અવર દેખાર' બહાર વ્યવહારમાં તારા દેખાવો જુદા જુદા પ્રકારના છે. એટલે બહારની પ્રવૃત્તિઓ તું જુદા જુદા પ્રકારની કરી લોકોને દેખાડી રહ્યો છે. તે સજ્જનતાની રીત નથી.

કહ્યું છે કે—

'यथा चित्तं तथा वाचो,
यथा वाच स्तथा क्रियाः ॥

धन्यस्ते त्रितये येषां,
विसंवादो न विद्यते ॥१॥
मनस्यन्यद्वचस्यन्यत्,
कार्यं चान्यद् दूरात्मनाम् ॥
मनस्येकं वचस्येकं,
कर्मण्येकं महात्मनाम् ॥२॥

અર્થાત્-સજ્જન તો આવા હોય છે- જેવા ચિત્તમાં તેવાજ વાણીમાં અને જેવા વાણીમાં તેવાજ ક્રિયામાં એટલે ત્રણેમાં જેનો વિસંવાદ હોતો નથી, તે ભાગ્યશાળી સજ્જનો સમજવા. અને દૂરાત્માઓતો મનથી જુદા, વચનથી ન્યારા અને કાયાથી જુદી જુદી પ્રવૃત્તિ કરનારા હોય છે. તે દુર્જન જાણવા. આમ કરવાથી તો **'ગયવર કેરા દંત જેમ'** હાથીના દાંતની જેમ **'દેખાડવાના જુદા અને**

**ચાવવાના જુદા'** આવી દાંભિક પ્રવૃત્તિ આચરી લોકોને છેતરી **'ફોકટ જનમ મ હાર'** પોતાના મહાન્ એવા દુર્લભ મનુષ્ય જન્મને તું ફોકટ હારી ન જા, કિન્તુ જેવો માંહે તેવો બહાર એમ એક રૂપે તારે થઈ જવું જોઈએ. ૩

**ઇર્ષ્યા દોષને છોડવાનું જણાવે છે:-**

**सुणिय प्रशंसा आपणी,**
**हियडे थाय उल्हास;**
**दाझे पर गुण सांभळी,**
**ए तुज नित्य अभ्यास ४**

**અર્થ:**-' સુણીય પ્રશંસા આપણી, ' હે જીવ! ખરી કે ખોટી પોતાની પ્રશંસા-પોતાના વખાણ સાંભળીને તું ' હિયડે થાય ઉલ્હાસ ' મનમાં ખૂબ આનંદ પામે છે-હર્ષ ઘેલો બને છે, અને 'દાઝે પર ગુણ સાંભળી'

બીજાઓના ગુણની થતી પ્રશંસા તેને સાંભળીને તું બળી જાય છે, અથવા તે તને ગમતી નથી એટલે તેને તું સહન કરી શકતો નથી 'એ તુજ નિત્ય અભ્યાસ' એવો તારો ભવ પરંપરાનો એટલે સંસારમાં પરિભ્રમણ કરતાં ઘણા કાળનો અથવા રોજનો અભ્યાસ થઇ ગયો છે. એટલે આવી તારી હંમેશની આદત પડી ગઈ છે. પણ તેમાં લાભ નથી. માટે તેનો તું ત્યાગ કર. કહ્યું છે કેઃ—

'परदोषकथाविचक्षणः,
स्वगुणख्यापननित्यतत्परः॥
स्वयमेव हि दैवदण्डितः,
कुलशीले कथयत्यपण्डितः ॥१॥
दह्यमानाः सुतीव्रेण,
नीचाः परयशोऽग्निना ॥

अशक्तास्तत्पदं गन्तुं,

ततो निन्दां प्रचक्रिरे ' ॥२॥

અર્થાત્-બીજાઓના દોષોની કથા કરવામાં વિચક્ષણ અને પોતાના ગુણોની પ્રસિદ્ધિ કરવામાં હમેશાં તત્પર, એવો તે જીવ કર્મોથી દંડાયેલ-હણાયેલ મૂર્ખ પોતાના કુલ અને શીલ-આચારને જાતેજ ઉપર પ્રમાણે આચરણ કરતો પ્રગટ કરે છે. ૧ નીચ લોકો અત્યંત ઉત્કૃષ્ટ બીજાના યશ-કીર્તિ રૂપ અગ્નિથી બળતા અને તેઓની યોગ્યતાને પામવા અશક્ત એવા થયા થકા તેથી પરની એટલે તેઓની તે નિન્દા કરે છે. તે કર્મવડે પોતાના આત્માને દુર્ગતિમાં પાડે છે. ૨ માટે ઇર્ષ્યા દોષથી આત્માને બચાવ.

હું પોતે કેવો છું ? તે જો વિચારે, તો તે જરૂર જાણે તે કહે છેઃ—

ए उखाणो जग प्रगट,
जणणी जाणे बाप;
जीवडा तें छानां कर्यां,
ते मन जाणे पाप. ९

અર્થઃ-'એ ઉખાણો જગ પ્રગટ' આ બતાવેલ કહેવત જગતમાં સર્વ જગાએ સુપ્રસિદ્ધ છે કેઃ-'**મા જાણે બાપ અને મન જાણે પાપ**' એટલે કે છોકરાનો ખરેખર-સાચો બાપ કોણ છે? તે તો ખરી રીતે તે છોકરાની 'જણણી જાણે બાપ' માતાજ જાણી શકે છે, કે આ છોકરો આનો છે, અથવા આનો અમુક બાપ છે. પણ બીજો કોઇ યથાર્થ રીતે કેવલી વિના જાણી શકતો

નથી, કારણ કે છદ્મસ્થપણાને લઈને આ ઉપ-રનું દૃષ્ટાંત આપીને હવે તેનું સિદ્ધાંત બતાવે છે. તેવીજ રીતે 'જીવડા તેં છાનાં કર્યાં' હે જીવ! તેં દુષ્કૃત્ય, નહિ કરવા યોગ્ય એવા પાપ કર્મ છાનાં-ગુપ્ત રીતે જે કર્યા છે, તે કોઇ બીજો કેવલી સિવાય મનુષ્યાદિક ન જાણે તેવી રીતે આચર્યા હોય છે, તો પણ 'તે મન જાણે પાપ' તે પાપ કર્મને પોતાનું મન તો જાણે છે કે મેં અમુક પાપ અમુક વખતે અને આ પાપ આ વખતે ન કરવા લાયક કરેલ છે. મનથી તો તે કરેલા કર્મ અજાણ્યા નથી, અને કદી કોઈ એમ જાણતા છતો અજાણ બને તો પણ તે કર્મ પોતાનું ફલ આપ્યા વિના કે પોતાના રસ ચખાડયા વિના ક્યાં રહેવાના છે? કદાપિ રહેવાના નથી. એતો અવશ્ય તે દુષ્કર્મ પોતાનું ફલ

કર્તાને આપશે. એમ જ્ઞાનિઓનું કથન છે. એથી એમાં લેશ માત્ર પણ સંદેહ આણવો નહિ. માટે તેવા પાપોથી અટકવું જોઈએ.

કહ્યું છે કેઃ—

'सर्वत्र शुचयो धीराः,
सुकर्मबलगर्विताः ॥
कुकर्मभयवित्रस्ताः ॥
पापाः सर्वत्र शङ्किताः ॥१॥
पापासक्ते चेतसि,
धर्मकथाः स्थानमेव न लभन्ते ॥
नीलीरक्ते वाससि,
कुङ्कुमरागो दुराधेयः ॥२॥
न परो करेइ दुःखं,
नेव सुहं कोइ कस्सई देई ॥
जं पुण सुचरिअ दुचरिअ,
परिणमइ पुराणयं कम्मं' ॥३॥

અર્થાત્-શુભ કર્મના બલવડે કરીને સમૃદ્ધિવાળા ધીર પુરૂષો સર્વ સ્થલે, સર્વ કાર્ય અને કાલમાં પવિત્ર હોય છે તેમજ ખોટા કરેલા કર્મના ભયથી ત્રાસ પામેલા પાપીઓ સર્વ જગાએ, સર્વ કાલમાં અને સર્વ ક્રિયામાં શંકાશીલવાળા હોયા કરે છે. ૧ જેમ ગળીના રંગથી રંગેલ વસ્ત્રમાં કેશરનો રંગ લાગવો બહુ મુશ્કેલ છે, તેમ પાપીઓના ચિત્તમાં ધર્મકથાઓ સ્થાનનેજ પામતી નથી. ૨ હે જીવ ! તું તારા હૃદયમાં ચોક્કસ સમજ કે બીજો કોઈ આપણને દુઃખી કરી શકતો નથી તેમ સુખને પણ આપી શકતો નથી; પણ જે સુખ યા દુઃખ પ્રાપ્ત થાય છે તે સારા યા ખોટા પોતાના આચરેલા પૂર્વના કર્મનું પરિણામ છે. ૩ એમ જો વિચારક થઇને પોતે વિચારે તો પોતાના પાપનું ભાન પોતાના મનને અવશ્ય થાય. ૫

આ તો પ્રપંચ અથવા નિંદા કહેવાય માટે તેનો ત્યાગ કરવા કહે છે:—

ते न करे बाहिर प्रगट,
जाणत थाय अंजाण;
पर अवगुण हसी हसी कहे,
ए तुज किसो विनाण. ६

અર્થ:–'તે ન કરે બાહિર પ્રગટ' હે જીવ! તેં જે છાના કર્મ કર્યા છે અને તારૂં મન તે પાપને જાણે છે છતાં તે પાપને તું બહાર પ્રગટ કરતો નથી, અથવા જે જે પોતાનામાં રહેલા છતા અવગુણો તેમજ બીજાઓમાં રહેલા છતા ગુણો તે 'જાણત થાય અજાણ' જાણવામાં આવ્યા છતાં પણ તું તેમાં અજાણ થાય છે, એટલે કે જાણે હું જાણતો જ નથી એમ બીજાઓને તું બતાવવા કોશીષ કરે છે. પણ પોતાનામાં

રહેલા છતા દોષોને અને અન્યમાં રહેલા છતા ગુણોને બતાવવા ખુલ્લે ખુલ્લું જાહેર પણે પ્રગટ કરી શકતો નથી, તેમજ વળી ' પર અવગુણ હસી હસી કહે ' પારકાના છતા અછતા અવગુણોને એટલે દોષોને તું હસી હસીને પોતાની બહુ બહાદૂરી અથવા તો હુશીયારી બતાવતો હોય તેમ જે તે લોકોની આગલ નિંદા રૂપે કેવા મંડી પડે છે. ' એ તુજ કોસો વિનાણ ' આ તારૂં જાણપણું કેવા પ્રકારનું છે તે સમજાતું નથી. આવા જાણપણાથી. ખરી રીતે કહિય તો તે પ્રપંચ કે પરનિંદાથી તને કાંઈ પણ લાભ થવાનો નથી; માટે તેનો ત્યાગ કર. કહ્યું છે કે--

' राइ सरिसव मित्ताणि,
परच्छिद्दाणि गवेसए ॥
अप्पणो बिल्लमित्ताणि,
पासंतो वि न पासइ ॥ १ ॥

परवादे दशवदनः,
परदोषनिरीक्षणे सहस्राक्षः ॥
सद्वृत्तवित्तहरणे,
बाहुसहस्रार्जुनो नीचः ॥ २ ॥
न विना परवादेन,
हृष्टो भवति दुर्जनः ॥
काकः सर्वरसान्पीत्वा,
विना मेध्यं न तृप्यति ॥ ३ ॥
दूषणं मतिरुपैति नौत्तमी,
माध्यमी स्पृशति भाषते न च ॥
विक्ष्य पार्श्वमथ भाषतेऽधमो,
रारटीति सहसाऽधमाधमः ॥ ४ ॥
असंख्याः परदोषज्ञा,
गुणज्ञा अपि केचन ॥

स्वयमेव स्वदोषज्ञा,
विद्यन्ते यदि पञ्चषाः ॥ ५ ॥
संतेहिं असंतेहिं अ,
परस्स किं जंपिएहिं दोसेहिं ॥
अच्छो जसो न लब्भइ,
सोवि अमित्तो कओ होइ ॥ ६ ॥

અર્થાત્-નિંદકો વડે પારકા છિદ્રો રાઇ અથવા સરસવ જેવડા પણ શોધાય છે, અને પોતાના મોટા બિલ્લિના ફલ જેવડા દોષોને જોતા છતાં અથવા દેખાતા છતાં પણ નથી જોઇ શકાતા. ૧ અધમ પુરૂષો પરના દોષો કથન કરવામાં દશમુખવાળા બને છે, પરદોષો જોવામાં હજાર આંખોવાળા હોય છે અને સદાચાર નાશ કરવામાં સહસ્રાર્જુન બાહુ થાય છે. ૨ જેમ કાગડો સર્વ રસોને પી ને પણ

વિષ્ટા વિના તૃપ્તિ પામતો નથી, તેમ નિંદક બીજાની નિંદા કર્યા વિના ખુશી થતો નથી. ૩ ઉત્તમ પુરૂષની બુદ્ધિ દોષને પામતી નથી. એટલે પરદોષને જોતી નથી, મધ્યમ બુદ્ધિવાળો પુરૂષ પરદોષોથી સ્પર્શાય ખરો પણ પરદોષોને ઉચ્ચારતો નથી. અધમ પુરૂષ તો પરદોષ જોઇને પાછલ અથવા પાસે બોલે છે. અને અધમાધમ પુરૂષ તે કે જે એકદમ વગર વિચારે વારંવાર બકતો પરનિંદા કરતો ફરે છે. ૪ આ જગતમાં પારકા દોષોને જાણનારા સંખ્યા વિનાના છે, અને કેટલાક ગુણ જાણનારા પણ હોય છે, પરંતુ પોતેજ પોતાના દોષને જાણનાર જો હોય તો પાંચ છ એટલે બહુજ ઓછા હોય છે. ૫ છતા અછતા પરદોષ કહેવાથી લાભ શો ? તેથી આબરૂ વધતી નથી, પરંતુ તેની નિંદા કર-

વાથી તેની સાથે શત્રુવટ થાય છે. ૬ માટે પરનિંદા અને આત્મ પ્રશંસાનો ત્યાગ જેટલો બને તેટલો અવશ્ય કરવો જોઇએ. ૬

જીવને મિથ્યા ભ્રમ છોડવાનું જણાવે છે:—

भोला भूल मा भ्रमे पडयो,
रे जीवडा अजाण;
अणगम्रते अमर्ष म घर,
कर्म सरिस्यो प्राण. ७

અર્થઃ—' ભોલા ભૂલ મા ભ્રમે પડયો ' હે ભદ્રિક સ્વભાવવાળા ! ' રે જીવડા અજાણ' હે અજાણ જીવ ! એટલે સમજણ વિનાના જીવડા ! તું ખોટામાં સાચાની બુદ્ધિ ધારણ કરવા રૂપ ભ્રમમાં, અથવા આ સંસાર સંબંધી ખોટી મોહજાલની ભુલવણીમાં પડીને તારા હિત, અહિતને અને કર્તવ્ય, અક-

ર્તવ્યને તું ભૂલીશ મા એટલે ચૂકીશ મા. વલી ‘ અણગમતે અમર્ષ મ ધર ’ પૂર્વ-કર્મના સંયોગને લઇને મનને ન ગમે તેવા પદાર્થોની પ્રાપ્તિ થએ થકે તું આર્તધ્યાન ધારણ કરવા રૂપ ખેદને ધારણ કરીશ નહિ–દુઃખી થઇશ નહિ. કારણ કે ‘ કર્મ સરિસ્યો પ્રાણ ’ પૂર્વે ઉપાર્જન કરેલા શુભ કે અશુભ કર્મોને લઇનેજ જીવને સુખ યા તો દુઃખના પ્રાપ્તિ થાય છે, એમ જ્ઞાનિઓ વારં-વાર સમજાવે છે, માટે આ બીના ધ્યાનમાં રાખી પ્રીય વસ્તુઓના થતા વિયોગમાં અને અપ્રીય વસ્તુઓના થતા સંયોગમાં ખોટા ભ્રમ-થી મુંજાઇ મોહના આવેશથી તું ખેદને ધારણ કરીશ નહિ. કહ્યું છે કે–

‘ हसन्तो हेलया कर्म,
तत्कुर्वन्ति प्रमादिनः ॥

जन्मान्तरशतैरेते,
शोचन्तेऽनुभवन्ति यत् ॥ १ ॥
यदत्र क्रीयते कर्म,
तत्परत्रोपभुज्यते ॥
मूलसिक्तेषु वृक्षेषु,
फलं शाखासु जायते ॥ २ ॥
यदुपात्तमन्यजन्मनि,
शुभमशुभं वा स्वकर्मपरिणत्या ॥
तच्छक्यमन्यथा नैव,
कर्तुं देवासुरैरपि हि ॥ ३ ॥
सुखस्य दुःखस्य न कोपि दाता,
परो ददातीति कुबुद्धिरेषा ॥
अहं करोमीति वृथाभिमानः,
स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥४॥
कर्मणा बाध्यते बुद्धि,—

न बुध्या कर्म बाध्यते ॥
सुबुद्धिरपि यद् रामो,
हैमं हरिणमन्वगात् ॥ ५ ॥
अपकारिषु मा पापं,
चिन्तयस्व कदाचन ॥
स्वयमेव पतिष्यन्ति,
कूलजाता इव द्रुमाः ॥ ६ ॥

અર્થાત્—પ્રમાદમાં પડેલા જીવો હસતા હસતા સહેજમાં તે કર્મ કરે છે કે જે કર્મને બીજા સેંકડો જન્મવડે તેઓ શોચ કરતા થકા ભોગવે છે. ૧ જે કર્મ વર્તમાનમાં કરાય છે, તેનું ફળ ભવિષ્ય કાલમાં અથવા પરભવમાં ભોગવાય છે. જેમ મૂલમાં સિંચાએલા એવા વૃક્ષો છતા ફળ છેડે એટલે શાખામાં લાગે છે. ૨ જેવા પરિણામવડે કરીને પૂર્વ જન્મોમાં

ગ્રહણ કરાએલા આત્મ પ્રદેશો સાથે બંધાએલા, ક્ષીરનીરની માફક મળી ગએલા, શુભ અથવા અશુભ એવા જે પોતાના કર્મ, તે કર્મને ખરેખર દેવ દાનવો પણ ફેરફાર કરવ સમર્થ નથી. ૩ સુખ યા દુઃખને આપનાર બીજો કોઇ પણ નથી, છતાં બીજો કોઈ આપે છે એવી જે બુદ્ધિ થાય છે તે પણ મિથ્યા બુદ્ધિ છે. હું કરૂં છું એવો જે અધ્યવસાય થાય છે તે પણ મિથ્યા અભિમાન છે, કારણ કે સર્વ જીવો પોત પોતાના કર્મ સૂત્ર વડે ગુંથાએલા છે, એટલે કર્મથી બંધાયેલા છે તેથીજ સુખ યા દુઃખની પ્રાપ્તિ થાય છે ૪ કર્મ વડે બુદ્ધિ હણાય છે, પણ બુદ્ધિ વડે કર્મ હણાતા નથી; જે કારણથી સુબુદ્ધિ એવો રામ પણ સોનાના હરિણ પાછલ ગયો. ૫ હે જીવ! અપકારિઓને વિષે પણ કોઇ વખત તું પાપને ચિંતવીશ નહિં; કારણ કે નદીના

કાંઠાપર ઉત્પન્ન થએલા ઝાડની માફક પોતાના કર્મે તેઓનું અધઃપતન થશે. ૬

**મન ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ ન થાય તો તેમાં આર્તધ્યાન ન કરવું તે બતાવે છેઃ—**

**परभवे तें तेम नवि कर्यो;**
**जेम गंजी न शाके कोय;**
**हवे पिछतावे हुवे किशो,**
**हिए विमासी जोय. ८**

અર્થ—'પરભવે તેં તેમ નવિકર્યો' હે જીવ! કર્માનુસારે પ્રાપ્ત થએલ (મળેલ) મનને અણુગમતી વસ્તુમાં ખેદ કરવો તે હવે તારે યોગ્ય નથી; કારણ કે પૂર્વ ભવમાં સ્ત્રી પુત્ર ધનાદિ વસ્તુના રંગ રાગ મોહમાં ફસાઇને તેં શુભ ફલને આપનારા પુન્ય કર્મો સંપૂર્ણ પ્રેમ

ઉત્સાહથી ન કર્યા-તારાથી ન આચરી શકાણા કે જેથી 'જેમ ગંજી ન શકે કોઈ' તને કોઈ પણ પરાભવ કરી શકે નહિં. અથવા કોઈ વસ્તુની ન્યૂનતા પણ રહે નહિ. તેમ તો બન્યું નહિ. માટે હવે તારે ગઈ ગુજરી વાત ભુલી જવી જોઇએ 'હવે પિછતાવે હુવે કિશો'

હવે તેને માટે પશ્ચાતાપ, આર્તધ્યાન કરવો તેથી લાભ શ્યો? અથવા તો કંઇ નહિ.

કહ્યું છે કે—

" अकयं को परिभुंजइ,
सकयं नासिज्ज कस्स किर कम्मं ॥
सक्कयमणुभुंजमाणो,
कीस जणो दुम्मणो होइ " ॥ १ ॥

અર્થાત્—' નહિ કરેલા કર્મો કોણ ભોગવે છે? કોઇ નહિ. અને ખરેખર કરેલા કર્મો

વિના ભોગવ્યા કોના નાશ થયા છે? તે પણ કોઇના નહિ. તો પછી પોતે કરેલા કર્મોને પોતે ભોગવને જીવ શા માટે ખેદ કરે છે? અર્થાત્ ન કરવો જોઈએ. 'હિયે વિમાસી જોય' એ તું ચિત્તમાં વિવેક પૂર્વક ખૂબ વિચારી જો. અને હવે સાવધાની રાખીને તેવી રીતે પ્રવૃત્તિ કર કે જેથી ભવિષ્યમાં ખેદ કરવાનો વખત ન આવે. કહેલ છે કે:—

"रे चित्त ! खेदमुपयासि किमत्र चित्रं ।
रम्येषु वस्तुषु मनोहरतां गतेषु ॥
पुण्यं कुरुष्व यदि तेषु तवास्ति वाञ्छा ।
पुण्यं विना नहि भवन्ति समीहितार्थाः १

અર્થાત્—હે ચિત્ત! તું ખેદ શ્યા માટે પામે છે? એમાં આશ્ચર્ય શું છે? મનોહર

પણાને પામેલ રમણીક વસ્તુઓ છતે જો તેનેવિષે તારી ઇચ્છા હોય તો પુણ્યને કર. પુન્ય વિના મનોવાંછિત પદાર્થોની પ્રાપ્તિ થતી નથી. કહ્યું છે કે—

'गते शोको न कर्तव्यो,
भविष्यं नैव चिन्तयेत् ॥
वर्तमानेन योगेन,
वर्तन्ते हि विचक्षणाः ॥ १ ॥
अमुत्र भविता यत्ते,
तच्च चिन्तय शुभाशुभम् ॥
इह ते कर्मणामेव,
विपाकश्चिन्तयिष्यति ॥ २ ॥
न स मन्त्रो न सा बुद्धि,-
र्न च दोष्णां पराक्रमः ॥

अपुण्योपस्थितं येन,
व्यसनं प्रतिहन्यते ॥ ३ ॥
कर्मायत्तं फलं पुंसां,
बुद्धिः कर्मानुसारिणी ॥
तथापि सुधिया भाव्यं,
सुविचार्यैव कुर्वता ॥ ४ ॥
शल्यवह्निविषादीनां,
सुकरैव प्रतिक्रिया ॥
सहसा कृतकार्येऽतथा-
नुतापस्य तु नौषधम् ॥ ५ ॥
सगुणमपगुणं वा कुर्वता कार्यमादौ,
परिणतिरवधार्या यत्नतः पण्डितेन ॥
अतिरभसकृतानां कर्मणामाविपत्ते-
र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥ ६ ॥
અર્થાત્-જે બની ગયું તેનો શોક ન

કરવો, ભવિષ્યમાં શું થશે તેની ચિન્તા ન કરવી, પરંતુ વર્તમાન યોગે એટલે ચાલતા સમય પ્રમાણે જે વર્તે છે, તે નિશ્ચયથી વિચક્ષણ સમયના જાણકાર જાણવા. ૧ તારા જન્માન્તરમાં શુભ અથવા અશુભ જે થવાનું છે તેની તું ચિંતા કર, કારણકે તે તારા હાથમાં છે, અને આ જન્મમાં તારા કર્મના વિપાક એટલે ઉદયકાલ છે, તે પોતે તારી ચિંતા કરશે, કારણ કે તે તારા કબજાની વાત નથી. ૨ તેવો કોઇ મંત્ર નથી, તેવી કોઈ બુદ્ધિ નથી અને તેવું કોઈ ભુજાઓનું પરાક્રમ નથી, કે જેથી પાપવડે પ્રાપ્ત થએલ દુઃખ દૂર થાય, આથી એમ જણાવે છે કે-પાપ કર્તા પહેલાંજ પાપથી અલગ રહેવું જોઇએ. ૩ જો કે જીવોનાં કર્મને આધીન ફલની પ્રાપ્તિ છે. અને બુદ્ધિ કર્મા-

નુસારિણી હોય છે; તો પણ સમજુ પુરૂષોએ સારી રીતે વિચારીને જ કરનારા થવું જોઇએ ૪ કારણકે-શલ્ય-કાંટો, અગ્નિ અને ઝેર વિગેરેને દૂર કરવાના ઇલાજ સહેલા છે, પરંતુ સહસાત્કારે કરેલ કાર્યથી ઉત્પન્ન થએલ દુઃખને દૂર કરવાનું ઔષધ નથી. ૫ એટલા માટે સમજુ પુરૂષોએ સારા યા ખોટા કાર્યને કર્તા પહેલા જ યત્ન પૂર્વક તેના પરિણામનો વિચાર કરવો જોઇએ; કારણ કે-અતિ ઉતાવલથી કરેલા કર્મનો વિપાક એટલે દુઃખ તે મરણ પર્યન્ત હૃદયને બાળનાર શલ્યની માફક થઇ પડે છે ૬

**મનની ચપલતા વર્જવાનું જણાવેછે:-**

**नीचो उंचो थोडले,**<br>
**तुला जेम तुं थाय;**

**खिण खिण एणीपरे चालतां,**
**मुज मन ए न सुहाय. ९**

અર્થ–' નીચો ઉંચો થોડલે ' હે જીવ! રાગ, દ્વેષ અને મોહનીય કર્મના પરાધીનતાએ કરી થોડા જ નિમિત્તને લઇને થોડીવારમાં જ–સહેજમાં ' તુલા જેમ તું થાય ' તું તાજવા-કાંટાની પરે ઉંચો નીચો થાય છે. જેમ કાંટાના એક છાબડામાં કાંઇક થોડું નાખવાથી તે ઝટ નીચું થઈ જાય છે અને જો તેમાંથી કાંઇક થોડું લઇ લેવામાં આવે તો ઝટ ઉંચું થાય છે; તેમ તું પણ સામાન્ય કાંઈક નિમિત્તને લઈને રીસાય છે અથવા રાગી થઇ જાય છે, 'ખિણ ખિણ એણી પરે ચાલતાં' આ પ્રકારે ક્ષણે ક્ષણે ચાલતાં–વર્તતા તારી પણ લીલા તો 'ક્ષણ માસો અને ક્ષણ તોલો' તેની જેમ બદલાયા

કરે છે. એ તારી ઠેકાણા વિનાની ચાલચલગત 'મુજ મન એ ન સુહાય' મારા મનને બિલકુલ સારી લાગતી નથી, એટલે મ્હારા અંતઃકરણને મુદ્દલ ગમતી નથી. કહ્યું છે કેઃ-

'अहो सुसदृशी वृत्ति,-
स्तुलाकोटेः खलस्य च ॥
स्तोकेनोन्नतिमायाति,
स्तोकेनायात्यधोगतिम् ॥१॥
क्षणे रुष्टा क्षणे तुष्टा,
रुष्टा तुष्टा क्षणे क्षणे ॥
अव्यवस्थितचित्तानां,
प्रसादोऽपि भयंकरः ' ॥२॥

અર્થાત્-અહો આશ્ચર્યની બીના છે કે-ત્રાજવા અને ખલ એટલે દુર્જન; એ બન્નેની

વર્તણુંક ઘણા ભાગે બરાબર સરખી છે. કેમકે થોડાથી ઉંચા થાય છે અને થોડાથી નીચા બની જાય છે. ૧ ક્ષણમાં રોષી, ક્ષણમાં તોષી અને ક્ષણ ક્ષણમાં રોષી તોષો એવા અવ્ય-વસ્થિત એટલે ઠેકાણા વિનાના ચિત્તવાળા-ઓની મહેરબાની પણ ભયંકર છે. ૨ તેથી પોતાના કલ્યાણ માટે હે જીવ! અંતરમાં સમજી તારે તારી પોતાની વૃત્તિઓ અથવા આચરણાઓ સુધારી સ્થિર થવું જોઈએ. ૯

**અપૂર્વ ઉત્તમતાને મેળવી છોડીશ નહિ તે બતાવે છે:—**

**जेम तेम जो घर परिहरी,**
**चाल्यो दूर विदेश;**
**रे काचा तुं प्राणिया,**
**पाछी द्रष्टी म देश. १०**

અર્થઃ-'જેમ તેમ જો ઘર પરિહરી' મહામહેનતે, શુભ કર્મના ઉદયે અને બુદ્ધિની નિર્મલતા થએ થકે મિથ્યાત્વ, અવિરતિ રૂપ પાપ ઘરનો, જો તેં ત્યાગ કર્યો; અને 'ચાલ્યો દૂર વિદેશ' સમ્યકત્વ, સંયમ રૂપ દૂર માર્ગમાં ચાલ્યો, એટલે તે પાલન કરવામાં જો પ્રવર્ત્યો છું તો 'રે કાચા! તું પ્રાણિયા' હે કાચા! પરિપકવ અનુભવ જ્ઞાનવિનાના! જીવડા! હે ચેતન! હવે તું તે ઉત્તમ સંયમ માર્ગ પ્રતે નિર્બલ મનવાળો ન બનતાં, પવિત્ર સંયમ માર્ગમાં પરિસહાદિક કષ્ટોને જોઇને, ના હિંમત ન થતા, 'પાછી દૃષ્ટી મ દેશ' ફેર પાછો મિથ્યાત્વ, અવિરતિ રૂપ તજેલા ઘર તરફ તું તારી દૃષ્ટિ ન કરીશ, એટલે અસંયમ રૂપ પાપ માર્ગને સેવવાની બુદ્ધિ ન કરીશ. કહ્યું છે-

‘वरं प्रवेष्टुं ज्वलितं हुताशनं,
न चापि भग्नं चिरसंचितं व्रतम् ॥
वरं हि मृत्युः सुविशुद्धकर्मणा,
न चापि शीलस्खलितस्य जीवितम् १
मिथ्या वक्तुं नहि जानामि,
सारं किञ्चित्तव कथयामि ॥
गुप्तित्रितयं समितीः पञ्च,
यावज्जीवं खलु मा मुञ्च ॥ २ ॥
न च राजभयं न च चौरभयं,
इह लोकसुखं परलोकहितम् ॥
वरकीर्तिकरं नरदेवनतं,
श्रमणत्वमिदं रमणीयतरम् ॥ ३ ॥
कर्मोहिकीलनी मन्त्रः,
संवेगरसकूपिका ॥
निर्वाणभूभृदास्थानी,

तपस्या पारमेश्वरी ॥ ४ ॥

तच्चारित्रं न किं सेवे,
यत्सेवावशगः पुमान् ॥
हीनवंशोऽपि संसेव्यः,
सुरासुरनरोत्तमैः ॥ ५ ॥
अपवित्रः पवित्रः स्याद्,
दासो विश्वेशतां भजेत् ॥
मूर्खो लभते ज्ञानानि,
मङ्क्षु दीक्षाप्रसादतः' ॥६॥

અર્થાત્-જાજ્વલ્યમાન અગ્નિમાં પ્રવેશ કરવો તે સારૂં પણ ઘણા વખતથી પાળેલ વ્રતને ભાંગવું તે સારૂં નહિ. પવિત્ર કર્મ કરતા મૃત્યુ આવે તે સારૂં પણ સદાચારથી ભ્રષ્ટ થઈ જીવવું તે સારૂં નહિ. ॥૧॥ હે ચેતન! જુઠ બોલતા મને આવડતું નથી, સારમાં

સાર કંઇક હું તને કહું છું કે–ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ તેઓને તું નિશ્ચેથી જ્યાંસુધી આ શરીરમાં જીવ હોય ત્યાંસુધી મૂકીશ નહિ; કારણ કે આ વસ્તુ મળવી ઘણી મુશ્કેલ છે. ૨ જેમાં રાજભય નથી, ચોરોનો ભય નથી, આ લોકમાં સુખ કરનાર, પરલોકમાં હિત કરનાર, ઉત્તમ કીર્તિને કરનાર અને ચક્રવર્તિઓને પણ નમાવનાર એવું મુનિપણું તે અત્યંત રમણીય છે. ૩ પરમેશ્વરી દીક્ષા કર્મ સર્પોને કીલન–સ્તબ્ધ કરવામાં મંત્ર સરખી, સંવેગરસની કૂપિકા–ભાજન અને નિર્વાણ એટલે મોક્ષ તે રૂપ રાજા તેની સભા સરખી હોવાથી બહુજ ઉત્તમ છે. ૪ તે ચારિત્રને કેમ ન સેવિએ ? કે જે ચારિત્ર સેવવામાં તત્પર થએલ પુરૂષ હીન વંશનો હોય તો પણ સુરેંદ્ર, અસુરેંદ્ર અને

ચક્રવર્તિઓ વડે કરી સારી રીતે સેવવા યોગ્ય બને છે. ચારિત્ર આવું ઉત્તમ છે. ૫ જેની સેવાથી અપવિત્ર પણ પવિત્ર બને છે, દાસ જેવો પણ મનુષ્ય વિશ્વેશ્વરતાને પામે છે. અને જે પવિત્ર દીક્ષાના પસાયથી મૂર્ખ પણ જલ્દી જ્ઞાનને પ્રાપ્ત કરે છે. ૬ તેવા ચારિત્ર તરફ તું અરૂચિ ન કરીશ, મહાન્ દૂર્લભ અને પવિત્ર એવા ચારિત્રને પ્રાપ્ત કરી પ્રેમ પૂર્વક તેની આરાધના કર. ૧૦

**છોડવા યોગ્યને છોડી તે તરફ લક્ષ ન આપવું તે જણાવે છેઃ-**

**जो पाछो संभारीये,**
**तो आगलहोय दूरि;**
**काज न सीजे आपणुं,**
**मरीये झूरी झूरि ११**

અર્થ:-'જો પાછો સંભારીયે' જે વિષય

ભોગાદિક, સંસારિક સુખોને ત્યાગ કર્યા છે, તેઓને જ ફેર પાછા જો સંભારીએ એટલે મનમાં યાદ કરી ફરી આચરવાનો વિચાર કરીએ 'તો આગલ હોય દૂરિ' તો તપ. સંયમાદિક વડે કરી સંસારને ઓછો કરવા માટે કરેલ પ્રયત્ન નકામો જાય અને આગલ –ભવિષ્યમાં સંસારની 'દૂરિ' એટલે મોટી વૃદ્ધિ થઈ જાય, અથવા તો તપ, સંયમાદિ ધર્મ સેવન કરવા વડે આગલ પામવાનું ઇષ્ટ ફલ 'હોય દૂરિ' એટલે નાશ થાય, અથવા તો તે વેગળું થાય. અને 'કાજ ન સીઝે આપણું' આપણું પોતાનું ધારેલું વાંછિત કાર્ય સિદ્ધ ન થાય; તેથી કરેલ પ્રયત્ન ધુળમાં મળે અને વળી 'મરીયે ઝૂરી ઝૂરિ' ઝૂરી ઝૂરી મરવું પડે એટલે આહટ્ટ દોહટ્ટ, સંકલ્પ વિકલ્પ અને આર્તધ્યાન કરતાં અસમા-

ધિએ મરણ થાય. જેથી આભવ તથા આગામી ભવ એ બન્ને ભવ બગડે. માટે વિષય ભોગાદિકને ત્યાગ કરી પાછી તે તરફ વિચારણા ન થવી જોઈએ, કારણ કે તે મોટા અનર્થને કરનાર છે. કહ્યું છે કે—

'उवलेवी होइ भोगेसु,
अभोगी णोविलिप्पइ ॥
भोगी भमइ संसारे,
अभोगी विप्पमुच्चइ ॥ १ ॥
विषयगणः कापुरुषं,
करोति वशवर्तिनं न सत्पुरुषम् ॥
बध्नाति मशकमेव हि,
लूतातन्तुर्न मातङ्गम् ॥ २ ॥
अविदितपरमानन्दो,

वदति जनो विषय एव रमणीयः ॥
तिलतैलमेव मिष्टं,
येन न दृष्टं घृतं क्वापि ॥ ३ ॥
दो पंथेहिं न गम्मइ,
दो मुहसुई न सीवए कंथं ॥
दुन्नि न हुंति कया वि हु,
इंदियसुक्खं च मुक्खं च ॥४॥
उग्रं तपः कषटतामपि लम्भयन्ति,
कीर्त्युज्वलानि च कुलानि कलङ्कयन्ति॥
अन्तं नयन्ति परमामपि च प्रतिष्टां,
किं वा न हीन्द्रियजिताः किल हारयन्ति'॥५॥

અર્થાત્-ભોગોમાં આત્માને કર્મોનો લેપ થાય છે, ભોગરહિત આત્મા લેપાતો નથી, ભોગ ભોગવનાર સંસારમાં પરિભ્રમણ કરે

છે. અને ભોગોથી રહિત થએલ આત્મા સં-
સારથી મુકાય છે, એટલે મોક્ષ મેલવે છે. ॥૧॥
ઇંદ્રિયોના વિષયો કુપુરૂષને પોતાના તાબે
કરે છે, પણ સુપુરૂષ ને કરી શક્તા નથી;
કરોળીયાની જાળ મચ્છરોને ફસાવે છે પણ
હાથીને ફસાવવા સમર્થ નથી. ૨ નથી અનુ-
ભવ્યો પરમાનંદ જેણે એવો જે પુરૂષ તે
વિષયને જ રમણીય-આનંદકારી કહે છે;
જેમ જેણે કોઇ જગ્યાએ ઘી જોયું નથી તે
તલના તેલને જ મીઠું માને તેમાં કાંઇ
નવાઈ નથી. ૩ હે જીવ! એક સાથે બે માર્ગે
જઇ શકાય નહિ અને બે મુખવાળી સોઇ
વસ્ત્રને સીવી શકે નહિ. તેમ ઇન્દ્રિય સુખ
અને મોક્ષ એ બન્ને એક સાથે કદાપિ હોઇ
શકતા નથી. માટે મોક્ષના ઇચ્છુઓએ ક્ષણમાં
નષ્ટ થનારા વિષયોની લાલસાને તજી દેવી

જોઇએ. ૪ ઇન્દ્રિયોના વિષયથી જિતાએલા જીવો ખરેખર શું શું નથી હારી જતા? અર્થાત્ બધું ખોઇ બેસે છે, ઉગ્ર એવા તપને પણ પ્રપંચતાના સ્વરૂપને પમાડે છે, પવિત્ર કીર્તિવાળા કુલોને કલંકિત કરે છે અને શ્રેષ્ટ એવી પોતાની આબરૂનો નાશ કરે છે. ॥૫॥ માટે ઉત્તમ માર્ગથી ભ્રષ્ટ કરનાર એવી વિષય વાસના તરફ ચિત્તવૃત્તિ ન કરવી જોઈએ.૧૧

**વિકારોનાં તાબામાં ન થવાનું ઉપ-દેશ છેઃ—**

**स्त्री संभारे पुरुषने,**
**पुरुष संभारे नार;**
**वली वली उससी नीससी,**
**हियडा हरख म हार १२**

અર્થઃ-'સ્ત્રી સંભારે પુરૂષને' પ્રથમ સેવેલા

-આચરેલા કામ ભોગને લઈને ઉત્પન્ન થએલ કામરાગની આશક્તિના અંગે અથવા પોત પોતાના વેદના ઉદયને લઇને, સ્ત્રી પુરૂષને સેવવાની આશક્તિથી સંભારે-યાદ કરે, તેવી જ રીતે કામાભિલાષના યોગે 'પુરૂષ સંભારે નાર' પુરૂષ સ્ત્રીને સંભારે, અને બન્ને પોતાની અભિલાષાઓને પૂર્ણ કરવા માટે કામચિંતાના સંકલ્પ વિકલ્પ રૂપ આર્ત-ધ્યાનની વિચારણાઓને કરતા વિષય વાસ-નામાં મુંજાએલા પામરજીવો 'વલી વલી ઉસસી નીસસી' વારંવાર ઉંચા નીચા થાય છે, એટલે તે મેળવવા માટે અનેક પ્રકા-રના ફાંફાં મારે છે, તેમાં કદી જો તે ન મળે તો સંકોચાય છે અને જો મળે તો હર્ષ ઘેલા બને છે, એવી રીતે વિષયો પ્રાપ્ત થએ ફૂલાતા 'હિયડા હરખ મ હાર' મનમાં કલ્પિત આનંદ

માને છે. પણ ચેતનના સહજ સ્વાભાવિક આનંદ પાસે ઉપરોક્ત પુદ્ગલ સંબંધી આનંદ જ્ઞાનિઓએ અત્યન્ત હલકો–સાવ તુચ્છ ગણેલ છે, માટે તેમાં ફસાઇને સાચા સુખને મેળવવાનું તું 'મ હાર' હારી ન જઇશ,–ખોઇ ન નાખીશ, અથવા તુચ્છ વિષય સુખને માટે અમૂલ્ય રત્ન ચિન્તામણિ જેવા મનુષ્ય જન્મને 'મ હાર' ન હારીશ. અથવા 'હિયડા હરખ મ હાર' હે હિયડા! હે ચેતન! તું પૌદ્ગલિક સુખનો કામી થયો થકો ઉંચો નીચો થાય છે, તેજ 'હરખ' આનંદને નાશ કરનાર છે, માટે વિષયાભિલાષી થઈ તું ખરા આનંદને ન હાર–ન ખોઇશ. ૧૨ કહ્યું છે કે—

' रागा बध्नाति कर्माणि,
वीतरागो विमुच्यते ॥

जना ! जिनोपदेशोऽयं,
संक्षेपाद् बन्धमोक्षयोः ॥१॥
कारणात्प्रियतामेति,
द्वेष्यो भवति कारणात् ॥
स्वार्थार्थी जीवलोकोऽयं,
न कस्यचित्कस्यचित्प्रियः ॥२॥
वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः
शुष्कं सरः सारसाः ।
पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा
दग्धं वनान्तं मृगाः ॥
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका
भ्रष्टं नृपं सेवकाः ।
सर्वः स्वार्थवशाज्जनोऽभिरमते
नो(भोः) कस्य को वल्लभः ॥ ३ ॥

जाताः कति नहि सुखसंबन्धा,
न विदन्त्येते जीवा अन्धाः ॥
कटरे मोहनटस्य विलासः,
सर्वो नव इव पुनराभासः ॥४॥
अनित्यमारोग्यमनित्ययौवनं ।
विभूतयो जीवितमप्यनित्मम् ॥
अनित्यताभिः प्रहतस्य जन्तोः ।
कथं रतिः कामगुणेषु जायते' ॥५॥

અર્થાત્—રાગી કર્મોને બાંધે છે અને રાગરહિત તે સંસારથી મુકાય છે, હે મનુષ્યો ! સંક્ષેપથી આ બંધ અને મોક્ષ સંબંધી જિનેશ્વરોનો ઉપદેશ છે. માટે કર્મ બંધથી બચવું હોય અને પરમ આનંદ મેળવવો હોય તો રાગનો ત્યાગ કરવો જોઇએ. ૧ આ સંસારમાં કારણુથી જીવો રાગી અને કારણુથી દ્વેષી બને

છે. આ જીવલોક સર્વે પોતપોતાના સ્વાર્થના મતલબી છે. મતલબ શિવાય કોઈ પણ કોઇ-નો પ્રિય નથી આવો સંસારનો સંબંધ છે, તેમાં ફસાવવું ન જોઈએ. ૨ જુઓ—પક્ષિઓ ફલ રહિત વૃક્ષનો ત્યાગ કરે છે, સુકાઈ ગયેલા સરોવરને સારસ પક્ષીઓ છોડી દે છે, ભ્રમરાઓ કરમાએલ ફુલને તજી દે છે, બળી ગએલા વનનો હરણીયાઓ ત્યાગ કરે છે, દ્રવ્ય રહિત પુરૂષની ગણિકાઓ ઉપેક્ષા કરે છે, ભ્રષ્ટ થએલા રાજાનો સેવક લોકો ત્યાગ કરે છે, સર્વ કોઇ સ્વાર્થના અંગે મનુષ્ય રાગી થાય છે, વિના સ્વાર્થે કોઇ કોઇનો વાલો નથી, સંસારનું આવું સ્વરૂપ છે, માટે તેમાં ફસાવવું ન જોઇએ ૩ આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવોને કેટલા સુખ સંબંધો થયા? અર્થાત્ અનંતા સંબંધો થયા છે; છતાં પણ

અંતર્જ્ઞાન વિના અંધ થએલા સંસારી જીવો જાણતા નથી, આ તે કેવા પ્રકારનું મોહનીય કર્મરૂપ નટનું નાટક છે? સર્વ નવીનની માફક જીવને ફેર પાછું ભાસમાન થાય છે. જે વસ્તુઓને વાંછે છે તે વસ્તુઓ અનંતિ વાર પૂર્વે પ્રાપ્ત કરેલ છે, નવીન નથી, જ્ઞાનિ ઓના વચન વિચારવામાં આવે તો સમજાય. ૪ શરીરની આરોગ્યતા અનિત્ય છે, યૌવનપણું અનિત્ય છે, સંપદાઓ અનિત્ય છે અને આ-સુષ્ય પણ અનિત્ય છે. આ પ્રકારની અનિ-ત્યતાઓ વડે હણાએલ જીવને વિષય ભોગોમાં પ્રીતિ કેમ થતી હશે? ખરી રીતે સમજુને ન થવી જોઈએ. ૫

મધુ બિંદુ જેવા સુખમાં ફસાવવું ન જોઈએ, તે જણાવે છે:—

जा तें जिनधर्म आदर्यो,

तो जे सुख मधुबिंदु ।
तेहनुं शुं संभारवुं,
दूधे आछण विंदु । १३

અર્થ:—'જો તેં જિનધર્મ આદર્યો '-અત્યંત દુર્લભ અને મહાન્ પુણ્યના યોગે જેની પ્રાપ્તિ કહેલ છે એવા જિનેશ્વર પ્રરૂપિત પરમ પવિત્ર ધર્મને પામીને પ્રેમ પૂર્વક આત્મોદ્ધાર કરવા માટે તે જૈનધર્મને જો તેં આદર્યો છે-સ્વીકાર્યો છે, 'તો જે સુખ મધુ બિંદુ' તો પછી જેમાં દુઃખનો પાર નથી, કેવલ આદ્ય ક્ષણમાં જ માત્ર રમણીક અને પરિણામે અતિ કટુક કિંપાક ફલના જેવા નાશકારક, વિવેકથી ભ્રષ્ટ કરનારા એવા મધુબિંદુના દૃષ્ટાંતની ઉપમા સરખા જ્ઞાનીઓએ વિષય સુખો કહ્યા છે 'તેહનું શું સંભારવું' તેને સંભારવા પણ

શું કામના અથવા તુચ્છ એવા તે વિષય સુખોને ખરી રીતે યાદ કરવા પણ ન જોઇએ, એતો ખરેખર ' દૂધે આછણુ બિંદુ ' દૂધમાં છાશની આછના બિંદુ-ટિપાં નાખવા સરખું એટલે સાચા સુખના વિનાશ કરવા માટેના પ્રયત્ન કરવા જેવું થાય છે. તે સમજુને બીલકુલ આદર કરવા લાયક નથી, અથવા તો આ દુહાનો આમ પણ અર્થ થઈ શકે છે:—દૂધની પ્રાપ્તિ થએ છતે છાશની જે આછ તેના બિંદુને શું યાદ કરવા? મતલબ કે તેની શી વાંછા કરવી? એવી હલકી વાંચ્છા કરનાર જાણકાર કે વિવેકી ગણાતો નથી. તેમ શુદ્ધ એવા જૈનધર્મને પામી તુચ્છ મધુબિંદુ સરખા વિષય સુખોને સંભારવા ન જોઇએ. એથી તો આત્માને અનંતા સુખની હાની થાય છે અને સંસારની વૃદ્ધિનું કારણ બને છે. ૧૩

કહ્યું છે કે—

'महुबिंदुसमे भोए,
परिणामदारुणे धणियं ॥
इय वसणसंकडगओ,
विबुहो कहमीहइ भोत्तुं जे ॥१॥
खणमित्त सुक्खा बहुकाल दुक्खा,
पगामदुक्खा अणिगामसुक्खा ॥
संसारमोक्खस्स विपक्खभूआ,
खाणी अणत्थाण उ कामभोगा ॥५॥
जं च कामसुहं लोए,
जं च दिव्वं महासुहं ॥
वीयरायसुहस्सेय,
णंतभागंपि णग्गइ ॥३॥
विकम्पते हस्तयुगं वपुःश्रीः,
प्रयाति दन्ता अपि विद्रवन्ति ॥
मृत्यावुपागच्छति निर्विलम्बं,

तथापि जन्तुर्विषयाभिलाषी ॥४॥
भिक्षाशनं तदपि नीरसमेकवारं,
शय्या च भूः परिजनो निजदेहमात्रम् ॥
वस्त्रं विशीर्णपटखण्डमयी च कन्था,
हाहा तथापि विषयान् न परित्यजन्ति' ॥५॥

અર્થાત્—વિષય ભોગનું સુખ મધુબિંદુ તુલ્ય છે, પરિણામે ઘણુંજ ભયંકર છે; એ હેતુથી આપત્તિના સંકટમાં પણ જે સમજુ છે તે કેવી રીતે ભોગવવાને યોગ્ય ગણે ? નજ ગણે. કામ ભોગ ક્ષણ માત્રના સુખને બતાવનારા. અને બહુકાલ પર્યંત દુ:ખને આપનારા તેમજ અત્યંત દુ:ખને આપનારા, અલ્પ સુખવાળા, સંસાર મોક્ષના શત્રુભૂત, એટલે સંસારની વૃદ્ધિ કરનારા અને વળી અનર્થોની ખાણરૂપ એવા કામભોગ છે. માટે સમજુ વિવેકીઓને છોડવા

લાયક છે. ૨ જે કામસુખ લોકમાં છે તે અને દેવોનું જે દિવ્ય મહાસુખ છે તે, વીતરાગ સુખની આગે અનંતમા ભાગને પણ પહોંચી શકતા નથી, એવાં અલ્પ અને તુચ્છ છે. માટે તજવા યોગ્ય છે. ૩ બે હાથ જેના કંપી રહ્યા છે, શરીરની શોભા ચાલી ગઇ છે, દાંત પણ પડવા લાગ્યા છે, મૃત્યુ વિલંબરહિત નજીક આવેલ છે, તો પણ જીવ વિષયોની ઇચ્છા કર્યા કરે છે. ૪ જેઓને ભિક્ષા ભોજન, તે પણ નીરસ અને એકવાર મલે છે, પૃથ્વી તેજ જેનો પલંગ છે, પોતાનું શરીર માત્ર પરિવાર છે, વસ્ત્રોમાં જુના કપડાના કકડાથી બનેલ ગોદડી છે, હા! હા! બહુ ખેદની વાત છે તો પણ જીવો વિષયની વાંછાને છોડતા નથી. ૫

મધુબિંદુનું ટુંક દ્રષ્ટાંત આ પ્રમાણે છે:-

જેમ કોઇ અટવીમાં જતો મુસાફર મનુષ્ય, તેની પાછળ એક મદોન્મત્ત હાથી પડયો છે તેને જોઈ ભયથી ત્રાસ પામતો ત્યાંથી ભાગ્યો, હાથી તેની પાછલ પડયો છે, તેવામાં એક મ્હોટું વડવૃક્ષ આવ્યું, તેને જોઇને તેણે વિચાર્યું કે આમ ભાગવાથી હાથી મને પકડી પાડશે એમ ધારી તે વડ પર ચડી ગયો અને વડવાઇએ લટકયો. વડ નીચે એક મ્હોટો કુવો છે, તેમાં ચાર સર્પો અને એક મ્હોટો અજગર છે, તે મોં ફાડી રહ્યા છે, પેલો પડે કે ગ્રસી જઇએ એમ તેઓ તાકી રહ્યા છે. જે વડવાઇએ તે લટકી રહ્યો છે તે વડવાઇને કાળો તથા ધોળો એવા બે ઉંદરો કાપી રહ્યા છે. મુસાફરને પાડવા માટે હાથી તે વડને હલાવી રહ્યો છે, તે હાલવાથી મધમાખીઓ ઉડી અને પેલા લટકતા મનુષ્યને કરડવા

લાગી, તેથી તે બહુ પીડાવા લાગ્યો. મધપુડામાંથી મધ ટપકી તેના નાકે ટીપાં પડવા લાગ્યાં, અને તે ટીપાં મુખમાં આવવાથી તેને બહુ મીઠાં લાગ્યાં. તેથી જીભે તે બિંદુઓને જીલતો બહુ આનંદ માને છે, થતી પીડા અને આપત્તિઓને પણ ભૂલી ગયો છે. એવામાં વિમાનમાં બેઠેલ તીર્થયાત્રાએ જતા વિદ્યાધરે તેને જોયો, તેના દુઃખોને જોઈ વિદ્યાધરને દયા આવી, તે દુઃખોથી બચાવવા વિદ્યાધરે તેની પાસે આવી તેને કહ્યું કે હે ભદ્રક! તું આવ આ વિમાનમાં બેસી જા હું તને આ દુઃખથી બચાવું અને સુખના સ્થાનમાં લઇ જાઉં. પેલો કહે છે કે હે દયાળુ! આપની વાત ખરી છે પણ આ આવતા મધના બિંદુને લેવા દો પછી હું તમારી સાથે આવું, એમ એક એક મધનું ટિપું લેતો ચાટતો તેના સ્વાદમાં

ફસાએલો છે એવો તે તેને છોડી શકતો નથી, વિદ્યાધર જ્યારે આવવા માટે કહે છે ત્યારે તે આ મધનું બિંદુ લેવા દો પછી આવું. આમ ઉત્તર આપે છે, ત્યારે વિદ્યાધરે કહ્યું કે ભાઇ આવા મ્હોટા દુઃખો તને ઘેરી રહ્યા છે તેને તું જોતો નથી, તુચ્છ મધુબિંદુના સુખ માત્રમાં તું ફસાયો છે પણ એમ કરવું તે તને વ્યાજબી નથી. ત્યારે તેણે કહ્યું કે હું સમજું છું પણ મને આનો સ્વાદ બહુ સારો લાગે છે, માટે થોડો લેવા દો, આમ મધુબિંદુમાં ફસાએલ તેને જોઇ વિદ્યાધર ચાલ્યો ગયો અને તે મનુષ્ય મધુબિંદુના સ્વાદમાંજ રહી દુઃખી થયો. આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે. સંસાર રૂપ અટવીમાં મુસાફર તે સંસારી જીવ, તેના પાછળ કાળ રૂપ હાથી પડયો છે, વડ વૃક્ષ રૂપ મનુષ્ય જન્મ પામી આયુષ્ય રૂપ વડવા-

ઈમાં લટકયો છે, કાળા ધોળા ઉંદર રૂપ રાત્રિ અને દિવસ તેના આયુષ્યરૂપ વડવાઈ નો નાશ કરી રહ્યા છે. કાળરૂપ હાથી મનુષ્ય જન્મરૂપ વડવૃક્ષને હલાવી રહેલ છે અને સ્ત્રી, પુત્રાદિ સ્વપરિવાર રૂપ મધમાખીઓ તેને કરડી રહી છે છતાં વિષય સુખ રૂપ મધુબિંદુના સ્વાદમાં તે પીડાને પણ ભૂલી જાય છે. સંસારરૂપ કુવામાં ચાર ગતિ રૂપ સર્પો અને મોહ રૂપ અજગર મ્હોં ફાડી રહેલ છે. મુનિરાજ રૂપ વિદ્યાધર દીક્ષા રૂપ વિમાનમાં બેસાડી અજરામર પદ રૂપ સુખ સ્થાનમાં લઈ જવાનુ કહે છે પણ વિષય વિલાસ રૂપ મધુ બિંદુ સુખમાં ફસાએલ આત્માઓ તત્વો-પદેશને ધારણ કરતા નથી, તેથી સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતા દુઃખી થાય છે અને પ્રાપ્ત થએલ સામગ્રીને ખોઇ બેસે છે. ૧૩

વિષયોની તુચ્છતાને દ્રષ્ટાંતથી જણાવેછેઃ-

जीवन कारण ठीकरी,
सुधा कुंभ म फोड;
कांणी कोडी काज वली,
हार म रतनह कोड. १४

અર્થ:-'જીવન કારણ ઠીકરી' સંસાર સંબંધી વિષયોના ભોગોપભોગમાં આશક્તિને ધારણ કરવાની ઇચ્છાને કરતું જે જીવન તે રૂપ ઠીકરીના સારૂ 'સુધા કુંભ મ ફોડ' જ્ઞાન દર્શન અને ચારિત્રમય આત્મધર્મ રૂપ અમૃતથી ભરેલ ઘડાને ફોડીશ નહિ-આત્મ ગુણોનો નાશ કરીશ નહિ. અથવા વિષય વાસના સંબંધી મધુબિંદુ સરખા સુખરૂપ ઠીકરીના વાસ્તે અમૃત કુંભ સરખા સંયમ જીવિતવ્યનો 'મ ફોડ' નાશ ન કર, કારણ કે અત્યંત

દુર્લભ એવી વસ્તુ પાછી મલવી બહુ મુશ્કેલ છે, માટે હે ચેતન! તું સમજ. વળી બીજો દૃષ્ટાંત બતાવે છે–'કાંણી કોડી કાજ વલી' કાંણી કોડીના જેવા તુચ્છ ઇન્દ્રિય જન્ય વિષય સુખોને માટે 'હાર મ રતન કોડ' ક્રોડો ગમે રત્નોના સરખા અમૂલ્ય આત્મિક સુખોને તું 'મ હાર' હારીશ નહિ. કારણ કે–જેમ કોઇ લોભી માણસ કાંણી કોડીના માટે ક્રોડો સોનામહોરો ખોઈ નાખે છે અને પછી દુઃખી થાય છે, તેમ તું પણ હે ચેતન! અમૂલ્ય આત્મિક ધર્મને નિર્માલ્ય વિષય વાસનાઓના માટે હારી જઇ દુઃખી થઇશ નહિ; વાસ્તે સમજીને ચાલવાનો ખપ કર.૧૪ કહ્યું છે કે—

'जह कागिणीए लुद्धो,
कोडी हारेइ कोइमवि मणुओ ॥

तह विसयलालसमणा,
   विवेयवियलं इमं जम्मं ॥१॥
हा हा दुष्ट ! कदर्थितकार्यैः,
   क्षिप्तं जन्म मुधा व्यवसायैः ॥
काकिण्यर्थे चिन्तारत्नं,
   हारितमेतदकृत्वा यत्नम् ॥२॥
दुलहं मानुसजम्मं,
   मा हारसु तुच्छभोयसुहहेउं ॥
वेरुलयमणिमोल्लेणं,
   कोइ किं किणइ कायमणिं ॥ ३ ॥
विसया विसंव विसमा,
   विसया वेसानरव्व दाहकरा ॥
विसया पिसायविसहर,-
   वाघाण समा मरणहेऊ ॥४॥
हरिहर चउराणण,-

चंदसूरइन्दाइणो वि जे देवा ॥
नारीण किंकरत्तं,
करंति धिद्धी विसयतण्हा ॥ ५ ॥
जह कच्छूली कच्छूं,
कंडुयमाणो दुहं मुणइ सुक्खं ॥
मोहाउरा मणुस्सा
तह कामदुहं सुहं बिंति' ॥ ६ ॥

અર્થાત્-જેમ કોઈ પણ મનુષ્ય કાંગિણી (વીશ કોડીની એક કાંગિણી) તેમાં લુબ્ધ થએલો ક્રોડ સોના મ્હોરોને હારે છે-ગમાવે છે. તેમ વિષયોના લાલચુ મન વાળો અને વિવેક રહિત એવા મનુષ્યો આ ઉત્તમ મનુષ્ય જન્મને હારિ જાય છે ! હે દુષ્ટ ! હે મૂર્ખ ! કદર્થના-પીડાઓ પામેલ છે શરીર તે જેઓથી એવી ક્રિયાઓ કરવા વડે કરી તેં

જન્મને ફોકટ નાશ કર્યો છે. એ અત્યંત ખેદની બીના છે. કારણ કે ધર્મ સાધનનું મુખ્ય કારણ આ મનુષ્ય દેહ રૂપ ચિંતામણિ રત્ન તેને ધર્મમાં જોડવાનો પ્રયત્ન કર્યા વિના વિષય વિલાસરૂપ કવડી માટે લંપટી બનાવીને હારિ નાખ્યો એટલે જર્જરિત કરી ખોઇ નાખ્યો, એ તેં સારૂં ન કર્યું. ૨

તુચ્છ ભોગ સુખ હેતુને લઈ ને દુર્લભ એવો મનુષ્ય જન્મ તેને તું ન હારીશ, વૈડૂર્ય મણીના મૂલ્યે કાચને શું કોઇપણ ખરીદી લે ખરો? અર્થાત્ સમજુ વિવેકી તો ન લે. ૩ વિષયો ઝેરની માફક ભયંકર છે, વિષયો અગ્નિની પેઠે બાળનારા છે અને વિષયો પિશાચની માફક, સર્પની માફક અને વાઘની માફક મરણના હેતુ ભૂત છે. માટે ત્યાગ કરવા યોગ્ય છે. ૪ ધિક્કાર થાઓ વિષયની લાલ-

માને કે જે વિષય તૃષ્ણાને લઈ ને હરિ, હર, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને ઇંદ્ર વિગેરે જે દેવો તે પણ નારીઓના દાસપણાને પામેલા છે. એટલે સ્ત્રીયોના તાબેદાર બન્યા છે. ૫. જેમ ખરજ વાળો મનુષ્ય ખરજને ખણતો દુઃખને પણ સુખ માને છે; તેમ મોહનીય કર્મથી ઘેરાએલ મનુષ્ય કામલાલસાના દુઃખને પણ સુખ માને છે. આ દશા વિષયાધીનોની છે. ૬

**અંતરંગ શત્રુઓને હઠાવવા માટે કુબુદ્ધિનો ત્યાગ કરવા જણાવે છેઃ—**

**जे चाले तुझ पगे पडया,**
**ओलख तेज कुबुद्धि;**
**अवर बुंब बाहर अवर,**
**करत किसी फल सिद्धि. १९**

અર્થઃ—‘જે ચાલે તુઝ પગે પડયા’ શ્રી

જિનેશ્વરોએ પ્રરૂપિત પવિત્ર સંયમ માર્ગમાં ચાલતા જે તને કામ, ક્રોધાદિ અંતરંગ શત્રુઓ આડા આવે છે. અર્થાત્ તે માર્ગે ચાલતા તને ઉત્સાહનો ભંગ કરે છે. માટે 'ઓલખ તેજ કુબુદ્ધિ' તેઓજ કુબુદ્ધિને આપનારા છે, એટલે કે ઉત્તમ માર્ગથી ભ્રષ્ટ કરનારા છે, એમ તું તેઓને ઓળખ ખરેખરી રીતે તારા હૃદયમાં તેઓની પિછાણ કર. અથવા તો 'જે ચાલે તુઝ પગે પડયા' જે સુંદર આચરણાએ ચાલતા-પ્રવૃત્તિ કરતા એવા તને લોકો આવી આવી તારા ચરણ-પગમાં નમ્યા છે, તે પ્રભાવ કોનો? અને તે લોકો શાથી નમ્યા છે? તે તું 'ઓળખ તેજ કુબુદ્ધિ' હે કુબુદ્ધિ એટલે હે ઉત્પન્ન થએલ વિષયાભિલાસ રૂપ કુબુદ્ધિને ધારણ કરનાર! તેનેજ તું તારા હૃદયમાં ઓળખી કાઢ, એટલે

કે તું તારા ચિત્તમાં સમજી લે કે તે લોકો તારી ઉત્તમ આચરણાને નમ્યા છે, પણ નહિ કે તારી દુષ્ટ વિચારણાને; તે તું સમજી જાણી લે. અર્થાત્ હે કુબુદ્ધિ ! હે ખોટા વિચારને ધારણ કરનાર ! તેનો જ તું વિચાર કર કે જે લોકો આવી આવીને તારા પગે પડયા-નમ્યા છે. તે તને ગુણી સમજીને, નહિ કે નિર્ગુણી સમજીને, માટે તું ખરેખર ગુણી થા. કેવલ બાહ્ય આડંબરને છોડ, એટલે કે અંદર તથા બહાર એમ એકરૂપે પ્રવૃત્તિ કરનાર થા. અથવા તો આવું પણ પાઠાંતર છે 'જે નિત્યે તુઝ પગે પડયા'. જે અંતરંગ શત્રુઓ કામ, ક્રોધ, મોહ, મદ વગેરે હંમેશા તારી પાછળ પડ્યા છે, તારો કેડો છોડતા નથી, તે વિષય-કષાય રૂપ શત્રુઓને 'ઓળખ તજ કુબુદ્ધિ.' તું બરોબર જાણ કે તે કુબુદ્ધિને આપનારા છે.

માટે તેઓનો ત્યાગ કર. 'અવર મુંબ બાહર અવર' બહારની સારી આચરણાને લઇને લોકો એમ બૂમો મારે કે તે સારો છે; અને અંદરની વિચારણાઓ તારી જુદી રમત રમ્યા કરતી હોય તો તે 'કરત કીસી ફલ સિદ્ધિ' શું ફલની સિદ્ધિ કરે. અર્થાત્ કહે કાંઇ અને કરે કાંઈ એવી રીતે કેવલ ખોટા તોપ તડાકા મારવાથી કાંઈ પણ કાર્યસિદ્ધિ ન થાય, અથવા વાંસની જેમ માંહી પોલ અને બહાર ઢમઢોલ એ પ્રમાણે કેવળ લોકોને છેતરવા માટે પ્રવૃત્તિ કરવાથી પોતાના આત્માને શો લાભ થાય ? અર્થાત્ કાંઈ નહિ. એ તો માયા, પ્રપંચ ગણાય. માટે 'તજ કુબુદ્ધિ' તું કુબુદ્ધિનો ત્યાગ કર. જેથી તારા આત્માને શાંતિ મળે. ૧૫ કહ્યું છે કે:—

'अन्तर्धृतगुणैरेव,
परेषां स्थीयते हृदि ॥
अर्थं समर्थयन्त्येनं,
समग्रं कुसुमस्रजः ॥ १ ॥
गुणेष्वनादरं भ्रातः !
पूर्णश्रीरपि मा कृथाः ॥
संपूर्णोऽपि घटः कूपे,
गुणच्छेदात्पतत्यधः ॥ २ ॥
गुणेष्वेवादरः कार्यः,
किमाटोपैः प्रयोजनम् ? ॥
विक्रीयन्ते न घण्टाभि,-
र्गावः क्षीरविवर्जिताः ॥३॥
संधयेत्सरला सूची,
वक्रा छेदाय कर्त्तरी ॥

अतो विमुच्य वक्रत्वं,
गुणानेव समाश्रय ॥ ४ ॥
गुणैरुत्तुङ्गतां याति,
न तु जातिप्रभावतः ॥
क्षीरोदधिसमुत्पन्नः,
कालकूटः किमुत्तमः ॥ ५ ॥

અર્થાત્—અંતરમાં એટલે હૃદયમાં ધારણ કરેલા ગુણ વડે કરીને જ બીજાઓના હૃદયમાં સ્થાન કરી શકાય છે. એ અર્થને ફુલની માળાઓ સંપૂર્ણ રીતે સમર્થન કરી રહેલ છે. એટલે બતાવી રહેલી છે.

હે ભાઇ! તું સંપૂર્ણ લક્ષ્મીવાન હોય તો પણ ગુણોનો અનાદર ન કરીશ કારણકે જળથી સંપૂર્ણ ભરેલો ઘડો પણ દોરડું તૂટવાથી કૂવામાં પડે છે. ૨ ।। સારા સારા ગુણોમાં જ આ-

દૂર કરો. ફટાટોપ એટલે કેવળ દેખાવ કર-વાથી શું પ્રયોજન સરવાનું છે ? ઘૂઝણી ગાયો ઘંટડીઓ બાંધવાથી કાંઇ વેચાતી નથી.૩ સરળ સીધી જે સોય તે સાંધી આપે છે, અને વાંકી એવી કાતર તે કાપી નાખે છે. એ કારણથી વક્રપણું છોડીને સરલાદિ ગુણોને જ ધારણ કરવા જોઈએ. ૪ જીવ પણ ગુણોથી શ્રેષ્ઠતાને પામે છે, જાતિના પ્રભાવથી નહિ. ક્ષીરસમુદ્રથી ઉત્પન્ન થયેલું હોવાને લીધે કાલકૂટ વિષ શું ઉત્તમ બની જાય છે ખરૂં ? કદાપિ નહિ. ૫

**અચરે રામ, અચરે રામ કરવાથી કે ખોટી ધાંધલ કરવાથી કાર્યની સિદ્ધિ થતી નથી તે જણાવે છેઃ—**

**प्राणा केहवो प्राणी तुं,**
**निशि निचंत सुएसी;**

**ए 'महासाहस' सारिखो,**
**साहस कांइ करेसि ॥१६॥**

અર્થ:—'પ્રાણી કેહવો પ્રાણી તું,' હે પ્રાણી-ચેતન! તું પ્રાણી- દ્રવ્યભાવ પ્રાણને ધારણ કરનાર છતાં કેવો સમજણ વિનાનો ગમાર પ્રાણી છે, કારણકે તારા મસ્તક પર કાળ ઝપાટા મારી રહેલ છે, તે સર્વ તારી બાજી વિખેરી નાખતાં વાર નહિ કરે; અને વળી વિષયકષાયરૂપ શત્રુઓ તારા પર ગાજી રહ્યા છે. એ સર્વ બીનાને તું જાણે છે, અને એ કરવા લાયક નથી, એમ બોલે પણ છે, છતાં પણ 'થાય છે, કરીશું,' એ પ્રમાણે ચિંતવતો પ્રમાદમાં પડયો થકો આત્મોદ્ધાર સંબંધી કોઇ જાતનો વિચાર કરતો નથી. અને 'નિશિ નિચિંત સુએસી' રાત્રે નિશ્ચિંત-

પણે પૂર્વાપર કોઈ જાતની ચિંતા રાખ્યા વિના સુઇ રહે છે. 'એ મહા સાહસ સરિખો' આવું ભયંકર સાહસ વિચાર્યા વિનાનું 'મહા સાહસ' નામના પક્ષીના જેવું 'સાહસ કાંઈ કરેસિ' સાહસ કાર્ય તું કેમ કરી રહ્યો છે? તેનો આળસ-પ્રમાદ છોડી સાવધાન થઇ વિચાર કર. જેમ મહા સાહસ નામનો પક્ષી મુખ થકી 'મહા સાહસ, મહા સાહસ' એ પ્રમાણે બોલે છે, અને પોતે જ મોટા સાહસનું કાર્ય કરે છે, તેમ તારે કરવું વ્યાજબી નથી. કારણુ કે તે તો તિયચ પક્ષી હોવાથી વિવેક વિનાનું છે, અને તું તો હે જીવ! મનુષ્ય હોવાથી વિવેકવાળો ગણાય છે, તેથી તારે તેમ કરવું વ્યાજબી નથી. સિંહ કે વાઘ શીકાર કરી ખાઇ સુઇ ગયેલ હોય છે, ત્યારે તેનું મુખ નિદ્રામાં પહોળુ થઇ જાય છે, અને તેની

દાઢોમાં ભરાઈ રહેલ માંસ હોય છે, તે માંસ ખાવા માટે 'મહા સાહસ' પક્ષી તેના મુખમાં પેસે છે, અને દાઢોમાંથી માંસ કાઢી, બહાર આવી ઝાડ પર બેસી ખાય છે, અને બોલે છે કે 'મહા સાહસ, મહા સાહસ' એ તેનું ઉચ્ચારણ છે, તેથી તો તેનું નામ 'મહા સાહસ' પડેલ છે. કદાચિત્ દાઢોમાંથી એ પક્ષી માંસ કાઢતું હોય તે સમયે સિંહ કે વાઘે પોતાનું મુખ બંધ કર્યું તો તે પક્ષીના શા હાલ થાય? 'મહા સાહસ' બોલવા માત્રથી શો લાભ થાય, તેનું આ ગમાર પક્ષીને બીલકુલ ભાન નથી. તે પક્ષી એ પ્રમાણે વારંવાર કરે છે, અને તે જ પ્રમાણે ફરીફરી બોલે પણ છે. તેવી રીતે તું પણ હે પ્રાણી-જીવડા! મહા સાહસની માફક સાહસ કાર્ય કરતાં

અને બોલતાં વિચાર કર, તેના જેવો ન થા. અને આ ઉત્તમ મનુષ્ય જિંદગીને નકામી ગમાવી ન દે. કહ્યું છે કે—

'निद्रा मूलमनर्थानां,
निद्रा श्रेयो विघातिनी ॥
निद्रा प्रमादजननी,
निद्रा संसारवर्द्धिनी ॥ १ ॥
सहसा विदधीत न क्रिया-
मविवेकः परमापदां पदम् ॥
वृणुते हि विमृश्यकारिणं,
गुणलुब्धाः स्वयमेव संपदः ॥२॥
प्रातर्मूत्रपुरीषाभ्यां,
मध्याह्ने क्षुत्पिपासया ॥
सदा कामेन बाध्यन्ते,
प्राणिनो निशि निद्रया ॥ ३ ॥

અર્થાત્—નિદ્રા અનર્થોનું મૂળ છે. કલ્યાણ અને લક્ષ્મીનો ઘાત કરનારી નિદ્રા છે. પ્રમાદને ઉત્પન્ન કરનારી નિદ્રા છે અને સંસારને વધારનારી નિદ્રા છે. ૧ સહસા—એકદમ વિચાર્યા વિના કોઈ પણ કાર્યને કરવું નહિ, કારણ કે તે અવિવેક ગણાય છે; અને અવિવેક તે મોટી આપદા—સંકટનું સ્થાન છે. ખરેખર વિચારપૂર્વક કાર્ય કરનારને ગુણમાં આસક્ત થયેલી સર્વ પ્રકારની સંપત્તિઓ પોતાની મેળે આવી વરે છે-પ્રાપ્ત થાય છે. ૨ પ્રાણીઓ સવારમાં પેશાબ અને ઝાડા વડે પીડાય છે, મધ્યાહ્નકાળે ભૂખ અને તરસ વડે પીડાય છે, કામ વડે તો હંમેશાં પીડાય છે અને રાત્રે નિદ્રા વડે પીડાય છે.

**અંતરંગ શત્રુઓથી સાવધાન રહેવાનું જણાવે છેઃ—**

प्राणी मोटा ताहरे,
वइरी विषय कषाय;
अहोनिशि रहेजे जागतो,
जिउं करी न शके घाय १७

'પ્રાણી મોટા તાહરે'–હે મુગ્ધ પ્રાણી–જીવ! અનાદિ સંયોગ સંબંધને લઇ સાથે રહેલા અને સંસારમાં ઊંચ નીચ ગતિઓની અંદર પરિભ્રમણ કરાવી તને દુઃખી કરનારા એવા મોટા 'વઇરી વિષય કષાય' વેરીઓ વિષય અને કષાય તે તારા ઉપર ભમી રહ્યા છે. વિષય એટલે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ, પાંચે ઇંદ્રિયોના વિષયો કહેવાય છે. પ્રાણીઓ જેમાં ફસાય અને જેને માટે પોતાનું ભાન ભૂલી જઇ દુઃખી થાય, તેને વિષય કહેલ છે. એકેક ઇંદ્રિયના વિષય-

માં જે ફસાય છે તેના આ લોકમાં પણ પ્રત્યક્ષ બેહાલ થાય છે. જેમ હરણ, પતંગ, ભ્રમર, મચ્છ અને ગજ વગેરે નાશ પામે છે. તો જે પાંચેમાં ફસાય છે, તેના દુઃખનું શું પૂછવું? કષ એટલે સંસાર-તેની વૃદ્ધિ કરે તેને કષાય કહેવાય છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયના ભેદ કહેલા છે. અને તે આત્મગુણોનો નાશ કરનારા છે. માટે જ વિષય અને કષાય એ આત્માના મોટા દુશ્મનો છે. તેથી 'અહો નિશિ રહેજે જાગતો' સાવધાની રાખી દિન રાત જાગતા રહેજે, કે જેથી 'જીઉ કરી ન શકે ઘાય' શત્રુઓ તારા પર ઘા કરી ન શકે, તારા આત્મહિતને ન બગાડે. સંસારની અંદર અનેક જન્મ, મરણના દુઃખોને ન પમાડે, અને તેઓથી તું દુઃખી ન થાય; માટે સાવધાન રહેજે. કહ્યું છે કે:—

(જાગતે નર સદા સુખી, જાગે સે જીવે,
ઉંઘે સે મરે.)

'कुरङ्गमातङ्गपतङ्गभृङ्ग-
मीना हताः पञ्चभिरेव पञ्च ॥
एकः प्रमादी च कथं न हन्याद्,
यः सेवते पञ्चभिरेव पञ्च ॥ १ ॥

आत्मानं कुपथेन निर्गमयितुं
यः शूकलाश्वायते ।
कृत्याकृत्यविवेकजीवितहृतौ
यः कृष्णसर्पायते ॥
यः पुण्यद्रुमखण्डखण्डन-
विधौ स्फूर्जत्कुठारायते ।
तं लुप्तव्रतमुद्रमिन्द्रियगणं
जित्वा शुभंयुर्भव ॥ २ ॥

स पण्डितो यः करणैरखण्डितः ।
स तापसो यो निजपापतापकः ॥
स दीक्षितो यः सकलं समीक्षते ।
स धार्मिको यः परमर्म न स्पृशेत्॥३॥

आपदां कथितः पन्था,
इन्द्रियाणामसंयमः ॥
तज्जयः संपदां मार्गो,
येनेष्टं तेन गम्यताम् ॥ ४ ॥

यस्य हस्तौ च पादौ च,
जिह्वा च सुनियन्त्रिता ॥
इन्द्रियाणि सुगुप्तानि,
रुष्टो राजा करोति किम् ?' ॥ ५ ॥

અર્થાત્—એક એક ઇન્દ્રિયના વિષયમાં

ફસાવાથી હરણ, પતંગ ભ્રમર, મચ્છ અને હાથી વગેરે નાશ પામે છે, તો પાંચે ઇન્દ્રિયોના વિષયોને સેવન કરનાર એક એવો પ્રમાદી કેમ ન હણાય? અથવા તો અવશ્ય હણાય જ. ૧

આત્માને ખરાબ માર્ગે લઈ જવાને જે ઇંદ્રિયોનો સમૂહ તોફાની ઘોડા જેવો છે; કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યના વિવેકરૂપ જીવનને નાશ કરવામાં જે ઇંદ્રિયોનો સમૂહ કાળા સર્પ જેવો છે; અને પુણ્યરૂપ ઝાડના જથાને નાશ કરવામાં ધારવાળા કુહાડાના જેવો ઇન્દ્રિયોનો સમૂહ છે; તે વ્રતની મર્યાદાને લોપનાર ઇન્દ્રિયસમૂહને જીતીને તું સુખી થા. ૨

જે ઇન્દ્રિયોના વિષયોથી ખંડિત એટલે તાબેદાર ન થયો તે પંડિત; જે પોતાના પાપને તપાવ-

નાર હોય તે તાપસ; જે સ્વ–પરને સમાન રીતે જુએ તે દીક્ષિત અને જે પરના મર્મ એટલે ગુપ્ત બીનાને સ્પર્શ ન કરે તે ધાર્મિક જાણવા. ૩

ઇંદ્રિયોનો અસંયમ એટલે વિષયોમાં પરાધીનપણું તેજ આપદાઓનો માર્ગ કહેલ છે, અને ઇંદ્રિયોનો જે જય એટલે જીતવાપણું તેજ સંપદાઓનો માર્ગ છે. એ બે માર્ગમાંથી જે ઠીક લાગે તે માર્ગે જાઓ. ૪ જેના હાથ, પગ અને જિહ્વા કબજામાં છે, અને જેની ઇંદ્રિયો સુગુપ્તિવડે રક્ષણ કરાયેલી છે, એવા પુરુષને રોષાયમાન થએલ રાજા પણ શું કરી શકે ? અથવા તો કશું પણ ન કરી શકે. ૫

વિષય કષાયો ભમાવનારા છે તેથી તેઓને છોડવાનું જણાવે છે:—

एणे घणी परे घासव्यो,
तो पण एह शुं प्रीति;

**करतो वार्यो नवि रहे,**
**भटके भाटकी भीति ॥१८॥**

અર્થ:-'એણે ઘણી પરે ઘાસંચ્યો'- ઉપર કહેલા વિષયકષાયાદિ વેરીઓએ હે જીવ! તને બહુ પ્રકારે સંસારચક્રમાં પરિભ્રમણ કરાવી શારીરિક તેમજ માનસિક અનેક આપત્તિઓમાં નાખી ઘસાંચ્યો-તને ઘણી રીતે હાનિ પહોંચાડી છે; દુ:ખ દેવામાં કમીના રાખી નથી. 'તો પણ એહ શું પ્રીતિ' છતાં પણ તું એમની સંગતિ છોડતો નથી, અને તે વિષયકષાયોની સાથે પ્રેમી થઇ તું વર્તે છે. પોતાનું ભવિષ્ય બગડે છે તેનો વિચાર પણ તું મુદ્દલ કરતો નથી. 'કરતો વાર્યો નવિ રહે' તને હિત શિખામણોથી તેમનો સાથ છોડવા માટે સમજાવતાં છતાં

તું તેઓની સોબત ત્યજતો નથી. અને 'ભટકે ભાટ કી ભીતિ' ભટકતા ભાટની માફક તેઓની પાછળ ભટકયા કરે છે-રખડયા કરે છે. સ્વગુણની હાનિવૃદ્ધિનો ખ્યાલ કરતો નથી. જેમ ભીખ માગતા અને ભટકતા ભાટ-ની ભૂખ ભાંગતી નથી તેમ તું પણ હે જીવ! તેમની પ્રીતિ માટે ભટકતાં અટકતો નથી, તેથી સમજી તેઓનો ત્યાગ કર. કહ્યું છે કે:-

' जं अज्जिअं चरित्तं,
देसूणाए अ पूव्वकोडीए ।
तंपि कसायमित्तो,
हारेइ नरो मुहुत्तेणं ॥ १ ॥
अशक्यं रूपमद्रष्टुं,
चक्षुर्गोचरमागतम् ।

रागद्वेषौ च यौ तत्र,
तौ बुधः परिवर्ज्जयेत् ॥२॥

अल्लो सुक्को य दो छूढा,
गोलया मट्टिया मया ॥
दोवि आवडिया कुड्डे,
जो अल्लो सो विलग्गइ ॥ २ ॥

उवलेवो होइ भोगेसु,
अभोगी णोवलिप्पइ ॥
भोगी भमइ संसारे,
अभोगी विप्पमुच्चइ ॥ ४ ॥

अजानन् दाहात्म्यं पतति
शलभो दीपदहने ।
स मीनोऽप्यज्ञानाद्
बिडिशयुतमश्नाति पिशितम् ॥

विजानन्तोऽप्येते वयमिह-
विपज्जालजटिला-
न्न मुञ्चामः कामान् हहह-
गहनो मोहमहिमा ॥ ५ ॥

अण थोवं वण थोवं,
अग्गी थोवं कसाय थोवं च ।
नहु भे विससियव्वं,
थोवं पि हु तं बहुं होइ ॥ ६ ॥

दासत्तं देइ अणं,
अचिरेण मरणं वणं विसप्पंतो ।
सव्वस्स नासमग्गी,
दिंति कसाया भवमणंतं ' ॥७॥

અર્થાત્-દેશે ઊણા પૂર્વ કરોડ વર્ષો વડે કરીને જે મેળવેલ ચારિત્ર હોય તેને પણ કષાય-

વાળો થયેલ મનુષ્ય એક મુહૂર્ત માત્રથી હારી જાય છે; માટે તે કરવું ન જોઇએ. ૧.

ચક્ષુગોચર થયેલ રૂપને ન જોવું તે ન બની શકે પણ તેને અંગે થતા જે રાગ-દ્વેષ તેને સમજુ પુરુષ ત્યાગ કરવા માગે તો તે ત્યાગ કરી શકે છે. ૨.

એક લીલો અને બીજો સૂકો એમ બે માટીના ગોળા ભીંતે નાખ્યા હોય, તેમાં જે લીલો હોય તે ચોટી જાય છે, અને સૂકો ન ચોટે. તેથી રાગ-દ્વેષ રૂપ લીલાશ એ જ બંધનકર્ત્તા છે. માટે રાગ-દ્વેષ ઓછા થવા જોઇએ. ૩ વિષયોમાં આસક્ત ભોગી કર્મોથી લેપાય છે. અભોગી લેપાતો નથી; વિષયોનો ભોગી જીવ સંસારમાં ભમે છે, અભોગી સંસારથી મુકાય છે. ૪

આ અગ્નિ બાળી નાખશે, એમ નહિ જાણતું પતંગિયું દીવાની જ્યોતમાં પડે છે, તેમજ મચ્છ પણ અજ્ઞાનથી તીખા અણીદાર ખીલાયુક્ત માંસને ખાય છે અને અમે અહિંયાં વિપત્તિઓના સમુદાયથી જટિલ-ગુંચવાએલા એવા વિષયોને જાણતા છતાં પણ છોડી શકતા નથી. અહાહા મોહનો મહિમા ઘણો ગહન છે. ૫.

ઋણુ-કરજ થોડું છે, ગૂમડું નાનું છે, અગ્નિ થોડો છે, અને કષાય ઓછા છે એમ ધારીને હે ભદ્રક! તેઓનો વિશ્વાસ કરવો ન જોઇએ. ૬ કારણ કે-કરજ જો વધી જાય તો દાસપણું આપે છે, ગૂમડું જો વધી જાય તો થોડાજ કાળમાં તે મરણ નિપજાવે છે. અગ્નિ જો વધી જાય તો સર્વનો નાશ કરે છે અને કષાયો જો વધી જાય તો જીવને અનંતા ભવો કરાવે છે માટે કષાયોને વધવા

દેવા નહિ અને તેમનો વિશ્વાસ કરવો નહિ.

કૂતરા તથા સિંહનો સ્વભાવ જે સ્વરૂપે છે તે બતાવે છેઃ—

सुण्हउ पाहण आहण्यो,
पाहण करडे जोय;
दूरे सरतजी केसरी,
शरपति केडे होय ॥१९॥

અર્થ:—'સુણ્હઉ પાહણ આહણ્યો'-શ્વાન-કૂતરાને કોઇએ પાષાણ-પથ્થરથી માર્યો હોય તો તે કૂતરો 'પાહણ કરડે જોય' પત્થરને કરડવા સારુ દોડે છે પણ પત્થર મારનારને કરડવા દોડતો નથી. કારણ કે તેટલી તેની લાંબી બુદ્ધિ નથી. આવી તેની ટુંકી સમજણ છે. તે પ્રત્યક્ષ જોવાય છે.'દૂરે શર તજી કેસરી' અને જો કોઇએ કેસરી સિંહને બાણ માર્યું

હોય તો તે બાણને છોડી દઇ, તે તરફ ખ્યાલ ન કરતાં તરતજ આ બાણ ક્યાંથી આવ્યું છે, તે ધ્યાનમાં લેતાંની સાથે 'શરપતિ કેડે હોય' બાણ મારનારની કેડે પડે છે અને જો તે ઝપાટામાં આવે છે તો તેને ત્યાં જ પકડી ખતમ કરી નાખે છે. આવો કેસરી સિંહનો સ્વભાવ છે. તેથી જ તે પરાક્રમીઓમાં અગ્રેસર ગણાય છે. અને તેથીજ પરાક્રમી પુરૂષોને શૂરવીરતામાં કેસરી સિંહની ઉપમા આપવામાં આવે છે. તેમ તું પણ હે જીવ! કુતરાના સ્વભાવને છોડી સિંહના સ્વભાવને ધારણ કર કે જેથી ઉપયોગપૂર્વક આચરેલો ઉદ્યમ સફળ થાય. ૧૯

**દૃષ્ટાંત બતાવી હવે સિદ્ધાન્ત બતાવે છે:—**

**तेम दुःख कारण कर्म गणी,**
**तेहनी केडे लाग;**

मोहनी निद्रा छांडी जीव,
जागी शके तिम जाग ॥२०॥

અર્થ:—' તેમ દુઃખ કારણ કર્મ ગણી ' તેવી જ રીતે દુઃખ આવે છતાં તેમાં આર્ત-ધ્યાન ન કરતાં આ દુઃખ શાથી થયું ? તેનો વિચાર કરવો જોઇએ. દુઃખ થવાનું ખરેખર કારણ કર્મ–રાગ દ્વેષની પરિણતિ છે. એમ જ્ઞાનિઓ જણાવે છે. કહ્યું છે કે—

'वैद्या वदन्ति कफपित्तमरुद्विकारं ।
नैमित्तिका ग्रहकृतं प्रवदन्ति दोषम् ॥
भूतोपसर्गमिति मंत्रविदो वदन्ति ।
कर्मैव शुद्धमतयो यतयो गृणन्ति' ॥ १ ॥

અર્થાત્—વૈદ્યલોકો દુઃખ થવાનું કારણ વાત પિત્ત કફના વિકાર જણાવે છે, જ્યોતિષી

લોકો દુઃખનું કારણ ગ્રહથી ઉત્પન્ન થયેલ દોષને માને છે, મંત્રવાદિઓ દુઃખનું કારણ ભૂતાદિકના ઉપદ્રવને કહે છે, અને પવિત્રમતિ વાળા જ્ઞાની મુનિઓ દુઃખનું કારણ કર્મજ કહે છે. કારણ કે—

'कर्मणो हि प्रधानत्वं,
किं कुर्वन्ति शुभग्रहाः ।
वशिष्ठदत्तलग्नोऽपि,
रामः प्रव्रजितो वने' ॥ १ ॥

અર્થાત્—કર્મનું જ પ્રધાનપણું છે, શુભ ગ્રહો પણ કર્મની આગળ શું કરી શકે ? સમર્થ વશિષ્ઠ ઋષિએ રાજ્યાભિષેકને માટે આપેલ લગ્નમાં જ રામચંદ્રજીને વનવાસ મળ્યો, અને રાજ્યાભિષેક થવાનો હતો તે એમને એમજ રહ્યું.

માટે કર્મને જ કારણ ગણી-દુ:ખોત્પત્તિનું મૂળ સમજી પછી તે કર્મ કેવી રીતે નાશ થાય તેનો ઉપાય સદ્ગુરુ મહારાજની પાસેથી વિનયપૂર્વક જાણીને તું તે કર્મ તોડવા 'તેહની કેડે લાગ' તેની પાછળ લાગ, એટલે ખરા વૈરાગ્યથી તેને નાશ કરવા માટે ઉજમાલ થા. 'મોહની નિદ્રા છાંડી જીવ' એટલે પાપ પ્રમાદને અથવા અજ્ઞાનતા રૂપ મોહનિદ્રાને છોડી સાવધાન થઈ હે ભોળા જીવ! 'જાગી શકે તિમ જાગ' જેમ બને તેમ જલ્દીથી તપસંયમાદિકમાં ઉજમાલતાને ધારણ કર અને મોહ મમતા ભાવને મુકી સમતા ગુણની અંદર રમણતા કરવામાં જાગતો થા, કે જેથી મુંઝાવાપણું ન રહે અને ભવભ્રમણતા ટલે. ૨૦

'तावच्चिअ सयलजणो,
नेहं दरिसेइ जाव निअकज्जं ।

नियकज्जे संवित्ते,
विरला नेहं पवट्टंति ॥ १ ॥
कृतमिदमिदं करिष्ये,
केवलमिति सरलमेव चिन्तयसि ।
त्रुटिदलितसकलवाञ्छं,
विलसितमपि चिन्तय विधातुः ॥२॥
ओतुः पयः पश्यति नैव दण्डं,
कीटोऽपि शालीन्न च लोष्ठखण्डम् ॥
काकः पलं नो बत सिंहतुण्डं,
जन्तुस्तथा शं न यमं प्रचण्डम्' ॥३॥

અર્થાત્-જ્યાં સુધી પોતાનું કાર્ય-મતલબ હોય છે; ત્યાં સુધી ખરેખર સકલ જન સ્નેહને બતાવે છે, પોતાના કાર્યની સિદ્ધિ થયે સ્નેહને ધારણ કરનારા વિરલા હોય છે. ૧ આ

મેં કર્યું અને આ હું કરીશ, એ પ્રકારે કેવળ
સરલજ વિચારને તું ચિંતવે છે; પણ તોડી
ફોડી નાખેલ છે સમસ્ત વાંચ્છાઓ જેણે
એવી કર્મરાજાની વિચિત્ર ઘટનાઓને તું
ચિંતવ! એટલે કર્મની લીલાઓને અંતઃકર-
ણમાં વિચાર. ૨ બીલાડો જેમ દૂધને જુએ
છે પણ લાકડીને જોતો નથી, પોપટ જેમ
ડાંગરને જુએ છે પણ ગોફણથી છૂટેલા માટીના
ઢેફાને જોતો નથી, કાગડો જેમ માંસને જુએ
છે પણ ખેદની વાત છે કે તે સિંહના મુખને
જોતો નથી; તેવીજ રીતે જીવ પૌદ્ગલિક
સુખની વાંછા કરે છે પણ સામે ખડો રહેલ
પ્રચંડ યમને જોતો નથી, એ આશ્ચર્યની બીના
છે. ૩ મોહરાજા જીવને અનેક પ્રકારે મૂઝવી
ભમાવી નાખે છે, અને તે મોહનીય કર્મને
લઇ જીવ ન કરવાનાં અનેક કાર્ય કરે છે,

અને તેમાં જ સુખબુદ્ધિ માને છે. પણ તે તેની ભૂલ છે.

હવે ચેતનને સમતા રસમાં ઝીલવાનું જણાવે છે:—

एम जाणीरे जीवडा,
परमारथ संभाल;
श्रुत बलें शम्ररस झील तुं,
कांइ पडे जंजाल ॥ २१ ॥

અર્થ:—'એમ જાણો રે જીવડા'—આ સંસારમાં જીવને પોતાના કરેલ કર્મ વિના કોઇ પણ સુખી યા દુઃખી કરવા સમર્થ નથી; આ નિયમ ચોક્કસ છે. એ પ્રમાણે જાણીને હે જીવ–ચેતન! તું તારું કલ્યાણ શેમાં છે, પોતાને હિતકારી શું છે, ભવિષ્ય સુખકારી કેમ બને, મારે છોડવા યોગ્ય શું છે, અને આદરવા યોગ્ય શું છે? એ પ્રમાણે પરમાર્થને

તું યાદ કર. અથવા પરમાર્થ એટલે મોક્ષ, તેની કેમ પ્રાપ્તિ થાય તેના ઉપાયને શોધ, તેની ઝંખના કર. વળી 'શ્રુતબલે શમરસ ઝીલ તું' શ્રુતના બળે એટલે શ્રુતજ્ઞાનના પસાયે વિષયકષાયને છોડી સમરસ એટલે શાંતરસમાં સમતારૂપ અમૃતરસમાં હે ચેતન! તું ઝીલ. તેની અંદર દાખલ થઇ પરમાનંદને પામ કે જેથી ખરા સુખની પ્રાપ્તિ થાય તે સિવાયની 'કાંઇ પડે જંજાળ' નકામી સંસાર સંબંધી જંજાળમાં તું શા માટે પડે છે? તેમાં સાર નથી, તે તો દુઃખનું જ કારણ છે. અથવા આ દૂહાનો આવો પણ અર્થ થાય છે 'એમ જાણીરે જીવડા' ઉપર બતાવેલ કૂતરાનો અને સિંહનો દૃષ્ટાંત તેને જોઈ જાણી–બરાબર સમજી, તેમાં સિંહની માફક 'પરમારથ સંભાલ' પરમાર્થમાં સત્ય વસ્તુ સ્વરૂપમાં

હે જીવ! તું તારો ઉપયોગ રાખ, એટલે અંતર્દૃષ્ટિથી જો. કુતરાની માફક સ્થૂલ દષ્ટિવાલો ન થા. મતલબ કે-બાહ્ય દૃષ્ટિનો ત્યાગ કર. સિંહ જેમ પરાક્રમની મૂર્તિ છે, તેમ તું પણ પરમાર્થે આત્મગુણે કરી શાંત રસમય મૂર્તિ છે, માટે 'શ્રુત બલે શમરસ ઝીલતું' આગમ બલ પરાક્રમે કરી સમતારૂપ રસમાં ઝીલ એટલે શાંત રસનો અનુસંગી થા, કુતરાની માફક 'કાંઈ પડે જંજાલ' બાહ્ય પૌદ્‌ગલિક જંજાળમાં પડીશ મા. તેનાથી વિરામ પામ. કારણ કે-અનાદિ કાળથી તેમાં રચ્યો પચ્યો રહ્યો છતાં પણ સુખની ઘડી પ્રાપ્ત ન થઇ, દુઃખ દૂર ન થઇ શકયું માટે તે જંજાલ ત્યાગ કરવા યોગ્ય છે. કહ્યું છે કે—

'तृतीयं लोचनं ज्ञानं, द्वितीयो हि दिवाकरः॥
अचौर्यहरणं वित्तं, विना स्वर्णं विभूषणम्॥१॥

ज्ञानाद् विदन्ति खलु कृत्यमकृत्यजातं ।
ज्ञानाच्चरित्रममलं च समाचरन्ति ॥
ज्ञानाच्च भव्यभविनः शिवमाप्नुवन्ति ।
ज्ञानं हि मूलमतुलं सकलश्रियां तत् ॥२॥

जणणाय धम्म जणणी,
जयणा धम्मस्स पालणी होइ ॥
तव वुड्ढी करी जयणा,
एगंत सुहावहा जयणा ॥३॥

जयणाइ वद्धमाणो,
जीवो सम्मत्त नाण चरणाणं ॥
सद्धा बोहण सेवण,
भावेणाराहओ होइ ॥ ४ ॥

दुःखे दुःखाधिकान् पश्येत्,
सुखे पश्येत्सुखाधिकान् ॥
आत्मानं शोकहर्षाभ्यां;
शत्रुभ्यामिव नार्पयेत् ॥ ५ ॥

कार्यः संपदि नानन्दः; पूर्वपुण्यभिदे हि सा ॥
नैवापदि विषादश्च; सा हि प्राक् पापपिष्टये ॥६॥

અર્થાત્-જ્ઞાન છે તે ત્રીજું લોચન છે, બીજો સૂર્ય છે, કોઇથી ચોરાય નહિ એવું દ્રવ્ય છે અને જ્ઞાન છે તે સુવર્ણ વિના વિભૂષણ છે-શોભાવનાર છે. ૧

ખરેખર કરવા યોગ્ય શું છે, અને નહિ કરવા યોગ્ય શું છે? તે જ્ઞાનથી જીવો જાણી શકે છે, જ્ઞાનથી પવિત્ર ચારિત્રને સમ્યક્ પ્રકારે જીવો આચરે છે અને જ્ઞાનથી ભવ્ય જીવો મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી ખરેખર જ્ઞાન છે તે સકલ સંપદાઓનું જેની ઉપમા ન આપી શકાય એવું મૂલ છે. ૨

માટે શ્રુતબલ મેલવવું જોઇએ. જયણા એટલે જતના તે ધર્મને ઉત્પન્ન કરનારી હોવાથી ધર્મની માતા છે, જયણા ધર્મને પાલન કરનારી છે, તપને વૃદ્ધિ કરનારી જયણા છે અને એકાંતે સુખને આપનારી યતના છે. ૩

જયણાની અંદર વર્તતો જીવ સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેનો શ્રદ્ધા, બોધ અને સેવન ભાવના વડે કરી આરાધક થાય છે. માટે યતના પૂર્વક શમભાવમાં આત્માને રમાડવું જોઇએ. ૪

દુઃખમાં અધિક દુઃખીયા તરફ દ્રષ્ટિ કરવી એટલે અત્યંત દુઃખીયાઓ તરફ જોવું જોઇએ, કે જેથી આર્તધ્યાન ન થાય, સુખમાં અધીક સુખી આત્માઓ તરફ જોતાં શીખવું, પણ સુખવેલા સુખઘેલા થવું જોઇએ નહીં. શત્રુના સરખા શોક અને હર્ષની સાથે આત્માને સમર્પણ ન કરવાં એટલે જોડવાં ન જોઇએ, કારણ કે એ આર્તધ્યાનથી ઉત્પન્ન થએલી જંજાલ કહેવાય છે. એ જંજાલથી આત્માને બચાવવો જોઇએ. ૫

સંપદાના સમયમાં ખુશી ન થવું જોઇએ

કારણ કે-સંપત્તિ છે તે ખરેખર પૂર્વપુણ્યના નાશ માટે છે. આપત્તિના સમયમાં-વિષાદ એટલે ખેદ પણ ન કરવો જોઇએ કારણ કે-આપત્તિ છે તે પૂર્વ પાપના નાશને માટે છે. આથી એમ જણાવે છે કે-હર્ષ શોકની જંજાલમાં ફસાવવું ન જોઇએ. ૬

**આત્મગુણમાં રમણતા કરવાનું જણાવે છેઃ-**

**चेतनशुं थिरवास कर, माया परिहर दूर;**
**महियल महिमा महमहे, वाधे कीरति पूर.२२**

અર્થઃ-' ચેતન શું થિરવાસ કર'-હે ભોળા જીવ ! સંસારિક સુખોમાં થતી મનની ચપલતા તેનો ત્યાગ કરીને આત્માના ગુણમાં રમણતા કરવામાં ' થિર વાસ કર ' સ્થિરતા ધારણ કર. કારણ કે સંસારિક સુખો 'ક્ષણ-ભંગુર છે, પરિણામે દુઃખ આપનારા છે, પરંતુ આત્મિક ગુણો તેવા નથી, તે તો પરિણામે

સુખ આપનારા છે. માટે તેમાં જ પ્રેમપૂર્વક તું સ્થિર થા, અને 'માયા પરિહર દૂર' અનેક પ્રકારે બીજાઓને ઠગવું તેનું નામ માયા-પ્રપંચ કહેવાય છે. અને તે માયા અનેક અનર્થને કરનારી છે. તેને દૂર કરવી જોઈએ. તેથી જ કહ્યું છે કે—

**'कुशलजननवंध्यां, सत्यसूर्यास्तसंध्यां।**
**कुगति युवति मालां, मोहमातंगशालाम् ॥**
**शमकमलहिमानीं, दुर्यशो राजधानीं।**
**व्यसन शत सहायां, दूरतो मुश्च मायाम्' ॥१॥**

અર્થાત્–કલ્યાણરૂપ પુત્રને પેદા કરવામાં વાંઝણી, તથા સત્ય રૂપ સૂર્યને અસ્ત કરવામાં સંધ્યા જેવી વલી કુગતિરૂપ યુવતિ સ્ત્રીને વરવા માટે વરમાલા જેવી તેમજ મોહરૂપ હાથીને રમવા માટે હસ્તિ શાળા જેવી અને શાંતિ રૂપ કમલને નાશ કરવામાં હિમના સમુદાય

જેવી વળી દુર્દશની રાજધાની અને સેંકડો કષ્ટ આપવામાં સહાય કરનારી એવી માયાને દૂરથી મૂક. જો સુખી થવું હોય તો, તેનો ત્યાગ કર એટલે સરલતાને ધારણ કર. અથવા માયા એટલે સંસારિક વિષયોમાં પ્રેમ તે પણ જીવને પરમાર્થથી વિમુખ કરનાર છે અને પરિણામે દુઃખદાયી છે માટે પૌદ્ગલિક પદાર્થો પરની પ્રીતિને 'પરિહર દૂર' દૂરથી છોડી દે. તે પદાર્થોને મનમાં ચિંતવવા પણ વ્યાજબી નથી અને તે પ્રમાણે જો વર્તવામાં આવે તો 'મહિયલ મહિમા મહમહે' પૃથ્વી તલમાં-દુનીયામાં સત્ય ધર્મનો અને તારો મહિમા-પ્રભાવ મહમહે-જગમગે એટલે પ્રસરે-ફેલાય. વળી જ્ઞાનીઓની આજ્ઞા પ્રમાણે ચાલતા 'વાધે કીરતિ પૂર' યશકીર્તિનો પ્રવાહ દશે દિશામાં વૃદ્ધિ પામે. ગુણી પુરૂષના ગુણો

સર્વત્ર વિસ્તરે. અથવા (પાઠાંતરે) 'વાધે કીરતિ ભૂર' અત્યંત યશકીર્તિ આ દુનીઆમાં સર્વત્ર વિસ્તાર પામે. અને છેવટ મોક્ષ પર્યન્તના સુખો પણ આત્મા મેલવે. ૨૨

**આ શ્રી આત્મશિક્ષા સ્વાધ્યાય બનાવવાનું કારણ અને તેનું ફલ બતાવે છે:—**

**एम आतम शिक्षा भणी, कीधा दूहा एह;**
**पासचंद जे नर भणे, तस मन धर्म सनेह. २३**

અર્થ:-'એમ આતમશિક્ષા ભણી'-એમ ઉપર બતાવ્યા પ્રમાણે આત્મ શિક્ષા માટે એટલે જીવના હિત કારણે અથવા મનને શિખામણ આપવા સારૂ, પાઠાંતરે 'એ આત્મ શિક્ષા તણા' એ આત્મ સંબંધિ શિક્ષાના કારણે 'કીધા દૂહા એહ' આ દૂહા રચ્યા છે-બનાવ્યા છે, કર્તા પોતાનું નામ ટુંકમાં

જણાવે છે–'પાસચંદ' એટલે યુગપ્રવરાચાર્ય શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજ સ્વપર હિતાર્થે આ આત્મ શિક્ષા રચી છે. અથવા વખાણે છે કહે છે કે–કહેલા આ દૂહાઓનો પરમાર્થ સમજી 'જે નર ભણે' જે કોઈ ભવ્યાત્મા સરલ સ્વભાવી મનુષ્ય ભણશે ગણશે, વિચારશે તે ઉત્તમ ફલ પામશે. 'તસ મન ધર્મ સનેહ' તેમના મનમાં ધર્મ પ્રેમ વૃદ્ધિ પામશે એટલે શુદ્ધ ધર્મ સેવવામાં તલ્લીન મનવાળા થશે તેમજ અનુક્રમે મોક્ષ ફળના ભાગીદાર બનશે. અને અખંડ કલ્યાણ મંગલ માળાને વરસે. ૨૩ ઇતિ.

આ આત્મશિક્ષાદૂહાપ્રકરણરત્નસ્વાધ્યાયનો અર્થ પરમપૂજ્યપરમોકારી પ્રાતઃસ્મરણીય શાંતરસપયોનિધિ સકલાગમવિશારદ આચાર્યવર્ય શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ સાગરચંદ્રે પોતાની સ્વલ્પ બુદ્ધિના

અનુસારે આચાર્ય દેવની કૃતિના આશયને અનુ-
લક્ષીને બનતા પ્રયત્ને સ્વપરના હિતખાતર વિ.
સં. ૧૯૯૧ ના ફાલ્ગુણ શુદિ ૧૦ ગુરૂવારે
રાજનગર મધ્યે લખ્યો છે. તે વાંચનારના તથા
અધ્યયન કરનારના કલ્યાણ ભણી થાઓ !!!
ઓં શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ઇતિ શ્રીઆત્મશિક્ષાદૂહાપ્રકરણરત્ન સ્વાધ્યાયઃ
સાર્થઃ

સમ્પૂર્ણઃ

પરમપૂજ્ય શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરવિરચિત-

# ગુરુતત્ત્વ વિચાર સ્વાધ્યાય.

## ( ગુરુ છત્રીશી સજઝાય )

પ્રકરણરત્ન સ્વાધ્યાયની શરૂઆતમાં આચાર્યશ્રી વિઘ્ન દૂર કરવા સારૂ ઈષ્ટદેવોને વંદનરૂપ મંગલ કરે છે.

( ચોપાઈ છંદ ) મૂલ

रिषभ प्रमुख जिनवर चोवीस,
विहरमान तीर्थंकर वीश ॥
त्रिचरे दुन्नी कोडी केवली.
प्रहउठी वंदु मनरली ॥ १ ॥
साधु शिरोमणी बि सहस कोड,
ते नितु प्रणमु बे कर जोड ॥
कर्म भूमिका पन्नरमांह,
जघन्यपदे बोल्या जगनाह ॥ २ ॥

અર્થઃ—શ્રી ઋષભદેવ વગેરે ચોવીસ જિનેશ્વરોને અને વિચરતા શ્રી સીમંધર સ્વામી વગેરે વીસ વિહરમાન તીર્થંકરોને તેમજ વિચરતા બે કરોડ કેવલી ભગવંતોને સવારના પહોરમાં ઊઠી મનના ઉત્સાહથી હું વંદન કરૂં છું. ૧ વળી વિચરતા બે હજાર કરોડ સાધુ શિરોમણીઓને બે હાથ જોડી નિત્ય હમ્મેશ હું પ્રણામ કરૂં છું. પંદર કર્મભૂમી ક્ષેત્રોમાં એટલે પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહમાં ' જઘન્ય પદે ' એટલે ઓછામાં ઓછા ઉપર બતાવ્યા પ્રમાણે વિહરમાન–વિચરતા હોય છે એમ શ્રી જગન્નાથ પરમાત્માએ આગમ–સિદ્ધાંતોમાં બતાવેલા છે. ૨

**तसु पय कमल भमरजिम लीण,**

**दुःसमकाळ अतिशय हीण ॥**

कर्मयोग भरतें अवतर्यो,
बहुमत देखी संशय भर्यो ॥३॥
ते संशयनो भंजणहार,
एक अरिहंतज जगदाधार ॥
हिवडा तेहने विरहे करी,
असंयति पूजा विस्तरी ॥४॥

અર્થ:-તેઓના ચરણ કમલમાં ભ્રમરની માફક હું લીન એટલે આસક્ત થયો પણ અત્યંત હીણા એવા દુ:સમકાળમાં કર્મયોગે આ ભરતક્ષેત્રમાં અવતર્યો અને ઘણા મત-પંથોને જોઈ સંશયોથી ઘેરાયો. ૩

તે સંશયોનો ભાંગનાર જગતમાં આધા-રભૂત એક અરિહંતજ છે, પરંતુ આ કાળમાં તેમના વિરહે કરીને અસંયતિયોની એટલે અસં-જમિયોની પૂજા વિસ્તાર પામેલ છે. ૪

झाझा थया वरस सय सात,
विरला जाणे प्रवचन वात ।
कीधा कल्पित ग्रन्थ अनेक,
प्रवचन प्रकरण भाषे एक ॥५॥
श्रीश्रुत ढांकी मूकयो दूर,
प्रकरण कहे उगमते सूर ।
द्रव्यत देवगुरु धर्म कह्या,
भोले भावतणे भ्रमे ग्रह्या ॥६॥

અર્થ:-શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરસ્વામી મોક્ષે ગયા પછી સાતસો વર્ષ અધિક ગયે છતે પ્રવચન-શ્રીસિદ્ધાંતની બીનાઓ જાણનારા આત્માર્થીઓ વિરલા રહ્યા. વળી કેટલાકોએ અનેક કલ્પિત ગ્રન્થો બનાવ્યા. તેમજ સૂત્ર-સિદ્ધાંતો અને પ્રકરણ-ગ્રન્થો એક સરખા છે, એમ માનવાવાળા થયા. ૫

શ્રીસિદ્ધાંતોને તો દૂરે ઢાંકી મૂકચા અને દરરોજ સૂર્ય ઊગ્યાબાદ પ્રકરણગ્રન્થોની વ્યાખ્યા કરવા લાગ્યા. તેમજ દ્રવ્યથી એટલે વ્યવહારથી દેવ, ગુરૂ અને ધર્મનો ઉપદેશ કરવા લાગ્યા. તેઓના ઉપદેશને ભોળા લોકો સરલ સ્વભાવપણાના ભ્રમે કરી ગ્રહણ કરવા લાગ્યા. ૬

एक ठामे चोराशी हुवा,
मांहोमांहे सहु जुजूवा ।
निज निज चैत्य संघ मन वस्यो,
इह किम लाभे शासन कस्यो ॥७॥
पडियो लोक गाडरि प्रवाह,
राशिबद्ध जिम ताण्यो जाय ।
परदरसने जे दीठो बहु,
नाम फेरि ते मंड्यो सहु ॥८॥

અર્થ:-એકજ સ્થાનમાં ચોરાસી આચાર્યો

થયા અને તેમનાથી ચોરાસી ગચ્છ પ્રગટ થયા. તેઓ સહુ માંહોમાંહે જુદાજુદા અભિપ્રાય ધરનારા હતા. તેમજ પોતપોતાને ચૈત્ય-જિનાલય અને પોતપોતાનો સંઘ-સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ તેમના મનમાં વસ્યો હતો. ત્યાં શ્રીજિનશાસનની કસોટી-શોધ કરવામાં આવે તો પણ કેવી રીતે તત્ત્વ પ્રાપ્ત થાય ? અર્થાત્ જ્યાં માંહોમાંહે સ્પર્ધા હોય ત્યાં શ્રીજિનશાસનની રસિકતા ન હોઇ શકે. ૭

લોકો-મનુષ્યો ગાડરિયા પ્રવાહમાં પડયા. ગાડરિયા એટલે ઘેટાઘેટી વગેરે, જેમ એક ગાડર જે બાજુ ચાલે, તેની પાછળ બેંબેં કરતાં બધાં ચાલે, તેમ વિચાર્યાવિના જે ચાલે તેને ગાડરિયો પ્રવાહ એટલે ગમન કહેવાય છે. વળી જેમ બળદ વગેરે રાશેંથી બંધાયેલા, તેમને જે બાજુ ખેંચે તે બાજુ ખેંચાય. તેમ યથાર્થ

સમજણુ વિનાના સામાન્ય મનુષ્યોને પણુ ખેંચનારા જે તરફ ખેંચે તે તરફ ખેંચાય. અર્થાત્ ઘણુંકરી લોકો દેખાદેખી કરનારા હોય છે. વળી પરદર્શનમાં–બીજા મતોમાં જે જે કંઈ દેખવામાં આવ્યું તે તે સર્વનું નામ ફેરવી પોતાનું કરીને આદર્યું. ૮

एक कहे प्रतिमा एकली,
घर पूजंता न हूवे भली ।
मल्लि नेमि श्री वीर जिणंद,
जिण दीठे हुवे परमाणंद ॥९॥
तेहनी प्रतिमा घर नाणिये,
इम कहेतां किम गुरु जाणीये ।
एक कहे स्त्री पूजे नहीं,
दोवइ पूजी आगमे कही ॥१०॥

અર્થ:–કોઈએક આચાર્ય એમ કહે છે કે

શ્રીજિનવર દેવની પ્રતિમા એકલી ઘરમાં પધરાવીને પૂજતાં પૂજકને સુખ આપનારી થતી નથી, માટે પૂજવી નહીં. વળી શ્રી મલ્લિનાથ, શ્રી નેમિનાથ અને શ્રી મહાવીરજિનેંદ્ર કે જેમને જોવાથી અથવા જેમના દર્શન કરવાથી જીવને પરમાનંદ થાય છે. ૯

છતાં પણ કોઈ કહે છે કે એ ત્રણે તીર્થંકરની પ્રતિમા ઘરમાં ન આણવી ન લાવવી. એ પ્રમાણે કહેનારને ગુરૂ તરીકે કેવી રીતે માનવા સદ્દહવા? તેમજ વળી કોઈ કહે છે કે-શ્રીજિનેશ્વર દેવની પ્રતિમાની પૂજા સ્ત્રી ન કરે, પણ દ્રૌપદીજીએ શ્રીજિનવર પ્રતિમા પૂજી! એમ આગમ-સૂત્રમાં કહેલ છે. તેનું શું? ૧૦

**एक जैन जोडावा गणे,**

**लाभ हानि जिन पूज्ये भणे।**

करे प्रतिष्ठा आपणे हाथ,
करे जात्र जलनी जइ साथ॥११॥
मुखे जिन प्रतिमा पूजा कही,
तेह मुखे वळी बोले नहीं।
महारी मात अने वांझणी,
ए वात जेणे साची गणी ॥१२॥

અર્થઃ—કોઇ એક જૈન નામધારી જિન-પ્રતિમાની સાથે 'જોડાવા ગણે' એટલે લેણા દેણી માને અમુક પ્રતિમાની સાથે અમુક-ની લેણાદેણી નથી અને અમુક પ્રતિમાની સાથે અમુકની લેણાદેણી સારી છે. આવી બુદ્ધિ વીતરાગની પ્રતિમામાં ન કરવી જોઇએ. વળી કોઇ એમ કહે છે કે અમુક ભગવાનની પ્રતિમા પૂજવાથી અમુકને લાભ છે અને અમુક ભગવાનની પ્રતિમા પૂજવાથી અમુકને હાની

છે. એવી બુદ્ધિ વીતરાગ પ્રતિમામાં કરે, તે પણ ઠીક નથી. તેમજ પોતાના હાથે પ્રતિષ્ઠા કરે અર્થાત્ વાસખેપ નાખી દ્રવ્ય પૂજા કરે અને સાથે જઈ જલજાત્રા કરે. ૧૧

મુખેથી જિનપ્રતિમાની પૂજા કરવી એમ કહે. વળી તેજ મુખે અમુક જિનપ્રતિમાની પૂજા ન કરવા એમ કહે. અથવા પ્રતિષ્ઠામાં કે અનુષ્ઠાનમાં વાસખેપથી દ્રવ્ય પૂજા કરવી અને કોઇ પૂછે તો દ્રવ્ય પૂજા અમારાથી ન થાય. એમ કહેનાર 'મહારી મા અને તે વાંઝણી' આ કહેવતને તેણે સાચી ગણી. એમ જણાય છે.૧૨

**बोले निज निज गुरु अवदात,**
**छह कायनो जिहां छे घात ।**
**एक कहे वरसाव्यो मेह,**
**रोग रहित कीधो निज देह ॥१३॥**

भोंय उपर आण्या श्रीपास,
तो तेहनी तेणे पूरी आस ।
एहवा बोल अनाहत कहे,
मुग्ध लोक कांइ नव लहे ॥१४॥

અર્થ:-પોતપોતાના ગુરૂઓની અવદાત એટલે બીરૂદાવલીઓ-સ્તુતિઓ બોલે જેમાં છ-એ કાયજીવોનો ઘાત રહેલો છે, એવી બડાઈઓ કરે. કોઇ એમ કહે છે કે:-અમુકે મેઘ વરસાવ્યો. અને પોતાનું શરીર રોગરહિત બનાવ્યું. ૧૩

વળી શ્રીપાર્શ્વનાથ ભગવાનને આ પૃથ્વી ઉપર લાવ્યા તેથી તે ભગવાને તેની આશાઓ-વાંછાઓ પૂર્ણ કરી એ પ્રકારના બોલ અના-હત એટલે અછતાં ન બને તેવા, અથવા નહીં થયેલા, અથવા અ ખચકાતા અર્થાત્ અસ્ખ-લિત પણે કહે. તેનો પરમાર્થ મુગ્ધ-ભોળા લોકો કાંઇ પણ ન જાણે. ૧૪

आराधि एके चामुंड,
तिणे जे कीधो पाप प्रचंड
तेह वात तो में न कहाय,
भोळाना तेहज गुरु थाय ॥१५॥
नदीमांहि पेसी साधियो,
बलि बाकुल सुर आराधिआ ।
जीव तणी हिंसा नव गणे,
तेहने पण गुरुगुरु मुख भणे ॥१६॥

અર્થ:—અમુકે ચામુંડાદેવી આરાધિ અને આરાધવામાં તેણે જે મોટો પાપ કર્યો તે બીના તો મારાથી ન કહી શકાય. એવા ગુરૂઓ ભોળાઓના અથવા લાલચુઓનાજ બની શકે બીજાઓના નહીં. ૧૫

અમુકે નદીમાં પેસી દેવને સાધ્યો, અને બલિબાકુલા આપી તેને વશ કર્યો. એમાં થતી

જીવોની હિંસાને પણ ગણી નહિં, એવા હિંસ-
કને પણ ભોળા લોકો પોતાના મુખથી એમ
કહેતા ફરે કે એ અમારા ગુરૂ, એ અમારા
ગુરૂ પણ પરમાર્થ ન સમજે. ૧૬

**શ્રી તિથ્થોગાલી પયન્ના સૂત્રમાં કહેલ છે કે-**

" **होहंति य पासंडा,**
**मंतख्खर कुहग संपउत्ताय ।**
**मंडळ मुद्दा जोगा,**
**दंस उच्चाडणपरा य दढं ॥१॥**
**तेहिं मुसिज्झमाणो,**
**लोगो सच्छंदरइय कव्वेहिं (कज्जेहिं)**
**अवमग्गिय (अवगणीय) सब्भावो,**
**जाओ अलिभोय पलिभोय ॥२॥**
**होहिंति साहूणो विय,**
**सपख्ख निरावख्खनिद्दयाणीयं ।**
**समण गुण मुक्क जोगी,**
**केई संसारच्छेतारो ॥ ३ ॥**

हिति हीति, गुरुकुल वासो,
मंदायमयीय समण धम्मंमि ।
पयंतं संपत्तं, बहुमुंडे अप्प समणे य" ॥४॥

અર્થાત્–પાંચમાં આરામાં દુઃષમ કાળમાં પાખંડીઓ થશે. મંત્રાક્ષર, કૌતુક વિગેરેનો સંપ્રયોગ કરનારા અને મંડલ, મુદ્રા, યોગ-ચૂર્ણ આદિને ધારણ કરનારા તથા દંશને સારી રીતે ઉચ્ચાટન કરવામાં તત્પર એવા થશે. ૧

વળી સ્વચ્છંદે એટલે પોતાની ઈચ્છાએ બનાવેલા છે કાવ્ય જેમણે અથવા કરેલાં છે કાર્ય જેમણે એવા, તેઓ વડે લૂંટાતો અને પોતાના સદ્ભાવથી રહીત થયેલ એવો લોક તે બળ્યા જળ્યાના જેવો થશે. ૨

તેમજ સાધુઓ પણ એવા થશે કે સ્વપક્ષ-ની અપેક્ષા નહીં રાખનારા, દાક્ષિણ્યથી રહીત, સાધુઓના ગુણોથી મુકાએલા તથા સંસારી

જીવોને છેતરનારા થશે. અને કોઇકજ સાધુ-ગુણયુક્ત તથા સંસારના નાશ કરનારા થશે. ૩

એહની વાત છે કે ગુરૂકુલ વાસને છોડી, ગુરૂકુલ મર્યાદાને મૂકી મુનિરાજના ધર્મમાં મંદ થયેલ છે મતિ જેમની એવા થશે. તેથી એ વાતની સિદ્ધિ થઈ કે બહુમુંડા અને અલ્પ શ્રમણ થશે. ૪

एक कहे बांधी वीजली,
अमावासनी पूनम करी ।
वड उपाडी चलाव्यो साथ,
जिन आशिष दिये निजहाथ ॥१७॥
इम कहेता हुवे आसातना,
तेहने बोली सुप्रभावना ।
कणयरनी कम्बा फेरवी,
सौगत हणी यात्रा कारवी ॥१८॥

અર્થ:–કોઇ એક કહે છે કે–અમુક આચાર્યે વીજળીને બાંધી લીધી. અમુક આચાર્યે અમાવાસ્યાની પૂનમ કરી બતાવી. અમુક આચાર્યે વડને વડના સ્થાનથી ઉપાડી પોતાની સાથે ચલાવ્યો. ત્યારે જિનેશ્વરે પોતાના હાથે આશિષ–આશિર્વાદ આપ્યો. ૧૭

એ પ્રમાણે કહેતા અશાતના થાય તોપણ તેહને સુપ્રભાવના–શાસનની ઉન્નતિ કહી છે. અમુક આચાર્યે કણેરની કંબા ફેરવી બૌદ્ધોને હણી અમુકને યાત્રા કરાવી. ૧૮

साधर्मीना भोजन भणी,
संघतणे मन आरती घणी ।
ताणी मंत्री बहु घृत आणीयो,
तिणे ते साचो गुरु जाणीयो ॥१९॥
लोक कुगुरु धुते धूतियो,
मिथ्यामत वाहिणी जूतियो ।

कल्पित ग्रन्थ पुराणे करी,
वहे मान खंधे धूसरी ॥२०॥

અર્થ:-સાધર્મી ભાઇઓના ભોજન માટે સંઘવીના મનમાં ઘણી પીડા, વિચારણા પેદા થઇ, ત્યારે અમુક ધર્માચાર્યે મંત્રના બળે ઘણું ઘી ખેંચી લાવી આપ્યું એટલે તેણે તેને સાચા ગુરૂ તરીકે જાણ્યો, સ્વીકાર્યો. ૧૯

એમ કુગુરૂ ધૂર્તોથી લોક ઠગાયો છે, અને મિથ્યામતરૂપ ગાડીમાં જોડાયેલ બનાવટી ગ્રન્થ રૂપ પુરાણોએ કરી અભિમાનરૂપ ધુંસરીને, પોતાના બળે વહન કરે છે-ઉપાડે છે. ૨૦

राग दोष तेणे कर्यो प्रमाद,
पण जे भाखे ए विधिवाद ।
पंचमें अंगे प्रगटज कह्यो,
तेय भाव तेणे नव लह्यो ॥२१॥

विण आलोवे काळ करंत,
ते अणगार विराधक हुंत ।
विधिवादे आलोयण नहीं,
एह मर्म ते न लह्यो सही ॥२२॥

અર્થ:-રાગ અને દ્વેષના અંગે તેણે એટલે મંત્ર-તંત્ર જડી-બૂટી, વિદ્યા, ચૂર્ણ, ચમત્કારિક વસ્તુઓ વગેરેનો પ્રયોગ કરનાર તેણે એ પ્રમાદ કર્યો છે. છતા પણ એ પ્રમાદને વિધિવાદે કરવા યોગ્ય જે કહે છે તે શ્રી ભગવતી સૂત્રમાં પ્રગટ-ખુલ્લું કહેલ ભાવ રહસ્યને ન પામ્યો, ન સમજયો. એમ જાણવું. ૨૧

કારણ કે ન કરવા યોગ્ય મંત્ર-તંત્રાદિના પ્રયોગ કદી પ્રમાદથી થઇ ગયા હોય અને તેને આલોવ્યા વિના કાળ કરે તો તે અણગાર સાધુ વિરાધક થાય છે. એમ શ્રીભગવતીજીમાં બતાવેલ છે. અહીં સમજવાનું એ

છે કે વિધિવાદમાં એટલે કરવા યોગ્ય કાર્યમાં આલોયણા ન હોય, ન કરવા યોગ્ય કરાયું હોય તો આલોયણા આવે. આ મર્મ–રહસ્ય નિશ્ચેથી વિધિવાદ કહેનારે જાણ્યું નથી, તેના સમજવામાં આવેલ નથી. ૨૨

एवमादि कहिये केटला,
बहु विरुद्ध दीसे जेटला ।
पण देखाड्यो वानकी मात्र,
थोडे बहु जाणो मति पात्र ॥२३॥
दशमो अच्छेरो गहगहे,
विरलो कोइक मारग लहे ।
इण अवसर गुरुपण दोहिला,
साधु किम लाभे सोहिला ॥२४॥

અર્થઃ–ઈત્યાદિ ઉપર બતાવ્યા તે બોલો કેટલા કહિયે, ઘણા ભાગે બહુ બોલો વિરૂધ્ધ

દેખાય છે. આ તો વાનગી માત્ર દેખાડેલ છે. માટે હે મતિમાનો ! હે બુદ્ધિશાળીઓ ! થોડે લખ્યે ઘણું કરી જાણી લેશો. ૨૩

અત્યારે અહીં અસંજતિઓની પૂજારૂપ દશમો અચ્છેરો ઘડઘડાટ ચાલી રહ્યો છે. તેમાં વિરલો કોઈક ભવ્યાત્મા શાસનમાર્ગને પામી શકે. આ કાળમાં ગુરૂ મળવા પણ દુર્લભ છે. તો સાધુ–મુનિરાજનો સમાગમ તો ક્યાંથી જ સુલભ હોય ? મતલબ કે ઘણોજ દુર્લભ છે. ૨૪

जगन्नाथ तीरथ जगमगे,
वरस सहस एकवीसह लगे ।
ते छे प्रवचनने आधार,
गुरु सुसाधु तेने अनुसार ॥२५॥
सुधो भाखे ते गुरु जाण,
जे पाले ते साधु वखाण ।

पाले पण साचुं नवि कहे,

समकित विणु चारित्र किम लहे ॥२६॥

અર્થ:–એકવીસ હજાર વર્ષ સુધી જગતના નાથનો તીર્થ આ પાંચમાં કાળમાં જગમગતો રહેવાનો છે, અને તીર્થ છે તે પ્રવચન એટલે સિદ્ધાંત દ્વાદશાંગીના આધારે છે. તે સિદ્ધાંતને અનુસારે ગુરૂ અને સુસાધુનાં લક્ષણ આ પ્રમાણે બતાવેલાં છે. ૨૫

શુદ્ધ નિર્દોષ વાણી બોલે તથા ઉત્તમ માર્ગનો ઉપદેશ આપે તે ગુરૂ જાણવા, અને તેની સાથે ઉત્તમ આચારનેજ પાળે. આચરે તેને સાધુ તરીકે વખાણેલા છે. જે ઉત્તમ આચારને પાળે પણ સાચું બોલે નહીં અને સત્ય ઉપદેશ આપે નહીં તેનામાં સમક્તિ હોય નહીં, અને સમક્તિ વિના ચારિત્ર કેમ પામી શકાય ? ન પામી શકાય. ૨૬

सुचे कहिवे दंसण सही,
चारित्रनी तिहां भजना कही ।
इण कारण प्रवचन ओलखो,
शिवपुर जाता पूठी रखो ॥२७॥
दशपूरव लगे सूत्र कहाय,
भिन्न विषे तसु भजना थाय ।
इस्या वचन गुरुमुख सांभली,
प्रकरण सूत्र एक मति टली ॥२८॥

અર્થ:–શ્રી આગમવાણીનો સાચો ઉપદેશ કરનાર વક્તામાં દર્શન એટલે સમ્યકત્વ ગુણ નિયમા હોય છે, અને ચારિત્રગુણની ભજના કહી છે, એટલે ચારિત્રગુણ હોય અથવા ન પણ હોય; તે કારણ માટે પ્રવચન એટલે શ્રી જૈનસિદ્ધાંતને ઓળખવો જોઈએ, અને 'શિવ-પુરજાતા' એટલે મોક્ષમાર્ગપ્રતે જતા તેને

પાછળ રાખવો જોઇએ. પણ તેની આજ્ઞાઓને ઉલ્લંઘવી ન જોઇએ, કારણકે જિન આજ્ઞાએ ધર્મ, તપ અને સંયમ કહેલા છે. ૨૭

ઓછામાં ઓછું દશપૂરવધરનું રચેલ સૂત્ર કહેવાય છે, તેમનાથી ઓછા જ્ઞાનવાળાએ રચેલને સૂત્ર તરીકે મનાય ખરૂં પણ જો તે આગમથી વિરૂદ્ધ ન હોય તો જ, નહીંતર સૂત્ર તરીકે ન મનાય કહ્યું છે કે—

'सुत्तं गणहर रयिअं,
तह पत्तेयबुद्धरयिअं च ।
सुयकेवलिणा रयिअं,
अभिन्नदस पुव्विणा रयिअं ॥१॥

અર્થાત્-ગણુધરોએ રચેલ તથા પ્રત્યેક બુદ્ધોએ રચેલ, શ્રુતકેવલીઓએ રચેલ અને સંપૂર્ણ-દશપૂર્વીઓએ રચેલાં હોય તેજ સૂત્ર કહેવાય છે. ૧

આવાં વચન શ્રીગુરૂરાજના મુખથકી સાંભળી પ્રકરણ અને સૂત્ર એક સરખાં છે. એવી માન્યતા દૂર થઇ. ૨૮

वळी जे सूत्र संघाते मळे,
ते प्रकरण आगम सम तुले ।
मलतो अणमलतो जे हुस्ये,
श्रुत सांभली बहुश्रुत जाणस्ये ॥२९॥
रागीमति कल्पी बोलिये,
वीतराग वचने तोलिये ।
एह असमंजस जे कोइ कहे,
डाह्यो हुवे ते किम सद्दहे ॥३०॥

અર્થ:-વળી જે પ્રકરણ સૂત્ર સંઘાતે મળતું હોય એટલે શ્રી આગમથી વિરૂદ્ધ જતું ન હોય તે પ્રકરણ શ્રી આગમના સરખું માન્યતામાં જાણવું. પ્રશ્ન:—એ વાત સાચી પણ એમ

કોણુ સમજી શકે કે આ પ્રકરણુ સૂત્ર સાથે મળતું છે અને આ પ્રકરણુ સૂત્ર સાથે મળતું નથી? આચાર્ય શ્રી ઉત્તર આપે છે કે આ મળતું છે કે મળતું નથી તે તો શ્રુત સાંભળીને જે બહુશ્રુત થયેલ હશે તે આપોઆપ જાણુશે. ૨૯

દૃષ્ટિ રાગવાળી બુદ્ધિથી કલ્પીને બોલીએ અને વળી શ્રીવીતરાગના વચનની સાથે સરખામણી કરીએ કે અમુકનું વચન તો શ્રી વીતરાગના વચન જેવું ટંકશાળી છે. અને દૃષ્ટિરાગથી બોલે આવું 'અસમંજસ' એટલે અસત્ય અથવા સમજ વિનાનું જે કોઇ કહે તેને ડાહ્યો હોય તે કેમ સદ્દહણા કરે. અર્થાત્ સ્વીકારે. ૩૦

इण कारण जिन भाषित सही,
इण जामली कांइ बीजो नही ।
तेह छे जीवाजीव विचार,
एक एकना घणा प्रकार ॥३१॥

तेह तणो हुं पार न लहुं,
सारभूत परमारथ कहुं ।
विधिवादे हिंसा उपदेश,
मिथ्यामतनो एह निवेस ॥३२॥

અર્થઃ–તેથી શ્રી જિનેશ્વર દેવે કહેલ હોય તેજ સાચું અને તેજ શંકા વિનાનુ નિશ્ચયથી જાણવું, એનાં એટલે શ્રી જિનેશ્વર વચનનાં 'જામલી' એટલે સરખું બીજું કાંઇ પણ સારભૂત આ જગતમાં નથી. શ્રી જિનેશ્વર દેવના વચનોમાં જીવ પદાર્થ અને અજીવ પદાર્થનો વિચાર બતાવેલ છે, તેમાં પણ એક એક પદાર્થનાં ઘણા ઘણા પ્રકાર–ભેદો જણાવ્યા છે. ૩૧

તે શ્રી જિનેશ્વર પરમાત્મા કથિત પદાર્થ ભેદોનો અલ્પજ્ઞ એવો હું પાર--છેડો ન પામી શકું. માટે સારભૂત જે પરમાર્થ તેને કહું છું.

જે જે કાર્યમાં હિંસા થતી હોય તેનો ઉપદેશ વિધિવાદે ન થઈ શકે. છતાં પણ જેમાં હિંસા રહેલી છે, તેનો ઉપદેશ વિધિવાદે જો કોઈ કરે તો તે પુરૂષમાં એજ 'મિથ્યામત' એટલે અવળી બુદ્ધિનો નિવેષ એટલે આગ્રહ છે, અથવા નિવાસ છે એમ જાણવું. ૩૨

जे उपदेश अछे निरवद्य,
विधिवादे ते लहे सावद्य ।
धर्मारथ कामारथ सही,
हिंसा लव जिनवचने नही ॥३३॥
एह साख श्री आचारंग,
अध्ययन चोथे बोले रंग ।
धर्म मूल समकित अधिकार,
जोइ लेजो चतुर विचार. ॥३४॥

અર્થઃ--જે ઉપદેશ વિધિવાદે નિર્દોષ છે-

પાપરહિત છે, તેને પણ મિથ્યાત્વના યોગે વિપરીત બુદ્ધિવાળા સાવદ્ય એટલે પાપકારી તરીકે સ્વીકારે છે; પરંતુ નિશ્ચયથી સમજવું કે ધર્મ, અર્થ કામને માટે શ્રી જિન વચનમાં લવલેશ હિંસા ન હોય. ૩૩

આ પ્રમાણે શ્રીવીર પરમાત્માએ કયા સૂત્રમાં ફરમાવેલ છે? તે બતાવે છે કે—એની સાક્ષી શ્રી આચારાંગ સૂત્રના ચોથા અધ્યયન ધર્મમૂલ સમકિતના અધિકારમાં શ્રી જિનેશ્વર દેવે ફરમાવેલ છે. તે બીનાને હે ચતુર પુરૂષો ! જોઇ લેજો અને વિચારી જોજો. ૩૪

श्रीजिन छहकाय हितकार,
जगजीवन जगना आधार ।
सवि त्रस थावरना दुःख लहे,
आप समाणि वेदन कहे ॥३५॥

इस्यो जाणि कोइ हणिये नहीं,
वाणि मधुर जिनवरनी कही ।
जे भाखे तेहने अनुसार,
ते साचो उपदेश विचार ॥३६॥

અર્થ:-શ્રી જિનેશ્વર દેવ છે તે છ કાય જીવોના હિત કરનારા છે. તેથીજ છકાયના પિયર (રક્ષક) કહેવાય છે, તથા જગતના જીવન છે એટલે સર્વ જીવોને અભયદાન દેનારા છે. અને જગતના આધાર છે એટલે સર્વ જીવોને શરણુ આપનારા છે, તેમજ સર્વ ત્રસ અને થાવર જીવોનાં દુઃખોને જાણનારા છે અને પોતાના સરખી બીજા જીવોની વેદના--પીડાને પ્રતિપાદન કરનારા છે. ૩૫

જેમ આપણુને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે, તેમ સર્વ જીવોને સુખ પ્રિય છે

અને દુઃખ અપ્રિય છે. એમ જાણી કોઈ પણ જીવને હણીએ નહી, અર્થાત્ બાધા-પીડા કરીએ નહીં. આવી મધુર વાણી શ્રી જિનેશ્વર દેવોની કહેલી છે, તે વાણીને અનુસારે જે ભાષણ કરે-ઉપદેશ આપે, તેનો ઉપદેશ સાચો છે એમ હે ભવ્ય ! તું વિચાર ! નિશ્ચયથી સમજ. ૩૬

**ए वचन साचा सद्दहे,**

**भवियण आगळ साचा कहे ।**

**तेह सुगुरूनुं समरी नाम,**

**पार्श्वचन्द्रसूरि करे प्रणाम ॥३७॥**

અર્થઃ--એ પ્રમાણે ઉપર બતાવેલ શ્રી જિનેશ્વર દેવ કથિત વચન સાચાં છે એમ સદ્દહે અને ભવ્ય જનોની આગળ સાચા કહે પરૂપે તે સુગુરૂ જાણવા. એવા સુગુરૂ મહારાજનું હૃદયમાં નામ સ્મરણ કરી પાર્શ્વચંદ્રસૂરિ તેવા સુગુરૂ મહારાજને પ્રણામ-નમસ્કાર કરે છે. ૩૭

આ ગુરૂતત્ત્વ વિચાર સ્વાધ્યાય શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છાધિરાજ યુગપ્રવર શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલ છે. તેનો લેશમાત્ર અર્થ પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રીજૈન શ્વેતામ્બરાચાર્યવર્ય ભટ્ટારક શ્રીમદ્ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિસાગરચંદ્રે વિ. સં. ૧૯૯૨ ના શ્રાવણ શુદી ૧૧ ગુરૂવારે અમદાવાદ મધ્યે પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે સ્વ-પરના ઉપકાર માટે લખ્યો છે. તે ભવ્યાત્માઓવડે વંચાતો ઘણા કાળ સુધી વાંચનારને આનંદ મંગલ કલ્યાણ કરનાર થાઓ ! ! !

ૐ શાંતિઃ  શાંતિઃ  શાંતિઃ

॥ ઇતિશ્રી ગુરૂતત્ત્વવિચારસ્વાધ્યાય પ્રકરણરત્ન સમાપ્તમ્ ॥

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીપાર્શ્વચંદ્ર-
સૂરીશ્વરવિરચિત-

# શ્રીઆત્મશિક્ષા સ્વાધ્યાય. *

(લેખરે ઉતારો રાજા ભરથરી. એ દેશી)

श्रीयतिमारग आदर्यो,
परिहरि घर जंजाळ प्राणीजी;
राग ने दोष न छंडिया,
किम वंचिजे काळ प्राणीजी ॥१॥
चतुरपणे चित्त चिंतजे,
भवजलनिधि दुत्तारप्राणीजी ।
पसर्यो पहट परा लगे,
किम पामीश तस पार प्राणीजी.
चतुरपणे चित्त चिंतजे० (ए आंकणी) ॥२॥

---

* કોઈ પણ સંયમી આત્માનું મન સંયમમાર્ગ-

અર્થ:-હે પ્રાણી ! હે ચેતન ! ઘરજંજાળનો ત્યાગ કરી વ્યવહારથી શ્રીમુનિમાર્ગ આદર્યો—સાધુ થયા પણ જો રાગ-દ્વેષને ન છોડયા અથવા તેઓને પાતળા ન પાડયા તો હે આત્મન્ કાળ-મૃત્યુને કેમ ઠગી શકાશે ?

અર્થાત્ જન્મ, જરા, મૃત્યુના દુઃખો તે કેવી રીતે ટળશે ? ૧

માટે હે ચેતન ! ચતુરપણે-વિવેકપૂર્વક ડહાપણથી ચિત્તમાં ચિંતવજે-વિચાર કરજે. આ સંસારસાગર ઘણોજ દુસ્તર છે, કારણકે સંસારસાગર ' પસર્યો પહટપરાલગે ' એટલે અસંખ્યાતા લોકાકાશલગે અર્થાત્ આકાશ પાતાલ સુધી ફેલાએલ છે, તેથી તેના વિસ્તા-

---

થી ચલાયમાન થએલ જાણી તેને ફેર સંયમમાર્ગમાં સ્થિર કરવા સારૂં પરમોપકારી શ્રીઆચાર્યદેવે આ સ્વાધ્યાયપ્રકરણરત્ન રચેલ છે.

રનો પાર નથી માટે હે જીવ ! તેનો અંત તું કેવીરીતે પામી શકીશ ? ૨

पहिलो जाणो सोहेलडो,
अब कांइ दोहिलो माग प्राणीजी।
चपल तुरंगम छे चड्यो,
थिरकर कर ग्रही वाग. प्रा० चतु०॥३॥
नयणे निरखि श्रवणे सुणी,
खिण खिण आणीश रोष. प्राणीजी।
विरस कहीश रसना रसें,
कर्मतणो ए दोष. प्राणी० चतु० ॥४॥

અર્થ:-હે ચેતન ! સંજમમાર્ગને પ્રથમ સુલભ જાણી તેં સ્વીકાર્યો, હવે તને તે માર્ગ કેમ દુર્લભ લાગે છે ? હે આત્મન્ ! તું ચપલ-ચંચલ મનરૂપ ઘોડાપર ચડયો છે, તેની લગામ-ચોકડું મજબૂત પકડી કબજે કર. ૩

જો મનરૂપ ઘોડાને શ્રીજિનેશ્વરદેવની શુદ્ધ વાણીરૂપ લગામથી કબજે નહિ કરીશ તો તું આંખે જોઇ, કાને સાંભળી ક્ષણ ક્ષણ વારમાં રોષને ધારણ કરનારો થઇશ. અને જીભના રસે નહિ ઉચ્ચારણ કરવા યોગ્ય ખરાબ વચનોને બોલીશ, તેથી કર્મોનો દોષ તને લાગશે, માટે હે ચેતન ! તું ચિત્તમાં વિચાર કર ! ૪

शूरपणो तुज त्यां लगे,
नहु देखे करवाल प्राणीजी ।
देखी देखी महारथी,
भाजशि जिम शिशुपाल. प्रा० चतु० ॥५॥
भाव घणे थयो संजमी,
कायरपणो करीश प्राणीजी ।
परीसह सहेवा अवसरे,
बे भव कांइ गमीश. प्रा० चतु० ॥६॥

અર્થઃ—હે ચેતન! તારા જેવા કાયર પુરૂષોનું શૂરપણું, જ્યાંસુધી તલવારની ઝપાઝપી દેખવામાં ન આવે ત્યાંસુધી ટકી રહેશે તલવારના ઘા પડશે એમ દેખવામાં આવ્યું કે તરતજ જેમ શિશુપાલ–જરાસિંધને જોઈ જોઇને મહારથીઓ–મહાયોદ્ધાઓ દશેદિશાઓમાં ભાગી છુટયા, તેમ કાયરપુરૂષ કષ્ટ દેખી જલ્દી ભાગી છુટે, પરંતુ ત્યાં ટકી શકે નહીં ૫

હે ભવ્યજીવ! તું ઘણીસારી ભાવનાથી સંયમી થયો પણ હવે પરીસહ સહવાના અવસરમાં જો કાયરપણું કરીશ તો તારો આ ભવ અને આવતો ભવ એમ બન્નેને તું નકામા કરીશ. તેથી હે જીવ! કાયરપણું ધારી બન્ને ભવ નકામાં શા માટે ગમાવવા જોઈએ, તેનો તું તારા ચિત્તમાં વિચાર કર. ૬

**विण जोखम लखमी नही,**

सुखे न उघडे बार प्राणीजी ।
स्वर्गतणो इम सहु कहे,
ए संसार असार. प्रा० चतु० ॥७॥
नयण अंजण काने कुंडल,
नाशामुक्ता धार प्राणीजी ।
कायर धीर पटंतरो,
परतख देखी विचार. प्रा० चतु० ॥८॥

અર્થ:-હે ભાગ્યવાન્ પ્રાણી! તું વિચાર કર કે સંસારવ્યવહારમાં ઉપયોગી એવી લક્ષ્મી પણ જોખમ ખેડયા વિના પ્રાપ્ત થતી નથી, તે માટે અનેક પ્રકારની ઉપાધીઓ ધારણ કરે છે ત્યારેજ પુણ્યાનુસારે મળે છે. તેમજ વળી અહિંસા, સંયમ અને તપ વિગેરેના કષ્ટ સહન કર્યા વિના સ્વર્ગના બારણા સુખેથી ઉઘડી જતા નથી, એમાં પણ સંપૂર્ણ ઉદ્યમ

કરવો પડે છે. કહેવત છે કે—'સુખ ભોગવતા કાંઈ સ્વર્ગનાં દ્વાર ઉઘડે નહીં' વળી હે પ્રાણીજી ! આ સંસાર અસાર છે એમ સહુકોઈ કહે છે તેથી શું ? કહેવા માત્રથી કાંઈ સંસારની અસારતા કહેનારના અંતઃકરણમાં રમી ગઇ એમ કહી શકાયજ નહી. ૭

હે ચેતન ! તું નીચેના દૃષ્ટાંતથી વિચાર કર. આંખ કષ્ટ નહિ સહન કરનાર હોવાથી તેમાં કાજળ નાખવામાં આવે છે, અને નાક તથા કાન વિંધાવા વિગેરેના કષ્ટોને સહન કરનાર હોવાથી કાને કુંડલ અને નાકમાં મોતી ધારણ કરાવાય છે. આ પ્રત્યક્ષ રીતે કાયર અને ધીરપણાનો પટાંતર એટલે દૃષ્ટાંત જોઈ, હે જીવ ! તું વિચાર કર, તેમજ ધીરતાને ધારણ કરી કાયરપણાને છોડી દે, અને પોતે સ્વીકારેલ પ્રતિજ્ઞાનું પાલન કર. ૮

अणपाम्यु कांइ नथी,
दुःख सुख वार अनंत प्राणीजी ।
तोही तुं थाके नहीं,
चउगति मांहि भमंत. प्रा० चतु० ॥९॥
जब कांइ तुज उपजे,
खिण मन अनुभव रीस प्राणीजी।
अमरस विसारी करी,
समर समर जगदीश. प्रा०चतु० ॥१०॥

અર્થ:-હે આત્મન્-આ અપાર સંસાર સમુદ્રમાં પરિભ્રમણ કરતાં આ જીવાત્માને અમુક વસ્તુ નથી પ્રાપ્ત થઈ એમતો છેજ નહીં, કારણકે અનાદિકાળથી એકભવથી બીજા ભવમાં રખડતા આ પ્રાણી અનંતીવાર સુખદુઃખને પામ્યો, તેમજ સુખદુઃખના સાધનભૂત પદાર્થોને પણ પામ્યો, છતાં પણ હે જીવ ! આ

સંસારના પરિભ્રમણથી તું થાકતો નથી, અને ફરીપણ ચાર ગતિમાં આત્મા રખડે એવાજ ન કરવાના કાર્ય કરી રહેલ છે. આ તારી કેવી મૂઢતા છે તેનો તું તારા ચિત્તમાં વિચાર કર. ૯

હે ચેતન! અનેક જીવાત્માઓના અને પદાર્થોના પરિચયમાં આવતાં તેમના સંયોગે કરી અથવા વિયોગે કરી તારા મનમાં ક્ષણ વારના અનુભવથી કાંઈપણ રીસ, અરૂચી, કે ખેદ ઉત્પન્ન થાય તે ખેદને વિસારવા માટે અથવા વિસારી દઇને જગતના ઈશ પરમાત્માનું વારંવાર સ્મરણ કર, કે જેથી તું તારા સ્વરૂપને ભુલે નહીં અને તેથી તારા આત્માનું અધઃપતન થતું અટકે. ૧૦

**वळी वळी नरभव दोहिलो,**
**लाधो एले म हार प्राणीजी ।**

रागदोष बे परिहरि,
आवागमण निवार. प्राणी० चतु० ॥११॥
गुरुमुखें प्रवचन तें सुण्या,
भण्या गुण्या बहु वार प्राणीजी ।
तिहां कषाय सवि टालवा,
पदे पदे एहिज सार. प्राणी०चतु०॥१२॥

અર્થ:-હે ભવ્યપ્રાણી ! વારંવાર નરભવ પામવો તે દશ દૃષ્ટાંતે બહુ દુર્લભ બતાવેલ છે. તેવા નરભવને પામી તું ફોકટ ગમાવીશ નહીં કારણકે જ્ઞાનીઓનું કથન છે કે રાગ-દ્વેષ કરવાથી મનુષ્યભવ ફોકટ ગમાવા જેવું થાય છે; તેથી રાગ અને દ્વેષ એ બન્નેનો તું ત્યાગ કર. ત્યાગ કરી 'આવાગમણ' એટલે જીવના સંસારમાં થતા જન્મ-મરણ તેઓનું તું નિવારણ કર. ૧૧

હે ભવ્યપ્રાણી ! તેં શ્રીગુરૂરાજના મુખથી શ્રીજિનેશ્વરપ્રણીત આગમ સાંભળ્યા તથા તે આગમોને ભણ્યા-ગણ્યા. તેમાંતો પદે પદે સર્વ-કષાયને એટલે ક્રોધ, માન, માયા અને લોભને ટાળવા અર્થાત્ દૂર કરવા એજ સાર (શ્રીજિનાગમ સાંભળ્યા કે ભણ્યા-ગણ્યાનો) બતાવેલ છે. ૧૨

एम जाणी व्रत पडिवज्या,
दशविध यतिनो धर्म प्राणीजी ।
प्रथम तिहां करवी क्षमा,
एहिज मूल मरम. प्रा० चतु० ॥१३॥
बोली वचन पलटिये,
ए गिरि गुरुओ दोष प्राणीजी ।
एम गिणी दोष निवारीए,
आणी मन संतोष. प्रा० चतु० ॥१४॥

અર્થ:-કષાયનો ત્યાગ તે શ્રીજિનાગમનો

સાર છે એમ જાણી હે ભવ્યપ્રાણી ! તું વિચાર કર કે મેં પાંચ મહાવ્રત સ્વીકાર્યા છે, અને દશ પ્રકારનો યતિધર્મ અંગીકાર કરેલ છે, તેમાં પ્રથમ ક્ષમાધર્મ છે, ક્ષમા એટલે સર્વ જીવો પર શાંતિ રાખવી એજ ધર્મનો મૂલ-મર્મ બતાવેલ છે, તો હવે કષાય કરવાનો અવકાસ કયાં છે, જો કષાય કરે તો ક્ષમા ગુણનો નાશ થાય, તેથી યતિધર્મ રહે નહીં માટે જેમ બને તેમ કષાય છોડવા જોઇએ. ૧૩

હે ભવ્યજીવ ! તેં પ્રથમ એવી પ્રતિજ્ઞા કરી છે કે મારે આ રીતે વર્તવું નહીં એમ બોલી અને પછી જો વચન પલટીએ–ફેરવી નાખીએ તો એ પર્વતના જેવડો મોટો દોષ ગણાય, અને તે દોષ મોટા અનર્થને કરનાર થાય. એથી આત્મા અસંતોષી અને લોભી થાય તેને લઈ બહુ દુઃખોનો ભોકતા બને.

એમગણી મનમાં નિશ્ચે કરી સંતોષની વૃત્તિયો મનમાં આણીને એ મોટા દોષને દૂર કર. ૧૪

अगनि पवन जिम साथीया,
क्रोधमान तीम होय प्राणीजी।
दहता उगरशे किशुं ?
इशो विमासी जोय. प्रा० चतु० ॥१५॥
क्रोधें परदुःख उपजे,
क्रोधे मृषा बोलाय प्राणीजी।
अदत्त असभ्य संभाषणे,
सहुए व्रत दुःखाय. ० चतु० ॥१६॥

અર્થઃ-હે ભવ્યપ્રાણી ! અગ્નિ અને વાયુ બન્ને સાથે રહેનારા જેમ મિત્ર છે, તેમ ક્રોધ અને માન પણ સાથે રહેનારા મિત્ર છે, એટલે જ્યાં-જે આત્મામાં ક્રોધ હોય ત્યાં માન પણ હોય અને જ્યાં માન હોય ત્યાં ક્રોધ

પણ અવશ્ય હોય. એ બે ભેગા થઈ આત્મા-
ના ગુણોને બાળવા માંડશે તો પછી બળતાં
ગુણોમાંથી શું ઉગરશે ? અર્થાત્ કંઈપણ નહીં
ઉગરી શકે. આ બીના એકાંતે શાંતચિત્તે હે
જીવ ! હૃદયમાં તું વિચારી જો કે જેથી તને
ભાન થાય. ૧૫

હે ભવ્યપ્રાણી ! ક્રોધ કરવાથી બીજા
જીવોને દુઃખ ઉત્પન્ન થાય છે, ક્રોધ કરવાથી
જુઠ-બોલાય છે, અને ક્રોધ્રી મનુષ્યમાં સભ્ય-
તા રહેતી નથી. અસભ્ય એટલે ઉત્તમ પુરૂ-
ષોને ન છાજે અર્થાત્ સારા મનુષ્યોને ન
શોભે તેવા સંભાષણથી બોલવાથી અદત્ત એટલે
ચોરીનો દોષ લાગે છે, વળી ક્રોધ-ગુસ્સો કરવા-
થી સર્વવ્રતોને દુઃખ થાય છે, અર્થાત્ સર્વ વ્રતો
દુભાવાય છે-દોષિત થાય છે. તેથી હે પ્રાણી !
હૃદયમાં વિવેક ધારણકરી ક્રોધને છાંડ. ૧૬

पच्चक्खाण करी परिहर्यां,
परिग्रहने आरंभ प्राणीजी ।
हुं जाणुं तें छंडिया,
माया लोभ उठंभ. प्राणी० चतु० ॥१७॥
बकुश कुशील जे जिण कह्या,
सकषाई श्रुतमांह प्राणीजी ।
ते छद्मस्थे न जाणीए,
जाण्या श्री जगनाह. प्रा० चतु० ॥१८॥

અર્થ:–હે પ્રાણી જીવ ! તેં પરિગ્રહ અને આરંભના પચ્ચખ્ખાણ કરી તેઓનો ત્યાગ કર્યો એમ મેં જાણ્યું, અને માયા લોભની તાબેદારીને પણ તેં છોડી એમ હું માનતો, કારણકે પરિગ્રહના અંગે જીવમાં માયા હોય છે, અને આરંભના અંગે લોભ હોય છે. અથવા આમ પણ કહી શકાય કે માયાવી જીવ પરિ-

ગ્રહ બુદ્ધિવાળો હોય છે અને લોભી આત્મા આરંભી હોય છે તેથી એ બન્નેને તેં છોડયા એમ મેં ધારેલ, પરંતુ તેં તો એઓનોજ 'ઊઠંભ' એટલે આધાર–ટેકો ગ્રહણ કર્યો જણાય છે, તે તેં વ્યાજબી કરેલ નથી માટે હે ચેતન ! તું ચિત્તમાં બરાબર વિચાર કરીજો. ૧૭

હે પ્રાણીજીવ ! શ્રુત–સિદ્ધાંતમાં બકુશ, કુશીલ અને સકષાયી મુનિયો જે જિનેશ્વર દેવોએ કહ્યા છે; તે સર્વવિરતિ ચારિત્રને પામીને પણ ચારિત્ર મોહનીયકર્મના ક્ષયોપશમાદિથી સાધુઓના ભેદો પડેલા છે. તેમાં બકુશ એટલે સંયમને કાબરચિત્રું કરનારા સાધુ, કુશીલ એટલે નિંદિત આચારને ધારણ કરનારા સાધુ અને સકષાયી એટલે કષાયને ધારણ કરનારા સાધુ કહેલા છે તેઓને છ આપણા જેવા ન જાણી શકે પરંતુ તે તો શ્રીજગત્‌નાનાથ પર-

માત્માએજ જાણે. માટે તેનું નામ લઇ પોતાના દોષને ઢાંકવાની કોશીસ કરવી અથવા ચારિત્રને મલીન બનાવવું તે હે ચેતન! બીલકુલ વ્યાજબી નથી એમ તું તારા ચિત્તમાં વિચાર કર!! ૧૮

भमतां त्रिभुवन जोवतां,
थानक किहां न लाध प्राणीजी।
क्षमा रमणीवर पामीया,
शरणादि श्रीसाध. प्रा० चतु० ॥१९॥

અર્થ:-હે ચેતન! હે પ્રાણી! આ સંસાર ચક્રમાં આમ તેમ પરિભમતાં અને ત્રણે ભુવનને જોતાં બીજે કાંઇ પણ શાંતિ-નિવૃત્તિનું સ્થાન આ જીવને લાધ્યું નહિં-મળ્યું નહીં. એવું ઉત્તમ સ્થાન ક્ષમારૂપસ્ત્રીના સ્વામી તરીકેનું, તેને તેં મેળવ્યું કે જે સ્થાનનું શરણ લેવામાં આવે છે, જે મંગલરૂપ ગણાય છે અને

જે જગત્માં ઉત્તમ છે. અથવા જે સાધુ-મુનિરાજ ઉત્તમ ક્ષમારૂપ સ્ત્રીને ધરનારા તેઓનું શરણુ તને પ્રાપ્ત થએલ છે. માટે હે ચેતન! તું મનમાં વિચારી જો. આવું ઉત્તમ, મંગલ શરણુપામી હવે જે સાધવા યોગ્ય છે તેને તું સાધી લે. ૧૯

**मुगति रमणी एहनी सखी,**
**एहशुं थिर घर वास प्राणीजी ।**
**करतां तेहने मेलिशे,**
**थाशे मन उल्लास. प्रा० चतु० ॥२०॥**

અર્થઃ-હે પ્રાણી જીવ ચેતન! જે મુનિરાજો ઉત્તમ ક્ષમા રમણીને વર્યા અર્થાત્ ક્ષમાને ધારણ કરનારા થયા તેમના સર્વ કાર્ય સિદ્ધ થયા એમ તું જાણ-સમજ. કારણકે ઉત્તમ ક્ષમાસ્ત્રીની મુક્તિસ્ત્રી સખી છે તેથી જે ભાગ્ય-

શાળીઓ ઉત્તમ ક્ષમાસ્ત્રીને વર્યા-અંગીકાર કરી તેની સાથે સ્થિર ઘરવાસ કરતાં પ્રેમી બની ગયા અને તેણીનો ત્યાગ ન કર્યો તો એ ઉત્તમ ક્ષમારમણી પોતાની સખી મુક્તિરમણી-ને પોતાના સ્વામી સાથે મેળવી આપશે, તેથી મન અત્યંત ઉલ્લાસવાળું થશે અને અનુક્રમે ચેતન અનંતા સુખોનો ભાગી બનશે. માટે હે ભવ્યાત્મા ! ચિત્તમાં વિવેકપૂર્વક વિચારી જો.૨૦

श्रीपार्श्वचंद्रसूरि शीखवे,
आपे आप संभाल प्राणीजी ।
सुगुरु साखें जे भाखियो,
तेह वचन प्रतिपाल. प्रा०चतु० ॥२१॥

અર્થ:-આ પ્રકરણરત્ન સ્વાધ્યાયની સમાપ્તિ કરતાં આચાર્યદેવ શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે—હે ભવ્યપ્રાણી ! તેં સુગુરૂ

મહારાજની સાખે જે ઉચ્ચારણ કરેલું છે એ-
ટલે વ્રતગ્રહણ કરવાના સમયમાં અર્થાત્ દીક્ષા
સ્વીકારવાના વખતે જે કંઈ બોલી-પ્રતિજ્ઞાઓ
કરી છે તે પ્રતિજ્ઞાઓને હે ચેતન ! તું જાતે
તારીમેળે સંભાળ-યાદ કર. તે વચનોને યાદ
કરી તું તેઓનું પાલન કરનાર થા, અર્થાત
સુગુરૂ મહારાજની સાખે જે જે વચનો બોલા-
એલા છે તે તે વચનોને તું યાદ કરી નિર્વાહ કર-
નાર થા કે જેથી આ સંસારના અનેક દુઃખોથી
મુક્ત થઇ તારો આત્મા કલ્યાણ મંગલ પરંપ-
રાવાળી અખંડ લક્ષ્મી અને પરમાનંદ સુખ-
સંતતિને પામે-મેળવે, એજ હિતશિક્ષા આપવાનું
પ્રયોજન છે. ૨૧

આ પ્રકરણરત્નસ્વાધ્યાયનો અર્થ પરમપૂજ્ય
પરમોપકારી શાંતરસપયોનિધિ આચાર્યદેવશ્રી
ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય

મુનિસાગરચંદ્રે પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે આચાર્યદેવની કૃતિના આશયને અનુલક્ષીને સ્વ-પરના હિતના માટે વિ. સં. ૧૯૯૨ ના પ્રથમ ભાદરવા શુદી ૨ બુધવારે અમદાવાદ મધ્યે લખ્યો છે. તે વાંચનારના તથા ભણનારના કલ્યાણ માટે થાઓ. !

ઓં શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ઇતિ શ્રીઆત્મશિક્ષાપ્રકરણરત્નસ્વાધ્યાય સાર્થઃ

સંપૂર્ણઃ

પરમપૂજ્ય શ્રીપાર્શ્વચંદ્ર સૂરીશ્વર કૃતઃ—

# સામાયિકદોષપરિહાર-સ્વાધ્યાયઃ

( સમાયિકના બત્રીશદોષની-સજઝાય. )

## દેશી-ત્રિતાલ ચોપાઈ. મૂલ

पहिला प्रणमुं जिण चउवीश,
सुगुरु नाम समरुं निशदीश ।
पभणिश श्रावकने अधिकार,
सामायिक विधि श्रुत आधार ॥ १ ॥

અર્થઃ—પ્રથમ ઇષ્ટદેવ ચોવીસ તીર્થંકર પરમાત્માઓને નમસ્કાર કરૂં છું અને નિરંતર અહોરાત્રિ સુગુરૂ મહારાજના નામને સમરૂં છું. એવી રીતે ઇષ્ટ દેવગુરૂને વંદન-નમસ્કાર કરીને શ્રુત-સિદ્ધાંતના આધારે શ્રાવકના અધિકારે સામાયિકની વિધિ કહીશ. ૧

आरत रौद्रतणो परिहार,
अवधिसीम संजम आधार ॥
आणी समतानो परिणाम,
सामायिक करवो अभिराम ॥ २ ॥

અર્થ:-આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરી 'અવધિસીમ' એટલે મર્યાદાના અંત સુધી અર્થાત્ જઘન્ય બે ઘડી સુધી સમતા-ભાવના પરિણામ ધારણ કરી સંયમના આધાર ભૂત એવું મનોહર સામાયિક કરવું. ૨

तेह तणा छे दोष बत्रीश,
ते पभणिश मनधरी जगीश ।
जे सांभळी श्रावक खप करे,
हेले जिम भवसायर तरे ॥ ३ ॥

અર્થ:-સામાયિક કરતાં પ્રમાદયોગે તેના બત્રીશ દોષ લાગે છે. તે બત્રીશ દોષ બતાવ-

વાના ઉત્સાહને મનમાં ધારણ કરીને હું તે દોષો કહીશ. એ બત્રીશ દોષોને સાંભળી જે શ્રાવક તે દોષોને ટાળવાનો ખપ કરે તે શ્રાવક સહેજમાં, થોડાજ કાળમાં સંસારસમુદ્રને તરે, પાર પામે. ૩

**પ્રથમ કાયાના ૧૨ દોષ બતાવે છેઃ-**

**वस्त्रि बांहि वाळी पालठी,**
**प्रथम दोष ए जुगतो नथी ।**
**आघुं पाछुं आसन थाय,**
**बीजु ए दूषण कहेवाय ॥ ४ ॥**

અર્થઃ-પલાંઠીને વસ્ત્રેકરી કે બાવડાએ કરી બાંધવી. તે કાયા સંબંધી પહેલો દોષ જાણવો અને તે વિવેકીને સેવવા યોગ્ય નથી. કટાસણું-આસન આઘું અથવા પાછું થાય તે કાયા સંબંધી બીજો દોષ જાણવો. ૪

दृष्टि न राखे एकण दिशे

जोवे चपलपणे चिहुं दिशे ।

त्रीजो दोष सामायिक जाणि,

व्रतधरी परिहर हिअडे आणि ॥ ५ ॥

અર્થઃ—એકજ દિશામાં દૃષ્ટિ ન રાખતાં ચપલપણાએ કરી ચારે દિશામાં જોયા કરે, તે સામાયિકમાં કાયા સંબંધી ત્રીજો દોષ જાણવો અને હૃદયમાં જિનવરઆણા ધારણ કરી તે દોષનો તું ત્યાગ કર. ૫

अल्प बहुल लागे सावज्ज,

चोथे दोष निवारो कज्ज ।

पूंठ भीत पाटिने स्तंभ,

पंचम दोष जे ल्ये अवठंभ ॥ ६ ॥

અર્થઃ—થોડું કે ઘણું સાવદ્ય એટલે પાપ લાગે તેવું કામ કરવું, તે કાયાસંબંધી ચોથો

દોષ જાણવો. માટે પાપકારી કાર્ય સામાયિકમાં કરવું નહીં. વળી સામાયિકમાં પૂંઠને, ભીંતનો, પાટિયાનો અને થાંભલાનો ટેકો-આધાર લેવો તે પાંચમો દોષ જાણવો. ૬

अति संकोडे अंग उवंग,
छठा दोष करे व्रत भंग ।
आलसमोडे ए सातमो,
भंजे करडक ए आठमो ॥७॥

અર્થઃ-શરીરના અંગ-ઉપાંગોને અત્યંત સંકોડે-સંકોચવાળા કરે તે કાયાસંબંધીનો છઠ્ઠો દોષ જાણવો અને એ દોષ જો સેવન કરે તો વ્રતનો ભંગ કરે. અને સામાયિકમાં આળસ મરોડે તે કાયાસંબંધીનો સાતમો દોષ જાણવો. અને કરકડા ભાંગે-ટચાકડા બોલાવે તે કાયા સંબંધીનો આઠમો દોષ જાણવો. ૭

नवमो मेल उतारे जेह,
दीलतणो व्रत दूषे तेह ।
खणे खाज ए दशमो जाण,
टालंतां व्रत चडे प्रमाण ॥८॥

અર્થઃ-શરીરનો મેલ ઉતારે તે કાયાસબંધીનો નવમો દોષ જાણવો અને તે પોતાના વ્રતને દૂષિત કરે છે. વળી સામાયિકમાં ખાજ ખણે અર્થાત્ ખંજવાળે તે કાયાસબંધીનો દશમો દોષ જાણવો. તે દોષ ટાળતાં વ્રત પ્રમાણભૂત-યથાર્થ ગણાય. ૮

अंगे वीसामण कारवे,
दोष अग्यारम व्रत हारवे ।
बारम दाष जे निद्रा करे,
बार दोष काया परिहरे ॥९॥

અર્થઃ-સામાયિકમાં શરીરની વિશ્રામણા

અંગચંપી વગેરે કરાવે તો તે કાયાસંબંધીનો અગ્યારમો દોષ જાણવો એ દોષ સેવન કરવાથી સામાયિક વ્રતને જીવ હારી જાય છે. સામાયિકમાં જે નિદ્રા–ઊંઘ કરે, તે કાયાસંબંધીનો બારમો દોષ જાણવો. આ બાર દોષ કાયાસંબંધીના છે, તેઓનો સામાયિકમાં બનતા પ્રયત્ને ત્યાગ કરવો. ૯

**હવે દશ વચનનાં દોષ બતાવે છે.**

**वचन तणा दश दोष पिछाण,**
**परिहर चतुरपणो चित आण**
**बोले कुवचन पहिलो दोष,**
**लागो जाणी म धरिश तोष ॥१०॥**

અર્થઃ–સામાયિકમાં બોલતાં વચનનાં દશ દોષ લાગે છે. હે જીવ! તેની તું તપાસ કરી ઓળખાણ કર–જાણ, અને ચિત્તમાં–આત્મામાં

ચતુરપણું-વિવેકપણું લાવીને તે દોષોનો ત્યાગ કર. સામાયિકની અંદર કુવચન-ખરાબ વચન બોલવું તે વચનસંબંધીનો પહેલો દોષ જાણવો. એ દોષ લાગ્યો જાણીને તું હર્ષિત થઇશ નહીં.૧૦

बीजे म भणिश सहसाकार,
आघो पाछो हित्र त्रीजो वार ॥
आपण छंदे जे बोलियें,
चउथो दोष विषे तोलिये ॥११॥

અર્થઃ-સહસાકાર એટલે વિચાર્યા વિના એકદમ બોલી નાખવું, તે સામાયિકમાં વચન સંબંધીનો બીજો દોષ જાણવો. માટે સહસાકાર વચન બોલવું નહીં. વળી સામાયિકમાં વચનને આગળપાછળ કરી બોલવું, તે વચન સંબંધીનો ત્રીજો દોષ જાણવો. અને તેને છોડવો અર્થાત્ નક્કામી આગલીપાછલી વાતો

કરી લવારો કરવો નહીં વળી પોતાની સ્વચ્છંદતા—ઉદ્ધતાઇથી જે બોલાય તે વચન સંબંધીનો ચોથો દોષ જાણવો, અને તેને ઝેરના સરખો ગણી છોડી દેવો જોઇએ. ૧૧

भणतो सूत्र म कर संक्षेप,
पंचम दोष तणो निक्षेप ॥
कलह म मंडिश जां व्रतभार,
छठा दोष तणो परिहार ॥१२॥

અર્થઃ—સામાયિકમાં ભણતાં સૂત્રનું સંક્ષેપ એટલે ઓછું કરી બોલવું એ વચન સંબંધીનો પાંચમો દોષ જાણવો. માટે અધ્યયન કરતાં સૂત્રનો સંક્ષેપ ન કર! જ્યાંસુધી સામાયિક પૂર્ણ થયું ન હોય ત્યાંસુધી કોઇ સાથે કલહ—કજિયો, કંકાસ ન કરીશ! હે ચેતન! વચન સંબંધી આ છઠા દોષનો ત્યાગ કર!! ૧૨

विकथा सप्तम दोष निवार,
पर उपहास आठमो विचार ॥
संपद पद विण उतावळो,
म भणो नवम दोषथी टळो ॥१३॥

અર્થ:—ચારે પ્રકારની વિકથાઓ સામાયિકમાં કરવી એ વચન સંબંધીનો સાતમો દોષ છે. તેનું નિવારણ કરો, વળી સામાયિકમાં બીજાની હાંસી-મશ્કરી કરવી એ વચન સંબંધીનો આઠમો દોષ જાણવો. તેને પણ વિચારી છોડો, વળી અર્થની પૂર્ણાહુતિ-સંગતિ જ્યાં થાય, તેને સંપદા કહેવાય છે. એવી સંપદા અને પદના સંપૂર્ણ ઉચ્ચારણ વિના ઉતાવળ પૂર્વક ન ભણશો. એ સામાયિકમાં વચનનો નવમો દોષ છે, તેથી બચો ! ૧૩

जाव आव इम कहिये नहीं,
दशम दोष परिहरिये सही ॥

वचन तणा ए जाणी दोष,
टाळी करो सामायिक पोष ॥१४॥

અર્થ:-સામાયિક લીધા પછી કોઇને પણ 'જાવ ! આવ !' એ પ્રમાણે કહેવું નહીં, નિશ્ચયથી વચનનો એ દશમો દોષ થાય છે. તેનો અવશ્ય ત્યાગ કરવો ! વચનનાં એ દસે દોષ જાણી, તેને દૂર કરી સામાયિકવ્રતની પુષ્ટિ-વૃદ્ધિ થાય તેમ કરો !! ૧૪

**હવે દશ મનનાં દોષ બતાવે છે:—**

मनना दोष हवे सांभळी,
परिहर भवियण पूरे रळी ॥
प्रथम दोष मन नहीं विवेक,
नहु जाणे ऊणो अतिरेक ॥१५॥

અર્થ:-હવે સામાયિકમાં મનનાં જે દોષ લાગે છે તે સાંભળીને હે ભવ્યાત્મા ! તેઓને

ત્યાગ કર કે જેથી મનવંછિત ફલની સિદ્ધિ થાય. સામાયિકનો સમય ઓછો કે અધિક થયો હોય તેને મનમાં વિવેક નહીં હોવાના કારણે જાણે નહીં એ મનનો પહેલો દોષ જાણવો. ૧૫

यश कीरति वांछे अतिघणी,
करे सामायिक जे तिह भणी ॥
बीज दोष ए आगम कह्यो,
भवियण जण जाणो निग्रह्यो ॥१६॥

અર્થઃ-મનમાં યશઃ કીર્તિની અતી ઘણી વાંછા કરે અને એ હેતુથીજ યશઃ કીર્તિનાં માટે સામાયિક કરે તેને મનનો બીજો દોષ આગમ-સિદ્ધાંતમાં કહ્યો છે. તે જાણીને ભવ્યાત્માજીવે દૂર કરેલ છે. ૧૬

हियडे वांछे धननो लाह,
त्रिजे दोषे घणो गुण दाह ॥

चउथो दोष जे करिये गर्व,

एहथी निर्गमिए फल सर्व ॥१७॥

અર્થ:-સામાયિક કરતો છતો જીવ મનમાં ધનનો લાભ વાંછે કે મારે ધનની ઘણી પ્રાપ્તિ થાઓ! તો એ મનનો ત્રીજો દોષ થાય છે, એ દોષથી આત્માનાં ઘણા ગુણોનો દાહ-નાશ થાય છે. ચોથો દોષ તો એ છે કે જો સામાયિકમાં ગર્વ-અહંકાર કરીએ તો મનસંબંધીનો ચોથો દોષ થાય છે એ દોષથી સામાયિકનું સર્વ શ્રેષ્ઠ ફલ ગુમાવી દેવાય છે. ૧૭

करे सामायिक जे बीहतो,

पांचमो मुगुण दोष ईहतो ॥

पुत्र धनादिकतणा निदान,

करतां छठो दोष निदान ॥१८॥

અર્થ:-સામાયિકમાં મનનો પાંચમો દોષ

આ છે કે મનમાં ભયચિંતવતો જે સામાયિક કરે છે તે દોષોને ઈચ્છતો સારા સારા ગુણોને દૂર કરે છે. સામાયિકને પુત્ર ધનાદિકની પ્રાપ્તિનું કારણ જાણી કરે અથવા સામાયિકમાં પુત્ર ધનાદિકનું નિયાણું કરે તો મનના છઠા દોષનો કારણ ભૂત જીવ થાય. ૧૮

सामायिक फल विधि जे कही,

शु जाणुं होशे वा नहीं ॥

इम संशय हियडे आणिये,

सप्तम दोष ते श्रुति जाणिये ॥१९॥

અર્થઃ—સામાયિકનું ફળ અને સામાયિકની વિધિ જે કહેલ છે. તે હશે યા નહીં ? હું શું જાણું ? એમ હૃદયમાં સંશય કરીએ અર્થાત્ મનમાં શંકા આણીએ તો સામાયિકમાં મનનો સાતમો દોષ તે થાય છે. એ શ્રુતિ એટલે સિદ્ધાંતમાં બતાવેલ છે. ૧૯

अष्टम करे जे आणी रोष,
अविनय करता नवमो दोष ॥
भगतिहीण ए दशमो सही,
श्रावक ए आदरवो नही ॥२०॥

અર્થ:-મનમાં બીજાના ઉપર રોષ આણી જે સામાયિક કરે તે આઠમો દોષ જાણવો. વળી અવિનય કરતો જે સામાયિક કરે, તે મન સંબંધી નવમો દોષ જાણવો. અને ભક્તિ-બહુમાન વિના જે સામાયિક કરે તે નિશ્ચેથી મનનો દશમો દોષ જાણવો. તે દોષ શ્રાવકે આદરવો નહિ અર્થાત્ શ્રાવકને આદરવા યોગ્ય નથી. ૨૦

**સામાયિક વ્રતનું ફળ બતાવતાં પ્રકરણ રત્ન સ્વાધ્યાયની સમાપ્તિ કરતાં આચાર્યદેવ કહે છે:**

( ઉપજાતિ છંદ )

बत्तीस दोषेहिं विसुद्धमेव,
करिज्ज सामाइयमप्पमत्तो ॥

निच्चं नरो तस्स सुहं समग्गं,

कहेह एवं मुणि पासचंदो ॥२१॥

અર્થ:-બત્રીશ દોષોએ કરી રહિત એવા સામાયિકને નિત્ય--હંમેશા અપ્રમાદી થયો થકો જે મનુષ્ય કરે, તેને સઘલા સુખોની અથવા સમગ્ર એટલે ઉત્કૃષ્ટ મોક્ષ સુખોની પ્રાપ્તિ થાય. એમ "मुणि पासचंदो" એટલે આચાર્યદેવ શ્રી પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજ કહે છે. ૨૧

**સામાયિક કરવાનું ફલ શાસ્ત્રોમાં આ પ્રમાણે બતાવેલ છે.—**

"सामाइअं कुणंतो,

समभावं सावओ घडिअदुगं ॥

आउ सुरेसु बंधई,

इत्तिअमित्ताइं पलिआइं ॥१॥

बाणवइ कोडिओ,

लख्खा गुणसठ्ठी सहस्स पणवीसं ॥

**नवसय पणवीसाए,**

**सतिहा अडभागपलियस्स" ॥२॥**

અર્થાત્-સમભાવ પૂર્વક બે ઘડી સુધી સામાયિકને કરતો શ્રાવક નીચે બતાવેલા પલ્યોપમોનું દેવ સંબંધી આયુષ્ય બાંધે. ૧

૯૨૫૯૨૫૯૨૫ એટલા પલ્યોપમો અને ઉપર એક પલ્યોપમના આઠ ભાગ કરીએ તેમાંના તેવા ત્રણ ભાગ જેટલું દેવનું આયુષ્ય એક સામાયિક કરવાથી બાંધે. ૨ માટે એવા ઉત્તમ ફળને આપનાર સામાયિક છે; તે કરવામાં આળસ-પ્રમાદ મુકી પ્રેમ ધારણ કરવો જોઇએ. સામાયિકમાં રહ્યા થકા પ્રમાદના યોગે મન, વચન અને કાયાથી બત્રીશ દોષ લાગે છે, તે વિસ્તારથી પ્રકરણ રત્ન સ્વાધ્યાયકાર આચાર્યદેવે બતાવ્યા છે. તેને જ સંક્ષેપથી લખીએ છીએઃ—

**પ્રથમ કાયાનાં ૧૨ દોષ આ પ્રમાણે—**

૧ વસ્ત્રથી કે બાવડાથી પલાંઠી બાંધે. અથવા પગ ઉપર પગ ચડાવે. ૨ આસન આઘું પાછું કરે. ૩ એકજ સ્થાને દૃષ્ટિ ન રાખતાં દૃષ્ટિની ચપળતા કરે, ચારે દિશાએ જુએ. ૪ સાવદ્ય કામ કરે. ૫ ઓઠું લઇ બેસે. ૬ અંગોપાંગ અતિ સંકોચે. ૭ આળસ મરડે. ૮ ટચાકા પાડે, ૯ શરીરનો મેલ ઉતારે, ૧૦ ખાજ ખણે, ૧૧ અંગે વિશ્રામણા કરાવે ૧૨ નિદ્રા કરે.

**સામાયિક કરતાં વચનનાં દશ દોષઃ—**

૧ કુવચન બોલે, ૨ સહસાત્કારે બોલે, ૩ આઘો પાછો શબ્દ બોલે, ૪ અવિનયથી સ્વચ્છંદે બોલે, ૫ સૂત્ર બોલતાં સંક્ષેપ કરે, ૬ કલહ–કજિયા કરે, ૭ વિકથાઓ કરે, ૮ બીજાની હાંસી કરે, છિદ્ર ખોલે, ૯ સંપદા પદ વિના બહુ ઉતાવળે બોલે, ૧૦ આવો જાવો કહે.

## સામાયિકની અંદર મનનાં દશ દોષઃ-

૧ મનમાં વિવેક ન રાખે તેથી સામાયિકનો ટાઇમ ઓછો અધિકો જાણે નહી, ૨ ઘણો યશ વાંછે, ૩ ધનનો લાભ વાંછે, ૪ ગર્વ કરે, ૫ ભય રાખે, ૬ પુત્ર ધનાદિકનું નિયાણું કરે, ૭ સમાયિકના ફળનો તથા વિધિનો સંદેહ રાખે, ૮ વૈરી દેખી દ્વેષ કરે, ૯ અવિનય કરે, ૧૦ ભક્તિ–બહુ માનથી ન કરે. આ ઉપર બતાવેલા ૩૨ દોષોને ટાળી સામાયિક કરે, તે અવશ્ય કલ્યાણ મંગલમાળાને વરે.

આ સ્વાધ્યાય રત્નનો અર્થઃ વિ. સં. ૧૯૯૨ આષાઢ વદી ૧૩ ગુરૂવારે અમદાવાદ શામળાની પોળના ઉપાશ્રયે પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણીય આચાર્યદેવ શ્રીભાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યમુનિ સાગરચંદ્રે સ્વ-

પરના ઉપકાર માટે પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે સ્વલ્પ માત્ર કરેલ છે. તે વાંચનારને શ્રેય ભણી થાવ ! ! ! ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિશ્રી સામાયિક દોષ પરિહાર પ્રકરણ
રત્ન સ્વાધ્યાયઃ સાર્થઃ સંપૂર્ણ.

श्रीपार्श्वचंद्रसूरीश्वरजी विरचिता

# ચારિત્રમનોરથ માળા

( સ્વાધ્યાય )

( ઢાળ પહેલી, ચોપાઇની દેશી )

सुहगुरुपय प्रणमुं निशदीस,
कर जोडीने नामिय सीस।
जासु पसायें निरमल नाण,
लहियें मुक्ति तणो अहिनाण ॥१॥

**અર્થ**:—શુભ ગુરૂના ચરણ કમલમાં બે હાથ જોડી મસ્તક નમાવી નિરંતર નમસ્કાર કરું છું. જેની કૃપાથી મુક્તિના એંધાણ નિશાનરૂપ નિરમલ જ્ઞાન પામી શકાય છે. ૧

ते गुरु भाखे प्रवचन शुद्ध,
जाणिके भेल्यूं साकर दूध।

श्रवण पुटें पीता सुख होय,

ए जामलि बीजो नहु कोय ॥२॥

**અર્થ**:—પ્રવચન એટલે શ્રી જિનાગમ વાણી તે વાણીના અનુસારે શુદ્ધ પરૂપણા કરે તે ગુરૂ જાણવા. તે વાણી કેવી? જાણે કે સાકર મિશ્રિત દૂધજ ન હોય? એવી શ્રી ગુરૂમહારાજના મુખમાંથી પ્રગટ થતી જૈનાગમવાણી તે વાણીને કર્ણપુટ દ્વારાએ પીતાં જે સુખ પ્રાપ્ત થાય છે તે સુખના સરખું જગતમાં બીજું કોઈ સુખ ન હોય. ૨

माहण क्षत्री वैश्यज शुद्र,

चार वर्ण ए भद्र अभद्र ।

करे सदा बहु विध आरंभ,

न मुणे नरभव नथी सुलंभ ॥३॥

**અર્થ**:—બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને

શુદ્ર એ ચાર વર્ણ છે. તેમાં કેટલાક ભદ્ર એટલે સારા છે અને કેટલાક અભદ્ર એટલે સારા નથી. એક બીજાની અપેક્ષાએ સારા અથવા નરસા છે અથવા ચાર વર્ણ છે તે ભદ્ર છે અને વર્ણાન્તર છે તે અભદ્ર કહેવાય છે. ચારે વર્ણવાળા તેઓ હંમેશાં બહુ પ્રકારે આરંભ કરે છે. જીવને મનુષ્યભવ પામવા સુલભ નથી, કારણ કે–અનેક પૂર્વાર્જિત પુણ્ય એકઠાં થયાં હોય ત્યારે તે મળે છે? એમ તેઓ નથી જાણતા. ૩

**परिग्रह विणु आरंभ न थाय,**
**आरंभे छक्काय हणाय ।**
**जीव हणंता वैर विवृद्धि,**
**इणी परे काम--भोगनी सिद्धि ॥४॥**

**અર્થ**:—પરિગ્રહ વિના આરંભ થાય નહિ; અને આરંભ કરવાથી છક્કાયના જીવો હણાય છે, અને છક્કાયના જીવોને હણતાં વૈર-

વિરોધની અત્યંત વૃદ્ધિ થાય છે. એ પ્રકારે જ્યારે જીવ પ્રવૃત્તિ કરે ત્યારે કામભોગની સિદ્ધિ–પ્રાપ્તિ થાય છે, તે શિવાય જીવને કામ ભોગની પ્રાપ્તિ થતી નથી. મતલબ કે કામ–ભોગની સિદ્ધિમાં આવી મોટી આપત્તિઓ રહેલ છે. ૪

तेह थकी सुखनी शी आश ?
छुटे नही दुःखमय पाश ।
काले प्राणी पामे मरण,
काम--भोग धन थाय न शरण ।।५।।

**અર્થ**:—તો હવે જેમાં રહેલ દુઃખમય એવો પાશ–રજ્જુ છૂટેજ નહિં, અર્થાત્ જેના અંગે દુઃખની પરંપરા ચાલ્યાજ કરે ! તે કામ ભોગથી સુખની શી આશા રાખવી ! વળી પોતાનું આયુષ્ય પૂર્ણ થએ કાળ આવ્યે જીવ

મરણુ પામે છે, તે વખતે કામ–ભોગ અને ધન પરિવાર જીવને મરણુના ભયથી બચાવી શકતા નથી અર્થાત્–શરણુરૂપ કે આધાર થઇ શકતા નથી તો તેવા કામ ભોગમાં મોહિત થઇ સ્વરૂપને ભૂલી જવું તે સમજુને બિલકુલ ઉચિત નથી. ૫

स्वजन मिली बाहिर लइ जाय,
अगनि तनु छारहडो थाय ।
भोगवे जीव कर्म एकलो,
कीधो पाप न हुवे भलो ॥६॥

અર્થઃ—જ્યારે દેહ જીવરહિત થાય છે ત્યારે સ્વજનવર્ગ એકઠા થઇ બહાર લઇ જાય છે અને અગ્નિ સંસ્કાર કરે છે. અગ્નિથી શરીરની રાખ થઇ જાય છે અર્થાત્ શરીર નાશ પામે છે. શરીરના યોગે કરેલાં કર્મ તે જીવ

એકલો ભોગવે છે, કારણ કે જે કરેલાં પાપકર્મ તે કોઈ દિવસે જીવને સુખ આપતાં નથી, પરંતુ દુઃખરૂપેજ નીવડે છે. ૬.

भोग काजे म्हेली आथ,
 ते नहु चाले कांइ साथ ।
वेंहची स्वजन तासु धन खाय,
 दुःख विभागी कोइ न थाय ॥७॥

અર્થઃ—સુખ—ભોગની આશાએ એકઠી કરેલી આથ એટલે લક્ષ્મી તેમાંથી કાંઇ પણ લક્ષ્મી પરભવમાં જતા જીવની સાથે જતી નથી અર્થાત્ મેળવનારની સંઘાથે જતી નથી. તેના ધનને સ્વજન કુટુંબીઓ વહેંચી ખાય છે—ભોગવે છે પણ દુઃખના વિભાગી—વિભાગ પાડનારા કોઇ પણ થતા નથી એટલે તે ધન એકઠું કરવામાં કરનારને જે જે પાપકર્મ કરવાં

પડયાં અને તેથી જે માઠાં કર્મ બંધાયા તે કર્મના ઉદયે જે દુઃખ પ્રાપ્ત થયાં તેનો હિસ્સો સ્વજનાદિ બીજો કોઈ લઈ શકતો નથી. આવો કર્મ રાજાનો કાયદો છે. ૭.

**मात-पिता बंधव बहु नारी,**
**पुत्र स्वजन जे छे संसारी।**
**दुर्गति पडतां न हुवे त्राण,**
**कांइ न फुरे प्राणि विनाण ॥८॥**

અર્થઃ-માતા-પિતા, ભાઈ, બ્હેન, ઘણી સ્ત્રીઓ અને પુત્ર વગેરે સંસારી સ્વજન કુટું-બીઓ જે છે તે દુર્ગતિમાં પડતા જીવનું રક્ષણ કરી શકતાં નથી. આ તો ચોખ્ખું દીવા જેવું છે છતાં આવું વિવેકજ્ઞાન હે જીવાત્મા! તને કેમ થતું નથી? ૮,

**इणि परे ए संसार असार,**
**दुःखसागर जसु उपमा छार।**

इम जाणि ममता परिहरे,
ते मानव भवसायर तरे ॥९॥

અર્થઃ—ઉપર કહ્યા પ્રમાણે આ સંસાર સાર વિનાનો છે, દુઃખોથી ભરપૂર છે. કહ્યું છે કે-

"यथेह लवणाम्भोभिः, पुरितो लवणोदधिः ॥
शारीरमानसैर्दुःखै-रसंख्येयैर्भवस्तथा" ॥१॥

અર્થાત્-જેમ આ પૃથ્વીમાં લવણ સમુદ્ર ખારા જળથી પૂર્ણ ભરેલ છે તેમ આ સંસાર પણ અસંખ્યાતા શારિરીક અને માનસિક એવા દુઃખોથી ભરપૂર છે. અને જેની ઉપમા છારની છે એટલે આ સંસારમાં રહેતા 'હિંદુઓની રાખ અને મુસલમાનોની ખાખ' અંતે થવાની છે. એ ઉપમાવાળો આ સંસાર છે. એમ જાણી જે ભવ્યાત્મા સંસારના-મમતા-ભાવને ત્યાગ કરે તે માનવ-ભાગ્યશાળી મહાનુભાવ સંસાર સાગરને તરે-પાર પામે. ૯,

ते सांभळी मन धरे वैराग;
छांडी सहु स्वजन धन राग।
पंच महाव्रत एक आदरे,
शुद्ध पाली केवल सिरी वरे ॥१०॥

અર્થ:-તે ઉપર બતાવેલ બીના સાંભળીને વૈરાગ્ય મનમાં ધારણ કરે અને સર્વ પ્રકારના સ્વજન-કુટુંબી તેમજ સર્વપ્રકારનું ધન તથા સર્વ પ્રકારનો રાગ, કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ એઓનો ત્યાગ કરે, તે કરીને ખરેખર આદરવા યોગ્ય પાંચ મહાવ્રત જેવાં કે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તેઓને આદરે-સ્વીકારે, તેઓને શુદ્ધ રીતે પાલનકરી કેવલ-જ્ઞાનરૂપ લક્ષ્મીને મેળવે. ૧૦

केइ श्रुत साचुं सद्दहे,
बहु संवेगज हियडे वहे।

करे मनोरथ समरसि घणे,
ते रागे उत्तम गुण तणे ॥११॥

અર્થઃ-કેટલાક અલ્પસંસારી પુણ્યાત્માઓ શ્રીજિનેશ્વરદેવોના પ્રકાશિત આગમ-સિદ્ધાંતોને સાચા સદ્દહે અને બહુ પ્રકારે મોક્ષની અભિલાષાઓને પોતાના હૃદયમાં ધારણ કરે અથવા ચિત્તમાં ઘણા વૈરાગ્યને ધારણ કરતા એવા અને અત્યંત ઉપશમ રસમાં લયલીન થયા થકા તેમજ ઉત્તમ ગુણો પ્રત્યે રાગવાળા એવા તેઓ નીચે બતાવેલા મનોરથ સેવે છે. ૧૧

## ઢાલ બીજી.

(ગૌતમ સમુદ્ર કુમાર, સાગર૦-એદેસીમાં)

कहियें संयम लेशुं, सुहगुरु संगमें,
संग सयण धन परिहरीए;
विधिएं विहार करीश्युं, निर्मल भाविय,
गामागर नयरे फीरीए।

पंच महव्वय भार, गिरि जीम दुध्धर,
कहियें निरंतर धारिश्युं ए;
वह मुस चोरीकार, मेहुण परिग्रह,
राइ भोयण वारिश्युं ए ॥१२॥

**અર્થ**:—સ્વજન કુટુંબીઓના સ્નેહ રાગનો ત્યાગ કરી તથા ધન, ધાન્ય વગેરે નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ તેના સંગ સંબંધનો ત્યાગ કરી ગુરૂ મહારાજના શુભ યોગે કયારે સંયમ ચારિત્રને ગ્રહણ કરશું ? તેમજ શુદ્ધ ચારિત્ર સ્વીકારી પવિત્ર ભાવના પૂર્વક ગામ, આગર, નગર વિગેરે સ્થાનોમાં ફરવા માટે જ્ઞાનિઓએ સિદ્ધાંતોમાં વિચરવાની બતાવેલ વિધિ તે પ્રમાણે કયારે વિચરીશું ? વળી મેરૂપર્વતને ધારણ કરવો–ઉપાડવો જેમ મુશ્કેલ છે તેમ દુર્ધર એવા પાંચ મહાવ્રતના ભારને

ઉમંગથી સ્વીકારી ક્યારે નિરંતર ધારણ કરશું. તેમજ હિંસા, અસત્ય ભાષણ, ચોરી, મૈથુન, પરિગ્રહ અને રાત્રિ ભોજન એ મોટા દોષોને ક્યારે નિવારણ કરશું? ૧૨

बहु गुणतणो निवास, दोष त्रिणासण,
शम सरवर जल झीलिस्युं ए;
कहियें गुरुकुलवास, आदिल मुनिवर,
सेव्यो हुं पण सेविश्युं ए ॥
सारण वारण सार, दिधीय चोयण,
पडिचोयण सहिश्युं घणी ए ।
ते दिन हुश्ये किवार, शीखें चालीश्युं,
नियगुरु गीतारथ तणी ए ॥१३॥

**અર્થ**:—અનેક દોષોનો નાશ કરનાર અને ઘણા ગુણોનું નિવાસસ્થાન એવો જે શમભાવ–શાન્તિરૂપ સરોવર તેના અમૃતરૂપ જ-

લમાં ક્યારે ઝીલશું-અવગાહન કરશું ? વળી પ્રથમ થઇ ગયેલા મુનિવરો અથવા શ્રમણ ભગવાન્ શ્રીમહાવીર સ્વામીના શાસનની અપેક્ષાએ આદિલ એટલે પ્રથમ સર્વ મુનિઓ-માં મુગટ સમાન એવા ગણધર શ્રી ગૌતમ-સ્વામી, તેઓએ જેવી રીતે ગુરૂકુલવાસને સેવ્યો અને તેમાં રહી આત્મ કલ્યાણ કર્યું. એવી રીતે હું પણ એવાજ ગુરૂકુલ વાસને સેવના કરનારો ક્યારે થઈશ ?, તેમજ શ્રી ગુરૂમહા-રાજે આપેલ સારણ—એટલે કરવા યોગ્ય ક્રિયામાં થતી ખામીને દૂર કરવા માટે આપેલ શીખામણ અથવા થતી ભૂલોને યાદ કરાવી બતાવે તે સારણા કહિએ. વારણ એટલે શાસ્ત્રમર્યાદાથી અવળી રીતે વર્તતા વ્યક્તિને ગુરૂમહારાજ વારે-અટકાવે તે વારણા કહિએ. ચોયણ એટલે દોષ નિવારણાર્થે ગુરૂમહરાજ

બીજા યોગ્ય પુરૂષદ્વારાએ પ્રેરણા કરાવે તે ચોયણા કહિએ. પડિ ચોયણા એટલે વારંવાર યોગ્ય પુરૂષદ્વારાએ દોષિતના દોષ દૂર કરવા માટે ગુરૂમહારાજના થયેલ પ્રયત્ન તે પડિચોયણા કહિએ. ગુરૂમહારાજે આપેલ અથવા કરેલ સારભૂત એવી સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા તેઓને રૂડી રીતે કયારે પોતાના કલ્યાણ માટે સહન કરનાર હું થઇશ ? તેમજ સુભાગ્યયોગે તે દિવસ કયારે આવશે કે પોતાના સુગુરૂગીતાર્થની હિતશિક્ષા પ્રમાણે ચાલનારા થઇશું ? ૧૩

रयणायर गुरुजाण, गिरुओ गंभीर,
निरमल गुणरयणें भर्यो ए;
धन धन गुरुनी वाणी, डोल्यो मुनिवर,
मेघकुमर जिणे उधर्यो ए।

चेलणा श्रेणिकराय, साहुणी मुणिगण,
पेखी नियाणा जे कर्या ए;
टाल्या ते गुरुरायें, कहियें वंदिस्युं,
इस्या सुगुरु भवजल तर्या ए ॥१४॥

અર્થઃ–પરમોપકારી શ્રી ગુરૂમહારાજને રત્નાકરની ઉપમા આપવામાં આવેલ છે, કારણ કે મોટાઇમાં કે ગંભીરતામાં તેવા હોવાથી, તેમજ નિર્મળ ગુણરૂપ રત્નોથી ભરપૂર ભરેલા હોવાથી. વળી શ્રી ગુરૂમહારાજની વાણીને પણ ધન્યવાદ આપવામાં આવેલ છે. કારણ કે જે વાણીના પસાએ ચારિત્રિયાઓ ચારિત્ર-માર્ગથી ડોલાયમાન થયેલા મુનિવર શ્રી મેઘકુમાર જેવાઓનો ઉદ્ધાર થયો. તે મહિમા ગુરૂમહારાજશ્રીની વાણીનો છે. માટે તે ગુરૂ-મહારાજશ્રીની વાણીને પણ ધન્ય-ધન્ય છે. તેમજ શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરસ્વામીને

વંદન કરવાને આવેલા મહારાણી ચેલણાદેવી અને મહારાજા શ્રી શ્રેણિક વગેરે તેઓની બાહ્યવિભૂતિ, રૂપ, રંગ આદિ જોઇને સાધ્વીઓ અને મુનિઓના સમુદાયે જે જે નિયાણા કર્યા તે તે નિયાણાઓને ઉપકારી શ્રી ગુરૂરાજે તેઓને સમજાવી ટાલ્યા એટલે તે તે ભાવનાઓથી પાછા વાળી મૂળ ધર્મમાં સ્થિર કર્યા અને તેઓને સંસાર સમુદ્રથી તાર્યા તેથી તેઓ તર્યા. એ પણ તેઓશ્રીની વાણીનો જ પ્રભાવ છે. એવા સુગુરૂમહારાજશ્રીને કયારે વંદન કરશું. ૧૪

अचपल अतुरित चाल, पग-पग निरखतो,
जुग प्रमाण धर शोधतो ए;
चालीसुं इरियविहारी, कहियें उत्तम,
मानव इम प्रतिबोधतो ए ।
मृदु वाणी निरवद्य, मधुर अकर्कश,
प्राणघात जेहथी नही ए;

प्रीति उपावे सद्य, त्रिभुवन जीवने,
हित कारण जिनवरे कहीए ॥१५॥

અર્થ:—ઇરિયાસમિતિ ભાવવાની બતાવે છે:-અચપલતા એટલે ચંચલતા રહિત તેમજ ઉતાવળ કે વેગરહિત એવી ચાલે ચાલતા વળી પગલે-પગલે પોતાની દૃષ્ટિથી જોતા, ધૂંસરા પ્રમાણ ભૂમિને શોધતા ઈરિયાસમિતિએ વિચરનારા એવા ઉત્તમ મનુષ્યોની જેમ ઇરિયા સમિતિની મર્યાદાએ કયારે ચાલનારા થઇશું? એમ પોતાના જીવને પોતેજ ભાવનાવડે પ્રતિબોધ કરતો. હવે ભાષા-સમિતિભાવવાની બતાવે છે:-કોમળવાણી, પાપરહિત વાણી, મધુર-મીઠીવાણી, અકર્કશ એટલે અકઠોરવાણી અથવા તીખાશ વિનાનીવાણી, વળી જે વાણી ઉચ્ચારણ કરતા પ્રાણીઓના પ્રાણનો ઘાત ન થાય એવી અપ્રાણઘાતિની વાણી, સાંભ-

ળનારને સાંભળતા તરતજ પ્રીતિને ઉત્પન્ન કરે એવી વાણી, ત્રણ જગતના જીવોના હિતના કારણે શ્રીજિનેશ્વરદેવોએ એવી ભાષા બોલવાની કહી છે. ૧૫

मिश्र मृषा परिहार, सर्वत संमत,
आगम जामलि तोलिस्युं ए;
सत्य अने व्यवहार, सुमति सुनिरतिय,
कहियें भाषा बोलीशुं ए ! ।
कुसुमें जेम मधुकार, भमतां घर–घर,
करीस्युं सूधी गोचरी ए;
लेश्युं उंच्छ आहार, कहियें दूषण,
वीस बीगुण बे (४२) परिहरीए ॥१६॥

અર્થઃ–વળી મિશ્રભાષા તથા મૃષા એટલે અસત્ય ભાષા એ બે ભાષા બોલવાની શ્રીજિનેશ્વરદેવોએ મનાઈ કરેલ છે માટે તેનો

પરિહાર એટલે ત્યાગ કરીને સર્વને સંમત અને આગમ–સિદ્ધાંતની સાથે સરખાવતાં મલતી એવી સત્યભાષા અને વ્યવહારભાષા એ બે ભાષા બોલવા યોગ્ય, નિર્દોષ, કાર્ય-પૂર્તિ, સુમતિપુર્વક અને પવિત્ર ભાષા સમિતિ સહિત એવી ભાષા કયારે બોલીશું? હવે એષણા સમિતિ ભાવવાની બતાવે છેઃ–

જેમ પુષ્પ પર ભમરો બેસે, થોડું--થોડું પુષ્પરસ લે. અને પુષ્પને કિલામના ન કરે તેમ મુનિ પણ ઘર–ઘર ફરી ગ્રહસ્થને કલેશ ન થાય તેવી રીતે આહાર લે તે ગોચરી કહેવાય.ગોચરી એટલે ગાય જેમ ચરે–ચારો કરે તેનું નામ ગૌ-ચરી કહેવાય. તે જો મર્યાદા વિનાની હોય તો ગદ્ધાચરી જાણવી. માટે નિર્દોષ ગોચરી કયારે કરશું? અને ગૌચરી ગ્રહણ કરવામાં ૧૬ દોષ દાયકથી ૧૬ દોષ ગ્રાહકથી ૧૦ દોષ બન્નેથી

એમ ૪૨ દોષ લાગે છે તેને પરહરિ-ત્યાગ કરી ઉંચ્છ એટલે થોડો થોડો શુદ્ધ આહાર ક્યારે લેશું ? ૧૬

मंडली पंचे दोष, टाली साहम्मिय,
संविभाग करी भुंजीस्युं ए;
छंडी राग वळी दोष, कहियें सम मन,
मोह महाभड जीपीशुं ए ।
जीव जतन मूकेशुं, द्रष्टिएं निरखीय,
पूंजी उपधि पडिगाहीशुं ए;
समय ते सफल गणेशुं, जइयें संयम;
सायर भुजबल गाहीस्युं ए ॥१७॥

**અર્થઃ**—ભોજન માંડલીના પાંચ દોષ ટાળી સાધર્મિક મુનિરાજોની સાથે સંવિભાગ કરી ક્યારે ભોજન કરશું ? વળી અનુકૂળ વસ્તુ પ્રાપ્ત થયે રાગ અને પ્રતિકૂલ વસ્તુ પ્રાપ્ત

થયે દ્વેષ થાય છે તેને છોડી બન્નેમાં મનને સમાન કરી મોહનીય કર્મરૂપ મહાસુભટને ક્યારે જીતશું?

હવે આદાન—નિક્ષેપણા સમિતિ ભાવવાની બતાવે છેઃ-ક્યારે જીવ જયણાના હેતુએ દૃષ્ટિએ જોઈ પુંજી પ્રમાર્જી વસ્ત્ર-પાત્ર વગેરે ઉપધીને મુકશું અથવા ગ્રહણ કરશું ? વળી તે સમય—વખતને ત્યારે સફળ ગણશું કે જ્યારે સંયમરૂપ સમુદ્રને પોતાના ભુજબલવડે કરી એટલે પંડિત વીર્યે કરી અવગાહન કરશું-ઝીલશું, મતલબ કે ક્યારે સંયમ પાલન કરવામાં એક રંગે તલ્લીન બનીશું. ૧૭

पासवण उच्चार, खेल सिंघाणय,
जल्ल उपधि तनु तेहवो ए;
चउपयार आहार, वळीय अनेरडो,
परिठवण उचित जेहवो ए ।

दशगुण ठंडिल जोइ, सुप्पडिलेहिय,
सुपमज्जिय वळी वळी विहीए;
तेम तेम जयणा होय, प्रवचन भाषित,
कहियें परिठविश्युं सही ए ॥१८॥

અર્થઃ—હવે પારિષ્ઠાપનિકા સમિતિ ભાવવાની બતાવે છેઃ—પાસવણ એટલે પેશાબ-માત્રુ, ઉચ્ચાર એટલે વડીનીત-ઝાડો, ખેલ એટલે મોઢાનો કફ, સિંઘાણ એટલે નાકનો મેલ—લીંટ, જલ્લ એટલે શરીરનો મેલ, તથા જીર્ણ થએલ ઉપધિ એટલે વસ્ત્ર, પાત્ર અને શરીર વગેરે તેહવો પરઠવા યોગ્ય, ચાર પ્રકારનો આહાર, વળી બીજો અનેરો પરઠવા જેહવો ઉચિત જે હોય તે દશ પ્રકારે શુદ્ધ સ્થાનમાં એટલે દશ ગુણે સહિત શુદ્ધ ભૂમિને જોઇ દૃષ્ટિથી સારી રીતે પડિલેહણા કરી વા-

ર્વાર વિધિપૂર્વક તેવી તેવી સુપ્રમાર્જના કરવી કે જેથી જયણા એટલે જીવોની રક્ષા થાય. એ પ્રમાણે પ્રવચન-સિદ્ધાંતમાં કહેલ પારિઠાવણિયા સમિતિના અનુસારે ખરેખર ક્યારે પરઠવા યોગ્ય વસ્તુને પરઠવનારા થઇશું? ૧૮

શુદ્ધ સ્થાનમાં પરઠવાના દશ પ્રકાર શ્રી વૃહત્કલ્પ સૂત્રમાં આ પ્રમાણે બતાવેલા છેઃ—

" अणावायमसंलोए,
परस्स अणुवघातीए ।
समे अज्झुसिरे यावि,
अचिर काल कयम्मिय ॥ ४४३ ॥
विच्छिन्ने दूरमोगाढे,
ऽनासन्ने बिलवज्जिए ।
तसपाण बीयरहिए,
उच्चारादीणि वोसिरे ॥ ४४४ ॥

અર્થાત્—(૧) અનાપાત એટલે પરઠવતાં બીજાનું જ્યાં આવવું ન થાય એવું સ્થાન

(૨) અસંલોક એટલે પરઠવતાં બીજાની દૃષ્ટિ ન પડે એવું સ્થાન. (૩) અનૌપઘાતિક એટલે આત્મોપઘાતિ, પ્રવચનોપઘાતિ અને સંયમોપઘાતિ પરઠવાનું સ્થાન ન હોય. (૪) સમસ્થાન એટલે પરઠવતાં આત્મવિરાધના તથા સંયમવિરાધના ન થાય તેવું સમ-સરખું સ્થાન. (૫) અચિરકાલકૃત એટલે દરેક ઋતુના અનુસારે યોગ્ય પરઠવાનું સ્થાન. (૬) વિસ્તીર્ણ એટલે સુખેથી બેસાય એવું પહોળું પરઠવાનું સ્થાન. (૭) દૂરાવગાઢમ્ એટલે ચાર-પાંચ આંગળ હેઠે અચિત્ત હોય એવું પરઠવાનું સ્થાન. (૮) અનાસન્ન એટલે બહુ નજીક નહિ તેમ બહુ દૂર નહિ એવું પરઠવાનું સ્થાન. (૯) બિલવર્જિત સ્થાન એટલે ઉંદર વગેરેના બિલોથી રહીત સ્થાન. (૧૦) ત્રસ-પ્રાણુ-બીજરહીત સ્થાન. એવા દશ ગુણે

કરી શુદ્ધ સ્થાનમાં વોસરાવા યોગ્ય વસ્તુને વોસરાવે-પરઠવે.

## ઢાલ ૩ ૭.

आरत रौद्र निवारिय, समता रस जल ठारिय,
सारिय गुपति सहित मन राखिश्युं ए ।
कहियें भाषा संवरी, मौनालंबन आदरी,
सुंदरी वचन गुपति चित्त आणिश्युं ए ॥१९॥

અર્થઃ—હવે મનોગુપ્તિ ભાવવાની બતાવે છેઃ—આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનની કલ્પનાઓને દૂર કરી શાંત રસરૂપ જલમાં મનને શીતલ બનાવી અર્થાત્ સ્થિર કરી, 'સારિય' એટલે શબ્દાદિ વિષયોથી મનને અલગ કરી અથવા અઢાર પાપ સ્થાનમાં ગયેલા મનને ત્યાંથી ખેંચી લાવી આત્મ સ્વરૂપમાં રમણ કરનારૂં બનાવી એવી રીતે મનને ગુપ્તિ

વાળું ક્યારે કરશું ? હવે વચનગુપ્તિ ભાવવાની બતાવે છેઃ—સર્વ પ્રકારે ભાષા બોલવાની બંધ કરી મૌનપણાના આલંબનને ધારણ કરી સુંદરી એટલે મનોહારિણી એવી વચન ગુપ્તિને ચિત્તમાં ક્યારે આણિશું? ૧૯

**सहतो दुःसह उवसग्ग, करतो निरत्तो काउसग्ग,**
**उस्सग्ग मार्गे गिरि जेम थिर हुस्ये ए ।**
**फलग जेम डोले नही, काय हणी तो मुज सही,**
**निरवही कहियं ते दिन आवश्ये ए ॥२०॥**

**અર્થ**:—હવે કાયગુપ્તિ ભાવવાની બતાવે છેઃ—દુઃખેથી સહન થાય એવા ઉપસર્ગોને સહન કરતો અને નિર્દોષ એવા કાઉસગ્ગ એટલે કાયોત્સર્ગને કરતો ઉત્સર્ગ માર્ગ એટલે અપવાદ માર્ગ કરતા ઉત્સર્ગમાર્ગ ઘણો કઠણ હોય છે, તેથી ભાવના કરે છે કે

ઉત્સર્ગ માર્ગમાં–મૂલ માર્ગમાં રહ્યો થકો– પર્વતની માફક થીર ક્યારે હોશું ? અથવા મારૂં મન ક્યારે સ્થિર થશે ? વળી ઉપસર્ગાદિકે કરીને 'કાય હણી તો' એટલે શરીર હણાતું હોય તો પણ ફલગ એટલે પાટિયાની જેમ ડોલાયમાન થાય નહીં. એવી રીતે કાયગુપ્તિમાં રહ્યો થકો મૂલ માર્ગના નિર્વાહને—સેવનને કરનારો ક્યારે થઇશ ? અને અરેખર તે દિવસ ક્યારે આવશે ? ૨૦

छंडी विषय विष दूषण, वांछिसु नहिय विभूषण,
लही खण वस्त्र मलिन कहियें पहिरस्युं ए।
ते पुण फाटा जीरण, कोइ न करे उदीरण,
हिरण निर्भय थइ इम विहरस्युं ए ॥२१॥

અર્થઃ–વળી વિષયરૂપ વિષ એટલે ઝેર કે જે આત્માને દોષિત કરનાર હોવાથી તેને

દોષ કહેવામાં આવેલ છે. અથવા હરકોઇ પ્રકારના દોષો તેઓનો ત્યાગ કરીને કોઈપણ જાતની વિભૂષા એટલે શરીર સંબંધી શોભાને અથવા આભૂષણ-અલંકારોને નહીં વાંછતાં છતાં એવો ધન્ય અવસર પામી કયારે મલિન વસ્ત્રો તે પણ ફાટચાં તૂટચાં, જીર્ણ-જૂનાં જેને લેવાની કોઈ પણ ઉદીરણા-વિચારણા ન કરે એવાં વસ્ત્ર ધારણ કરી હરણની માફક નિર્ભય થઇ કયારે વિચરશું ? ૨૧

**प्रथम सामायक ऊचरी, छह काय रक्षा करी,**
**आकरी कि रिया कहियें पालिश्युं ए ।**
**छह मास थिति तिहतणी, उक्कोसें प्रवचन भणी,**
**मुख भणी छज्जीवणीया संभालिश्युं ए ॥२२॥**

અર્થ:-પ્રથમ સર્વવિરતિ સામાયક એટલે નાની દીક્ષાને શ્રી ગુરૂમહારાજની પાસે ઊચરી એટલે અંગીકારકરી છ પ્રકારના જીવોની

જેમ રક્ષા થાય તેવી રીતે વર્તી આકરી એટલે ઉત્કૃષ્ટિ ધર્મ સંબંધીની ક્રિયા કયારે પાલન કરશું? અર્થાત્ આચરશું? વળી સામાયક ચારિત્રની ઉત્કૃષ્ટ સ્થિતિ પ્રવચન-સિદ્ધાંતોમાં છ માસ સુધીની બતાવેલ છે. ત્યાં સુધીમાં શ્રી દશવૈકાલિક સૂત્રનું છજ્જીવણીયા નામનું અધ્યયન મુખપાઠ થઈ જવું જોઇએ. એમ જે સિદ્ધાંતોમાં બતાવેલ છે. તેને કયારે સંભાળશું? અર્થાત્ એ પ્રમાણે કરીને કયારે વર્તશું? ૨૨

आवश्यक दशवेयाली,
आठ पनर दिन तप पाली,
मंडली सात विधियें आराधिस्युं ए ।
पामिय सुहगुरु संयोग,
तेहनो तसु मुखे अनुयोग,
संभोग साम्मिसुं कहियें साधिस्युं ए ॥२३॥

અર્થ:-ત્યારપછી વડી દીક્ષા અર્થાત્ છેદોપસ્થાપનીય ચારિત્ર લેવા માટે માંડલીયા યોગ વહેવાનાં, તેમાં આવશ્યક સૂત્રના આઠ દિન, દશવૈકાલિક સૂત્રના પનર દિન અને માંડલીના સાત દિન લગે પાલીતપ એટલે આંબિલ વગેરે કરીને વિધિ-પૂર્વક કયારે આરાધીશું? વળી સુગુરૂદેવના સંયોગે 'તેહનો' એટલે શ્રી આવશ્યક સૂત્ર અને શ્રી દશવૈકાલિક સૂત્રનો 'અનુયોગ' એટલે વ્યાખ્યા 'તસુમુખે' એટલે તે ગુરૂદેવના મુખદ્વારાએ 'પામિય' એટલે પ્રાપ્ત કરીને સાધર્મિક મુનિરાજોની સાથે આહાર -પાણી વીગેરેના 'સંભોગ' એટલે સંવિભાગને કયારે સાધીશું? અથવા સાથે બેસી એક મંડલીમાં ગોચરી કયારે કરશું? ૨૩

**गुरु साखें उवठावण, तप करी लेइय वायण,**
**पावण श्रुत भणी कइयें थाइस्युं ए।**

**कइयें काल वाघाइय, विरत्ति पाभाइय,**
**राइय करी सज्झाय पठाविश्युं ए ॥२४॥**

અર્થ:-વળી ગુરૂદેવની 'સાખે' પાસે 'ઉવઠાવણુ' ઉપસ્થાપના ચારિત્ર સ્વીકારીને તપ કરવા પૂર્વક શ્રી સિદ્ધાંતોની વાચના ગ્રહણ કરીને 'શ્રુતભણી'- શ્રીશ્રતજ્ઞાનનો અભ્યાસ કરી-મેળવી અથવા શ્રુતજ્ઞાન મેળવવા માટે 'પાવણુ' પવિત્ર કયારે થાશું ? તેમજ એક રાત્રિમાં ત્રણ કાલગ્રહણ કરવાના હોય છે. તેમાં ૧ લો 'વાઘાઇય' એટલે રાત્રિના પ્રથમ પહોરમાં કાલગ્રહણ કરવામાં આવે છે તે. ૨ જો 'વેરત્તિ' એટલે રાત્રિના ત્રીજા પહોરે જે કાલગ્રહણ કરવામાં આવે છે તે. ૩ જો 'પાભાઇય' એટલે પ્રભાત થવાના સમયમાં જે કાલગ્રહણ કરવામાં આવે છે તે. એવી રીતે 'રાઇય' એટલે એકરાત્રિમાં ત્રણ કાલગ્રહણ કરી કયારે

સજઝાયને 'પઠાવશું, એટલે કરશું? ૨૪

पढमे सज्झाय त्रिधिएं करी,
बीजे ध्यान समाचरी,
जागरी त्रीजे जामे जागिस्युं ए ।
चउथे भणण गुणण वळी,
दिवस क्रिया करी मन रली,
केवली मारगे कइयें लागिस्युं ए ॥२५॥

અર્થ:-રાત્રિના પહેલા પહોરમાં વિધિપૂર્વક સજઝાય કરશું, બીજા પહોરમાં ધ્યાનને સમાચરશું-ધ્યાઇશું, ત્રીજા 'જામે' પહોરમાં 'જાગરી' કદાચિત્ પ્રમાદ થએલ હોય તો તે પ્રમાદને છોડી સાવધાન થઇ ધર્મ જાગરિકા કરી ફેર કયારે જાગશું? અને રાત્રિના ચોથા પહોરે ભણશું-ગણશું, તેમજ દિવસ સંબંધી સર્વ ક્રિયાને 'મનરલી' પ્રેમપૂર્વક આચરીશું.

એવી રીતે કેવલી ભગવંતોએ બતાવેલા માર્ગે ક્યારે ચાલશું ૨૫

अढार सहस शं लंगें, रथरूपें अति चंगें,
रंगें ए कइयें धुरि धुर धारश्युं ए ।
दशविध साधु समाचारी,
निज थुइ पर दूषणवारी,
मनोहारी निरति कहियें पालिश्युं ए ॥२६॥

અર્થઃ-વળી અઢાર હજાર શીલ એટલે બ્રહ્મચર્યના અંગ-ભેદોએ કરી સહિત અને રૂપે કરી અતિ ચંગ મનોહર એવો જે રથ તેની 'ધુરિ' ધોંસરીને 'ધુર' ધોરી બલદની માફક 'રંગે' પ્રેમપૂર્વક ક્યારે ધારણ કરશું ? તેમજ પોતાની સ્તુતિ-પ્રશંસા અને બીજાના દોષ જોવા અર્થાત્ પરની નિન્દા કરવી એ બન્ને અવગુણનો ત્યાગ કરી શુદ્ધ-પવિત્ર મનોહારી

એવી દશ પ્રકારે સાધુ મુનિરાજની સમાચારી જેવી કે-આવસ્સહી, નિસ્સહી, ઇચ્છાકાર, મિચ્છાકાર વગેરે પોતાના કલ્યાણ સારૂં અંગીકાર કરી ક્યારે પાલન કરશું ? ૨૬

सहिस्युं परिसह बावीश,
नव कल्पिएं मन सजगीश,
धन दीस उग्र विहारें विहरिस्युं ए ।
पर परिवाय विरत्तओ,
शत्रु-मित्र सम चित्तओ,
तत्तओ गृहीय संग कइयें छंडिस्युं ए ॥२७॥

અર્થ:-બાવીશ પરિસહને ઇચ્છાથી સહિશું અને મનની જીજ્ઞાસાઓ-મુરાદોને પૂર્ણ કરશું અથવા મનના ઉત્સાહથી નવકલ્પી "ઉગ્ર" ઉત્કૃષ્ટ વિહારે જ્યારે વિચરશું ત્યારે તે દિવસ ધન્ય ગણીશું. વળી પરપરિવાદ એટલે બી-

જાઓના અવર્ણવાદનો 'વિરત્તઓ' ત્યાગ કરીને અને શત્રુ-મિત્રના ઉપર સમચિત્તવાળા થઇને 'તત્તઓ' તત્ત્વથી ખરેખર ગૃહસ્થ-સંસારીઓના સંગ-પરિચયને કયારે છોડશું? ૨૭

आरामें उज्जाणिहिं, सुन्नागार सुसाणिहिं,
ठाणिहिं कइयें वसश्युं अहनिशि ए।
रमश्युं धर्म आरामिए,
समकित तरु अभिरामिए,
नामिए दम शिव फल संवर रसिए ॥२८॥

અર્થ:--આરામ-બગીચામાં, ઉદ્યાનમાં, શૂન્ય ઘરોમાં તથા સ્મશાન ઇત્યાદિ સ્થાનોમાં દિવસ તેમજ રાત્રિએ કયારે વસશું? વળી સમકિતરૂપ વૃક્ષોએ કરી મનોહર અને 'દમ' એટલે ઉપશમ-શાંતિ અથવા ઇંદ્રિયોનું દમન તથા શિવ-કલ્યાણ તે નામવાળા અને સંવર-

અનાશ્રવ, આત્મસ્વરૂપમાં રમણતા રૂપ રસે કરી ભરપૂર તેમજ રસીલાં એવાં ફલો જેમાં રહેલાં છે એવા ધર્મરૂપ આરામ-બગીચામાં ક્યારે રમશું ? ૨૮

पढिय पुव्व पडिमा बार,
कहियें वहिश्युं सविचार,
आचार आदर करीने आदरी ए ।
गजसुकुमाल तणी परें,
प्राणज कोइ नर हरे,
तिह ठरे मन प्रवृत्ति अति माहरीए ॥२९॥

અર્થ:--ચૌદપૂરવના જ્ઞાનનો અભ્યાસ કરીને તથા સાધુ-મુનિરાજની બાર ભિક્ષુ-પ્રતિમાઓને વિધિપૂર્વક પોતાના વિચાર-ઉત્સાહ અને આદર-પ્રેમપૂર્વક આદરી-સ્વીકારી કરી ક્યારે વહેન કરશું ? તેમજ શ્રી કૃષ્ણવાસુદેવના

નાનાભાઇ ગજસુકુમાલની જેમ કોઇ મનુષ્ય પ્રાણનો નાશ કરે તોપણ તેવા સ્થાનમાં મારા મનની પ્રવૃત્તિ અત્યંત સ્થિરતાને કયારે પામે? અર્થાત્ તેવા પ્રાણાંત કષ્ટમાં ગજસુકુમાલની માફક મારૂં મન પણ ચલાયમાન ન થાય એવા અપૂર્વ પંડિતવીર્યને કયારે પ્રગટ કરશું? ૨૯

**ઢાલ ૪ થી. દૂહાઃ—**

**विकथा सहुए वारी करी,**
**एक चित्ते सज्झाय ।**
**कइयें करिश्युं वण गहणे,**
**बेसी निरमल ठाय ॥ ३० ॥**

અર્થઃ—'વિકથા' એટલે વિરૂદ્ધ નકામી અનર્થને પેદા કરનારી એવીજે કથા તે-રાજકથા, દેશકથા, ભક્ત એટલે ભોજનની કથા અને

સ્રીયોની કથા વગેરે અનેક વિકથાઓનો ત્યાગ કરી ગહનવનની અંદર પવિત્ર સ્થાનમાં બેસી ચિત્તની એકાગ્રતાપૂર્વક સારી મર્યાદાએ કરીને શ્રુતજ્ઞાનનું સ્મરણ કરવું તેનું નામસજ્ઝાય, એ પ્રકારની સજ્ઝાયને ક્યારે કરશું ? ૩૦

**थिविर कल्पी हुं विहरतो,**
**जिनकल्पी जिम जाण ।**
**करिस्युं वन मृगचारिका,**
**निःपडिकम्म मति आण ॥ ३१ ॥**

અર્થઃ-જિનકલ્પીની જેમ ઉત્કૃષ્ટ મર્યાદાને જાણી સ્થવિરકલ્પીપણે હું વિચરતો તેમજ 'નિઃપડિકમ્મ' એટલે શરીરની પણ સાર સંભાળ ન કરવી એવી દૃઢમતિ મનમાં ધારણ કરતો અને 'વનમૃગચારિકા' એટલે જેમ જંગલમાં હરણિયાં કોઇની પણ પરવા

કર્યો વિના રહે છે, તેમ હું પણ લૌકિક સુખોની આશાઓને છોડી કયારે વાસ કરીશ ? ૩૧

ते दिन कइयें आवशे ?
एकाकी गीहथ्थ ।
गुरुप्रसादि जइयें थशे,
साधीशुं निय परमथ्थ ॥ ३२ ॥

અર્થ:-તે દિવસ કયારે આવશે કે શ્રી ગુરૂદેવની મહેરબાનીથી અર્થાત્ પ્રસાદથી 'ગીયત્થ' એટલે સૂત્ર તથા તેના અર્થના જાણકાર થયા થકા 'એકાકી' એટલે દ્રવ્ય-ભાવથી એકલા અર્થાત્ બીજાની સહાય વિના તથા રાગ-દ્વેષ રહિત થઇને જ્યારે પોતાના પરમાર્થને સાધીશું, ત્યારે તે દિવસ સફલ ગણીશું. ૩૨

कच्छपनी परे गोपवी,
इंद्रिय पंच प्रपंच ।

अप्रतिबद्धो वायु जिम,

छंडी छल बल वच ॥ ३३ ॥

અર્થ:-પાંચે ઇંદ્રિયોનો 'પ્રપંચ' એટલે વિસ્તાર-ફેલાવાપણું તેને કાચબાની માફક ગોપવી અને વાયુની માફક કોઇનો કોઇની સાથે પ્રતિબંધ-સંબંધ કર્યા વિના તથા 'છલબલ-વંચ' એટલે કોઈપણ બાનાથી અથવા બલ-પરાક્રમથી બીજાઓને ઠગવું અથવા દુ:ખી કરવા તેથી મહાન્ પાપ થાય છે. માટે તેનો ત્યાગ કરી કયારે વિચરશું ? તે દિવસ કયારે આવશે ? ૩૩

निरालंब आकाश जिम,

जलहि जिम गंभीर ।

सौम्य लेश शशि तणिय परे,

मंदर गिरि जिम धीर ॥ ३४ ॥

दिनकर जिम तपि दीपतो,
विहंग जिम भारंड ।
अप्रमत्त कइयें होश्युं,
पामी धर्म अखंड ॥ ३५ ॥

અર્થઃ—જેમ આકાશને કોઇનો ટેકો નથી તેની માફક 'નિરાલંબ' એટલે આલંબન વિનાના થઇ અને સમુદ્રની પેરે ગંભીરતાને ધારણ કરનારા બની તેમજ ચંદ્રમાની પરે 'સૌમ્ય' એટલે આનંદકારી થઇ 'લેશ' એટલે લેશ્યા પરિણામ અધ્યવસાય છે જેના તેવા થઇ, વળી પરિસહ તથા ઉપસર્ગ સહવામાં મેરૂ પર્વતની જેમ ધીર-ધર્યતાગુણને ધારણ કરનાર બની. ૩૪ તેમજ સૂર્યની જેમ તપ તેજે કરી દેદીપ્યમાન થયા થકા સંપૂર્ણ ચારિત્રધર્મને પ્રાપ્ત કરી ભારંડ પક્ષીની જેમ સદા અપ્રમાદી-સાવધાનતાવાળા ક્યારે થાશું? ૩૫

दंशण नाण चरित्र तव,
वीरियना आचार ।
निरतें निरता आचरिश्युं,
कइयें निरताचार ॥ ३६ ॥

धन्य सुबाहु मुणिंद वर,
धन्य धन्ना अणगार ।
धन्य अइमंत्तो बालऋषि,
अरजुन मालागार ॥ ३७ ॥

एह सरिस हुं संग्रहीशुं,
जइयें संजम सार ।
धन्य दीह ते लेखविशुं,
मनवंछित सुखकार ॥३८॥

અર્થ:-દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય તેના જે શુદ્ધ-પવિત્ર 'કાલેવિણએ બહુ-

માણે' વગેરે આચાર તેને પવિત્ર પણે શુદ્ધ ભાવે કયારે આચરીશું ? ૩૬

ધન્ય છે શ્રી સુબાહુ મુનીંદ્રને, તેમજ ધન્ય છે શ્રીધન્ના અણગારને વળી ધન્ય છે શ્રી અઇમંતા બાલઋષિવરને તથા ધન્ય છે શ્રી 'અર્જુનમાલાગાર' અર્જુનમાલી સાધુશિરોમણિને. ૩૭

એ મહાપુરૂષોના સરખું મનવાંછિત સુખને કરનાર અથવા આપનાર સારમાં સારરૂપ સંયમને હું જ્યારે સમ્યક્ પ્રકારે ગ્રહણ કરી આચરીશ, ત્યારે તે દિવસને ધન્ય લેખીશ ગણીશ. ૩૮

त्रिविध भाव गूंथी कुशुम,
एह मणोरह माल ।
कंठे ठवी उत्तम जणें,
सोहे गुण सुविशाल ॥ ३९ ॥

परमारथ परिमल बहुल,
पसरे दह दिशि जोय ।
भमर भविक इण रसें रसिक,
पामें वंछित सोय ॥ ४० ॥

અર્થ:- 'વિવિધભાવ' એટલે જુદી જુદી ઉત્તમ ભાવનારૂપ ફૂલથી ગૂંથેલી-રચેલી સુંદર અને અનેક ગુણોથી 'સુવિશાલ' એટલે સારી વિશાલ-મોટી એવી આ મનોરથ માળા ઉત્તમ ગુણવાન મનુષ્યોના કંઠમાં સ્થાપન થઇ થકી શોભે છે. અથવા ગુણે કરી અત્યંત વિશાળ એવી આ મનોરથમાલા તેને જે કોઈ મનુષ્યો પોતાના કંઠમાં ધારણ કરે તો તે ઉત્તમ શોભાને પામે છે અથવા ઉત્તમ શ્રેષ્ટ પુરૂષો આ મનોરથમાળાને કંઠસ્થ કરીને સુવિશાળ ગુણ-વાળા થઈ શોભો ! શોભાને પામો ! એમ હું ઇચ્છુ છું. ૩૯

આ મનોરથ રૂપ પુષ્પમાળામાં પરમ-ઉત્કૃષ્ટ અર્થરૂપ ઘણો 'પરિમલ' એટલે અત્યંત ખુશકરે એવો સુંગધ રહેલ છે, અને તે દશે દિશામાં જોતજોતામાં પસરે, એટલે ફેલાય છે. એવી આ મનોરથ પુષ્પમાળાના રસમાં જે ભવ્યત્મારૂપ ભમરાઓ રસિક આસક્ત થાય છે, તે મનવંછિત સિદ્ધિને પામે છે. ૪૦

पासचंद इम वीनवे,
संभलज्यो सहु कोइ ।
आणसहित किरीया मीली,
शिवसुख दायक होय ॥ ४१ ॥

અર્થ:—આ પ્રકરણસ્વાધ્યાયને સમાપ્ત કરતાં કર્તાએ પોતાનું નામ 'પાસચંદ' ટુંકમાં નિર્દેશ કરેલ છે પણ તે શ્રીમન્નાગપુરીય શાખાના બહત્તપાગચ્છાધિરાજ ક્રિયોદ્ધારકારક સંવેગરંગરંગિતાત્મા યુગપ્રધાન શ્રીજૈનાગમ બા-

લાવબોધકર્તા અને અનેક ગ્રંથરત્નનિર્માતા પરમપૂજ્ય શ્રીપાર્શ્વચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સમજવા. તેઓશ્રી આ પ્રકારે સ્વાધ્યાયની સમાપ્તિમાં નમ્ર વિનંતિ કરતાં કહે છે, કે–

મારી આ છેવટની વિનંતિ સૌ મહાનુભાવોએ સાવધાનતાથી સાંભળવી. તે બતાવે છે 'સર્વજ્ઞદેવોની આણુસહિત ધર્મ ક્રિયા કરવામાં આવે એટલે આજ્ઞા સાથે ક્રિયા જો મળી જાય તો તે ધર્મક્રિયા શિવ સુખ આપનારી થાય છે, એમાં જરાય સંદેહ નથી.' માટે અરિહંત પરમાત્માઓના કહ્યા પ્રમાણે આપણી ધર્મપ્રવૃત્તિ થવી જોઇએ, તેથીજ અંખડ કલ્યાણ મંગળની પ્રાપ્તિ જીવાત્માને થાય એજ અંતિમ ભાવના. ૪૧

આ ચારિત્ર–મનોરથમાળા સ્વાધ્યાયનો સંક્ષેપાર્થ વિ. સં. ૧૯૯૨ના જેઠ વદી ૫ બુધ-

વારે અમદાવાદ મધ્યે પૂજ્યપાદ સુગૃહીતના-મધેય શ્રી હર્ષચંદ્રસૂરીશ્વર સુવિનેયરત્ન પંડિત મહર્ષિ શ્રી મુક્તિચંદ્રગણિ સુશિષ્યરત્ન-પરમ પૂજ્ય પરમોપકારી પ્રાતઃ સ્મરણીય સકલજૈનાગમરહસ્ય પારગામી યુગપ્રવર શ્રી જૈન શ્વેતાંબરાચાર્યવર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં શિષ્ય મુનિ સાગરચંદ્રે પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે સ્વ-પરના કલ્યાણ માટે લખ્યો છે. તેમાં જે કાંઈ જ્ઞાનીઓની આજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય તો તેનું અથવા ન્યૂનાધિકપણું થયું હોય તો તેનું 'મિચ્છામિ દુક્કડં' ઓં શાન્તિઃ! શાન્તિઃ! શાન્તિઃ!

શ્રી ચારિત્ર મનોરથમાલા-પ્રકરણરત્ન-સ્વાધ્યાયઃસાર્થઃ સમાપ્તઃ ॥

શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરવિરચિતા-

# લઘુઆરાધના.

( પ્રકરણરત્ન સ્વાધ્યાય. )

( દેશી-ચોપાઈ-૭૬ ) મૂલ-

प्रणमुं पहिलुं श्री अरिहंत,
भरते जे संपइ विहरंत ।
वंदुं सिद्ध अनादि अनंत,
श्री आचारज जे गुणवंत ॥ १ ॥

श्री उवज्झाय नमुं चित्तधार,
साधु जे अढियदीव मझार ।
नमियें भगतिएं पंच त्रिकाल,
त्रिविध त्रिविध त्रिभुवन प्रतिपाल ॥२॥

અર્થ:—પ્રથમ શ્રી અરિહંત પદને હું નમસ્કાર કરૂં છું, વળી આ ભરતક્ષેત્રની

અંદર વર્તમાન તીર્થંકરોની ચોવીશી (જેમાં પહેલા શ્રી ઋષભદેવ અને છેલ્લા શ્રીમહાવીર સ્વામી થયા છે.) તેને પણ નમસ્કાર કરૂં છું. વળી અનાદિ અનંત કાળમાં થએલા શ્રી સિદ્ધ-ભગવાનોને હું નમસ્કાર કરૂં છું. ગુણવંત એવા શ્રીઆચાર્ય ભગવાનોને હું નમસ્કાર કરૂં છું. ૧

શ્રી ઉપાધ્યાય ભગવાનોને ચિત્તમાં ધારણ કરી હું નમસ્કાર કરૂં છું. અઢી દ્વીપ–મનુષ્યલોકમાં વિચરતા સાધુમુનિરાજોને હું નમસ્કાર કરૂં છું. પંચપરમેષ્ટી પરમાત્માઓને ત્રિકાળ એટલે ત્રણે કાળ સવાર બપોર અને સાંઝે ભક્તિપૂર્વક નમસ્કાર કરૂં છું. કારણ કે તેઓ 'ત્રિવિધ ત્રિવિધ' એટલે મન, વચન અને કાયાએ કરવું, કરાવવું અને અનુમોદવું એવી રીતે ત્રણે જગતની પ્રતિપાલના–રક્ષા કરનારા છે. ૨

पंच परमेष्ठी एह नवकार,
चौदह पूरवनो उद्धार ।
श्री जिनशासन एहज सार,
समरंता लहियें भवपार ॥ ३ ॥

અર્થઃ—' પંચ પરમેષ્ઠી, એટલે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એજ 'નવકાર' એટલે નમસ્કાર છે, તે ચૌદપૂર્વનો સાર છે. શ્રીજિનશાસનમાં એહજ 'સાર' એટલે પરમતત્વ છે. નિરંતર એહનું સ્મરણ કરતા સંસારસાગરનો પાર પામીએ. ૩

अरिहंत सिद्ध साधु ते वळी,
धर्म जेय भाख्यो केवली ।
ए मंगल मुझ मंगलकार,
एहज चार लोगुत्तम सार ॥ ४ ॥

एहज चार कीजें नित सरण,
जेम मुझ टाले जामण मरण ।
ए जामलि नहु बीजो कोइ,
सरण वज्र पिंजर जे होइ ॥ ५ ॥

અર્થ:—અરિહંત, સિદ્ધ, સાધુ અને જે કેવલી સર્વજ્ઞ ભાષિત ધર્મ એ ચારે મંગલ મને મંગલ-કલ્યાણના કરનારા થાઓ, એ ચારે લોકમાં જેજે ઉત્તમ-પ્રધાન છે તેમાં પણ સારભૂત છે. ૪ ઉપર કહેલ એજ ચારનું હમ્મેશાં હું શરણુ કરૂં છું, જેથી મારા જન્મ-મરણુ ટળે. એમના સરખો બીજો કોઈ શરણુ નથી, શરણુમાં વજ્રના પાંજરા જેવો રક્ષણ કરનાર જે હોય, તેનોજ શરણુ ગ્રહણુ કરાય છે. ૫

ए संसार असार अपार,
अथिर बहुल दुःखनो भंडार ।

स्वारथि मलियो सहु परिवार,
जिन विण मुझ नहु तारणहार ॥६॥

અર્થ:-આ સંસાર સાર વિનાનો છે, અપાર છે, અથિર છે અને બહુ દુઃખોનો ભંડાર છે. તેમાં સર્વ પરિવાર સ્વાર્થી મળ્યો છે, તેથી જિનેશ્વર વિના બીજો કોઇ મને તારનાર નથી. ૬

त्रिहुं गइ भम्यो जीव एकलो,
सुख दुःख सहेतो ए एकलो ।
एकज जामे एकज मरे,
एकज भवसायर उत्तरे ॥ ७ ॥

बीजो कोइ न चाले साथ,
धर्म कर्म कीधो निज हाथ ।
तेहज पूठे आवे एक,
इसुं जाणी जीव आंण विवेक ॥ ८ ॥

અર્થ:-ચારે ગતિમાં જીવ એકલો ભમ્યો છે, સુખ અને દુઃખ પણ એકલેજ સહન કર્યાં છે, એકલોજ જન્મે છે, એકલોજ મરણ પામે છે અને એકલોજ સંસાર સમુદ્ર તરી પાર પામે છે. ૭ બીજો કોઇ પરભવમાં સાથે ચાલતો નથી, પોતાના હાથે જે કાંઇ ધર્મ કર્મ કરેલ હોય તેજ એક સાથે આવે છે. એમ જાણી હે જીવ ! તું વિવેકને ધારણ કર. ૮

**पामी नरभव आरज लोग,**

**श्रावक कुल सामग्री जोग ।**

**गुरु उपदेश सूत्रनी साख,**

**निज मत सहित तत्वग्राह राख ॥९॥**

અર્થ:—મનુષ્યભવ, આર્યદેશ, શ્રાવકનું કુલ, સાનુકુલ સર્વ સામગ્રીનો જોગ અને સૂત્ર આગમાનુસારે સુગુરૂદેવનો ઉપદેશ પામી

પોતાની મતિ-લાગણી સહિત તત્વગ્રહણ કરવામાં મનને જોડ. ૯

छंडिसुं चिहुं भेदह मिथ्यात,
लौकिक लोकोत्तर विख्यात ।
अनंतकाळ एहज रोलवे,
आपि कुमति मुझ मन भोलवे ॥१०॥

અર્થ:—ચાર ભેદે મિથ્યાત્વ છે, તેને છોડશું. તે ચાર ભેદ બતાવે છે-લૌકિક દેવગત મિથ્યાત્વ ૧, લોકોત્તર દેવગત મિથ્યાત્વ ૨, લૌકિક ગુરૂગત મિથ્યાત્વ ૩, લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ ૪, આ ચારે ભેદ શ્રીજૈનાગમમાં પ્રસિદ્ધ છે. આ ચારે મિથ્યાત્વો અનંતાકાળથી મારા જીવને સંસારમાં ભમાવી રહ્યા છે, કુબુદ્ધિ આપી મારા મનને ભોળવી નાખે છે. ૧૦

जिनमत मांहि मतंतर घणा,
दृष्टिरागे थाए आपणा ।

अणरव म कर जीव ! हुओ को किमे,
करे तेय जसु मन जे गमे ॥११॥

અર્થ:—શ્રીજૈનધર્મમાં પણ મતાંતરો ઘણા છે. સમજ વિના જીવોએ દૃષ્ટિ રાગને લઈ પોતપોતાના મતો માની લીધેલા છે. માટે હે જીવ ! તું કોઈ ઉપર અરૂચિ કે અદેખાઇ કરીશ નહી. જેમકે આણે મારૂં બગાડયું, આણે આમ કેમ કર્યું ? અથવા આ આમ કેમ કરે છે ? 'હુઓ કો કિમે' એટલે કોઇએ આમ કેમ કર્યું ? એવા વિચાર કરવા યોગ્ય નથી. માટે જેના મનમાં જેમ ગમે તેમ તે કરે, પરચિંતામાં તારે પડવાની જરૂર નથી.૧૧

परिहर पर चिंता जंजाल,
कर एक आपणनी संभाल ।

तारे करणी आप आपणी,
सत्य जे भाष्यो त्रिभुवन धणी ॥१२॥

અર્થઃ—હે ચેતન ! પરની ચિંતા એ જંજાલ છે, તેનો ત્યાગ કર. અને એક પોતાનીજ તું સંભાળ કર. કારણકે પોતપોતાની કરણી તેજ તારનાર છે. સાચુ તો તે કે જે ત્રણ જગતના ધણી પરમાત્માએ કહ્યું બતાવ્યું હોય. ૧૨

जिनवर प्रतिमा जिनवर तणी,
प्रथम तत्त्व ए बेवे गणी ।
सूध प्रकाशे सूधो करे,
ते गुरु तारे आपण तरे ॥ १३ ॥
दयामूल जिन भाषित धर्म,
प्रवचन सार तत्त्वनो मर्म ।
अहनिश मुझने एह प्रमाण,
निंदु पाप अढारह ठाण ॥ १४ ॥

અર્થ:—જિનવર અને જિનવરની પ્રતિમા એ બન્નેને પ્રથમ દેવતત્વમાં ગણેલ છે. તેથી એ દેવતત્ત્વ જાણવું અને શુદ્ધ પ્રકાશે-ઉપદેશ કરે અને શુદ્ધ કરણીને કરે-આચરે, તે ગુરૂતત્વ જાણવું. પોતે તરે અને બીજાને પણ તારે. એવા જે હોય તે ગુરૂ કહેવાય છે. ૧૩

દયામૂલ શ્રીજિનેશ્વરદેવ ભાષિત તે ધર્મ તત્વ જાણવું. તેમજ દ્વાદશાંગી-પ્રવચનનો સાર અને અનેક તત્વોનો મર્મ આ ત્રણ તત્વોમાં આવી જાય છે. હમ્મેશને માટે આ ત્રણ તત્વની મને પૂર્ણ શ્રદ્ધા છે. અને તેનેજ હું સાચા કરી માનું છું. વળી આચરેલા-કરેલા અઢાર પાપસ્થાનોની હું નિંદા કરૂં છું. ૧૪

इण वेला जे होय पमाद,
मुझने तो तजी हर्ष विषाद ।

सुगुरु साखे अणसण उचरुं,
दुःकृतनी आलोयण करुं ॥ १५ ॥
पडिवज्जुं हवे चारे सरण,
इणिपरे साधुं पंडित मरण ।
वोसिरावुं परिग्रह आरंभ,
तप संयमनो लउं अवठंभ ॥ १६ ॥

અર્થ:—આ અંત સમયની વેળામાં પ્રમાદ, હર્ષ અને વિષાદ એટલે ખેદ આ ત્રણેને હું તજું છું, તજીને હું સુગુરૂની સાખે અણસણ ઉચરૂં છું, મારી જાતથી ન કરવા યોગ્ય દુઃકૃત્ય થયા હોય તેની આલોચના કરૂં છું. ૧૫

હવે હું ચારે શરણાનો સ્વીકાર કરૂં છું, એ પ્રમાણે કરી હું પંડિત મરણને સાધું—આરાધું છું. પરિગ્રહ અને આરંભને હું વોસરાવું છું, તપ અને સંયમનું હું આલંબન લઉં છું. ૧૬

मैं बहु लाल्यो एह शरीर,
चोआ चंदन पहिर्यां चीर ।
नावण धोवण बहु शृंगार,
दीधां मधुर सरस आहार ॥ १७ ॥
चरम समें ते पण वोसिरु,
तेहनी ममता मति परिहरुं ।
खामुं जीव चोरासी लक्ष,
श्रीजिन सिद्ध सुसाधु समक्ष ॥ १८ ॥

**અર્થ**:–આ શરીરનું મેં બહુવાર લાલન પાલન કર્યું છે, ચુઆ ચંદન લગાવ્યા, ચીર પહેરાવ્યા, નવરાવી–ધોવરાવી બહુ શૃંગાર સજાવ્યા, મીઠા અને સરસ આહાર ખવરાવ્યા. ૧૭ એવા શરીરને છેલા સમયે છેલા શાસોશ્વાસે વોસરાવું છું. તે શરીર પર મારાપણાની બુદ્ધિ તેનો ત્યાગ કરૂં છું. શ્રીજિનેશ્વર દેવ,સિદ્ધ

અને સુસાધુ–મુનિરાજની સાખે ચોરાસી લાખ જીવાયોનીની સાથે ખમત ખામણા કરૂં છું. ૧૮

चूल्हेवो पाली कतरणी,
घरटी उखल हल नहरणी ।
कुद्दाला पाउडा कुठारं,
बाण धनुष पमुहा हथियार ॥ १९ ॥
इखुवाड करसण घर हाट,
बहु वखार अरहट घडी घाट ।
इण भवे कर्या अनेरे भवे,
स्वामी वोसिरामि ते सवे ॥ २० ॥

અર્થઃ–ચૂલો, પાલી એટલે તળવાર અથવા છરી, કાતર, ઘંટી, ઉખલ એટલે ખાંડણીઉં, હલ, નખ ઉતારવાની નરણી, કોદાલા, ઘણુ પાઉડા, બાણુ, ધનુષ વગેરે હથીયારો. ૧૯ તેમજ શેલડીના વાડ, ખેતિકર્મ, ઘર, હાટ,

ઘણી વખારો, અરહટ એટલે કુવા અથવા વાવડી-
માંથી પાણી કાઢવાના સાધનો, અનેક પ્રકારના
ઘાટને ઘડાવવા ઈત્યાદિક આરંભો આ ભવમાં
કર્યા હોય, અથવા પહેલાના ભવોમાં કર્યા
હોય, તેનાથી જે જે જીવોની વિરાધના થઈ
હોય, તેને ખમાવું છું. અને એ બધા કર્મ
કરવાના સાધનોને હું વોસરાવું છું. ૨૦

जे मुजने लागा अधिकरण,
अणगल जल कीधा जे तरण ।
जीव हण्या इण भवे परभवे,
खामी वोसिरामि ते सवे ॥ २१ ॥

અર્થઃ–'અધિકરણ' એટલે પાપના સ્થાનો
જે જે મને લાગ્યા હોય, વગર ગળ્યા પાણીમાં
તરવાની જે કાંઇ ક્રિયા કરી હોય અથવા
સ્નાન કર્યા હોય ઇત્યાદિ કરવા વડે કરીને

આ ભવમાં કે પરભવોમાં જે જીવો હણ્યા હોય તે જીવોને હું ખમાવું છું, અને લાગેલા તે સર્વ પાપને હું વોસરાવું છું ૨૧

कीधी भगति देवगुरुतणी,
 आसायण टाळी गुणगिणी ।
इण भव कीध अनेरे भवे,
 वळी वळी अनुमोदुं ते सवे ॥ २२ ॥

અર્થઃ–આ ભવમાં કે બીજા ભવોમાં દેવ ગુરૂની ભક્તિ કરી હોય, ગુણને કરનારા જાણી તેમની આસાતના ટાલી હોય, તે સર્વની વારંવાર હું અનુમોદના કરૂં છું. એ કાર્ય મારાથી સારૂં થયું એમ હું વખાણું છું. ૨૨

साहम्मी जननो कर्यो सन्मान,
 करुणापात्र भगतिसुं दान ।

इण भव कीध अनेरे भवे,
वळी वळी अनुमोदुं ते सवे ॥ २३ ॥

અર્થઃ-સાધર્મી ભાઇયોનું સન્માન મારાથી થયું હોય, 'કરૂણાપાત્ર' એટલે દીન, દુઃખી, અનાથ, ગરીબ તેઓને દયાથી આપ્યું હોય, અને 'પાત્ર' એટલે પાત્રમાં ભક્તિપૂર્વક દાન કરવામાં આવેલ હોય. એ પ્રકારે આભવમાં કે પૂર્વના ભવોમાં મેં કરેલ હોય તો તે સર્વને વારંવાર હું અનુમોદું છું. ૨૩

पोसह पडिक्कमणा पच्चक्खाण,
श्रुत संभळी पाली जिण आण।
थुण्या देव सुगुण नवनवे,
वळी वळी अनुमोदुं ते सवे ॥ २४ ॥

અર્થઃ-પર્વ દિવસમાં પૌષધ કર્યા હોય, પાપથી પાછા હઠવા માટે પ્રતિક્રમણ કર્યા

હોય, અવિરતિ ટાલવા માટે પચ્ચખ્ખાણ કર્યાં હોય, સૂત્ર-સિદ્ધાંત સાંભળી શ્રીજિનેશ્વરદેવની આણા પાલન કરી હોય અને નવા નવા ઉત્તમ ગુણોએ કરી શ્રીવીતરાગદેવની સ્તુતિ કરી હોય, તે સર્વને વારંવાર હું અનુમોદું છું- મેં સારૂં કર્યું એમ માનું છું. ૨૪

**पाखी चौमासादिक पर्व,**
**सूत्र तणी साखे ते सर्व ।**
**इण भवे कीध अनेरे भवे,**
**वळी वळी अनुमोदुं ते सवे ॥ २५ ॥**

અર્થઃ-પાખી અને ત્રણ ચોમાસી તથા સંવત્સરી આદિ પર્વ શ્રીસૂત્રમાં જ્ઞાનીઓએ જે બતાવેલ છે તે પ્રમાણે સર્વેની આરાધના આ ભવમાં કે પૂર્વના ભવોમાં કરી હોય તે સર્વેને વારંવાર હું અનુમોદું છું. ૨૫

किं बहुना त्रिहुं काळे जेय,
सकृतसूत्र अनुसारे तेय ।
इण भवे कीध अनेरे भवे
वळी वळी अनुमादुं ते सवे ॥ २६ ॥

અર્થ:-'કિં બહુના' એટલે શું અધિક કહું ત્રણે કાળમાં શ્રીસૂત્રના અનુસારે જે સુકૃત-પૂણ્ય ઉપાર્જન આ ભવમાં કર્યું હોય, કે બીજા ભવોમાં કર્યું હોય, તે સર્વની વારંવાર અનુમોદના કરૂં છું. ૨૬

आराधना संखेपे करी,
अहनिशि एह भाव मन धरी ।
समरंता भव आराधिये,
'पासचंद' मुगति लाभ साधिये ॥२७॥

અર્થ:-આ આરાધના સંક્ષેપે એટલે ટુંકામાં રચેલી છે. દરરોજ મનની પવિત્ર ભાવના

પૂર્વક એનું સ્મરણ કરતાં આ મનુષ્ય જન્મ રૂપ ભવને આરાધીએ એટલે સફલ કરીએ અને તેમ કરવાથી મુકિતનો લાભ મેલવીએ, પરમ કલ્યાણ મંગલની માળાને વરીએ. એમ 'પાસચંદ્ર' એટલે શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છાધિરાજ યુગપ્રધાન ક્રિયોદ્ધારકારક સંવેગ રંગરંગિતાત્મા પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજ કહે છે, એમ જાણવું. ૨૭

આ સંક્ષેપ આરાધના પ્રકરણરત્ન સ્વાધ્યાયનો અક્ષરાર્થ પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય વિદ્વત્શિરોમણિ ચારિત્રગુણચક્રચૂડામણિ આચાર્યદેવ શ્રીભ્રાતૃચંદ્રસૂરિરાજ શિષ્યમુનિસાગરચંદ્રે પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે સ્વ–પરના શ્રેય માટે વિ. સં. ૧૯૯૨ ના આશુ વદી ૧૩ બુધવારે અમદાવાદ મધ્યે લખ્યો છે. શાંતિઃ! શાંતિઃ!! શાંતિઃ!!!

આચાર્યદેવ શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરકૃત—

# આઠમદપરિહાર સ્વાધ્યાય.

અર્થકર્તા-મુનિ સાગરચંદ્રઃ-

सुगुरु सीखरे जीव संभाल,
आठे मद मन हुंता टाल ।
दिनकर तापे ग्रीषमकाल,
जिम जल छंडे सरवर पाल ॥ १ ॥

પરમપૂજ્ય ગુરૂદેવ આચાર્યશ્રી ભ્રાતૃચંદ્ર સૂરિરાજને નમસ્કાર કરીને હું સ્વાધ્યાયનો અર્થ લેશમાત્રથી લખું છું.

અર્થઃ—હે જીવ ! સુગુરૂમહારાજે આપેલ શિખામણને તું યાદ કર, તે શિખામણને યાદ કરી આઠે મદને તું મન થકી દૂર કર, જેમ સૂર્યના તાપે કરી ઉષ્ણકાલમાં એટલે ઉનાળામાં જલ સરોવરની પાલને છોડે છે, એટલે

સૂર્યના તાપથી જેમ જલ સૂકાઈ જાય છે, તેની માફક મનરૂપ સરોવરમાં મદરૂપ જલને ગુરૂરાજની શિખામણરૂપ સૂર્ય તાપે કરી તું નાશ કર, એ ઉપનય છે. ૧

**आठे आठ करमनां ठाम,**
**जेवुं नाम तेवुं परिणाम ।**
**घणो काल एनो उन्माद,**
**पंचमांहि ए प्रथम प्रमाद ॥ २ ॥**

અર્થઃ—મદ આઠ છે, તે આ પ્રમાણેઃ—૧—જાતિમદ, ૨—કુલમદ, ૩—રૂપમદ, ૪—બલમદ, ૫—શ્રુતમદ, ૬—તપમદ, ૭—લાભમદ, અને ૮—લક્ષ્મીમદ, એ આઠમદો તે આઠ કર્મનાં સ્થાન છે, એટલે એના ઉદયે જીવને કર્મોનો બંધ થાય છે, વળી એ મદોનું જેવું નામ છે તેવું જ એમનું પરિણામ છે. એટલે આઠમાંથી જે

કોઈ મદ જીવને ઉદયમાં આવે છે, ત્યારે તેવા તેવા પ્રકારના અહંકારરૂપ પરિણામ કરાવે છે; વળી ઉન્માદ અવસ્થામાં જેવાં જીવનાં પરિણામ થાય છે, તેવાં પરિણામ એ મદોના ઉદયથી જીવને પ્રગટ થાય છે, અને ઘણાકાલ સુધી તેવાજ અશુદ્ધ પરિણામ રહે છે, એટલે જલ્દીથી પરિણામોનું પરાવર્ત્તન થતું નથી, અર્થાત્ બદલતા નથી. વળી પરમાત્માઓએ આગમ-સિદ્ધાંતોમાં પાંચ પ્રમાદ કહેલા છે; જેવા કે-૧-મદ્ય, ૨-વિષય, ૩-કષાય, ૪-નિદ્રા અને ૫-વિકથા. વળી કહેલું પણ છે.

" मज्जं विषय कसाया,
निद्दा विगहाय पंचमी भणिया ॥
एए पंचपमाया, जीवं पाडंति संसारे ॥१॥

અર્થાત્ જેમના નામ ઉપર આવી ગયા છે, તે એ પાંચે પ્રમાદો જીવને સંસારમાં પાડે

છે. ૧ અને એ પાંચ પ્રમાદ માંહે મદ છે તે પ્રથમ પ્રમાદ છે. ૨

**હવે આચાર્ય શ્રીકુલમદનો ત્યાગ કરવાને ઉપદેશ આપે છે:-**

मातापक्ष जाति जगे कही,
कर्मवशें ते उत्तम लही ।
एहनो मद म करिश लगार,
ए तें लही अनंतीवार ॥ ३ ॥

અર્થ:-હે ભવ્યાત્મા ! આ જગતમાં માતાનો પક્ષ તે જાતિ કહેવાય છે. એટલે ઉત્તમ જાતિવાળી માતાના ઉદરથી ઉત્પન્ન થયેલ જીવ ઉત્તમ જાતિવાન ગણાય છે. પૂર્વકૃત શુભકર્મના સંયોગે હે જીવ! તું ઉત્તમ જાતિને પામ્યો, માટે તેનો મદ-અહંકાર તારા ચિત્તમાં લગાર માત્ર પણ કરીશ નહી

કારણકે અત્યારેજ તું આ ઉત્તમ જાતિને પામેલ છે એમ નથી, પહેલાં પણ અનંતવાર આવી ઉત્તમજાતિ તું પામ્યો છે. તેથી તેં કાંઈ નવાઇ જેવું પ્રાપ્ત કરેલ નથી, કે જેથી અહંકાર કરવો યોગ્ય ગણાય. એ તો પુણ્ય સંયોગે ઉત્તમ સામગ્રી મળે છે, તેથી તેનો અહંકાર કરવો ન જોઇએ, એવો જિનેંદ્ર દેવોનો ઉપદેશ છે, ૩

अधम जाति पुण वार अनंत,
ते कहेतां न लहियें अंत ।
करिये गर्व किशुं मन जाणि,
परिहर शांभली आगम वाणि ॥ ४ ॥

અર્થઃ—હે જીવ! અધમ જાતિ એટલે નીચ જાતિ પણ તેં અનંતિવાર પ્રાપ્ત કરેલ છે—ભોગવેલ છે, અને તે અધમ જાતિ આ જીવને કેટલી

વાર પ્રાપ્ત થઇ તે મુખેથી કહેતાં પાર આવે તેમ નથી એટલે ગણતરી કરી શકાય તેમ નથી. તો હે જીવ ! તું વિચાર કર કે પૂર્વ પુણ્ય સંયોગે કદી ઉત્તમ જાતિ મળી તો તેનો ગર્વ શો કરવો ? ન જ કરવો જોઈએ. શ્રીસર્વજ્ઞ પરમાત્મા પ્રણિત વચનામૃતોનું પાન કરી જાતિ મદનો તું ત્યાગ કર, કે જેથી સન્માર્ગની પ્રાપ્તિ કરી શાસ્વતાસુખોનો આ આત્મા ભોગી થાય. ૪ જાતિમદ ત્યાગ કરવા માટે અન્ય દર્શનોમાં પણ આ પ્રમાણે બતાવેલ છેઃ-

उत्तमां जातिमाप्नोति, हीनामाप्नोति कर्मतः ।
तत्राशास्त्रतिकीं जातिं, को नामासाद्य माद्यतु ॥१॥

कैवर्ती कुक्षीसंभूतो, व्यासो नाम महामुनिः ।
तपसा ब्राह्मणो जातस्तस्माज्जातिरकारणम् ॥२॥

चांडाली गर्भसंभूतो, विश्वामित्रो महामुनिः ।
तपसा ब्राह्मणो जातस्तस्माज्जातिरकारणम् ॥३॥

मृगीगर्भाच्च संभूतो, ऋष्यश्रृंगो महामुनिः।
तपसा ब्राह्मणो जातस्तस्माज्जातिरकारणम् ॥४॥
मंडुकी गर्भ संभूतो, मांडव्यश्च महामुनिः।
तपसा ब्राह्मणो जातस्तस्माज्जातिरकारणम् ॥५॥
तावद्वर्णविशेषोऽस्ति, यावत्तत्त्वं न विन्दति।
सम्प्राप्ताः परमं ब्रह्म, सर्वे वर्णा द्विजातयः ॥६॥
जाइमएणेक्केणवि, पत्तो इुंबत्तणं दियवरोवि।
सव्वमएहिं कहं पुण, होहंति न सव्वगुण हीणा॥७॥
सक्खं खु दीसइ तवसो विसेसो।
न दीसइ जाइमएण नूणं॥
सोवागपुत्तं हरिएससाहुं,
जस्सेरिसा इड्ढि महाणुभावा ॥ ८ ॥

અર્થાત્-જીવ ઉત્તમજાતિ કે અધમજાતિ કર્મથી પામે છે, તો તેમાં અશાશ્વતી ઊંચ જાતિ પામીને કોણ તેનો મદ કરે ? ૧. માછીમારની પુત્રીની કુખથી ઉત્પન્ન થયેલ વ્યાસનામના

મહામુનિ, તે તપથી બ્રહ્મજ્ઞાની થયા, તેમાં જાતિ કારણ નથી. ૨ ચંડાલણીનાં ગર્ભથી ઉત્પન્ન થયેલ વિશ્વામિત્ર મુનિ તે તપથી બ્રહ્મજ્ઞાની થયા, માટે તેમાં જાતિ કારણ નથી. ૩ હરિણીના ગર્ભથી ઉત્પન્ન થયેલ ઋષ્યશૃંગમહામુનિ, તે તપથી બ્રહ્મજ્ઞાની થયા, માટે તેમાં જાતિ કારણ નથી. ૪. દેડકીનાં ગર્ભથી ઉત્પન્ન થયેલ માંડવ્ય નામનો મહા-મુનિ તપથી બ્રહ્મજ્ઞાન પામ્યા, માટે જાતિ તેમાં કારણ નથી. ૫. જ્યાં સુધી તત્ત્વને જાણતો નથી.ત્યાંસુધીજ જાતિનું વિશેષપણું છે.પરબ્રહ્મ-ને પ્રાપ્ત થયેલા એટલે પરમજ્ઞાનને પ્રાપ્ત થયેલા સર્વવર્ણવાળા બ્રાહ્મણ છે. એટલે સરખા છે.૬

એક જ જાતિમદવડે કરીને પણ બ્રાહ્મણ દ્રંમપણાને પામ્યો, તો સર્વ મદોએ કરીને જીવ સર્વગુણહીનતાને કેમ નહી પામે?. ૭

તપનું માહાત્મ્ય નિશ્ચેથી વિશેષપણે પ્રત્યક્ષ દેખાય છે, પણ જાતિ મદનું વિશેષપણું દેખાતું નથી, જાતિમદથી હીનતા પ્રાપ્ત થાય છે. જેમ જાતિમદથી હરિકેશી ચંડાલપુત્ર થયા અને તપ-સંયમના પ્રભાવથી હરિકેશીમુનિ મહાન્ સમૃદ્ધિ પામ્યા. ૮ માટે જાતિમદ સર્વથા કરવો નહીં.

હવે આચાર્યશ્રી કુલમદનો ત્યાગ કરવાને ઉપદેશ આપે છેઃ-

पितापक्ष तणो कुल तेह,
प्राणीने मद कारण जेह ।
उत्तम नर पुण इण मदे छल्यां,
अवरलोक किहां जाय टल्या ॥ ५ ॥

અર્થઃ-કુલ એટલે પિતાનો જે શુદ્ધ પક્ષ તેને કુલ કહિયે, તેની પ્રાપ્તિ પ્રાણીને પ્રાયે

મદ કરાવનારી થાય છે એટલે ઉત્તમકુલની પ્રાપ્તિ તે જીવને પ્રાયે કરી મદનું કારણ થાય છે. કારણ કે કુલમદે તો ઉત્તમ જીવોને પણ એટલે સમ્યક્ દર્શનીયોને પણ ભુલાવી-ભમાવી નાખ્યા છે, તો સામાન્ય મનુષ્યને અધઃપાત કરી નીચકુલે જન્મ કરાવે એમાં તો પૂછવું જ શું ? એ તો એને સહેલ છે. ૫

**હવે કુલમદથી મરીચી જેવાને વિડંબના થયેલ છે તે બતાવે છે-**

मरीचीने भव श्री वर्द्धमान,
कुलमदे करी अति सपराण ।
ते पुण माहण कुल अवतर्या,
कर्म खप्ये भवसायर तर्या ॥ ६ ॥

અર્થઃ—શાસનાધિપતિ ચરમતીર્થંકર શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરસ્વામીના જીવે સમ્યક્ત્વ પામ્યા બાદ ત્રીજા મરીચીના ભવમાં

કુલમદ કરવાથી નીચગોત્ર કર્મ ઉપાર્જન કર્યું, અને તે કર્મથી ઘણા સપડાયા–ફસાયા ને અનેકવાર નીચ કુલમાં જન્મો કર્યા, અને તે કર્મ ભોગવતાં ભોગવતાં બાકી રહેલ કર્મ તે છેલ્લા સત્તાવીશમાં ભવમાં ઉદય આવ્યું. તેથી સમરથ પુરૂષ છતાં પણ પરાધીન થયેલા તેઓશ્રીને 'માહણ' એટલે બ્રાહ્મણ કુલમાં અવતરવું પડ્યું, અને તે નીચ ગોત્ર કર્મના ક્ષય થવાથી ઉચ્ચ કુલે જનમ્યા, અને ત્યારબાદ અનુક્રમે પરમાત્માએ પોતાના પરમપુરૂષાર્થથી સર્વ કર્મ નાશ કરી ભવરૂપ સમુદ્રને તરી મોક્ષ સુખને પામ્યા. સારાંશ એ છે કે–કુલમદ કરવાથી સમર્થ પુરૂષોને પણ નીચ કુલમાં અવતરવું પડ્યું, તો સામાન્ય પુરૂષોને તે કર્મ બેહાલ કરે એમાં કશી નવાઇ નથી. માટે તે કર્મનાં ફલ કડવાં છે, જીવને ભોગ-

વવા સહેલાં નથી, એમ જાણી સ્વહિત ઇચ્છ-
નારા પુરૂષોએ તેથી સાવચેત રહેવું જોઈએ. ૬

एम जाणि कुल मद टालियें,
निरतो सूत्र वचन पालियें ।
प्राणि ! ए तुज अपूरव नहीं,
काल अनन्तो इम गयो वहि ॥ ७ ॥

અર્થઃ—કુલમદ કરવાથી જીવને અનિષ્ટ-ફલો ભોગવવાં પડે છે, એમ જાણી હૃદયમાં બરોબર અવધારણ કરી કુલમદ ટાલવો—કુલનો મદ કરવો નહિ, અને પવિત્ર આગમ-સિદ્ધાંતોની આજ્ઞાઓ પાલન કરવી, શ્રી આચારાંગ, શ્રી ઉત્તરાધ્યયન અને શ્રીદશવૈકા-લિક વગેરે સૂત્રોમાં પરમાત્માઓએ ફરમાન કરેલ છે કે—ભવ્યાત્માએ કુલનો મદ કરવો નહિં કારણ કે અહિતનો કરનાર છે, સંસારમાં

જીવને પરિભ્રમણ કરાવનાર છે, એનું સેવન કરવાથી અનેક જીવો દુર્દશાને પામ્યા છે. વળી તે જન્મમરણાદિ દુઃખોનો આપનાર હોવાથી અવ્યાબાધ સુખસંતતિનો નિરોધ કરનાર છે, માટે તે તજવાયોગ્ય છે, એ પ્રકારે શ્રીજિનેંદ્રપ્રણીત આગમવચનામૃતોને હૃદયમાં અવધારી કુલમદ ત્યાગ કરવો. વળી હે પ્રાણી! આત્મન્! તું કુલનો મદ કરે છે તે કાંઇ અપૂર્વ નથી, એટલે તેં પ્રથમ કરેલ નથી તેથી અપૂર્વ છે એમ જો તું માનતો હોય તો તે અપૂર્વ-નવીન નથી, પહેલાં પણ અનંતિવાર તેં કુલમદ કરેલ છે, તેથી શ્રેષ્ઠ-કુલ તેં શું મેળવ્યું? કે જેથી ફરી તારી પ્રવૃત્તિ થાય છે, તેમાં તો અનંત કાળ ચાલ્યો ગયો, એટલે કુલમદ કરી કરી અને તેના વિપાક ભોગવતાં ભોગવતાં અનંતો કાળ ગયો, અને

જો વળી અજ્ઞાનતાથી કુલમદમાં પ્રવૃત્તિ થશે તો તેજ પ્રમાણે રખડવું પડશે, અને આ જીવ સુખનો ભાગી નહિ થઈ શકે, માટે જો સ્વહિતાભિલાષી થવું હોય તો તેનાથી દૂર રહેવું.

**કુલમદ ત્યાગ કરવા માટે અન્ય શાસ્ત્રોમાં પણ કહેલ છે કે:-**

अकुलीनानपि प्रेक्ष्य, प्रज्ञाशीलसमन्वितान् ॥
न कर्त्तव्यः कुलमदो, महाकुलभवैरपि ॥१॥

किं कुलेन कुशीलस्य, सुशीलस्यापि तेन किम् ॥
एवं विदन् कुलमदं, विदध्यान्न विचक्षणः ॥२॥

कुलस्य कमलस्येव, मूलमन्विष्यते यदि ।
दोषपंकप्रसक्तेऽते, तदवश्यं प्रदृश्यते ॥३॥

सूर्यवंशे त्रिशंकुर्य-श्चंडालोऽभून्महीपतिः ।
दिलीपरघुरामाद्याः, क्षितिपास्तत्कुलोद्भवाः ॥४॥

कन्यायास्तनयः कर्णः, क्षेत्रजाः पांडुनंदनाः ॥
सामान्यकुलचर्चाभिः, किमन्याभिः प्रयोजनम् ॥५॥

कुलाभिमानः कस्तेषां, जघनस्थानजन्मिनाम् ।
कुले कूलंकषा येषां, जनन्यो निम्नगाः स्त्रियः॥६॥
गुणवत् कुलजातोऽपि, निर्गुणः केन पूज्यते ।
दोग्घीकुलोद्भवा धेनु,-र्वंध्या कस्योपयुज्यते ॥७॥
किं कुलेन विशालेन, विद्याहीनस्य देहिनः ।
अकुलिनोऽपि विद्यावान्, दैवैरपि स पूज्यते ॥८॥

અર્થાત્—તીવ્રબુદ્ધિ અને સદાચારે કરી યુક્ત અકુલિનો પણ હોય છે, તેઓને જોઇ મોટા કુલમાં ઉત્પન્ન થયેલાઓએ પણ કુલમદ કરવો નહીં. ૧ કુશીલ પુરૂષનાં કુલે કરીને શું? તેમજ સુશીલ પુરૂષનાં કુલે કરીને પણ શું? એવી રીતે જાણનાર વિચક્ષણ પુરૂષે કુલમદ કરવો ન જોઇએ. ૨ કમલની જેમ કુલનું મૂળ જો શોધવા જઇએ તો અંતમાં દોષરૂપ કાદવથી મલીન થયેલ કુલ અવશ્ય જોવામાં આવશે. ૩ સૂર્યવંશમાં જે ત્રિશંકુ

નામનો રાજા થયો છે, તે ચંડાલ હતો. દિલીપ, રઘુ, રામ વિગેરે રાજાઓ તેના કુલમાં ઉત્પન્ન થયેલા છે. ૪ કન્યાનો પુત્ર કર્ણ અને જારથી ઉત્પન્ન થયેલા પાંડવો પણ કહેવાય છે, તો હવે બીજી સામાન્ય કુલ ચર્ચાએ કરી શું પ્રયોજન? ૫. જેઓનાં કુલમાં તટને તોડનારી અને નીચા પ્રદેશ તરફ ગમન કરનારી નદીરૂપ માતાઓ-સ્ત્રીઓ છે, એવી માતાઓના કેડનાં અગ્રભાગથી જન્મ પામનારા તેઓને કુલનું અભિમાન કરવાનું કારણ શું છે? ૬. સારા કુલમાં ઉત્પન્ન થયેલ છતાં પણ નિર્ગુણી પુરૂષને કોણ પૂજે? દૂઝણી ગાયોનાં કુલમાં ઉત્પન્ન થયેલી વાંઝણી ગાય શા ઉપયોગની? ૭. વિદ્યાહીન પુરૂષનું વિશાલકુલ હોય તો તેથી શું? અકુલિન છતાં પણ વિદ્યાવાન્ હોય તો તે પુરૂષ દેવો વડે પણ પૂજાય છે. તો પછી બીજાથી પૂજાય તેમાં

શી નવાઇ ? ૮. માટે કુલમદ કરવો તે કોઇરીતે પણ જીવને હિતાવહ નથી, તેથી તેનો ત્યાગ કરવો તેજ ઉચિત્ત છે. ૭

**હવે રૂપમદ ત્યાગ કરવા માટે ઉપદેશ આપે છેઃ-**

**गुण पाखे रूपें हुवे किशुं,**
**परमारथि जन मन गुण वश्युं ।**
**आवलफूल सेवत्री जोय,**
**गुणविण रूपें राचे न कोय ॥ ८ ॥**

અર્થઃ–ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય, સમ, શીલ, વિનયાદિ ગુણો 'પાખે' એટલે વિનાનું રૂપ કશા કામનું નથી, પણ ગુણોએ કરીને સહીત જો રૂપ હોય તો તે યોગ્ય ગણાય છે, કારણ કે 'પરમાર્થી' તત્ત્વગવેષી પુરૂષોનાં મનમાં ગુણો વસેલા છે, એટલે તત્ત્વગવેષી પુરૂષો ગુણો ઉપરજ આદર કરે છે, પણ રૂપ ઉપર

આદર કરતા નથી, આ બીના દ્રષ્ટાન્ત આપી સિદ્ધ કરી બતાવે છે કે-હે આત્મન્ ! તું જો, જેમ આવળના તથા સેવંત્રીના ફૂલ રૂપે રળિયામણા દેખાય છે, પણ તેઓમાં ઉત્તમ સુગન્ધ વિગેરેના ગુણો ન હોવાથી તેમને કોઇપણ પુરૂષ ઇચ્છતો નથી, તેમ ગુણવિનાનાં રૂપવાન્ પુરૂષને કોઇપણ આદર આપતો નથી, માટે ગુણવિનાનું રૂપ કશા કામનું નથી, તેમજ કહેલપણ છે કે-

**"गुणेन स्पृहणीयः स्यान्न रूपेण युतो जनः ।**
**सौगन्ध्यवर्ज्यं नादेयं**
**पुष्पं कान्तमपि क्वचित्"** ॥१॥

અર્થાત્ મનુષ્ય બીજાને ગુણથી પ્રિય થાય છે, પણ રૂપથી નહિં, જેમ પુષ્પ મનોહર રૂપવાળું હોય છતાંપણ સુગંધ રહીત જો હોય તો તેને કોઇપણ ગ્રહણ કરવાને

ઇચ્છતું નથી. માટે ગુણોનું પ્રધાન પણું છે. તે બતાવે છેઃ-

जो गुण हुवे तो जस पामिजे,
रूपविणा पुण एम भाविजे ।
इण कारण गुण करो प्रमाण,
रूप लही मद तजो सुजाण ॥ ९ ॥

**અર્થ**:-હે ભવ્ય! આ પ્રકારની ભાવના કર, એટલે આવા નિશ્ચયપર આવ, કે-પુરૂષનો (રૂપ) વર્ણ સારો ન હોય, એટલે નયનને આનંદકારી રૂપ ન હોય, તો પણ જો પુરૂષમાં સુનીતિ, વિવેક, વિનય, સૌજન્યતા, કૃપાલુતા, કોમલતા, વિશેષજ્ઞતા વિગેરે ગુણો આવિર્ભાવ થયેલા હોય, તો જગતમાં પુરૂષ જશ પામી શકે છે. કેવળ રૂપથી સર્વત્ર ગામિની કીર્તિને પુરૂષ મેળવી શકતો

નથી. કહેલ પણ છે કે- '**रूपेण किं गुण-पराक्रमवर्जितेन**' અર્થાત્-પરાક્રમ, શૂર-વીરતા, અક્ષોભતા આદિગુણોથી રહીત કેવળ રૂપે કરી શું? કશું નહી. વળી કોઇનાં કહેલાં આ વાકયો પણ યોગ્યજ છે-"**गुणं पृच्छस्व मा रूपं**" **गुणो भूषयते रूपं**' અર્થાત્-હે ભદ્રક! ગુણની પૃચ્છા કરજે પણ રૂપની પૃચ્છા કરીશ નહીં, કારણ કે રૂપના આભૂષણ-અલંકાર ગુણો છે. તેથી ગુણો જો હોય તો રૂપ શોભે, પણ ગુણો ન હોય તો રૂપ શોભે નહીં, '**इण कारण गुण करो प्रमाण**' માટે હે ભવ્ય! રૂપ અને ગુણ એ બેમાંથી ગુણને પ્રધાન ગણી અંગીકાર કરો. અને વળી હે સુજાણ! હે સુજનતા ગુણવાન્! પૂર્વ પુણ્ય સંયોગથી સુરૂપને પામી તેના મદનો ત્યાગકર, એટલે આવા પ્રકારનો મદ તું કરીશ નહીં, કે-હું કેવો

સુંદર લાગું છું, મારા જેવું સ્વરૂપ કોઈનું નથી, મારૂં રૂપ સારૂં છે, આ વિચારોનો ત્યાગ કરજે, કારણ કે રૂપ તો પૌદ્ગલિક છે, ક્ષણમાં વિનાશી છે, તારૂં સ્વરૂપ એ નથી, તું એનાથી ન્યારો છે,એમ નિશ્ચય કરી રૂપમદ ત્યાગ કર !૯

**રૂપમદ વગેરે ત્યાગ કરવા સારૂં કોઇ અનુભવી કવિએ કહેલ છે કેઃ-**

(સવૈયા છંદ.)

गोरे गोरे गालको गुमान छोड बावरे,-
रंग तो पतंग तेरो काल उड जायगो ।
धूंआ जेसो धवल हर ढहत न लागे वार,-
नदीके किनारे कह रुख उवटायगो ॥
फुसनकी आग घडी दोयको सोहाग भाग-
चोरनको माल कहां चोवटे बिकायगो ।
एसी तेरी देही प्यारे जीवता जो काम नायी-
मुआ पीच्छे श्याल काग कुतरो न खायगो ॥१॥

रूपमदे चक्रि सनतकुमार,
उपन्या अंगे कोढ अढार।
संजम लहि परीसह सह्या,
तिणे मद छंडि परमपद लह्या ॥ १० ॥

અર્થ:–રૂપના મદ થકી ચક્રવર્તિ સનતકુમારનાં શરીરમાં અઢાર જાતિના કોઢ રોગ ઉત્પન્ન થયા, તે વખતે ચક્રવર્તીને સંસાર ઉપરથી ઉદાસીન ભાવ ઉત્પન્ન થયો. તેથી ભાવરોગ દૂર કરવાને માટે સંયમ અંગીકાર કરી ઉત્પન્ન થયેલ પરીસહ–ઉપસર્ગને સહન કર્યાં, અને સનતકુમાર રાજર્ષિ મદ એટલે રૂપના અભિમાનને છાંડી–ત્યાગ કરી પરમપદ જે મોક્ષપદ તેને પામ્યા, એટલે દ્રવ્ય ભાવ રોગ રૂપ દુઃખોનો સમૂળગો નાશ કરી સર્વથી ઉત્કૃષ્ટ એવું જે મોક્ષ સ્થાન તેમાં બિરાજમાન થયા. ૧૦

હવે ચક્રવર્તિને રૂપમદ કેવા હેતુથી અને કયા સંયોગોમાં ઉત્પન્ન થયો ? તે જાણવાના ઇચ્છુને ટુંક બિના બતાવવી જોઇએ, માટે તત્સંબંધી ટુંક બીના નીચે પ્રમાણે જાણવીઃ– એક વખત શક્ર ઇંદ્રની સભામાં પોતાના સ્વરૂપથી શોભતો અત્યંત રમણીય કાંતિવાન્ સંગમ નામનો દેવ આવ્યો તેને જોઇને અન્ય દેવોએ તેના રૂપથી આશ્ચર્યયુક્ત થઇ શક્ર ઇંદ્રને પુછયું કે–હે સ્વામિન્ આવું સ્વરૂપ કોઇનું હશે ? ત્યારે ઇંદ્ર મહારાજે કહ્યું કે–જંબુદ્વિપના ભરતક્ષેત્રના છ ખંડનો નાયક, વલી કુરૂદેશના હથીણાપુર નગરમાં મુખ્ય જેની રાજધાની છે એવો અને અશ્વસેન રાજાની પટ્ટરાણી સહદેવી તેની કુખથી ઉત્પન્ન થયેલ સનત કુમાર જે હાલ ચક્રવર્તિપણું ભોગવે છે, તેનું સ્વરૂપ આ દેવ કરતાં પુણ અધિક છે. આ

બીના દેવેંદ્ર પાસેથી શ્રવણ કરી, દેવો તેનું રૂપ દેખવામાં ઉત્કંઠા વાલા થયા. દેવો બ્રાહ્મણના સ્વરૂપ વાળા થઇ જ્યાં ચક્રવર્તિ સ્નાન કરે છે ત્યાં આવ્યા, ત્યાં આવીને ચક્રવર્તિનું રૂપ જોઇ ચકિત થઈ ગયા, અને આનંદથી વિચારવા લાગ્યા કે ઇંદ્રમહારાજે જેવું રૂપ વર્ણવ્યું હતું તેવું જ રૂપ આમનું છે, એમ નિશ્ચય કરી આનંદિત થયા. ત્યારે ચક્રવર્તિએ હર્ષિત થયેલા દેવોને પૂછયું કે-કેમ આપનું આવવું થયેલ છે, અને હર્ષ ઉત્પન્ન થવાનું કારણ શું છે? ત્યારે દેવોએ પૂર્વની બીના જે ઇન્દ્રમહારાજે વખાણેલ તે કહી સંભળાવી. તે વખતે ચક્રવર્તિએ રૂપના મદથી દેવોને કહ્યું કે-જ્યારે હું સર્વ અલંકાર સજી રાજસભામાં આવી સિંહાસન ઉપર બેસું ત્યારે મારૂં સ્વરૂપ તમે જુઓ તો તમને માલમ પડે કે

કેવું સ્વરૂપ છે. આમ રૂપનાં અભિમાનમાં આવેલ ચક્રવર્તિએ દેવોને કહ્યું, ત્યારે દેવોએ કહ્યું કે બહુ સારૂં, જોઈશું. ત્યારપછી ચક્રવર્તિ નાહી ધોઇ અલંકારોથી સ્વશરીરને અલંકૃત કરી પોતાની રાજસભામાં આવ્યા. આવીને દેવોને બોલાવ્યા. દેવોએ પણ તરત આવી રાજાનું રૂપ જોઇ માથું ધુણાવ્યું, ત્યારે રાજાએ મસ્તક ધૂણાવવાનું કારણ પૂછ્યું, એટલે દેવોએ કહ્યું કે-પહેલા કરતાં તમારૂં રૂપ હીન થઇ ગયું દેખાય છે, ત્યારે રાજાએ પુછયું શી રીતે ? ત્યારે દેવોએ તરત જ પ્રત્યક્ષ બતાવી રાજાને નિશ્ચય કરાવ્યો, તેથી રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી રાજ્ય વગેરે સર્વ ઋદ્ધિ ત્યાગ કરી તરતજ પોતાના પુત્રને રાજ્ય ઉપર સ્થાપન કર્યો, અને પોતે ઉત્તમ ભાવનાથી દીક્ષા ગ્રહણ કરી તપ સંયમમાં નિમગ્ન થયા,

અને છ મહિના સુધી ચક્રવર્તિપણાની ઋદ્ધિ તે મુનિરાજની પછવાડે ચાલી, છતાંપણ કિંચિત્ માત્ર મોહ જેહને ઉત્પન્ન થયેલ નથી એવા રાજર્ષિને તપના પ્રભાવે સાત લબ્ધિઓ પ્રગટ થઇ, અને અરસનીરસ આહાર કરવાથી તેમના શરીરે અઢાર રોગ ઉત્પન્ન થયા, તેની પીડા સાતશો વર્ષ લગે રહી, છતાં પણ મુનિરાજ તો સમભાવથી આનંદ પૂર્વક સહન કરતા હતા. એક વખત ઇન્દ્રમહારાજે દેવોની આગળ તેમની સહનશીલતાનાં વખાણ કર્યા, તેથી દેવતાઓ પરીક્ષા કરવા માટે રાજર્ષિ પાસે વૈદ્ય થઇ ને આવ્યા, રાજર્ષિને વંદન નમન કરી બોલ્યા કે-આપનો હુકમ હોય તો અમે ઔષધ કરી આપનો રોગ મટાડીએ, ત્યારે રાજર્ષિએ પૂછયું કે-તમો દ્રવ્ય રોગ મટાડો છો કે ભાવ રોગ મટાડો છો? ત્યારે દેવોએ કહ્યું

કે અમે દ્રવ્ય રોગ મટાડી શકીએ, પણ ભાવ-રોગ મટાડવાની શકિત અમારામાં નથી, ત્યારે મુનિરાજ બોલ્યા કે–દ્રવ્ય રોગ નાશ કરવાની શકિત હું પણ બહુ સારી ધારણ કરૂં છું, એમ કહી રૂષિરાજે પોતાની અમીથી એક આંગલી સોવનમય કરી બતાવી, અને કહ્યું કે–જ્યારે કર્મ રોગ નાશ કરીએ ત્યારે જ અનંત શાન્તિ મેળવી શકીએ, અને ત્યારેજ દુઃખમાત્ર દૂર થાય. પણ જ્યાં સુધી તે કર્મ નાશ થયાં નથી, ત્યાં સુધી સર્વથા દુઃખનો અભાવ થઈ શકતો નથી. આવા વચનોથી મુનિરાજની દ્દઢતા જોઈ હર્ષિત થએલા દેવો વંદન નમન કરી સ્વ–સ્થાનકેં ગયા. મુનિરાજ પણ રૂડા પરીણામે ઉત્કૃષ્ટ ચારિત્ર પાલન કરી, સમેત શિખર ઉપર જઈ એક માસનું નિરતિચાર અણસણ કરી સર્વ કર્મને ખપાવી

મોક્ષ સુખને પામ્યા. કોઇ આચાર્યનો મત છે કે સ્વર્ગે ગયા. આ કથામાં સારાંસ એ છે કે-સમર્થ ચક્રવર્તિ જેવાએ પણ જો રૂપનો મદ કર્યો તો તેથી અનિષ્ટ ફલની પ્રાપ્તિ થઈ. અને તે કર્મ ભોગવી-નાશ કરી શાંતિ પામ્યા. આવા સમર્થને પણ રૂપનો મદ નડયો તો અન્યને હેરાન કરે તેમાં શું નવાઇ.માટે એવા દુઃખદાયક રૂપમદનો ત્યાગ કરવો તે સ્વહિતેચ્છુ પુરૂષોને યોગ્ય છે. ૧૦.

रूपतणो मद जीव ! निवार,
इम नहु पामिश भवजलपार ।
गर्वें कोइ न सीजे काज,
गर्वे न लहे शिवपुर राज ॥ ११ ॥

**અર્થ**:-હે જીવ ! રૂપના મદનું તું નિવારણ કર-છોડીદે, જો તું રૂપમદનું નિવારણ નહીં કરે, તો તું ભવજલ પાર પામી શકીશ નહિં-એટલે

સંસાર સમુદ્ર તરી શકીશ નહીં, માટે રૂપમદ ત્યાગ કરવો યોગ્ય છે. ગર્વથી એટલે મદથી કોઇપણ કાર્યની સિદ્ધિ થતી નથી, અને ગર્વથી કોઇપણ જીવને શિવપુરનું રાજ્ય મલતું નથી. જ્યારે તેનો ત્યાગ કરે છે ત્યારેજ જીવ ઉચ્ચ પદવીને પામે છે. અને અનુક્રમે મોક્ષને પણ મેલવી જીવ પરમાનંદનો ભોકતા થાય છે.૧૧ વળી કહ્યું પણ છે કે–

" नित्यपरिशीलनीये,
त्वग्मांसाच्छादिते कलुषपूर्णे ।
निश्चयविनाशधर्मिणि,
रूपे मदकारणं किं स्यात् ॥१॥
पुंसामवस्थात्रितयत्रिभागं,
रूपप्रदं यौवनमेव नान्यत् ।
तस्मिन्सदोन्मादगदांगभंग–
व्यंगादिदोषोपहते क्व रूपम् ॥२॥
यदा नरः शोचति शोकतप्त,–

स्त्यक्ताशनः [1]शोषविवर्णवक्त्रः ।
न स्नाति नोत्तिष्ठति नैव शेते,
तदा क्व रूपं क्व च यौवनश्रीः ॥३॥
स्वरूपासारतां वक्ति, यत्र संसारसारता ।
वपुस्तदपि सौभाग्याऽ,-[2]हंगुरु कृत्य नृत्यते ॥४॥
सप्तधातुमये देहे, चयापचयधर्मिणः ।
जरारुजाभिभाव्यस्य, को रूपस्य मदं वहेत् ॥५॥
सनत्कुमारस्य रूपं, तत्क्षयं च विचारयन् ।
को वा सकर्णः स्वप्नेपि, कुर्याद् रूपमदं किल॥६॥
तस्मान्न कार्यः सुधिया विचार्य,
साश्चर्यसौंदर्यविलासदर्पः ।
संसारमोहप्रसरे घनेऽस्मिन्,
विद्युल्लताविच्छुरितं हि रूपम् ॥७॥

અર્થાત્—હમેશાં સાફ કરવા યોગ્ય, ચામડી અને માંસથી ઢંકાયેલ એટલે વ્યાપ્ત,

---

१ शोष इत्यपि पाठः कृषता क्षयरोगः ।

२ सौभाग्येन अहं गुरुरिति कृत्वा सौभाग्याहंगुरुकृत्य.

મલીનતાથી ભરેલ અને નિશ્ચયથી વિનાશ સ્વભાવને ધારણ કરનાર એવા શરીરના રૂપમાં મદનું કારણ શું છે? ૧ પુરૂષોની અવસ્થા ત્રણ છે–બાલ અવસ્થા, યુવાન અવસ્થા અને વૃદ્ધા અવસ્થા, એમાનો ત્રીજો ભાગ તે યુવાન અવસ્થા, તેજ રૂપ ને પ્રગટ કરનાર છે, બીજી નહીં. તે હમ્મેશા ઉન્માદ, રોગ, અંગ અવયવના ભંગ અને વંકાશ વિગેરે દોષોથી હણાએ છતે રૂપનો મદ કયાં કરવાનો રહ્યો? ૨. શોકથી તપેલો મનુષ્ય જયારે ચિન્તા કરે છે, ખાવાનું છોડીદે છે, કૃષતા અથવા ક્ષય રોગથી મુખની શોભા નાશ પામે છે, સ્નાન કરવું, ઊઠવું અને સૂવું તે ત્યાગ કરે છે, ત્યારે તેનું કયાં રહ્યું રૂપ અને કયાં રહી તેની યૌવન અવસ્થાની શોભા? ૩. જયાં સુધી શરીર છે ત્યાં સુધી સંસાર છે અને જયાં સુધી

સંસાર છે ત્યાં સુધી શરીર છે. અર્થાત્-જ્યાં સંસારની સારતા તેજ શરીર કહેવાય છે, તેથી તો શરીરજ સ્વરૂપની અસારતાને કહી રહેલ છે. અર્થાત્ શરીરનું સ્વરૂપ નાશવંત હોવાથી સાર વગરનું છે. તો પણ દેહના સૌભાગ્યપણાથી હું ગુરૂ-મહાન્ એમ માની જીવ નાચે છે, એજ આશ્ચર્ય છે. ૪

સાતધાતુમય આ દેહમાં વૃદ્ધિ અને હાનિ થવાના ધર્મવાળો, વળી જરા અને રોગથી પરાભવને પામનાર એવા રૂપના મદને કયો પુરૂષ વહન કરે-ધારણ કરે? ૫

સનત્કુમાર ચક્રવર્તિના રૂપને તથા તે રૂપના ક્ષયને વિચાર કરતો કયો વિદ્વાન્ સ્વપ્નમાં પણ ખરી રીતે રૂપના મદને કરે? ૬

તે કારણથી હવે વિદ્વાન્ પુરૂષે વિચાર કરી આશ્ચર્યને પેદા કરનાર એવા સુંદરતાના વિલાસનું દમન કરવું જોઈએ, કારણ કે-સંસાર-

માં ફેલાતા મોહરૂપ મેઘમાં વીજળીના ઝબકારાની માફક ચપલતાવાળું રૂપનું સ્વરૂપ છે.૭

હવે બલમદ ત્યાગ કરવાનું જણાવે છેઃ-

प्राणी ! तुज बल केहो होय,
काल अतीत विमासी जोय ।
त्रेशठ शलाका पुरुष जे हुआ,
तेहना चरित्र जाणि जुजुआ ॥१२॥

હે પ્રાણી ! પુર્વે ઉત્તમ પુરૂષોની વિશ્રામણા, વૈયાવચ્ચ, વિનયાદિક કૃત પુન્યનાં સંયોગે સારા બલને પામીને આ પ્રકારે બલમદ કરીશ નહી, કે-'હું બહુ બલવાન્ છું, મારા જેવો બલીયો કોઈ મુલકમાં છે નહીં, બલવાનોને મેં પરાજીત કરેલા છે, વળી હું કુટુંબે કરી, ધને કરી, બુદ્ધિએ કરી, મિત્રોનાં સમુદાએ કરી બલવાન્ છું, અમુક રાજા વગેરે પણ મારા

તાળામાં છે, મનુષ્યોને હું જેમ દોરૂં તેમ દોરવાય છે, ધનવાન્ મારા કબજામાં છે, અમુક જેવા તો હું પચાસ ખીસામાં રાખું છું, હું તો મુષ્ટિનો જ્યાં પ્રહાર કરૂં ત્યાં જળ નીકલે" ઇત્યાદિ બળ અજીર્ણના ઓહુકારો ભારે કર્મી જીવોને આવે છે, પણ બળનો મદ કરવાથી પ્રાયે પરભવમાં એવા હીન બલપણાને પામે છે કે-નિરંતર પરાધીન, કંગાલ-મહાદયાજનક સ્થિતી પ્રાપ્ત થાય છે, અને છેવટે અન્ન અને દાંતને પણ વેર થઈ જાય છે, આવી આવી અનિષ્ટની પ્રાપ્તિ કરાવનાર બલમદ છે, માટે હે જીવ! તું બલમદથી દૂર રહેજે. તારામાં એવું કયું બલ છે કે જેથી તને મદ થાય છે? વળી અતીત કાલે એટલે ગયા કાલમાં કેવાં દુઃખો તું પામેલ છે, તે જરા શાંતપણે વિચારી જો, વળી પૂર્વે ચોવીસ તીર્થંકર, બાર

ચક્રવર્ત્તિ, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બલદેવ, એ ત્રેસઠ શલાકા પુરૂષ થયા છે. જેઓનાં ચરિત્ર સંપૂર્ણ હાલ વિદ્યમાન છે, તે વાંચવાથી માલમ પડશે કે અતુલિબલના ધણી આગલ મારૂં બલ કેટલું છે, અને કર્મ, ધર્મ, મોક્ષને માટે તેઓએ કેવું બળ ફેરવેલ છે, તે બળની આગળ મારૂં બલ શા હિસાબમાં છે? એમ વિચારી હે જીવ! બલ મદનો ત્યાગ કર.૧૨

तसु बल केहनी जामलि नहि,
तसु प्रमाण हुं न शकुं कहि ।
अनंतकालें थया अनंत,
गुण गिरुआ मोटा बलवंत ॥ १३ ॥

અર્થઃ-તે ત્રેસઠ શલાકા પુરુષોનું બળ કોના જેવું હતું? એ પ્રશ્નના ઉત્તરમાં કોઇનું દ્રષ્ટાંત-ઉદાહરણ આપી તેમની સાથે 'જામલિ'

એટલે શરખાવી શકાય એવું ઉપમાન કોઈ મલતું નથી, કેમકે એમનાથી અધિક બળવાન કોઇ છેજ નહિં. કે જેથી અમુકના જેવું બળ હતું એમ કહી શકીએ. વળી તેમનામાં કેટલું બળ હતું ? એના ઉત્તરમાં પણ હું કશું કહી શકું તેમ નથી, કારણકે તેઓ અતુલિત બળના ધણી હતા, તેથી કોઈ એમના બળનું માપ કરી શકે નહીં, તેવા ત્રેસઠ શલાકા પુરુષો અનંતકાલે અનંત થયા છે, અને અનંત થશે, તેઓ 'ગુણગિરુઆ' એટલે ગુણોમાં મોટા શૂરવીર-તાદિ અનેક ગુણ સમૂહથી ભરેલા હોય છે, અને વળી 'મોટા બલવંત'-એટલે અતિશય પરાક્રમને ધારણ કરનારા હોય છે. ૧૩.

ते चिंतवी आपण पुं जोय,

खजुआ सूर सम अंतर होय।

बलमद टाळी चरण बल धरे,
काया निर्मल इणिपरे करे ॥१४॥

અર્થ:-ત્રેસઠ શલાકા પુરુષોના બળને અને પોતાના બળને તું વિચારી જો! એટલે તારામાં અને તેઓમાં ખજુવા અને સૂર્યના સમાન બળનું અંતર છે તે માલમ પડશે. માટે બળમદને છોડી ચારિત્રબળને એટલે પંડિતવીર્યને જે ધારણ કરે, તે પોતાની કાયાને એટલે આત્માને એ પ્રકારે ચારિત્રબલથી પવિત્ર કરે. ૧૪

બળમદ ત્યાગ કરવા માટે અન્ય આચાર્યો પણ આ પ્રમાણે કહે છે:—

महाबलोऽपि रागाद्यै-रबलः क्रियते क्षणात् ।
इत्यनित्ये बले पुसां, युक्तो बलमदो न हि ॥१॥
बलवन्तोऽपि जरसि, मृत्यौ कर्मफलान्तरे ।
अबलाश्चेत्ततो हंत !, तेषां बलमदो मुधा ॥२॥

भीरुः शूरत्वमायाति, शूरोप्यायाति भीरुताम्।
न क्वचिच्चपलस्यास्य, शौर्यस्य नियता
स्थितिः ॥३॥

न दर्पविकृतं शौर्यं न मायामलिनं मनः ।
न द्वेषोष्णं श्रुतं येषां, गण्यन्ते तद्गुणा गुणाः ॥४॥

अहं शूरः क्रूर-प्रतिभटघटापाटनपटु,-
स्तरस्वी सेनानां हयगजघटानामधिपतिः॥
इति प्रौढः पुषा निजभुजबलाक्रान्तजगतां।
भवत्यन्ते दर्पः परिभवपदं कालगलितः ॥५॥

कुलं कुतनयेनेव, शौर्यं दर्पेण नश्यति ॥
यथा कदम्बराजस्य, यथा वा रावणस्य च ॥६॥

मर्दयमानमतंगजदर्पं,
विनय शरीरविनाशनसर्पम् ।
क्षीणो दर्पाद् दशवदनोऽपि,
यस्य न तुल्यो भुवने कोपि ॥७॥

અર્થાત્-રાગ દ્વેષાદિ અંતરંગ શત્રુઓ ક્ષણવારમાંજ મહાન્ બળવાળાને પણ નિર્બળ

કરી નાખે છે, તે કારણથી ક્ષણભંગૂર એવા બળમાં પુરૂષોએ બળમદ કરવો વ્યાજબી નથી. ૧ વૃદ્ધ અવસ્થામાં, મરણ સમયમાં અને અશુભ કર્મના ફળના ઉદયમાં બળવાનો પણ જો નિર્બળ થઈ જતા હોય તો ખેદ-પૂર્વક કહેવું પડે છે કે પુરૂષોએ તેવા બળનો અહંકાર કરવો તે નક્કામો છે. ૨ બીકણ મનુષ્ય શૂરપણાને પામે છે, તેમજ શૂરતાવાળા બીકણ બને છે, ચંચળ એવા આ બળ પરાક્રમની નિશ્ચળ-નિયમિત સ્થિતિ કોઇ જગ્યાએ દેખાતી નથી. માટે બળમદ કરવો ન જોઈએ. ૩ જેમનું બળ અહંકારથી રહીત છે, જેમનાં મન માયારૂપ મલિનતાથી રહિત છે, અને જેઓનું શ્રુતજ્ઞાન દ્વેષરૂપ ઉષ્ણતાથી રહિત છે, તેઓના જે ગુણો તેજ યથાર્થ ગુણો ગણાય છે. ૪ હું શૂરવીર છું, ક્રૂર એવા શત્રુ

સુભટોના સમૂહને નાશ કરવામાં ચતુર છું, અત્યન્ત બેગવાન છું અને સેનાઓ તથા ઘોડા હાથીના જથ્થાઓનો નાયક છું, એ પ્રકારે બળના અહંકારને ધારણ કરતો સૂર્ય અને રાજા તે પોતાના કિરણો કે ભુજાના બલથી દબાવેલા જગત્ મધ્યે કાળનો કોળીઓ થાય છે, ત્યારે અનાદરનો સ્થાન બની જાય છે. માટે પરિણામે અહંકાર છે તે સર્વને તિરસ્કારનું કારણ થાય છે. ૫ જેમ કુપુત્રથી કુળનો નાશ થાય છે, તેમ અહંકાર અભી-માનથી બળનો નાશ થાય છે. કદંબરાજ અથવા રાવણની માફક. ૬ વિનયરૂપ શરીરને નાશ કરવામાં સર્પના જેવા એવા માનરૂપ હાથીના ગર્વનો તું નાશ કર. જેના સરખો બીજો બલિયો જગતમાં કોઈ નથી એવો દશમુખો રાવણ તે પણ ગર્વથી નાશ પામ્યો, માટે આ-

આથી જનોએ બળમદ ત્યાગ કરવો જોઈએ. ૭

**હવે શ્રુતમદ ત્યાગ કરવા જણાવે છે—**

श्रुतसागर जेम छे अपार,
चउद पूरव अंग अग्यार ।
जे इणे श्रुत पार उतर्या,
तेणे पुण श्रुतमद नहु कर्या ॥१५॥

અર્થ:-સમુદ્રની જેમ શ્રુતજ્ઞાન પાર વિનાનું છે, જેમાં ચૌદ પૂરવ અને અગ્યાર અંગ વિગેરે આવેલા છે. જે મહાપુરુષો શ્રુતજ્ઞાનનો પાર પામી ગયા છે; તેવાઓએ પણ શ્રુતજ્ઞાનનો મદ કર્યો નથી. ૧૫.

आदि अेग दुइ श्रुत केवली,
तरतमयोगें श्रुत ते वली ।
इम करतां शुं श्रुत तुज पास,
म करीश मद इम हिये विमास ॥१६॥

અર્થઃ-પહેલા શ્રુત કેવલીનાં સમયમાં પણ શ્રુત કેવલીઓની અંદર એકથી બીજા શ્રુતકેવલીમાં શ્રુતજ્ઞાનની તરતમતા એટલે હીન -અધિકપણું હતું, પરંતુ એક સરખું શ્રુતજ્ઞાન એમનામાં પણ ન હતું, એમ જો વિચારીએ તો હે ચેતન! તે શ્રુતજ્ઞાન માહેલું તારી પાસે શું શ્રુતજ્ઞાન છે? એમ હૃદયની અંદર વિચાર કર! વિચારીને શ્રુતમદનો તું ત્યાગ કર!! ૧૬

**બીજા શાસ્ત્રોમાં પણ શ્રુતમદ દૂર કરવા જણાવેલ છે તે આ પ્રમાણેઃ—**

**स्वबुध्ध्या रचितान्यन्यैः, शास्त्राण्याघ्रायलीलया।**
**सर्वज्ञोस्मीति मदवान्, स्वकीयांगानि खादति॥१॥**
**श्रीमद्‌गणधरेंद्राणां, श्रुत्वा निर्माणधारणे।**
**क आश्रयेच्छुतमदं, सकर्णहृदयो जनः ॥२॥**

**ज्ञानं मददर्पहरं, माद्यति यस्तेन तस्य को वैद्यः।**
**अमृतं यस्य विषायते, तस्य चिकित्सा कथं क्रियते ॥३॥**

इयपविसपरममंत, नाणं जो तेण गव्वमुव्वहइ ॥
सलिलाउ तस्स अग्गि, समुट्ठिओ मंदपुन्नस्स ॥४॥
मा वहउ कोइ गव्वं, इत्थ जए पंडिओ अहं चेव ।
आसव्वन्नुमइओ, तरतमजोगेण मइ विहवा ॥५॥
गर्वाग्रग्रहलंबितोऽस्यसि महाहंकार वातार्दितो ।
मोहोम्मादहतोसि हंत ममता मैरेयमत्तोऽसि च॥
तेनात्मप्रतिबोधबंध्यविबुधंमन्य ! त्वमन्यैः समं ।
मूढैः पंडितमानिभिः कलकलोत्तालाकुलं
बुध्यसे ॥६॥
यदा किञ्चिज्ज्ञोहं द्विप इव मदांधः समभवं ।
तदा सर्वज्ञोस्मीत्यभवदवलिप्तं मम मनः ॥
यदा किञ्चित्किञ्चिद् बुधजनसकाशादवगतं ।
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः॥७॥
सा विद्या या मदं हन्ति, सा श्री यार्थिषु वर्षति ॥
धर्मानुसारिणी या च, सा बुद्धिरभिधीयते ॥८॥
संपर्कोद्यमसुलभं, चरणसाधकं श्रुतज्ञानम् ॥
लब्ध्वा सर्वमदहरं, तेनैव मदः कथं कार्यः ॥९॥

* मैरेयं–धातकीपुष्पगुडधानाम्लसंभवं मद्यं. એક જાતનું મદ્ય.

અર્થાત્—બીજાઓએ પોતાની બુદ્ધિથી રચેલા શાસ્ત્રોનો સહેજ ગંધ લઈને હું સર્વજ્ઞ છું એ પ્રકારે શ્રુતમદને ધારણ કરનાર પોતાના અંગોને ખાય છે. ૧ શ્રીમાન્ આચાર્યોનાં નાયક એવા ગણધરોની અર્થ ગ્રહણ કરવાની ધારણા શકિત અને સૂત્રની રચના તેને સાંભળીને વિદ્વાન હૃદયવાળો કયો મનુષ્ય શ્રુતમદને ધારણ કરે ? ૨ જ્ઞાન છે તે મદના અહંકારને નાશ કરનાર છે, તેનાથીજ જેને મદ ઉત્પન્ન થાય તો તેનો વૈદ્ય કોણ ? જેને અમૃત પણ વિષ રૂપે પરિણમે તેની ચિકિત્સા શી રીતે કરવી ? ૩ અહંકારરૂપ વિષને નાશ કરનાર પરમ મંત્ર સરખું જ્ઞાન છે, તેવા જ્ઞાનથી જે અહંકારને ધારણ કરે છે, તેવા મંદભાગીને તો પાણીમાંથી પણ અગ્નિ ઊઠયો એમ જાણવું. ૪ આ જગતમાં હુંજ પંડિત

છું, એમ કોઇએ પણ ગર્વ કરવો નહિ. કારણકે સર્વજ્ઞ વિના બીજા જ્ઞાનીઓમાં મતિ જ્ઞાનનો વૈભવ ઓછા અધિકપણે રહેલ છે, સંપૂર્ણ કોઈમાં નથી. માટે મદ કરવાનો અવકાશ નથી. ૫ અહંકારરૂપ પાપગ્રહે કરી તું ફસાએલો છે, વળી મહાન્ ગર્વરૂપ વાતરોગથી તું પીડાએલ છે, તેમજ મોહના ઉન્માદથી તું હણાએલ છે, છતાં પણ ખેદની વાત છે કે મમતારૂપ મદિરાથી તું મદોન્મત્ત થયો થકો આત્મજ્ઞાનથી રહિત હે મૂર્ખ! પોતાને પંડિત માનતો એવો તું બીજા મૂઢ પંડિત માનીઓની જેમ કલકલાટ શબ્દોને કરતો થકો આકુલવ્યાકુલ જણાય છે. ૬ જ્યારે હું કાંઈક જાણનાર તરીકે હાથીની માફક મદમાં આંધળો થયો ત્યારે હું સર્વજ્ઞ છું એ પ્રકારે ગર્વવાળું મ્હારૂં મન થયું. જ્યારે વિદ્વાન પુરુષો પાસેથી

કાંઇક-કાંઈક જાણ્યું ત્યારે મને એમ થયું કે હું મૂર્ખ છું, મને કશું આવડતું નથી, તેથી તાવની માફક મ્હારો શ્રુતમદ નાશ પામ્યો. ૭ વિદ્યા તો તે કે જે મદનો નાશ કરે. લક્ષ્મી તો તે કે જે ધર્મક્ષેત્રોમાં વરસે-વપરાય, બુદ્ધિ તો તે કહેવાય છે કે જે ધર્મને અનુસરનારી હોય. ૮ સમ્યક્ત્વ ગુણના સંબંધથી તથા સુભ ઉદ્યમથી સુલભ, સર્વ મદોને નાશ કરનાર અને ચારિત્રગુણને સાધનાર એવા શ્રુતજ્ઞાનને પામીને એનાથીજ શ્રુતમદ કેમ કરાય ? ૯

**હવે તપમદ ત્યાગ કરવાનું જણાવે છે:—**

आदीश्वरें वरषी तप कर्यो,
वीरें छमासी तप आदर्यो ।
वर्ग प्रतर घन एकावली,
सिंहनिक्रीडित कनकावली. ॥१७॥

इत्यादिक दुःकर तप भण्या,
वळी अनंते कीधा सुण्या ।
बारह प्रतिमा समरसें वही,
जावज्जीव लगें निरवही ॥१८॥
रे जीव तेहवो तप नहु थाय,
तो दुःकर तप केम कराय ।
फोकट मद इम जाणी करी,
किशुं करे अशक्ति आदरी ॥१९॥

અર્થ:-શ્રી આદીશ્વર ભગવાને વરષી તપ કર્યું, શ્રીવીરભગવાને છ માસી તપ આચર્યું તેમજ વર્ગ, પ્રતર, ઘન, એકાવલી, સિંહનિક્રીડિત અને કનકાવલી. ૧૭ ઇત્યાદિક દુષ્કર તપ શ્રીસિદ્ધાંતોમાં કરવાનાં કહ્યાં છે. અને અનંત ભવ્યાત્માઓએ તે તપને આચર્યાં છે-કીધાં છે. એમ ગુરૂમુખદ્વારાએ સાંભળ્યું છે,

વળી કેટલાક જીવોએ બહુ ઉત્સાહપૂર્વક શાંતરસથી જાવજીવલગે બારભિક્ષુ પડિમાઓ સ્વીકારી-વહન કરી છે. એમ પણ સાંભળીએ છીએ. ૧૮ ત્યારે અશકિતને ધારણ કરનાર એવા હે જીવ ! તેવું તપ તારાથી ન થાય તો પછી દુષ્કર તપ તારાથી કેમ કરી શકાશે ? માટે એમ જાણી ફોકટ તપનો મદ કરવો તે નકામો છે. ૧૯

તપ મદ ત્યાગ કરવા માટે બીજા ગ્રન્થોમાં પણ કહેલ છે કેઃ—

"नाभेयस्य तपो निष्ठा, श्रुत्वा वीरजिनस्य च ॥
को नाम स्वल्पतपसि, स्वकीये मदमाचरेत् ॥१॥
येनैव तपसाऽनुद्येत् , तरसा कर्मसंचयः ॥
तेनैव मददिग्धेन, बध्यते कर्मसंचयः ॥२॥
इंदियकसायविजयो, जत्थय पूओववाससीलाई ॥
साहु तवो कायव्वो, कम्मखयठ्ठा न अनठ्ठा ॥३॥

किंत्तीयमच्छरेण य, पूयासक्कारचित्तपीडाए॥
सुबहुंपि तवोकम्मं, दुग्गइगमणं पसाहेउ ॥४॥
संबच्छरमुसभजिणो,छम्मासावद्धमाण जिणचंदो।
इयविहरिया निरसणा, जइज्जए ओवमाणेणं ॥५।

અર્થાત્—શ્રીઋષભદેવ સ્વામીની તથા શ્રી મહાવીર દેવની તપ ઉત્કર્ષતા–તપની પ્રાબલ્યતા સાંભળીને પોતાના સ્વલ્પ–નાના સરખા તપમાં કયો પુરુષ અહંકાર ધારણ કરે? ૧ જે તપવડે કરીનેજ જલ્દીથી કર્મ જથ્થાઓનો નાશ કરાય, તેજ તપ જો અહંકારની બહુલતાપૂર્વક કરાય તો આત્મા કર્મના જથ્થાઓથી બંધાય છે. ૨ જે તપ કરવામાં ઇંદ્રિયો અને કષાય જીતાતા હોય પૂજા, ઉપવાસ અને શીલાદિ ગુણો પ્રાપ્ત થયા હોય એવો રૂડો તપ કર્મક્ષય કરવા માટે કરવો જોઇએ. તે સિવાય બીજી કોઇપણ વાંછા

ન હોવી જોઇએ. ૩ કીર્તિને માટે અથવા ઈર્ષ્યાથી, વળી પોતાની પૂજા થાય તે માટે અથવા પોતાના સત્કાર માટે ચિત્તની પીડાને લઇને ઘણો સારી રીતે પણ કરાયેલ તપકર્મ તે દુર્ગતિ ગમન કરાવામાં સહાયરૂપ બને છે. માટે આ લોકની વાંછાઓને છોડી તપ કરવો જોઇએ. ૪ નિર્દોષ આહાર ન મળવાથી આહાર વિનાના થયા થકા બાર માસ સુધી શ્રી ઋષભદેવ ભગવાન્, અને છ માસ સુધી શ્રી વર્દ્ધમાન જિનચંદ્ર આ જગત્માં વિચર્યા છે. તો એ મહા પુરુષોની ઉપમા-દ્રષ્ટાન્તે કરી સ્વહિત કરવામાં પ્રયત્નવાળા થવું જોઇએ. ૫

**હવે લાભમદ ત્યાગ કરવા જણાવે છેઃ-**

**ववहरतां एकांते लाभ,**

**कह्युं न जाय एकांते अलाभ ।**

करम योगे ए थाए सही,
मद करतां होय अधिको नहीं ॥२०॥
इशुं विचारी लाभ मद छंडी,
संजम ववहरवे बल मंडी ।
इणि परे होशे अनंतो लाह,
एह उपर मन करे उच्छाह ॥२१॥

**અર્થ**:-વ્યાપાર કરતાં એકાન્તે લાભ કે એકાન્તે અલાભ-હાનિ થાય છે એમ આપણાથી કહી શકાય નહિ, જીવને વ્યાપાર કરતાં લાભ કે હાનિ જે કાંઈ થાય છે તે તેવા-તેવા કર્મના યોગે-સંબંધે થાય છે એમ નિશ્ચયથી જાણવું. આમ છે તો હવે લાભનો મદ કરવાથી કાંઇ પણ અધિક પ્રાપ્તિ થવાની નથી. માટે શા સારું લાભમદ કરવો જોઇએ? ૨૦ એમ ઉપર કહ્યા પ્રમાણે વિચારી લાભમદને છોડી

સંયમ-ચારિત્ર વ્યાપારમાં પોતાના બળ, વીર્ય પરાક્રમને ફોરવવો જોઇએ. એ પ્રમાણે ચારિત્ર માર્ગમાં ઉજમાલતાને ધારણ કરવાથી જીવને અનંતો લાભ પ્રાપ્ત થશે, માટે પવિત્ર એવા આ ચારિત્ર વ્યાપારમાં મનને ઉત્સાહવાળું બનાવવું જોઇએ. જેથી આત્મા અનંતો લાભ મેળવે.૨૧

પૂર્વ મહર્ષિઓએ લાભમદ તજવા આ પ્રમાણે બતાવેલ છેઃ-

"अंतरायक्षयादेव, लाभो भवति नान्यथा ॥
ततश्च वस्तुतत्त्वज्ञो, न लाभमदमुद्वहेत् ॥१॥
परप्रसादशक्त्यापि, भवे लाभे महत्यपि ॥
न लाभमदमिच्छन्ति, महात्मानः कथंचन ॥२॥
सुलाभं पूसमित्ताणं, अलाभं ढंढणस्स य ॥
सुच्चा लाभे अलाभे य, तोसं रोसं च वज्जए ॥३॥
लाभेण जो जयंतोइ, णो लाभंतराइअं हणइ ॥
कुणमाणो य समाहिं, सव्वसमाहिं लहइ जीवो ॥४॥

અર્થાત્-અંતરાય કર્મના ક્ષયથી જ જીવને હરકોઈ પ્રકારનો લાભ થાય છે, તે શિવાય થતો નથી. તેથીજ વસ્તુતત્ત્વને જાણનારા લાભનો મદ કરતા નથી. ૧ આ સંસારમાં બીજાની મહેરબાની કે શકિતથી મોટા લાભો પ્રાપ્ત થાય તો પણ કોઇ પ્રકારે મહાત્માપુરુષો તેવા લાભમદને ઇચ્છતા નથી. ૨

પુષ્પમિત્રોના સારામાં સારા લાભ અને ઢંઢણમુનિના અલાભ એટલે લાભાંતરાયને સાંભળીને લાભમાં કે અલાભમાં તોષ કે રોષને ત્યાગ કરવો જોઇએ. ૩ લાભ વડે જો કોઇ જીવ જીતાઈ જાય એટલે લાભમદમાં જો પરાધીન થઇ જાય તો તે જીવ લાભાંતરાય કર્મને નાશ કરી શકે નહિ, અને લાભની પ્રાપ્તિમાં જો સમાધિવાળો થાય એટલે લાભમદને જો ન કરે તો સર્વ પ્રકારની સમાધિ-

સુખોને જીવ મેળવે છે. ૪

**હવે લક્ષ્મીમદ ત્યાગ કરવાનો જણાવે છેઃ-**

अथिर लच्छि जिम संध्याराग,
सूखिम सूत्र जिम काचो ताग ॥
बे पहरनी जिम छांहडी,
कापुरुष केरी जिम बांहडी. ॥२२॥
खिण खिण आवे खिण खिण जाय,
जे धनवंत ते निरधन थाय ॥
करम उदय ते वळी धनवंत,
लखमी मद म करीश गुणवंत ॥२३॥

અર્થઃ-લક્ષ્મીનું સ્વરૂપ કેવું છે તે બતાવે છે. જેમ સંધ્યા સમયનો રાગ-રંગ, થોડી વારમાં જ નાશ પામનાર હોય છે, તેમ લક્ષ્મી પણ નાશ પામનારી છે. વળી બારીક એવો કાચા સૂતરનો તાર-તાંતણો જેમ સહેજમાં

નાશ પામે છે, તેમ લક્ષ્મી પણ સહેજમાં નાશ પામનાર છે. બપોરની છાયા જેમ નાશ પામનાર છે, તેમ લક્ષ્મી પણ નાશ પામનાર છે, અને વળી કુપુરૂષની મૈત્રી અથવા એનો આધાર જેમ ક્ષણમાં નાશ પામનાર છે, તેમ લક્ષ્મીનો સંબંધ પણ ક્ષણમાં નાશ થનાર છે. ૨૨ લક્ષ્મીનો સ્વભાવજ એવો છે કે-ક્ષણ-ક્ષણ-માં આવે અને ક્ષણ-ક્ષણમાં જાય, જે ધનવંત હોય તે તે નિર્ધન થાય છે, અને વળી શુભ કર્મના ઉદયે તેજ નિર્ધની પાછો ધનવાન્ થાયછે. એટલા માટે હે ગુણવંત પુરૂષો ! તમે લક્ષ્મીનો મદ કરશો નહીં. ૨૩

લક્ષ્મીમદ ત્યાગ કરવા માટે બીજા આચાર્યોએ પણ આ પ્રમાણે બતાવેલ છેઃ-

"श्रुत्वा त्रिभुवनैश्वर्यसंपदं वज्रधारिणः ॥
पुरग्रामधनादीनामैश्वर्यैः कीदृशो मदः ॥१॥

गुणोज्वलादपि भ्रश्येद् दोषवन्तमपि श्रयेत् ॥
कुशीलस्त्रीवदैश्वर्यं, न मदाय विवेकिनाम् ॥२॥
धनेन दर्पः को नाम, यत्क्षणेन विनश्यति ॥
भक्ष्यमाणं व्ययेनैव, रक्ष्यमाणं तूपप्लवैः ॥३॥
काले कलौ खले मित्रे, पुत्रे दुर्व्यसनान्विते ॥
पिशुनेषु प्रवृद्धेषु, लुब्धे राज्ञि धनेन किम् ॥४॥
असद्भिः कलहार्त्तस्य, सतामनुपकारिणः ॥
दानद्विषोऽनपत्यस्य, बंधनेन धनेन किम् ॥५॥
प्रव्रज्यात्यक्तगेहस्य, जनगौरवपूजया ॥
धनसंघट्टितार्थस्य, वंध्याननधनेन किम् ॥६॥
विद्या विवादाय धनं मदाय, प्रज्ञाप्रकर्षः
परवञ्चनाय ॥
शक्त्युन्नतिर्लोकपराभवाय, येषां प्रकाशस्तिमिराय तेषाम् ॥७॥
दत्तं न वित्तं करुणानिमित्तं, लोभप्रवृत्तं कृतमेव
चित्तम् ॥
यैः संचयोत्साहवशाच्च नृत्तं, सोचन्ति ते पातकमात्मवृत्तम् ॥८॥

तस्मान्न दर्पः पुरुषेण कार्यः, प्रवर्द्धमानेन
धनोदयेन ॥
अदानभोगोपहतं हि वित्तं पुंसां परत्रेह च
दुर्निमित्तम् ॥९॥
दातव्यं भोक्तव्यं, सति विभवे संचयो न कर्त्तव्यः
यदि संचयं करिष्यसि, संकल ! पुनराग-
मिष्यामि ॥१०॥
संकलः[१] सागरो[२] नंदो,[३] मम्मणः[४] कृपणा अमी॥
चत्वारो भूतले ख्याताः, पंचमः कोऽपि नाभवत्
॥११॥
श्रीशान्तिनाथादपरो न दानी, दशार्णभद्राद्
परो न मानी ॥
श्रीशालिभद्रादपरो न भोगी, श्रीस्थूलिभद्रा-
दपरो न योगी ॥१२॥
धणवंत ! गव्व म कर, पिखवि पडुरुवाइं ॥
चउदहसयचिहताइं, मुंझह गइंये गयाइं ॥१३॥

---

१ पाटलीपुत्रेऽभवत्. २ मिथीलायां. ३ श्रावस्त्यां. ४ राजगृहे.

इन्द्रियाणामरातीनां, मनसः पवनस्य च ॥
सुलभाः सन्ति जेतारः,श्रियो जेता नु दुर्लभः॥१४॥

અર્થાત્-વજ્રને ધારણ કરનાર ઇન્દ્રની ત્રણ જગતના ઐશ્વર્યની સંપદાને સાંભળીને ગામ, નગર ધનાદિકના તુચ્છ ઐશ્વર્ય મળવાથી અહંકાર કરવાનો શું છે ? ૧ ગુણોએ કરી પવિત્ર હોય તો પણ તેને છોડી દેનાર અને દોષોએ કરી મલિન હોય તો પણ તેને સેવનાર ખરાબ આચારવાળી સ્ત્રીની માફક અશ્વર્ય -ઠકુરાઈ તે વિવેકીઓને મદ કરનાર થતી નથી. ૨ જે દ્રવ્ય મનુષ્યોવડે ખાવા પીવા વગેરેના ઉપયોગમાં લેવાતો-ખર્ચાતો ક્ષણવારમાં નાશ પામે છે, તેમજ વળી મનુષ્યો વડે રક્ષણ કરાતો છતાં ઉપદ્રવોવડે ક્ષણવારમાં નાશ પામે છે, તેવા દ્રવ્યની કદિ પ્રાપ્તિ થઇ તો પણ તેનો અહંકાર શું કામનો ? ૩

જે કલિકાળમાં દુર્જન મિત્ર, દુર્વ્યસની પુત્ર, ચાડીયા-ચુગલીખોરોની પ્રબલતા અને લોભી રાજાઓ થએ છતે, તેવા કાળમાં ધનવડે અહંકાર કરવો તે શા કામનો ? ૪ દુર્જનોવડે કલહ-કંકાશથી પીડાયેલાના, સજ્જનોનો ઉપકાર નહી કરનારના, દાનમાં દ્વેષ ધારણ કરનારના અને અપુત્રિઆ મનુષ્યના બંધનરૂપ ધનવડે અહંકાર કરવો શા કામનો ? ૫ દીક્ષા લેવાથી ત્યાગ કરેલ છે ઘર જેણે એવા પુરૂષના અને મનુષ્યોના બહુમાન તેમજ પૂજાવડે અત્યન્ત એકઠું કરેલ છે ધન જેણે એવા પુરૂષના વંધ્યાસુખ સરખા ધનવડે અહંકાર શા કામનો ? ૬ જેઓની વિદ્યા વિવાદ માટે, જેઓનું ધન મદ માટે, બુદ્ધિની પ્રબલતા બીજાઓને ઠગવા માટે અને શકિતની વૃદ્ધિ લોકના તિરસ્કાર માટે હોય

છે, તેવાઓનો પ્રકાશ-તેજસ્વીપણું અંધકાર ભણી થાય છે. ૭ જેમણે દયાની ખાતર પોતાનું દ્રવ્ય દાનમાં ખરચેલ નથી, તેમજ લોભ દશામાંજ પ્રવૃત્તિ કરનારૂં મન જેમણે કરેલ છે, અને દ્રવ્યસંચય કરવામાં ઉત્સાહના વશથી જેઓનું મન નાચનારૂં થએલ છે, તેઓ પોતાથી આચરણ કરાયેલા પાતકોનો અંતે શોચ-ખેદ કરે છે. ૮ ધનના ઉદયવડે અત્યન્ત વૃદ્ધિ પામતાં પુરૂષે તેનો અહંકાર કરવો નહીં, કારણકે અદાન અને અભોગરૂપ દોષોથી હણાયેલ દ્રવ્ય તે મનુષ્યોનાં આં લોકમાં અને પરલોકમાં અશુભ નિમિત્ત ભણી થાય છે. ૯ દ્રવ્ય હોય તો તેનું દાન આપવું જોઇએ અને ઉપભોગમાં લેવું જોઇએ, પણ તેનું સંચય કરવું ન જોઇએ. હે સંકલ ! જો તું સંચય કરીશ ! તો હું ફેર આવીશ !! ૧૦

પાટલીપુત્ર નગરમાં સંકલ, મિથીલા નગરીમાં સાગર, સાવત્થી નગરીમાં નંદ અને રાજગૃહી નગરીમાં મમ્મણ આ ચાર લોભી મનુષ્યો દુનીયામાં પ્રસિદ્ધ છે. એમના જેવો લોભી પાંચમો કોઈપણ થયો નથી. ૧૧ શ્રી શાંતિનાથ સમાન બીજો કોઈ દાની નથી, શ્રી દશાર્ણભદ્ર સમાન બીજો કોઇ માની નથી, શ્રી શાલિભદ્ર સમાન બીજો કોઇ ભોગી નથી અને શ્રી સ્થૂલભદ્ર સમાન બીજો કોઇ યોગી નથી. તો પછી અભિમાન કરવાનું કયાં રહ્યું ? ૧૨ હે ધનવંત ! મનોહર રૂપ વિગેરેની સંપદાને જોઇને કે પામીને તું ગર્વ ન કર. કારણકે ગર્વ કોઇનો રહ્યો નથી. જુઓ મુંજ રાજાની સાહેબી ૧૪૪૪ હાથીની હતી તે સર્વ રિદ્ધિ નાશ પામી અને મુંજ રાજા ભીખ માંગતો થયો. ૧૩ આ જગતમાં ઇંદ્રિયો, શત્રુઓ,

મન અને પવન એઓને જીતનારા સુખેથી મળી શકે છે પણ લક્ષ્મીને એટલે લક્ષ્મીના મદને જીતનારા ખરેખર દુર્લભ છે. ૧૪

ए मद करता हीणा सहू,
मद टालंतां वृद्धि हुए बहू ॥
सांभलि सुगुरु तणो उपदेश,
आठे मदनो टालो लेश ॥२४॥

सूत्र साखे ए करो विचार,
पाळो पूरा पंचाचार ॥
पार्श्वचंद्र सूरीश्वर कहे,
जे पाले ते शिव सुख लहे ॥२५॥

અર્થઃ—આ ઉપર સવિસ્તર બતાવેલ આઠ મદો તે જો કરવામાં આવે તો તેનાથી સહુ કોઇ જીવ હીનતાને પામે છે, એટલે જે જે

(વાનાની,) બાબતની હીનતાવાળા જીવો આ દુનીયામાં દેખાય છે, તે જીવોએ પૂર્વ ભવમાં આચરેલ મદના તે તે આ ફળો છે, એમ સમજવું. અને મળેલ રૂપ વિગેરેની સામગ્રીના મદને ટાળવાથી જીવને અનેક પ્રકારે ઘણીજ વૃદ્ધિ થાય છે એટલે જે જે આત્માઓ રૂપ વિગેરેની વૃદ્ધિ આ ભવમાં પામેલા છે તેમણે પૂર્વ ભવમાં તે તે વસ્તુઓનો મદ નહિં કરવાના કારણે તે તે તેના ફળ રૂપે છે. આ આઠે મદ ટાળવા સંબંધી સુગુરૂ મહારાજનો ઉપદેશ સાંભળી આઠે મદમાંથી કોઇનો પણ લેશમાત્ર મદ કરવો નહીં. ૨૪

આજ બીના પૂર્વાચાર્યોએ પણ કહેલ છે કે:-

"जातिलाभकुलैश्वर्य,-बलरूपतपश्रुतैः ॥
कुर्वन् मदं पुनस्तानि हीनानि लभते जनः ॥१॥"

અર્થાત્-જાતિવડે, લાભવડે, કુલવડે, ઐશ્વ-

ર્યવડે, બળવડે, રૂપવડે, તપવડે, અને શ્રુતવડે મદને કરતો મનુષ્ય ફેર તે તે વસ્તુઓની હીનતાને પામે છે. માટે બહુ સાવધાની પૂર્વક નમ્રતાથી સમભાવે વર્તવું જોઇએ. ૧ એવી રીતે સૂત્ર-સિદ્ધાંતની સાખે વિચાર કરો અને વિચાર કરી સંપૂર્ણ પંચાચારોને પવિત્રપણે પાલન કરો. એ પ્રમાણે શ્રીમન્નાગપુરીય બહત્તપા ગચ્છાધિરાજ શ્રીપાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજા કહે છે કે એ આઠે મદોનો ત્યાગ કરી પવિત્ર પંચાચારોને જે પાળે તે ભવ્યાત્મા શિવસુખને પામે અને અખંડ કલ્યાણ મંગલનો ભોકતા થાય.૨૫

આ સ્વાધ્યાયરત્નનો અર્થ સંવત ૧૯૯૨ ના આષાઢ વદી ૫ ગુરૂવારે અમદાવાદ નગરે સામળાની પોળના ઉપાશ્રયમાં પરમપૂજ્ય પરમોપકારી પ્રાતઃસ્મરણીય વિશ્વવંદ્ય યુગપ્રવર ભટ્ટારક શ્વેતામ્બરાચાર્યવર્ય શ્રીભ્રાતૃચંદ્ર સૂરી-

શ્વરજી મહારાજના શિષ્ય મુનિસાગરચંદ્રે સ્વ. પરના ઉપકાર માટે પોતાની અલ્પ બુદ્ધિના અનુસારે લખ્યો છે. તે વાંચનારને આનંદ મંગલ કરનાર થાઓ!!!

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઇતિ શ્રીઆઠમદપરિહારસ્વાધ્યાયસાર્થઃ સમાપ્તઃ॥

સુગુરૂદેવ શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરકૃતઃ-

# શ્રીગૌતમસ્વામિનો લઘુરાસ

(ગાથા—છંદ) મૂલઃ-

सिरिवसुभूइपुत्तो, माया पुहवीय कुच्छि संभूओ।
गणधार इंदभूइ, गोयम गुत्तो सुहं दिसउ ॥१॥

અર્થઃ-શ્રીવસુભૂતિના પુત્ર, તથા શ્રીપૃથવી નામની માતાની કૂખથી ઉત્પન્ન થએલા, અને ગૌતમ ગોત્રીય એવા ગણુધરપદને ધારણ કરનારા શ્રીઇંદ્રભૂતિ ( ગૌતમ સ્વામી ) સુખને આપો. ૧

(ચોપાઈ—છંદ) મૂલઃ-

रयण विहाणे थयो प्रभात,
गौतम समरुं जग विख्यात।
ऋद्धि वृद्धि जसु महिमा घणी,
पयसेवे धरणीना धणी ॥२॥

અર્થ:-રાત્રિ ગઈ પ્રભાત થયું તેજ સમયે જગતમાં વિખ્યાત એવા શ્રીગૌતમગુરૂનું હું સ્મરણ કરૂં છું. ગૌતમ ગુરૂના નામ સ્મરણથી સ્મરણ કરનાર આત્માની ઋદ્ધિની વૃદ્ધિ થાય છે, અને તેનો મહીમા (જશ, આબરૂ કીર્તિ) ઘણો વધે છે—અને મહાન રાજાઓ પણ તેમના ચરણકમલની સેવા કરી રહ્યા છે. અથવા આવો પણ અર્થ થઇ શકે છે:-મહાન રાજાઓ-જેમની ઋદ્ધિની હમેશાં વૃદ્ધિ થયા કરે છે અને જેમનો મહીમા (જશ, આબરૂ કીર્તિ) ઘણો છે તેવા રાજાઓ પણ ગૌતમ-ગુરૂના ચરણની સેવા કરે છે. ૨

गौतम स्वामी लब्धि निधान,
गौतम स्वामी नवे निधान ।
सुर गो तरु मणि गौतम नाम,
जेवो नाम तेवो परिणाम ॥३॥

गुव्वर गाम जन्मनो ठाम,
गौतम तणा करे गुण ग्राम ।
सहुअ लोय बालापण लगे,
भट्ट चट्ट बहुला ओलगे ॥४॥

અર્થ:—શ્રીગૌતમ સ્વામી અઠ્ચાવીશ અથવા અનેક લબ્ધિઓના ભંડાર છે. શ્રી ગૌતમ સ્વામીના નામે નવેનિધાન જીવ પામે છે. કારણકે મનોવાંછિત પદાર્થ પૂર્ણ કરનાર કામધેનું ગાયનો પ્રથમ અક્ષર "ગૌ" મનોવાંછિત ફલની સિદ્ધિ કરનાર કલ્પવૃક્ષ એટલે કલ્પતરૂ, તેનો પ્રથમ અક્ષર "ત" અને મનોવાંછિત કાર્યની સિદ્ધિ કરનાર ચિંતામણિ રત્ન, તેમાંથી મણિનો પ્રથમ અક્ષર "મ." એ ત્રણે અક્ષરો એકઠા થઈ તેમના નામમાં રહ્યા છે, તેથીજ જાણે 'ગૌતમ' નામ બન્યું ન હોય ! 'જેવું નામ તેવું પરિણામ' એટલે

નામ પ્રમાણે મનોવાંછિત ફલને આપનારા હોય તેમાં આશ્ચર્ય નથી. ૩ શ્રી ગૌતમ સ્વામીના જન્મનું સ્થાન ગુબ્બર નામનું ગામ છે. વળી આ બાલથી લઈ ગોપાલ પર્યંત સર્વ લોકો એટલે નાના મોટા સર્વ મનુષ્યો જેમના ગુણગ્રામ–વખાણ કરે છે, તેમજ અનેક ભાટ ચારણો જેમની 'ઓલગે' એટલે સેવા કરે છે. ૪

गौतम गिरुओ गुण भंडार,<br>
कळा बहोंतेर पाम्यो पार ।<br>
चउदह विद्या जेणे अभ्यसी,<br>
जागत ज्योति जिसि मनवसी ॥५॥

અર્થઃ–ગૌતમ મોટા ગુણોનાં ભંડાર, બહોંતેર કલાના પારગામી અને ચઉદ વિદ્યાઓનો જેમણે અભ્યાસ કરેલછે, તે વિદ્યાઓ જાગતિ જ્યોતની માફક જેમના મનમાં

વસેલી છે. ચઉદ વિદ્યાના નામ આ પ્રમાણે બતાવેલા છેઃ-

"अंगानि चातुरों वेदा मीमांसा न्यायविस्तरः
पुराणं धर्मशास्त्रं च स्थानान्याहुश्चतुर्दश ॥१॥
शिक्षा कल्पो व्याकरणं निरुक्तं ज्योतिषं तथा।
छन्दश्चेति षडङ्गानि प्राहुरेतानि कोविदाः"॥२॥

અર્થાત્ઃ-છ અંગ, ચાર વેદ, મીમાંસા, ન્યાયનો વિસ્તાર, પુરાણ અને ધર્મશાસ્ત્ર એ ચઉદ વિદ્યાના સ્થાન કહ્યા છે. ૧ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, જ્યોતિષ અને છંદ. આ છ અંગશાસ્ત્રો વિદ્વાનોએ કહ્યા છે. બીજી રીતે પણ ચઉદ વિદ્યાના નામ આ પ્રમાણે છેઃ-(૧) નભોગામિની. (૨) પરકાયપ્રવેશિની. (૩) રૂપપરાવર્તિની. (૪) સ્તંભની. (૫) મોહિની (૬) સુવર્ણસિદ્ધિ. (૭) રજતસિદ્ધિ. (૮) બંધથોભિની. (૯) શકપરાજયની. (૧૦) રસસિદ્ધિ.

(૧૧) વશીકરણી. (૧૨) ભૂતાદિદમની. (૧૩) સર્વ સંપત્કરી. (૧૪) શિવપદપ્રાપિણી. એ પ્રમાણે પણ છે. ૫

वीरजिण चउदह सहस शीस,
तेमांहि पहिलो सुजगीश ।
तसु पय वंदुं नामुं शीश,
आश फले मननी निशदीस ॥६॥
गीतारथ पदवीना धणी,
सूरीश्वर जसु महिमा घणी ।
गौतम मंत्र सदा समरंत,
ततखिण विद्या सहु फुरंत ॥७॥

અર્થઃ- શ્રીવીર ભગવાનના ચઉદ હજાર શિષ્યો, તે સર્વમાં પ્રથમ-અગ્રેસર મુખ્ય 'સુજગીશ' એટલે મનોવાંછિતને પૂર્ણ કરનાર અથવા જગતમાં સારી રીતે પૂજ્ય,

તેમના ચરણમાં મસ્તક નમાવીને હું વંદન કરૂં છું, કે જેથી મારા મનની આશાઓ સદા નિરંતર ફલીભૂત થાય. ૬ ગીતાર્થ એટલે સૂત્ર અને અર્થના જાણ, સૂરીશ્વર પદવીના ધણી અને જગતમાં જેમનો ઘણો મહિમા છે એવા આચાર્યો પણ ગૌતમ સ્વામીનો મંત્ર સદા સ્મરણ કરી રહ્યા છે. અથવા ગીતાર્થ સૂરીશ્વર પદવીના ધણી, જેમનો જગતમાં ઘણો મહિમાં છે તેવા ગૌતમસ્વામીનો મંત્ર સ્મરણ કરતા તત્કાળ સર્વ વિદ્યાઓ સ્ફુરાયમાન થઈ થકી તેમને પ્રાપ્ત થાય છે. ૭

तनु प्रणमुं वचने संथवुं,
एकचित्त चित्ते चिंतवुं ।
श्री गौतम गणधरनो नाम,
महिमा मोटी गुणमणि धाम ॥८॥

उठंतां बेठंतां सही,
पंथ चालतां हियडे ग्रहि ।
गौतम गौतम कहेतां मुखे,
सहुय कार्य ते सीजे सुखे ॥९॥

અર્થઃ—તેમને હું શરીરથી પ્રણામ કરૂં છું, વચનથી તેમની સ્તુતિ કરૂં છું. અને સાવધાની પૂર્વક ચિત્તમાં તેમનું ધ્યાન કરૂં છું. કારણ કે શ્રીગૌતમગણધરના નામનો, મહિમા મોટો છે, અને ખરેખર ગુણરૂપ મણિઓનો ભંડાર છે. ૮ એવા નામને ઉઠતાં, બેસતાં તેમજ માર્ગમાં ચાલતાં, હૈડામાં (હૃદયમાં) ધારણ કરતાં અને ગૌતમ ગૌતમ એ પ્રમાણે મુખથી કહેતાં સર્વ કાર્ય તેમના—સેવકનાં સુખેથી સિદ્ધ થાય છે. ૯

गौतम नामे आरत टळे,
गौतम नामे वंछित फळे ।

गौतम नामे नावे रोग,
गौतम नामे पावे भोग ॥१०॥
गौतम नामे नाशे व्याध,
गौतम नामे परम समाध ।
गौतम नामे दुर्जन दूर,
गौतम नामे हरख भरपूर ॥११॥
गौतम नामे हय गय वार
गौतम नामे सुलख्खण नार ।
गौतम नामे सुगुण सुपुत्र,
गौतम नामे सहुये मित्र ॥१२॥

અર્થઃ-શ્રીગૌતમ સ્વામીના નામે સર્વ પ્રકારની પીડા ટલે, શ્રી ગૌતમના નામે સર્વ પ્રકારના મનોવાંછિત ફલે, શ્રીગૌતમના નામે કોઇપણ રોગ આવે નહી, શ્રીગૌતમના નામે જીવ સર્વપ્રકારના ભોગ-વિલાસ પામે, ૧૦

શ્રીગૌતમના નામે સર્વપ્રકારની વ્યાધિઓ નાશ પામે, શ્રીગૌતમના નામે પરમ સમાધિ-શાંતિ જીવ પામે, શ્રીગૌતમના નામે દુર્જન ભાગે, શ્રીગૌતમના નામે જીવ ભરપૂર-સંપૂર્ણ હર્ષને પામે. ૧૧

શ્રીગૌતમના નામે ઘોડા અને હાથીઓની 'વાર' એટલે સેના-જથ્થાઓને પામે, શ્રીગૌતમના નામે સારા લક્ષણવાળી નાર એટલે સ્ત્રીને મેલવે, શ્રીગૌતમના નામે સારા ગુણે કરી સહિત શ્રેષ્ઠ પુત્રને પામે, અને શ્રીગૌતમના નામે સર્વ મિત્ર ભાવને ધારણ કરનારા મિત્રો થાય. ૧૨

गौतम नामे ओछव होय,
गौतम नामे न पराभव कोय ।
गौतम नामे मंगल तूर,
गौतम नामे कुर कपूर ॥१३॥

गौतम नामे जय संग्राम,
गौतम नामे तुठे स्वाम ।
गौतम नामे विनय विवेक,
गौतम नामे लाभ अनेक ॥१४॥
गौतम नामे न छीपे पाप,
गौतम नामे टळे संताप ।
गौतम नामे खपे सवि कर्म,
गौतम नामे होय शिव शर्म ॥१५॥

અર્થ:-શ્રીગૌતમના નામે ઓછવની પ્રાપ્તિ થાય, શ્રીગૌતમના નામે કોઈ પ્રકારના પરાભવો-દુ:ખો થાય નહી, શ્રીગૌતમના નામે મંગલિક વાજીંત્રો વાગે અને શ્રીગૌતમના નામે 'કુરકપૂર' એટલે ઉત્તમ પ્રકારના ભોજનની પ્રાપ્તિ થાય.૧૩ શ્રીગૌતમના નામે સંગ્રામમાં-યુદ્ધમાં જીત થાય, શ્રીગૌતમના નામે સ્વામી-માલિક તુષ્ટમાન થાય,

શ્રીગૌતમના નામે વિનય-નમ્રતા અને વિવેક-હિત અહિતનું ભાન થાય અને શ્રીગૌતમના નામે અનેક પ્રકારના લાભની પ્રાપ્તિ થાય. ૧૪

શ્રીગૌતમના નામે પાપ છીપે નહી-અડકે નહી એટલે પાપનો નાશ થાય, શ્રીગૌતમના નામે સર્વ પ્રકારના સંતાપ-દુઃખો ટળે, શ્રીગૌતમના નામે સર્વ કર્મ ખપી જાય, શ્રીગૌતમના નામે મોક્ષના સુખોની પ્રાપ્તિ થાય. ૧૫

घणुं घणुं हवे कहीये किश्युं,
थोडे तमे जाणजो इश्युं ।
गोतम समरतां जागीये,
जे लहिये ते ते मागिये ॥१६॥

અર્થ:-હવે એમાં અમે ઘણું ઘણું શું કહીયે, ટુંકા કથનમાંજ તમે નિશ્ચયથી એમ જાણજો કે શ્રીગૌતમ સ્વામીનું નામ સ્મરણ

કરતાં જાગીએ એટલે સાવધાન થઈયે તો એમના નામ સ્મરણનો મહિમા એવો છે કે સ્મરણ કરનાર જે જે વાંચ્છાઓ કરે તેવું તેવું તેને પ્રાપ્ત થાય. ૧૬

(શાર્દૂલવિક્રીડિત-વૃત્તમ્)

इत्थं गौतमसंस्तुतिः
सुविहिता चंद्रेण पार्श्वादिना,
भक्तिस्फीत मुदालयेन
गणभृत्पादाम्बुरुट्चञ्चुना ।
ये तस्याः स्मरणं प्रभातसमये
कुर्वन्ति चङ्गात्मका-
स्ते नित्यं मनसः समीहितफलं
सद्या लभन्तेतराम् ॥१७॥

અર્થઃ-ભકિત-બહુ માનપૂર્વક ઉત્પન્ન થએલ ઉજ્વલ-પવિત્ર હર્ષ તેના સ્થાનરૂપ

અને ગણધરોના ચરણકમલોને સેવવામાં ભમર સરખા એવા **પાર્શ્વચંદ્રે** આ પ્રકારે શ્રી ગૌતમ સ્વામીની મનોહર સ્તુતિ વિરચી–બનાવી છે. તે મનોહર સ્તુતિનું જે સુંદર આત્માઓ પ્રભાતના સમયે સ્મરણ કરે છે તે નિરંતર મનોવાંછિત ફળને જલ્દી મેળવે છે. ૧૭

આ શ્રીગૌતમ સ્વામીના લઘુરાસ–પ્રકરણરત્નના કર્તા પરમ ગુરૂદેવ શ્રીજૈનાચાર્ય જિનાગમબાલાવબોધકારક સંવેગરંગરંગિતાત્મા શુદ્ધક્રિયોદ્ધારકારક યુગપ્રધાનબિરૂદધારક શ્રીમન્નાગપુરીયબૃહત્તપાગચ્છનાયક શ્રીપાર્શ્વચંદ્ર સૂરીશ્વરજીમહારાજ છે, તેમના આશયના અવિરૂદ્ધપણે બનતા પ્રયત્ને સંક્ષેપ અર્થ કરવાનો પ્રયાસ આચાર્યદેવ શ્રીપરમપૂજ્ય પ્રાતઃ-સ્મરણીય વિશ્વવંદનીય સાતિશય મૂર્તિમાન્ શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ

સાગરચંદ્રે વિ.સં.૧૯૯૩ ના કાર્તિક વદ ૯ સોમવારે અમદાવાદ મધ્યે કરેલ છે છતાં કર્તાના આશયવિરૂદ્ધ લખાણ થયો હોય તો તેનો મિથ્યા દુષ્કૃત્ય થાઓ એમ ઇચ્છી વિરમું છું.

ઓં શાંતિઃ ! શાન્તિઃ ! ! શાન્તિઃ ! ! !

ઇતિશ્રી ગૌતમસ્વામિનો લઘુરાસ-પ્રકરણરત્ન-સાર્થઃ સમાપ્તઃ

આચાર્યદેવ શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરમહારાજ કૃત-

# શ્રીશીલદીપિકા સ્વાધ્યાયઃ ।।

( ચાલતી અને ત્રુટક-દેશીમાં. )

सुह गुरु भाखेरे भवियण सांभलो,
पाले शील जे तसु कुल निरमलो ॥

निरमलो मनही वचन काया,
शील पाले जे सही ।
बलिहारि जाउं एक जीभे,
तास गुण न शकुं कही ॥
इण काळे थोडा रहसि रहता,
नारी नरयोगे मिले ।
स्थूलिभद्र जेम विरति राखी,
वेदवर्म विणु टले ॥१॥

અર્થ:—શ્રીશીલવ્રત પાલન કરવાનો વિધિ અને તેનો મહિમાં આચાર્યશ્રી જણાવે છે-સુગુરૂદેવ કહે છે કે હે ભવ્યાત્માઓ ! સાંભળો. જે ભાગ્યશાળી શીલવ્રતને પાલન કરે છે, તેનું કુલ નિર્મલ જાણવું. જે ભવ્યાત્માઓ ખરેખર મન, વચન અને કાયાએ કરી નિર્મલ શીલવ્રતને પાલન કરે છે, તેની હું બલીહારી જાઉં છું; અને તેના ગુણોનું વર્ણન હું એક જીભે કહી શકું નહી, કારણ કે આ પંચમકાળમાં શ્રીસ્થૂલિભદ્ર સ્વામીની માફક સ્ત્રી અને પુરૂષ બન્નેનો યોગ એકાન્તમાં મલ્યા છતાં અને સ્ત્રીવેદ પુરૂષવેદ કર્મ ટલ્યાવિના શીલરૂપ વિરતિભાવને રાખનારા થોડાજ હોય છે. માટે પોત પોતાનો સદાચાર પાલવાની ખાતર સ્ત્રી-પુરૂષોએ એકાંતે એકઠા થવું નહી. કારણ કે બૂરામાં બૂરી એકાંત કહેલ છે. ૧

जाति कुलव्रतनीरे लज्जा जे वहे ।
ते मन धावत रुंधी निरवहे ॥
निरवहे उत्तम देशविरति,जीव ठाणे पंचमे ।
छठे सत्तम सर्व विरति,एहथी नहु अतिक्रमे ॥
भल भला जे साहु साहुणी,
वेद सहित ते भाखिया ।
जगन्नाथ आगम छता तेणें,
धन्य जेणे व्रत राखिया ॥२॥

અર્થ:-પોતાની જાતિની પોતાના કુલની અને પોતાના વ્રતની 'લજ્જા જે વહે' એટલે લજ્જાને જે ધારણ કરે, અર્થાત્ હું જાતવાન્ હું કુલવાન્ અને હું ઉત્તમ ધર્મવાન્ છું, માટે મારાથી અનાચાર કેમ સેવાય ? અને હું ઉન્માર્ગે ગમન કરૂં તો મારી જાત લજાય, મારૂં કુલ લજાય અને મારો ધર્મ લજાય. એમ લજ્જાને

જે ધારણ કરે તે 'ધાવત' એટલે ઉન્માર્ગમાં દોડતા મનને 'રૂંધી' એટલે અટકાવી પવિત્ર શીલવ્રતને 'નિર્વહે' એટલે નિર્વાહ કરે–પાલન કરે. મતલબકે લજ્જાલુ આત્મા હોય તે શીલ પાલી શકે, પરંતુ લાજ વિનાનો જીવ શીલ પાલી શકે નહી. 'જીવઠાણે પંચમે' એટલે પાંચમાં ગુણસ્થાનમાં વર્તતો જીવ દેશ વિરતિ કહેવાય, તે ઉત્તમ દેશવિરતિ શ્રાવક પોતાની જાતિકુલ વ્રતની લજ્જાને ધારણ કરતો પોતાના શીલવ્રતને પાલન કરે. અને 'છઠ્ઠે સત્તમ સર્વવિરતિ' એટલે છઠ્ઠા, સાતમાં વિગેરે ગુણસ્થાનોમાં વર્તતા જીવો સર્વવિરતિ કહેવાય છે, તે સર્વવિરતિ રૂપ ચારિત્ર ગુણમાં વર્તતા આત્માઓ શીલવ્રતમાં 'અતિક્રમ' એટલે મનશુદ્ધિનો નાશ, એટલું પણ અતિક્રમણ દોષ ન લગાડે એવી રીતે નિરતિચા-

રૂપણે શીલવ્રતને પાલન કરે. 'ભલભલા' એટલે સારામાં સારા ઉત્કૃષ્ટ ગુણવાળા જે સાધુ સાધ્વીઓ, તેઓને પણ આગમ-સિદ્ધાંતમાં વેદ સહિત કહેલા છે. માટે જગન્નાથ પરમાત્માના આગમો જ્યાંસુધી વિદ્યમાન છે ત્યાં સુધી તેઓના ઉપર શ્રદ્ધા રાખી જેમણે પોતાના વ્રતોની રક્ષા કરી અખંડિત શીલાદિ વ્રતોને રાખ્યા, તેઓને ધન્ય છે, તેઓજ ભાગ્યશાળી કહેવાય અને તેઓએજ આ ઉત્તમ જીંદગીનો લાભ મેળવ્યો ગણાય. ૨

रूपी लखणा जेम जे नहु कहे,
मननो चिंतन छउमथ किम लहे ॥
किम लहे निरतो कहे निरतो,
जेम लोके द्रौपदी ।
नारदें पूछया पंच साचा,
शील निरमल सुर नदी ॥

सहकार वाव्यो वृद्धि पाव्यो,
पत्र पुष्प फलें भर्यों ।
ततकाल महिमा सत्य केरो,
शील आपण उद्धर्यों ॥३॥

અર્થઃ-રૂપી સાધ્વી અને લખમણા સાધ્વીની માફક જે માયા-કપટથી સત્ય બીના પ્રગટ કરે નહી તો તેના મનમાં ચિંતવેલા પાપોને છદ્મસ્થ ગુરૂઓ કેવી રીતે જાણી શકે અને સત્ય બીના જાણ્યા વિના તેને આલોયણા પ્રાયશ્ચિત્ત વ્યાજબી શી રીતે આપી શકે? અહીં રૂપી સાધ્વીની ટુંક બીના આ પ્રમાણે જાણવીઃ—રૂપી નામની રાજપુત્રી બાલ વિધવા હતી, તેના પિતાને પુત્ર ન હતો તેથી પુત્રી પર ઘણોજ પ્રેમ હતો, અંતે પુત્રીને રાજ્ય આપી તેના પિતા

કાળ કરી ગયા. હવે રૂપી રાજા થએલ છે. કોઇ વખત રૂપી રાજા પોતાના શીલસન્નાહ નામના મંત્રીને જોઈ મનમાં કામવિકારવાળા થયા. મંત્રીએ રાજાની વિકારવાળી દ્રષ્ટી જોઇ પોતાના શીલવ્રતનો બચાવ કરવા માટે મંત્રી ત્યાંથી ભાગી છૂટયા અને વૈરાગ્યથી ગુરૂપાસે ચારિત્ર અંગીકાર કર્યું. સૂત્ર-સિદ્ધાંતોનો ગુરૂ દેવની પાસે અભ્યાસ કરી ગીતાર્થ થયા એટલે શ્રી સંઘે આચાર્યપદથી વિભૂષિત કર્યા. રૂપી રાજાએ પણ દીક્ષા લીધી, સાધ્વી થઈ. ચારિત્રપાલન કરી અંત સમયે આચાર્યશ્રી સમીપે પર્યન્ત (અંત સમયની) આરાધના કરતી વખતે તે દ્રષ્ટીવિકારથી થએલ પૂર્વ અવસ્થાના દોષને માયાથી ગોપવ્યું, આચાર્યશ્રીએ યાદ કરાવી આપ્યું, છતાં પણ માયા કરી તે વાતને ન સ્વીકારી અને આલોયણા પણ ન લીધી અને

અંતે કાળ કરી ગઈ, તેથી રૂપી સાધ્વીને બહુ ભવોમાં ભમવું થયું. હવે લખમણા સાધ્વીની ટુંક બીના આ પ્રમાણે જાણવીઃ–એક વખત લખમણા નામની સાધ્વીને ચકલા ચકલીનું મૈથુન જોવામાં આવ્યું, તેથી વિચારો થયા કે પરમાત્માએ મૈથુન સેવવાની અનુમતી કેમ આપી નહી હોય અથવા વીતરાગ તો પોતે અવેદી છે તેથી વેદવાળાને થતી પીડા તે અવેદી શી રીતે જાણી શકે, જો જાણે તો આજ્ઞા આપેને. આવા વિચારો થયા. તે જોકે તેણીને વધારે વખત રહ્યા નથી, છતાં પણ તેઓને દૂર કરવા માટે યોગ્ય પ્રયત્ન ન થવાના લીધે સંસારવૃદ્ધિના કારણભૂત થયા. ત્યાર પછી તરતજ તેણીના વિચારો બદલાયા, મનમાં થયું કે અહાહા આ મેં ખોટા વિચારો કર્યા છે, તેથી મને મહાન્ પાપ લાગ્યું, માટે હે

જીવ ! ચાલ આચાર્ય મહારાજની પાસે તેની આલોચણા લઉં. એમ મનમાં નિશ્ચય કરી ઉઠી ચાલવા માંડયું, પણ કંઈક અપશુકન થયા તેથી પાછી ફરી અને વિચાર થયો કે એમાં શું આલોચણા લેવી છે. અથવા આચાર્ય મહારાજ એની અમુક આલોચણા આપશે, તો હું એથી પણ અધિક કરી લઈશ. એમ ધારી પોતાની જાતે બહુ તપ કર્યા, છતાં તેનું ફલ કાંઇ પણ થયું નહી. અંતે તે દોષને આલોયા વિના કાળ ધર્મ પામી ઘણા કાળ સુધી સંસારમાં ભમી. ધર્મમાં પણ માયા-કપટપણું જો કરે તો તે જીવને અનર્થ કરનાર થાય છે. સાંભળનાર માણસ સાચું કયારે સમજે? કહેનાર જો સાચું કહે તો સાંભળનાર સાચું સમજે. વળી સાચું કહેવાથીજ સત્યતાના ફલની પ્રાપ્તિ થાય છે. જેમ લૌકિકમાં મહા-

ભારતની અંદર જણાવેલ છે કે—શીલ ગુણની અંદર નિર્મલ ગંગા નદીના જેવી સતી દ્રોપદીજીને નારદજીએ પાંચ પ્રશ્ન પૂછયા. અને કહ્યું કે તેઓના ઉત્તર તમે સાચાજ આપો છો તેની ખાતરી શી? ત્યારે સતી દ્રૌપદીજી બોલી કે આ આંબો હું વાવું અને જો એ ઉગે, વૃદ્ધિ પામે, પાંદડા, ફુલ અને ફળ આવે તો જાણજો કે દ્રૌપદી સાચું બોલે છે, અને સતી છે. નહિ તો નહી. આવી પ્રતિજ્ઞા કરી ત્યારે નારદજીએ પ્રશ્ન પૂછયા, અને સતી દ્રૌપદીજી પણ આંબો વાવી ઉત્તર આપતી ગઇ તેમ તેમ આંબો ઉગ્યો, વૃદ્ધિને પામ્યો, પત્ર પુષ્પ અને ફળે કરી ભરાણો. ઉત્તરો પૂરા થતાં કેરીઓ પાકી અને સહુને તે ચખાડી, ચખાડતાંજ તત્કાળ સત્યતાનો મહિમા વિસ્તાર પામ્યો અને પોતાના પવિત્ર શીલ ગુણનો

ઉદ્ધાર તે મહાસતીએ કર્યો. બીલકુલ મનમાં માયા રાખ્યા વિના નિષ્કપટ સરલ સ્વભાવે જે જે ભાવો મનમાં ઉત્પન્ન થયા તે તે ભાવોને તેજ સ્વરૂપે સત્યપણે જણાવવાથી તે મહાસતીનો મોટો યશ સર્વ જગ્યાએ ફેલાયો. ૩

**તે બીના મહાભારતની અંદર આ પ્રમાણે બતાવેલ છેઃ—**

अचिन्त्य माहात्म्य करं महान्तो,
वचस्समीचीनमुदीरयंति ॥
यल्लोकवाक्पाण्डुसुतप्रियायां,
सत्यं वदन्त्यां फलतिस्म चूतः ॥१॥
श्रीमहाभारते शास्त्रे वाक्यपञ्चकमुत्तमम् ।
नारदेन यथा पृष्टे दुर्वासामन्त्रणे स्फुटम् ॥२॥
द्रौपदी पञ्च वाक्यानि सत्यानि वदते यदा ।
अकाले चाम्रवृक्षोऽयं फलैश्च फलते तदा ॥३॥
पञ्च तुष्टिमती[1] त्वं च संबन्धश्च[2] विशुद्धता[3]।
षत्यौप्रीति[4] र्मनस्तुष्टिःसत्यपञ्चकमुच्यताम् ॥४॥

सुरूपाः पञ्च योद्धारः पाण्डवाः पतयो मम ।
तथापि चपलं चेतः मनः षष्ठेऽपि जायते ॥५॥

रहोनास्ति क्षणोनास्ति नास्ति प्रार्थयिता नरः।
तेन नारद ? नारीणां सतीत्वमुपजायते ॥६॥

सुरूपं पुरुषं दृष्ट्वा पितरं भ्रातरं सुतम् ।
योनिःक्लिद्यतिनारीणा मामपात्रमिवांभसा॥७॥

वर्षा कष्टतरः कालः जीविका हेतु वल्लभः ।
तेन नारद ! नारीणां भर्त्ता भर्त्तेति वल्लभः ॥८॥

नाग्निस्तृप्यति काष्टैश्च नापगाभिर्महोदधिः ।
नान्तकः सर्वभूतैश्च न पुंभिर्वामलोचना ॥९॥

अग्निकुण्डसमा नारी घृतकुम्भसमो नरः ।
तेन नारद! नारीणां संसर्गं परिवर्जयेत् ॥१०॥

અર્થાત્—મહાન્ પુરૂષોથી ન ચિંતવી શકાય એવા મહાત્મ્યને પ્રગટ કરનાર સત્ય વચનને ઉચ્ચારણ કરનારા હોય છે; જેમ લોકવાણી એટલે લોકમાં કહેવત છે કે પાંડવોની પ્રીયા

સતી દ્રૌપદી સાચી વાણી બોલી કે તરતજ આંબો ફળ પુલવાળો થયો. ૧

શ્રી મહાભારત શાસ્ત્રમાં ઉત્તમ પાંચ વાકય-વચનો દુર્વાસાઋષિની પ્રેરણાથી ખુબિ રીતે નારદે જેવા પૂછયા કે તરતજ તેના સાચા ઉત્તર આપવા સતી દ્રૌપદી પ્રતિજ્ઞા કરતી બોલી. ૨ દ્રૌપદી જો સાચા ઉત્તર આપે છે તો અકાળે આ આમ્ર વૃક્ષ ઊગે છે તેમજ પાન, ડાળીયો, શાખા, પ્રશાખા અને પુલ ફળવાળો થાય છે, એમ જાણજો, નહીતર નહી. ત્યારે નારદે પ્રશ્ન કર્યા. ૩ પાંચ ભર્તારમાં તું સતોષવાળી છે? સ્રીયોમાં સતીત્વનું સંબંધ કયારે સંભવી શકે? સ્રીયોમાં વિશુદ્ધતા હોય ખરી? સ્ત્રીયો પતિમાં પ્રીતિ ધારણ કરે? સ્ત્રીયો વિષય વાસનાથી તૃપ્ત થાય? આ પાંચ પ્રશ્નોના સાચા ઉત્તર આપો.

૪ ત્યારે દ્રૌપદીજી બોલ્યા:-સ્વરૂપવાળા પાંચે મહાન્ યોદ્ધા-શૂરવીર એવા પાંડવો મારા પતિ છે, તો પણ ચંચલ ચિત્ત-મન છઠ્ઠા પ્રતે દોડે છે. જો કે દ્રૌપદી તો પોતે સતી છે, તો પણ સ્ત્રીયોના સ્વભાવનું સ્વરૂપ જણાવી રહેલ છે. જો ચંચલ મન ઉપર પુરે પુરો કાબૂ ન હોય તો સ્ત્રી સ્વભાવને લઇ જરૂર ચિત્ત બહાર ગયા વના રહે નહીં. ૫ પ્રાયે કરી જ્યાં સુધી એકાંત મળે નહી, સમય મળે નહી અને પ્રાર્થના કરનાર પુરૂષ મળે નહી ત્યાં સુધી હે નારદ! સ્ત્રીયોનું સતીત્વ ટકી રહ્યું છે. ૬ રૂપવાન્ પુરૂષ જોઇને પછી ભલે તે પિતા-હોય કે ભાઇ હોય કે પુત્ર હોય પણ જેમ કાચો ઘડો જલથી પીગળી જાય છે. તેમ સ્ત્રીયોની ચોની પીગળે છે. ૭ વર્ષાઋતુનો કાળ સ્ત્રીયોને ઘણો કષ્ટ આપનાર છે, ભર્તાર

સ્ત્રીયોને જીવનનો હેતુ હોવાના કારણે વલ્લભ છે. તેથી હે નારદ ? સ્ત્રીયોને ભરણ-પોષણ કરનાર ભર્તાર વલ્લભ રહ્યા કરે છે. ૮ અગ્નિ લાકડાઓથી તૃપ્ત થતો નથી, સમુદ્ર નદીઓથી ધરાતો નથી અને જેમ યમરાજા મૃત સર્વભૂત પ્રાણિયોથી તૃપ્તિ પામતો નથી તેમ સ્ત્રીયો પુરૂષોથી તૃપ્તિ પામતી નથી. ૯ અગ્નિના કુંડ સરખી સ્ત્રીયો છે અને ઘીના ઘડા સમાન પુરૂષ છે તે કારણે હે નારદ! સ્ત્રીયોની સંગતિ ત્યાગ કરવી જોઇએ. ૧૦

वेद उदय जे आवे भावना,
तसु व्रत डोहोळुं करे नहु तिण विना॥
तिण विना उत्तम काळ जेणे,
तेह केवल सिरि वर्या।
उवशांत मोहें चडी न पडया,

ते अणुत्तर अवतर्या ॥
धन धन्य ते पिण विरति पाखे,
पंचमे अंगे अविरती ।
उपशांत मोहा कह्या जिणवरें,
सीझसे गति आवती ॥४॥

**અર્થ**:—વેદના ત્રણ ભેદ છે-સ્ત્રીવેદ, પુરૂષવેદ અને નપુંસકવેદ. સ્ત્રીને પુરૂષ ભોગવવાની એકદમ જે અભિલાષા થ તે સ્ત્રીવેદનો ઉદય જાણવો, તેવીજ રીતે પુરૂષને સ્ત્રીભોગવવાની જે તીવ્ર અભિલાષા થાય તે પુરૂષવેદનો ઉદય જાણવો, અને બન્ને ભોગવવાની જેને અભિલાષા થાય તે નપુંસકવેદનો ઉદય જાણવો. મોહનીય કર્મના જોરથી વેદના ઉદયે જે જીવને વિષય ભોગની ભાવના થાય, તેનું શીલવ્રત ડોહોળું થયું

એટલે મલીન થયું એમ જાણવું, કારણ કે માઠી ભાવના વિના કોઇ પણ જીવ કોઈ વખતે શીલવ્રતને મલીન કરતો નથી. અર્થાત્ ખોટી વિષય વાસનાની ભાવનાથી જ પવિત્ર શીલવ્રત મલીન થાય છે, અને તેથી જીવ દુર્ગતિમાં અનેક પ્રકારે દુઃખોનો ભોક્તા બને છે, તેથી મહાત્મા પુરૂષો મલીન ભાવનાનો સર્વથા ત્યાગ કરી શુદ્ધ શીલવ્રત વિગેરે મહા-વ્રતોમાં રમણ કરતા અપૂર્વ કરણ ગુણસ્થાને ચડી 'ઉત્તમકાળ' એટલે શ્રીતીર્થંકરદેવોના વારામાં ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઇ શુકલ ધ્યાન રૂપ અગ્નિથી ઘનઘાતી કર્મનો નાશ કરી તેઓ કેવલજ્ઞાન અને કેવલ દર્શન રૂપલક્ષ્મીને વર્યા, એટલે પામ્યા, અર્થાત્ કેવલી ભગવાન્ થયા. વળી વિશુદ્ધ ભાવનાના યોગે શીલાદિ-વ્રતોને ધારણ કરતા અપૂર્વકરણ ગુણસ્થાનથી

ઉપશમશ્રેણી આરંભી ઉપરના ગુણુસ્થાનો એ ચડતા અગીઆરમાં ઉપશાંત મોહ વીતરાગ ગુણુસ્થાને પોચ્યા અને તેઓ ત્યાંથી પાછા ન પડ્યા, અર્થાત્ ત્યાંજ આયુષ પૂર્ણ થયું તેથી ત્યાંજ કાળધર્મ પામ્યા. એવા તે મુનિરાજો અણુત્તરવિમાનોમાં ઉત્પન્ન થયા. તેમને પણુ ધન ધન્ય છે જો કે અણુત્તર વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થએલા હોવાથી તેમનામાં વિરતિરૂપ ચારિત્ર રહેલ નથી એટલે વિરતિ વિનાના છે. છતાપણુ પાંચમું અંગ શ્રી ભગવતી સૂત્ર તેમાં તેઓને અવિરતિ ઉપશાંત મોહા એટલે અવિરતિ છતા શમી ગયો છે મોહ જેમનો એવા શ્રીજિનેશ્વર દેવોએ કહ્યા છે, અને તેઓ આવતી ગતિમાં એટલે આવતાજ ભવમાં સર્વકર્મોનો નાશ કરી સિદ્ધપદને પામશે. ૪

वेद सुवेदी पाले शील जे,
आगल पामे मोटी लील ते ॥
तसु लील मोटी पवि कच्छोटी,
काल पंचम जेहनी ।
मंडिज्यो उत्तम काळ सरखी,
शील रेखा तेहनी ॥
तसु नाम समरण जाय पातक,
बंभ धरजो तनखरो ।
मन वचन जयणा भणे,
पार्श्वचंद्रसूरि जेम शिवरमणी वरा ॥५॥

અર્થ:-ચેતનને પોતાના ઉદયમાં આવેલ વેદ-મોહનીય કર્મ તેને સારી રીતે વેદતા-ભોગવતા છતાં જે ભાગ્યશાળી જીવ શીલ વ્રતને પાલન કરે છે, તે ભાગ્યવાન્ આગે-ભવિષ્યમાં સંપદા અને ઠકુરાઇની મોટી

લીલાને પામે છે. આ પાંચમાં આરાના કાળમાં જે ભાગ્યશાળીઓની અનેક પ્રકારની વિભૂતિઓના કારણભૂત મોટી લીલારૂપ જે શીલ તેને પાલન કરવા માટે 'વજ્રકચ્છોટી' એટલે વજ્રના જેવી મજબૂત કચ્છોટી એટલે જેમની લંગોટ છે. મતલબ કે કાછડી છૂટા–લંપટ નથી, અર્થાત્ દુષ્કર એવા શીલવ્રતને ધારણ કરનારા છે, તેઓની 'શીલરેખા' એટલે શીલપાલન કરવામાં 'રેખા' વિશેષતા, મુખ્યતા, અગ્રેસરતા અથવા 'રેખા' એટલે છાપ, શુદ્ધતા, ઉત્તમતા તે તેઓની 'ઉત્તમ કાળ સરખી' એટલે ચોથા આરામાં થએલા મહત્ (મહાન્) પુરૂષોના શીલ રેખાના સરખી શીલરેખા જાણવી. તેવા પવિત્ર બ્રહ્મચર્યવ્રતને ધારણ કરનારાઓનું નામસ્મરણ કરવાથી નામસ્મરણ કરનારાના 'પાતક' એટલે અઘ–પાપ નાશ પામે છે. માટે હે ભવ્યજનો ! શરીરે કરી બરાબર

બ્રહ્મચર્યને પાલન કરજો, અર્થાત્ શરીરથી પક્કા રહેજો, અને મન-વચનથી શીલવ્રતની યતના કરજો એટલે કદાચિત્ શીલ ગુણથી મન-વચન બહાર જાય તો તેને ખેંચી લાવી ફેર શીલ ગુણમાં રમણતાવાળા બનાવજો. કારણકે મન-વચન ઘણા ચપલ છે તેથીજ તેની જયણા બતાવી છે. પ્રસંગને લઇ એ બહાર નીકલી જાય અને તેથી મારૂં વ્રત ભાંગી ગયું એમ ન માનતા તેને ફેર ખેંચી લાવી મૂલ ગુણમાં આણવા પ્રયત્ન કરજો એમ સ્વાધ્યાયકાર આચાર્યદેવ સૂચના કરે છે. અને લોકમાં પણ કહેવાય છે કે--

**"मन जाए तो जाणदे, मत जाणदे शरीर ।**
**बीना चडाइ कामठी, क्युं लगेगा तीर ॥१॥"**

એ પ્રમાણે પરમપૂજ્ય શ્રીમન્નાગપુરીય બૃહત્તપાગચ્છાધિપતિ આગમ સિદ્ધાંતના બાલાવબોધકારક ઉત્કૃષ્ટ સંવેગ ગુણના ધારક

જૈનાચાર્યદેવ શ્રીમત્પાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજ જણાવે છે કે હે ભવ્યાત્માઓ ! પવિત્ર એવા શીલ ગુણને ધારણ કરવાથી જેમ જલ્દી તમે શિવરમણી–મોક્ષ લક્ષ્મી વરો–પામો ! પરમ સુખના ભાગીદાર થાઓ ! ! અને અખંડ કલ્યાણ મંગલને પ્રાપ્ત કરો ! ! ! એમ હું ઇચ્છું છું. આ સ્વાધ્યાયરત્ન પ્રકરણનો સંક્ષેપ અર્થ: પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય યુગપ્રવર જૈનાચાર્યદેવ શ્રીભ્રાતૃચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય મુનિ સાગરચંદ્રે પોતાની સ્વલ્પ બુદ્ધિના અનુસારે સ્વપરના કલ્યાણના માટે યથાશક્તિએ શ્રી આચાર્યદેવની કૃતિને અનુલક્ષી વિ.સં. ૧૯૯૨ ના દ્વિતીય ભાદરવા શુદી ૧૧ રવિવારે અમદાવાદમાં લખ્યો છે. તે વાંચનારને કલ્યાણ કરનાર થાઓ ! ! ! ઓં શાન્તિઃ ૩

ઇતિશ્રીશીલદીપિકાપ્રકરણરત્નસ્વાધ્યાયઃ સાર્થઃ॥

પરમપૂજ્ય શ્રીપાર્શ્વચંદ્રસૂરીશ્વરજી કૃત-

# ચેતનારાણી વિનતીની સજ્ઝાય

(ભોલીડા હંસારે વિષય ન રાચી એ-એ દેશી.)

चेतना राणी रे रायजीने विनवे,
सुण जीव लीलविलास ।
आवागमणारे नितु नितु मंडिये,
किम रहेशे घरवास. चेतना० ॥१॥

અર્થઃ—'ચેતના રાણી' એટલે સુમતિ તે પોતાના 'રાયજી' એટલે સ્વામીને વિનવે છે-નમ્રતાપૂર્વક જણાવે છે, કે હે લીલ વિલાસી ! ચેતન ! એટલે નવી નવી લીલાઓમાં-ક્રીડાઓમાં આનંદ પામનાર હે જીવ ! સાંભળ, અથવા લીલા એટલે ભોગ તેના વિલાસ-પરિણામ કેવાં છે તે હે જીવ ! તું સાંભળ, 'આવાગમણા' એટલે આવ જાવ જયાં હમ્મેશાં 'મંડીયે' એટલે થતી હોય અર્થાત્ શ્વાસનું આવવું અને જવું જયાં નિરંતર થયા કરતું હોય ત્યાં 'કમિ રહેશે ઘરવાસ' એટલે શરીરરૂપ ઘરમાં

સ્થિરવાસ કેવી રીતે કરી શકાશે ? અથવા ઉંચ નીચ યોનીયોમાં ભમવાનું જ્યાં સુધી રહેલ છે ત્યાં સુધી આપને એક ઠામે ઠરી બેસવાનું કેવી રીતે બની શકશે ? તેનો વિચાર અવશ્ય કરવો જોઇએ. એમ પોતાના સ્વામીને ચેતના રાણી સમજાવી રહેલ છે. ૧

भूली म जाजेरे भमरा तुंबडी,
तुंबडी कडवीरे होय ।
रूपे म राचेरे भमरा भोलीडा,
गुण राचे सवि काय. चेत० ॥२॥

અર્થઃ-હે ભમરા જીવ ! આ શરીરરૂપ તુંબડી છે તેને તું ભુલી ન જઈશ, અર્થાત્ બીજી રીતે ભ્રમમાં પડીશ નહી. હે ચેતન ! ઘણા ભાગે તુંબડી કડવી હોય છે, તેથી તે કડવી તુંબડી સેવનારને મરણ પર્યન્ત માઠા પરિણામ ભોગવવાં પડે છે. માટે હે ભોળા ભમરા જીવ ! આ શરીરરૂપ કડવી તુંબડીના

રૂપમાં તું રાચીશ નહી. કારણકે એમાં જે રાચ્યામાચ્યા તે ખરા તત્ત્વને ભુલ્યા અને સંસારમાં રઝળ્યા તેમજ તેમણે જીંદગી એળે ગુમાવી, ખરાબ ખશ થયા. માટે ગુણમાં રાગી થવું જોઈએ. અને જે સમજુ આત્માઓ હોય છે, તે સર્વ ગુણના જ રાગી બને છે, અને તેથી જ તેવા આત્માઓ જીંદગીનો લાભ મેલવી સુખી થાય છે. માટે હે સ્વામી ! ખોટા રંગરાગમાં ફસાશો નહી, એમ ચેતના રાણી પોતાના સ્વામીને સમજાવે છે. ૨

जरा आवेरे जोबन गल पडे,
नित उगमतेरे भाण ।
कला कुशलेरे कहा किम पूछीए,
हाण विहाणेरे हाण. चेत० ॥३॥

અર્થઃ-જરા એટલે વયનો નાશ, શરીરને જયારે જરા અવસ્થા આવે છે ત્યારે યૌવન

અવસ્થા 'ગલપડે' એટલે ગળી જાય-નાશ પામે છે અને પ્રતિદિન જેમ જેમ સૂર્ય ઉગતો જાય છે તેમ તેમ જરા અવસ્થા વધતી જાય છે. અર્થાત્ સિંહ જેવા પરાક્રમી સ્વતંત્ર વ્યક્તિને પણ પરાધીન, નિર્બલ અને પરમુખપ્રેક્ષી બનાવી મુકે છે. આ બીના સઉ કોઇને પ્રત્યક્ષ દેખવામાં આવે છે છતાં પણ જાણે જાણતા જ ન હોય એમ ચેષ્ટા કરે છે. વળી પોતે પોતાને કલામાં કુશલ માનતા હોવાથી આ બાબતમાં બીજાને પણ કેમ પૂછી શકાય? 'વિહાણે' એટલે વહાણું-સવાર--પ્રભાત, હરેક દિવસની પ્રભાતે હાની થઇ રહેલ છે, અથવા હરેક પ્રભાતની જેમ હાની થતી જાય છે, તેમ અવસ્થાની પણ સાથે હાની થતી જાય છે, એમ ચેતના રાણી સુમતિ પોતાના સ્વામીને સમજાવી રહેલ છે. ૩

सांजे बेसेरे तरुवर पंखीया,
जेहनो जुजुओ वास।

कुटुंब मिलावोरे सहु ते इम मिल्यो,
कांइ करो कुडो अभ्यास. चेत० ॥४॥

અર્થ--દશે દિશાઓમાંથી આવી આવીને સાંજના સમયમાં પક્ષીઓ એક ઝાડ ઉપર એકઠા થઇ બેસે છે, જેઓનો જુદો જુદો નિવાસ છે એવી જ રીતે હે સ્વામીનાથ! કુટુંબનો મેલાવો, એકઠાપણું જે થએલ છે તે પણ પક્ષીઓની માફક જાણવું, એટલે જુદી જુદી ગતિઓમાંથી પોતપોતાના કર્મના અનુસારે આવી એકઠા થએલા છે અને પાછા પોતપોતાના કર્મને લઇ જુદી જુદી ગતિઓમાં જવાથી છુટા પડી જાય છે. અર્થાત્ કુટંબનો મેલાવો પણ એવા પ્રકારનો છે, તેમાં ખોટા મોહને ધારણ કરી મારૂં મારૂં કરવું તેજ અજ્ઞાન છે. આવું અજ્ઞાન જયાં સુધી રહેશે ત્યાં સુધી જન્મ મરણો મુકવાના નથી ને ઠરીને એક ઠામે બેસવાનું પણ બનવાનું નથી અને જીવ

શાંતિ પામવાનો નથી, માટે ખોટો અભ્યાસ અનાદિ કાળનો 'આ મારૂ આ મારૂં અને હું એમનો' આવા પ્રકારનો શા માટે કરવો જોઈએ. એમ ચેતના રાણી પોતાના સ્વામીનાથને સમજાવી રહેલ છે. ૪

भमतां भमतांरे जैनधर्म पामीयो,
पाम्यो पार्श्वचंद्रसूरि सार ॥
समकित रयणरे मारे कर चड्यो,
तो हुं तर्योरे संसार. चेतना० ॥५॥

અર્થ:—સંસારની અંદર ભમતાં ભમતાં અર્થાત્ ઉંચ નીચ ગતિમાં રખડતાં મહાન્ મુશ્કેલીએ કરી પવિત્ર શ્રી જૈનધર્મ હું પામ્યો, તેમાં વળી અત્યંત દુર્લભ અને સારરૂપ એવી વસ્તુ જો પ્રાપ્ત થઇ એટલે સમકિતરત્ન જો મ્હારા હાથમાં આવી ગયું અર્થાત્ મ્હારો આત્મા ધર્મમાં શ્રદ્ધાવાન્ થયો તો હું આ ભયંકર સંસાર સમુદ્રથી તર્યો-પાર પામ્યો. અખંડ કલ્યાણ મંગલની પ-

શંપરાને વર્યો. એમ બૃહત્તપાગચ્છાધિરાજ યુગ-
પ્રવર શ્રીપાર્શ્વચંદ્ર સૂરીશ્વરજી મહારાજ પ્રકાશે
છે. ૫ આ પ્રકરણ રત્ન સ્વાધ્યાયનો સંક્ષેપ અર્થ
પરમપૂજ્ય પરમોપકારી પ્રાતઃસ્મરણીય સકલા-
ગમ રહસ્યપારગામી શ્રીજૈનશ્વેતાંબરાચાર્યદેવ
શ્રીભ્રાતૃચંદ્રસૂરીશ્વરજીમહારાજના શિષ્ય મુનિ
સાગરચંદ્રે પોતાની સ્વલ્પબુદ્ધિના અનુસારે સ્વ-
પરના કલ્યાણના માટે વિ.સં. ૧૯૯૨ના આશુ
શુદ્દી બીજ શનિવારે અમદાવાદ મધ્યે લખ્યો
છે, તે વાંચનાર તથા ભણનારને કલ્યાણ
મંગલને કરનાર થાઓ. ઓં શાન્તિઃ ૩

ઇતિ ચેતનારાણી વિનતીની સજ્ઝાય

॥ આ ગ્રન્થ સંપૂર્ણ ॥

॥ અન્ત્યમઙ્ગલમ્ ॥

शिवमस्तु सर्वजगतः
परहितनिरता भवंतु भूतगणाः ॥
दोषाः प्रयान्तु नाशं
सर्वत्र सुखी-भवन्तु लोकाः ॥१॥

# આ ગ્રન્થમાં આવેલા સુભાષિત પદ્યોની વિષય સૂચિ.


| વિષય, | સંખ્યા. | પૃષ્ઠ, |
|---|---|---|
| પરમામત્ર ધર્મ, | ૧, | ૩ |
| દુનીયા સ્વાર્થી | ૧, | ૨૪ |
| પુત્ર મોહ વિષે, | ૧ | ૩૭ |
| ગુરુતત્વ વિષે, | ૩, | ૯૦ |
| જીવ એકલા વિષે, | ૧, | ૧૩૮ |
| નરભવ દુર્લભતા, | ૧, | ૧૭૦ |
| દાન મહિમા, | ૧, | ૧૮૦ |
| અભિમાન વિષે. | ૨, | ૧૮૮ |
| દુર્જન નિન્દા. | ૧, | ૧૯૦ |
| અદેખાઇ વિષે. | ૪, | ૧૯૩ |
| દંભ ત્યાગ વિષે. | ૨, | ૧૯૬ |
| નિંદા વિષે. | ૨, | ૧૯૯ |
| પાપી પુરુષ. | ૩, | ૨૦૩ |
| નિંદકની નિંદા. | ૬, | ૨૦૬ |
| સૂત્ર વિષે. | ૧, | ૩૨૦ |
| સામાયિક ફલ. | ૨, | ૩૬૫ |

| વિષય. | સંખ્યા. | પૃષ્ઠ. |
|---|---|---|
| સ્થંડિલભૂમી. | ૨, | ૩૯૨ |
| પ્રમાદ વિષે. | ૧, | ૪૩૮ |
| જાતિ મદ વિષે. | ૮, | ૪૪૧ |
| કુલમદ વિષે. | ૮, | ૪૪૯ |
| ગુણ મહિમા. | ૧, | ૪૫૩ |
| રૂપમદ સવૈયો | ૧, | ૪૫૬ |
| કર્મ સ્વરૂપ, | ૧૫, | ૨૧૧ |
| ચંચલતા વિષે, | ૨, | ૨૨૩ |
| ચારિત્ર વિષે. | ૬, | ૨૨૬ |
| ઇન્દ્રિયવિષે, | ૫, | ૨૩૧ |
| રાગાદિ વિકાર. | ૫, | ૨૩૬ |
| મધુબિન્દુ વિષય. | ૫, | ૨૪૩ |
| વિષય તુચ્છતા. | ૬, | ૨૫૧ |
| ગુણ ધારણ. | ૫, | ૨૫૯ |
| પ્રમાદ ત્યાગ. | ૩, | ૨૬૫ |

| વિષય. | સંખ્યા. | પૃષ્ઠ |
|---|---|---|
| ઇન્દ્રિયાશક્તિ. | ૫, | ૨૬૯ |
| કષાય વિષે, | ૭, | ૨૭૪ |
| કર્મ વિષે. | ૨, | ૨૮૧ |
| જ્ઞાનાદિ વિષે. | ૬, | ૨૮૮ |
| માયા ત્યાગ. | ૧, | ૨૯૩ |
| પાખંડી વિષે, | ૪, | ૩૧૦ |
| રૂપમદ વિષે. | ૭, | ૪૬૪ |
| બલમદ વિષે. | ૭, | ૪૭૨ |
| શ્રુતમદ ત્યાગ. | ૯, | ૪૭૭ |
| તપમદ ત્યાગ. | ૫, | ૪૮૩ |
| લક્ષ્મીમદ. | ૧૪, | ૪૯૦ |
| મદથી હાનિ. | ૧, | ૪૯૮ |
| ચૌદ વિદ્યા વિષે, | ૨, | ૫૦૫ |
| દ્રૌપદી સંબંધી. | ૧૦, | ૫૨૬ |

# શુદ્ધિપત્ર.

| પાનું. | લીટી. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯ | ૩ | કરી શકાશ | કરી શકીશ |
| ૧૮ | ૫ | અને તને | અને તેને |
| ૨૧ | ૧૧ | मजाठ | मजीठ |
| ૭૯ | ૧૧ | ત્યાગ ક×વો | ત્યાગ કરવો |
| ૮૨ | ૪ | દુગતિમાં | દુર્ગતિમાં |
| ૧૩૨ | ૧૪ | સુવાલો | સુંવાળો |
| ૧૩૫ | ૭ | જે દિસે | જે દીસે |
| ૧૩૮ | ૧૨ | पशवश्च गाष्ठे | पशवश्च गोष्ठे |
| ૧૬૧ | ૧૦ | પાણા પીધું | પાણી પીધું |
| ૧૬૧ | ૧૩ | નૃપતિ ન | તૃપતિ ન |
| ૧૮૬ | ૮ | થય કરે છે | થયા કરે છે |
| ૨૧૫ | ૧૫ | પુન્ય કમો | પુન્ય કર્મો |
| ૨૧૮ | ૧૩ | नसा बुद्धि | न सा बुद्धि |
| ૨૧૯ | ૩ | फलं पुसां | फलं पुंसां |
| ૨૨૩ | ૧૩ | બી× છે | બીના છે |

| | | | |
|---|---|---|---|
| ૨૨૬ | ૮ | याबज्जावं | यावज्जीवं |
| ૨૩૬ | ૧૪ | रागा बन्धाति | रागी बध्नाति |
| ૨૩૮ | ૬ | नित्मम् | नित्यम् |
| ૨૪૦ | ૧૬ | जातें | जेतें |
| ૨૫૨ | ૯ | वेरुालय | वेरुलिय |
| ૨૬૧ | ૧૫ | प्राणा | प्राणी |
| ૨૬૩ | ૧૧ | तियच | तिर्यंच |
| ૨૬૫ | ૧૨ | पुरीषाम्यां | पुरीषाभ्यां |
| ૨૬૮ | ૧૨ | જાગતા | જાગતો |
| ૨૮૪ | ૫ | सकलवाच्छं | सकलवाञ्छं |
| ૨૮૯ | ૫ | जणणाय | जयणाय |
| ૩૧૨ | ૧૩ | वाली | बोली |
| ૩૧૮ | ૧૪ | સમકિત | સમકિત |
| ૩૧૮ | ૧૫ | ,, | ,, |
| ૩૧૯ | ૩ | आलखा | ओलखो |
| ૩૧૯ | ૪ | पूठी रखा | पूठी रखो |
| ૩૩૧ | ૧ | તેનો અત | તેનો અંત |
| ૩૩૯ | ૭ | एम जाण | एम जाणी |

| | | | |
|---|---|---|---|
| ૩૫૪ | ૬ | છઠા દોષ | છઠો દોષ |
| ૩૫૫ | ૧૩ | બારમ દાષ | બારમ=દોષ |
| ૩૬૧ | ૭ | બીજ દોષ | બીજો દોષ |
| ૩૬૨ | ૧૦ | સર્વશ્રષ્ઠ | સર્વ શ્રેષ્ઠ |
| ૩૭૨ | ૭ | પામવા | પામવો |
| ૩૮૪ | ૧૫ | મહરાજ | મહારાજ |
| ૩૯૫ | ૯ | કહિય | કહિયેં |
| ૪૦૦ | ૬ | શ્રીશ્રતજ્ઞાન | શ્રીશ્રુતજ્ઞાન |
| ૪૦૯ | ૨ | બલ વચ | બલ વંચ |
| ૪૧૦ | ૧૨ | ધર્યતાગુણ | ધૈર્યતાગુણ |
| ૪૧૧ | ૬ | ધન્ય ધન્ના | ધન્ય ધન્નો |
| ૪૧૩ | ૧૬ | ઇચ્છુ છું | ઇચ્છું છું |
| ૪૧૪ | ૬ | ભવ્યત્મા | ભવ્યાત્મા |
| ૪૧૪ | ૧૫ | સવેગરંગ | સંવેગરંગ |
| ૪૨૨ | ૭ | આવ છે | આવે છે |
| ૪૨૮ | ૯ | શરીરનુ | શરીરનું |
| ૪૩૪ | ૪ | અનુમાદું | અનુમોદું |
| ૪૩૯ | ૩ | કુલ મદ | જાતિ મદ |

| | | | |
|---|---|---|---|
| ૪૪૭ | ૬ | अनन्ता | अनन्तो |
| ૪૭૨ | ૧૪ | वलेपुसां | बलेपुंसां |
| ૪૯૦ | ૧૫ | सपदं | संपदं |
| ૪૯૩ | ૯ | અશ્વર્ય | ઐશ્વર્ય |
| ૫૧૩ | ૧૩ | सद्या | सद्यो |
| ૫૧૬ | ૧૩ | वेदवर्म | वेदकर्म |
| ૫૨૩ | ૫ | મથુન | મૈથુન |
| ૫૨૮ | ૧૨ | સતોષવાળી | સંતોષવાળી |
| ૫૩૧ | ૫ | सीझसे× | सीझसे गति |
| ૫૩૧ | ૮ | અભિલાષા× | અભિલાષા થાય |
| ૫૩૧ | ૧૦ | અભષા | અભિલાષા |
| ૫૩૪ | ૧૦ | वरा | वरो |
| ૫૩૭ | ૧૧ | સાગરચં× | સાગરચંદ્રે |
| ૫૩૮ | ૧૮ | કભિ રહેશે | કિમ રહેશે |
| ૫૩૯ | ૧૦ | सवि काय | सवि कोय |
| ૫૪૦ | ૧૩ | कहा किम | कहो किम |

# श्री सद्गुरु स्तुतिः

(मालिनी–छंद.)

उदयशिखरिचन्द्राः सद्वचोऽभोधिचन्द्राः,
सुकृतकुमुदचन्द्रा ध्वांतविध्वंसचन्द्राः ।
कुमतनलिनचन्द्राः कीर्तिविख्यातचन्द्राः,
प्रमदजननचन्द्राः श्रेयसे पार्श्वचन्द्राः ।
श्रेयसे भ्रातृचन्द्राः ॥१॥

**અક્ષરાર્થ:**–ઉદયાચલ શિખરપર પ્રકાશ કરવામાં, સત્ય વચનરૂપ સમુદ્રની વૃદ્ધિ કરવામાં, પુણ્યરૂપ કુમુદને વિકશિત કરવામાં, અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરવામાં, કુમત રૂપ કમલનો સંકોચ કરવામાં, કીર્તિ પ્રસિદ્ધ કરવામાં, અને અત્યંત હર્ષ ઉત્પન્ન કરવામાં, ચંદ્ર સરખા શ્રી પાર્શ્વચન્દ્રસૂરિ અને શ્રી ભ્રાતૃચન્દ્રસૂરિ કલ્યાણ કરનાર થાઓ !

# જાહેર ખબર.

| | | |
|---|---|---|
| ૧ | સુરદીપિકાદિ પ્રકરણ સંગ્રહ | ૧—૦—૦ |
| ૨ | ષડદ્રવ્યનયસ્વભાવાદિ પ્રકરણ સંગ્રહ | ૧—૦—૦ |
| ૩ | શ્રીજૈનરાસસંગ્રહ | ૧—૦—૦ |
| ૪ | સજઝાય સંગ્રહ | ૦—૮—૦ |
| ૫ | સુધર્મગચ્છ પરીક્ષા | ૦—૨—૦ |
| ૬ | શ્રી હર્ષજિનેંદ્ર સ્તવનાવલિ | ૦—૨—૦ |
| ૭ | પ્રશ્નોત્તરપ્રકાશ પ્રથમ ભાગ | ૦—૨—૦ |
| ૮ | ,, ,, દ્વિતીય ભાગ | ૦—૧—૦ |
| ૯ | શ્રીસ્વાધ્યાયપ્રકરણરત્નો | પો. ખ. ચાર આના. |
| ૧૦ | શ્રીસ્તવનસજઝાય સંગ્રહ | પો. ખ. ૧ આનો. |

શાહ મણીલાલ વાડીલાલ,

કાર્યવાહક:-

શ્રી જૈન હઠીસીંગ સરસ્વતી સભા.

શામળાની પોળ—અમદાવાદ.

યશવંત બુક બાઇન્ડીંગ વર્કસ,
ઢાલગરવાડ, અમદાવાદ.